સૂરિરામની
વાણી :
જ્ઞાનરત્નોની
ખાણી
પ્રત-૨જી
●
**તીર્થ-
યાત્રાનો
વાસ્તવિક
હેતુ**

।। णमोऽत्थु णं समणस्स भगवओ महावीरस्स ।।

✽ પદાર્થ દર્શન ગ્રંથમાળા પ્રકાશન નં-૨૪ ✽

# સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી

પ્રત-૨જી

# તીર્થયાત્રાનો વાસ્તવિક હેત

ભાગ-૧

સંપાદક

**પ.પૂ. આચાર્ય વિ. નરવાહનસૂરિ ..**

પ્રકાશક

**પદાર્થ-દર્શન ટ્રસ્ટ** ❖ આશ્રમરોડ - અમદાવાદ.

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી
પ્રત-૨જી

●

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**


પુસ્તક-૨૪ મું
સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી
પ્રત-૨જી : **તીર્થયાત્રાનો વાસ્તવિક હેતુ**
**ભાગ-૧**

☆

વીર સંવત-૨૫૨૩ ❋ સને ૧૯૯૭

☆

સંવત-૨૦૫૩ ❋ આસો સુદી-૧

☆



**સર્વ હક્ક પ્રકાશકને સ્વાધિન**



☆

ટાઈપ સેટીંગ : **કોમલ ગ્રાફીક્સ**
૩૦૧, બીઝનેસ સેન્ટર, રીલીફ રોડ, અમદાવાદ.
ફોન : ૫૫૦૮૧૧૪

☆

મુદ્રક : **વેલનોન પ્રિન્ટર્સ**
તાવડીપુરા, દુધેશ્વર, અમદાવાદ.
ફોન નં.-૫૬૨૩૧૦૪


## સંપાદક

કર્મ સાહિત્ય નિષ્ણાત સિદ્ધાંત મહોદધિ, સચ્ચારિત્ર ચૂડામણિ સ્વ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય પ્રેમસૂરિશ્વરજી મહારાજાના પટ્ટધર, પરમશાસન પ્રભાવક, પરમ તારક, સૂરિચક્ર ચક્રવર્તિ, સુવિશાળ ગચ્છાધિપતિ, પ્રચંડ પૂણ્ય અને પ્રૌઢ પ્રતિભાના સ્વામી, વ્યાખ્યાન વાચસ્પતિ, દિક્ષાના દાનવીર સ્વ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરિશ્વરજી મહારાજાના પરમ વિનેય શિષ્યરત્ન કર્મ સાહિત્યજ્ઞાતા પરમપૂજ્ય આચાર્ય વિ. નરવાહનસૂરિશ્વરજી મહારાજ સાહેબ.

# પ્રકાશકીય

"તારે તે તીર્થ" એ શાસ્ત્ર વચન ભલે હોય. આત્માને સંસારરૂપ સાગરથી નિસ્તાર પમાડવામાં સહાયક થવાની લાયકાત ધરાવનાર સ્થાન કે વ્યકિત ભલે તીર્થ કહેવાય પરંતુ આજના યુગના માનવી મોટે ભાગે-ખાવા પીવા-હરવા ફરવા-મોજ મઝા કરવા-આરામ કરવા કે રજાઓ ગાળવા માટે જ તીર્થસ્થાનોનો ઉપયોગ કરતા દેખાય છે અને એટલે જ તીર્થસ્થાનો પણ સંપૂર્ણ સગવડતાઓથી સજ્જ હોય તે જ અનુકુળ આવે છે.

તીર્થ તારક છે પણ તે કોઈને ઉંચકીને મોક્ષે લઈ જતું નથી. તેના માટેનો પ્રયત્ન તો આપણે પોતે જ કરવો પડે છે. તીર્થ સ્થાનમાં કરેલું પાપ વજ્ર લેપ સમાન છે. આવી વાતો મહાપુરૂષોના મુખેથી સાંભળવા છતાં તે તરફ લાપરવાહ બનીને પણ તીર્થની આરાધના-અનુષ્ઠાનોને ગૌણ કરીને પણ પોતાને જોઈતી સગવડતાઓ તરફ જ વધુ ઢળેલા દેખાય છે. કારણ કે પરભવની ચિંતા અત્યારે બીલકુલ નષ્ટ થઈ ગઈ છે. આ જીવનમાં જેટલું ભોગવાય તેટલું ભોગવી લેવું. "આ ભવ મીઠા તો પરભવ કોણે દીઠા" આ વાત હૃદયસ્થ બની ગઈ છે.

તીર્થની સેવના-આરાધના કર્મનિર્જરાનું પ્રબળ કારણ હોવાં છતાં મનમાની રીતે તીર્થને સેવવાથી કર્મનિર્જરા તો થતી નથી, તેમજ પુણ્યાનુબંધી પુણ્ય પણ બંધાતું નથી. જે પુણ્ય બંધાય છે તે મોટે ભાગે પાપાનુબંધી પુણ્ય બંધાય છે કે જે એના ઉદયકાળમાં જીવને અનેક પ્રકારની વિટંબનાઓમાં ધકેલે છે. અને પાપની પરંપરા સર્જે છે. એટલે કે સારામાં સારૂં ભવ જળથી પર ઉતરવાનું જે સ્થાન છે તે સ્થાનને પામીને પણ આપણી ન કરવા લાયક કરણીને કરીને આપણે પાપના પોટલા જ ઉપાડીને તીર્થસ્થાનેથી પાછા ફરીએ છીએ.

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી પ્રત-૨જી

●

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

શ્રી અરિહંત પરમાત્માઓ તથા શ્રી સિધ્ધ પરમાત્માઓ તો તીર્થ સ્વરૂપ છે જ. પરંતુ તે શ્રી અરિહંત પરમાત્મા તેમજ શ્રી સિધ્ધ પરમાત્માઓને સાચા સ્વરૂપમાં ઓળખાવનાર ગુરૂ ભગવંતો પણ તીર્થ સ્વરૂપ છે. તે જ રીતે શ્રી અરિહંતપદ અને શ્રી સિધ્ધપદની આરાધના જેનાથી થઈ શકે છે તે શ્રી સમ્યગ્દર્શન, શ્રી સમ્યગ્જ્ઞાન અને શ્રી સમ્યક્ચારિત્ર પણ તીર્થ સ્વરૂપ જ છે. પોતાના સેવકને જે પોતાના જેવો બનાવતો નથી તે સ્વામી સાચો સ્વામી નથી. અને સેવા કરતાં કરતાં પરિણામે પણ જે સ્વામી જેવો બનતો નથી તે સાચો સેવક નથી. એટલા માટે શાસ્ત્ર કહે છે કે દેવ-ગુરૂ અને ધર્મનું સેવકપણું જ્યારથી આવ્યું ત્યારથી તે આત્મા તેટલે અંશે તીર્થરૂપ બની જાય છે. આ સમજ જ્યાં સુધી નહિ આવે અને એ રીતે એમની સેવના નહિ થાય ત્યાં સુધી કલ્યાણનો માર્ગ આપણાથી દૂર જ રહેવાનો છે.

હકીકતમાં તીર્થયાત્રા કોને કહેવાય ? કઈ રીતે તીર્થયાત્રા કરવી જોઈએ ? તેનાથી શા લાભો મળે ? તીર્થની સેવના કરવા શું કરવું જોઈએ ? વગેરે વાતોને ખૂબ વિસ્તારથી વર્ષો પહેલાં તપાગચ્છાલંકાર-જૈન શાસનનાં મહાન જ્યોતિર્ધર-વ્યાખ્યાન વાચસ્પતિ સ્વ. આચાર્ય દેવેશ **શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ** વ્યાખ્યાન રૂપે વિશાળ જન સમુદાય સમક્ષ રજુ કરેલ તે વ્યાખ્યાનો સંપાદન કરીને “તીર્થયાત્રાનો વાસ્તવિક હેતુ” એ શિર્ષક હેઠળ પૂજ્ય આચાર્ય વિજય નરવાહનસૂરિ મહારાજે અમને મોકલાવેલ છે તે બદલ પૂજ્યશ્રીનો અમે આભાર માનીએ છીએ.

વિસરાતી જતી વાસ્તવિકતાનો ખ્યાલ આવે અને જાગ્યા ત્યારથી સવાર સમજી જે હેતુપૂર્વક તીર્થયાત્રા કરવાની છે તેને લક્ષમાં રાખી શકિત અનુસાર તીર્થયાત્રા કરતા બનીએ એ હેતુએ આ વ્યાખ્યાનો પ્રતારૂઢ કરી આપ સૌ સમક્ષ મુકતાં અમે અનેરો આનંદ અનુભવીએ છીએ.

આ પ્રત પ્રકાશનનો સંપૂર્ણ ખર્ચ ભાગ્યશાળી શ્રી પનાલાલ ઝુમખરામ કોઠારી પરિવાર-ચોપાટી મુંબઈવાળાએ આપી જે અનુપમ લાભ લીધો છે તે બદલ તે પરિવારને ધન્યવાદ. આવો અનેરો લાભ અવારનવાર લઈ અમારા કાર્યમાં સહાયભૂત બનો એવી આશા રાખીએ છીએ.

**પદાર્થ દર્શન ટ્રસ્ટના ટ્રસ્ટીઓ**

सूरिरामनी
વાણી :
જ્ઞાનરત્નોની
ખાણી
પ્રત-૨જી

●

**તીર્થ-
યાત્રાનો
વાસ્તવિક
હેતુ**

## ❀ આર્થિક સહયોગકારની વાત ❀

જીવ માત્ર પોતાના કર્માનુસાર સંસારમાં જન્મે છે. જીવે છે. વ્યવહાર ચલાવે છે. તેને સંસારમાં જકડી રાખવા સગાં સંબંધીઓ-મિત્રો-વ્યાપાર-વ્યવહાર વગેરે રૂપ ભ્રમરો તેની આગળ પાછળ ગુંજ્યા જ કરતા હોય છે. અમારૂં જીવન પણ લગભગ આમ જ ચાલતું હતું પણ જ્યારે તેમાં વળાંક આવવાનો હોય છે ત્યારે અચાનક જ એવા સંજોગો ઉભા થાય છે અને પરિસ્થિતિ પલટાતી દેખાય છે. એ જ રીતે જૈન શાસનના મહાન જ્યાતિર્ધર-વ્યાખ્યાન વાચસ્પતિ પરમ પૂજ્ય આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરિશ્વરજી મહારાજાના વ્યાખ્યાન સાંભળવાનો અવસર સાંપડયો. અને સાંભળતાં જ જાણે કે ઝબકીને જાગતા હોઈએ તેવો અનુભવ પણ થયો. જીવન શાને માટે મળ્યું ? અને શાને માટે વેડફ્યું ? એની આછી સમજ મળી અને વર્ષો વ્યર્થ ગુમાવ્યાનો અફસોસ પણ થયો. એમાં પણ જ્યારે પૂજ્ય આચાર્ય વિજય નરવાહનસૂરિ મહારાજનો પરિચય થયો અને તેઓએ પૂજ્યશ્રીના જીવનની વાતો સંભળાવી તેમજ તેઓના આ તીર્થયાત્રા સંબંધીના વ્યાખ્યાનો કે જે ઘણા સમય પહેલાં અપાયેલા તે વંચાવ્યા ત્યારે તો ખરેખર અમને લાગ્યું કે આપણે માર્ગ જ ભૂલ્યા છીએ. આ વ્યાખ્યાનોમાંથી જેમ આપણને માર્ગદર્શન મળે છે તેમ અનેક આત્માઓ પણ માર્ગ મેળવે એ હેતુએ આ વ્યાખ્યાનો પ્રગટ કરવા અને તેનો સંપૂર્ણ લાભ અમને આપવા પૂજ્યશ્રીને વિનંતી કરતાં તેઓએ અમારી વિનંતી સ્વીકારી આ પ્રકાશનનો લાભ અમને આપેલ છે તે બદલ અમે પૂજ્યશ્રીનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. આપ સૌ આ પ્રવચનો વાંચી-માર્ગ સમજી-કલ્યાણને સાધનારા બનો એવી નમ્ર પ્રાર્થના સાથે વિરમીએ છીએ.

**પનાલાલ ઝુમખરામ કોઠારી
પરિવાર
ચોપાટી-મુંબઈ**

સૂરિરામની
વાણી :
જ્ઞાનરત્નોની
ખાણી
પ્રત-રજી

●

**તીર્થ-
યાત્રાનો
વાસ્તવિક
હેતુ**

# પ્રાપ્તિ સ્થાનો

**પદાર્થ દર્શન ટ્રસ્ટ**
C/o. ભરતભાઈ બી. શાહ
એ/સરિતા દર્શન
જયહિંદ પ્રેસ સામે, આશ્રમ રોડ
અમદાવાદ-૩૮૦૦૦૯
ટે. નં. - ૬૫૮૨૩૩૭

**સુરેશભાઈ એચ. વખારીયા**
ઠે. ડી/૫૩, - સર્વોદયનગર
૫ મે માળે-પાંજરાપોળ રોડ
મુંબઈ-નં.-૪૦૦૦૦૪
ટે. નં.- ૩૭૫૩૮૪૮

**અશ્વિનભાઈ એસ. શાહ**
C/o. નવિનચંદ્ર નગીનદાસ
ઠે. પાંચકુવા દરવાજા બહાર
અમદાવાદ-૩૮૦૦૦૧
ટે. નં. - ૨૧૪૪૧૨૧

**અશોકભાઈ એમ. મહેતા**
૩૦૪/એ, શ્રીપાળનગર
૧૨, હાર્કનેસ રોડ,
મુંબઈ-નં. -૪૦૦૦૦૬
ટે. નં. - ૩૬૭૪૬૧૪

**સુનીલભાઈ કે. શાહ**
૧૦૩, વિમલવિલા, પહેલે માળે
દીપા કોમ્પલેક્ષ, અડાજણ રોડ,
સુરત-૩૯૫૦૦૯

**જયંતિલાલ પી. શાહ**
ઠે. ૬૯૬, નવા દરવાજા રોડ,
મયાભાઈની બારી પાસે
ડી. -વાડીલાલ એન્ડ કું ના મેડા ઉપર
ખાડીયા ચાર રસ્તા,અમદાવાદ-૩૮૦૦૦૧
ટે. નં. - ૩૮૦૩૧૫

**રવીન્દ્રભાઈ સી. શાહ**
બી-આઈ-ટી ચાલ,
પહેલા માળે, રૂમ નં. ૫૭
લવલેન-ભાયખલા, મુંબઈ.
ટે. નં. - ૩૭૪૮૦૨૦

।। णमोऽत्थु णं समणस्स भगवओ महावीरस्स ।।

# તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ

(૧)

## તીર્થયાત્રાનો મહિમા :

તીર્થની યાત્રા માટે શ્રી સંઘનું ગમન, એ કોઈ અર્વાચીન પંધ્ધતિ નથી. તીર્થના અસ્તિત્વની સાથે જ તીર્થયાત્રાનો મહિમા સંકળાયેલો છે. શ્રી ભરતાદિ દશ ક્ષેત્રોમાં, જ્યારથી તીર્થની ઉત્પત્તિ થાય છે, ત્યારથી તીર્થયાત્રાનો મહિમા પણ પ્રચલિત બને છે; અને, શ્રી મહાવિદેહક્ષેત્રમાં તો તીર્થ અનાદિ-અનંત છે, એટલે તીર્થયાત્રાનો મહિમા પણ અનાદિ-અનંત છે. તીર્થયાત્રા માટેનું યથાવિધિ ભ્રમણ, એ પણ

●

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

ભવભ્રમણને નિવારવાને માટેનો એક અમોઘ ઉપાય છે. તેમાં પણ શ્રીસંઘની સાથે છ 'રી' પાળતાં થકાં તીર્થયાત્રા માટે ભ્રમણ કરવામાં આવે, તો તે અનિર્વચનીય લાભને માટે થાય છે. એ લાભ એવો છે કે-એને કોઈ વાણીથી બતાવવા ચાહે તો પણ તે પરિપૂર્ણપણે બતાવી શકે જ નહિ. આમ છતાં, શક્તિ અને સામગ્રી આદિના પ્રમાણમાં તીર્થયાત્રાનો મહિમા વર્ણવવાનો પ્રયત્ન કરવાનો ઈરાદો છે. અનન્ત ઉપકારી જ્ઞાનિઓએ તીર્થયાત્રાને જે મહત્ત્વ આપ્યું છે, તેના હેતુને જો સૂક્ષ્મ દૃષ્ટિએ વિચારવામાં આવે, તો તીર્થયાત્રાના યોગે થતા અનુપમ લાભની પ્રતીતિ આપણને આપણે માટે પણ થયા વિના રહે નહિ.

## સામુદાયિક યાત્રા :

સામુદાયિક યાત્રાની યોજના કરવાથી જે અનેકવિધ લાભો થાય છે, તેમાં મુખ્યત્વે એ લાભ પણ થાય છે કે - સામુદાયિક યાત્રાની યોજના કરવા દ્વારા, સેંકડો આત્માઓને માટેશ્રી જિનપૂજનની યોજના તેમજ સદ્‌ગુરૂ દ્વારા શ્રી જિનવાણીના શ્રવણની યોજના બહુ સારી રીતિએ નિયત કરી શકાય છે : અને એથી, ધર્મથી અપરિચિત આત્માઓ ધર્મથી પરિચિત થઈ જાય છે અને ધર્મથી પરિચિત આત્માઓ પોતાના સમ્યગ્દર્શનાદિ ગુણોની નિર્મળતા તથા દૃઢતા આદિને પામે છે. સામુદાયિક

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી પ્રત-૨જી

● તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ

તીર્થયાત્રાની યોજનાને લીધે પરમ તારક શ્રી જૈન શાસનની ઉત્તમ કોટિની પ્રભાવના થાય છે અને એ પ્રભાવના એવી હોય છે કે-એના યોગે આત્માઓ ધર્મસન્મુખ તથા ધર્મસ્થિર બની જાય છે. તીર્થયાત્રાએ જતો સમુદાય, પોતાના ઔદાર્ય અને ત્યાગથી શોભતા વર્તનથી પણ, અનેક આત્માઓના અંતરમાં ધર્મજાગૃતિને પ્રગટાવી શકે છે. જ્ઞાનિઓએ દર્શાવેલી આવી સુંદર યોજનાનો અમલ કરવાને માટે, સંઘપતિઓએ પણ વિશિષ્ટ ફરજો અદા કરવાની હોય છે. સંઘમાં આવનારાઓને માટે શ્રી જિનપૂજનની, શ્રી જિનવાણીના શ્રવણની અને આવશ્યક ક્રિયાઓ કરવા વગેરેની-એમ આરાધનાની દરેક જરૂરી સામગ્રી તેમણે રાખવાની હોય છે. તેમ જ, યાત્રિકોની યાત્રા સુખ રૂપ નીવડે અને સામુદાયિક યાત્રાનું ધ્યેય સિદ્ધ થાય તેવી ગોઠવણ કરવા તરફ પણ તેમણે જરૂરી લક્ષ રાખવાનું હોય છે. બહુ પુરાતનકાળની વાત છોડી દઈએ તો પણ, આ પંચમકાળમાં પણ રાજા વિક્રમાદિત્ય આદિએ જે સંઘો કાઢયા છે, તેનું શાસ્ત્રોમાં બહુ સુંદર બ્યાન આપવામાં આવેલું છે. સંઘની સાથે તીર્થયાત્રા કરવાનો મહિમા કેટલો પ્રચલિત છે, તે રાજા વિક્રમના સંઘનું વર્ણન વાંચવાથી પણ માલૂમ પડે તેમ છે. ૫૦૦૦ જેટલા શ્રી સિદ્ધસેનદિવાકર મહારાજ આદિ આચાર્ય મહારાજાઓ અને ૭૦ લાખ જેટલાં શ્રાવકોના કુટુંબો એ સંઘમાં હતાં. આ વસ્તુ સંઘના મહિમાને જણાવનારી છે. એ મહિમાનો સાક્ષાત્કાર કરવા-કરાવવાની ભાવના સૌની હોવી જોઈએ. સંઘ કાઢવાવાળા તથા સંઘમાં જવાવાળા,

એ બંનેના હૃદયમાં આરાધના કરવાની ઈચ્છા જો પ્રબળ બની જાય, તોજ બધું કામ ઠીક ઠીક થઈ જાય.

### વિધિબહુમાન વિનાની ક્રિયાની નિષ્પ્રાણતા :

સંઘયાત્રાની યોજનામાં જે જે વાતો જ્ઞાનિઓએ નિયત કરી છે, તે પણ યાદ કરી લેવી જોઈએ અને વિધિ અનુસાર વર્તવાના એટલા બધાં આગ્રહી બની જવું જોઈએ, કે જેથી અવિધિથી શકયતાના પ્રમાણમાં જરૂર બચી શકાય અને જે કાંઈ થોડા પ્રમાણમાં અવિધિ થઈ જાય તેને માટેય પરિતાપ થયા વિના રહે નહિ. સંઘ કાઢવાવાળા તથા સંઘમાં આવવાવાળા-બંનેય વર્ગોમાં ઉદારતા, સદાચારશીલતા, સહનશીલતા, અને સદ્‌વિચારશીલતા જોઈએ. દાન, શીલ, તપ અને ભાવ-એ ચારેય પ્રકારે ધર્મની આરાધના જેટલા પ્રમાણમાં શકય હોય તેટલા પ્રમાણમાં કરી જ લેવી છે, એવો સંઘ કાઢનારનો અને સંઘમાં આવનારનો નિશ્ચય હોવો જોઈએ. આજે સંઘયાત્રાનો મહિમા ઘટયો છે, એનું કારણ શું ? ધર્મના દ્વેષિઓ ભલે ગમે તેવી ટીકા કરતાં હોય, તેની આપણને દરકાર નહિ હોવી જોઈએ; પરંતુ આપણે આપણી ફરજનો અમલ કરવામાં ભૂલીએ છીએ કે નહિ, તે તપાસવાની તો પૂરેપૂરી દરકાર રાખવી જોઈએ. સંઘનો મહિમા ઘટવામાં સંઘ કાઢનારની કે સંઘમાં આવનારની ખામી પણ કારણભૂત હોય, તો તેના નિવારણનો શકય ઉપાય યોજવામાં જરાય પ્રમાદ નહિ જ સેવવો

જોઈએ. ઉદારતા, સદાચારશીલતા, સહનશીલતા અને સદ્‌વિચારશીલતા-એ ચાર વસ્તુઓ જો યોગ્ય પ્રમાણમાં સંઘપતિમાં પણ હોય અને યાત્રિકસમૂહમાં પણ હોય, તો વિધિનું પાલન એ કાંઈ અશકય વસ્તુ નથી જ. અને વિધિનું પાલન જેમ જેમ વધારે, તેમ તેમ પ્રભુશાસનની પ્રભાવના પણ વધારે, એ નિશ્ચિત વાત છે. આથી સ્પષ્ટ છે કે-બંનેમાં વિધિબહુમાનનો ગુણ તો અવશ્ય હોવો જોઈએ. વિધિબહુમાનહીન યાત્રિકોની સારી છાપ પડતી નથી. લોકોને તીર્થના મહિમાની અનેતીર્થયાત્રાથી થતા અનિર્વચનીય લાભની ખબર નથી, પણ યાત્રિકોમાં જો વિધિબહુમાનપૂર્વકની વિધિપરતા હોય, તો ભદ્રિક અને અદ્વેષી વર્ગ ઉપર તીર્થયાત્રાએ જતા સંઘની સારી છાયા પડયા વિના રહે નહિ. અને વિધિબહુમાન જાય, એટલે તો ઉંચામાં ઉંચી પણ ક્રિયા, નિષ્પ્રાણ જેવી બની જાય તે સ્વાભાવિક છે.

**મહિમા :**

પર્વતો આદિની ઉપર અને એકાંત જેવાં સ્થળોમાં ઉત્તમ ઉત્તમ કોટિના મંદિરોની સ્થાપના પૂર્વપુરુષોએ કરી છે. તેમાં કેટલાંક સ્થાનો તો એવાં છે, કે જે સ્થાનોએ અનંતાનન્ત પુરુષોએ આત્માસાધના કરીને મુક્તિને મેળવી છે-એવા પ્રકારની ખ્યાતિ પણ થયેલી છે જે સંસારી લોકો આધિ, વ્યાધિ અને ઉપાધિથી ઘેરાયેલા છે, તેઓ પણ એવી ભૂમિ ઉપર આવીને નિવૃત્તિ મેળવે અને રત્નત્રયીની આરાધનાની સન્મુખ થઈ જાય, એ હેતુથી તીર્થયાત્રાનો મહિમા વિશેષ છે.

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી પ્રત-૨જી

●

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

## સંસારયાત્રાને કાપવાને કરેલી તીર્થયાત્રા :

પરમાર્હત શ્રી કુમારપાળ મહારાજા, કે જેમને ૫૪ વર્ષની વયે રાજ્યગાદી પ્રાપ્ત થઈ હતી અને ૭૦ વર્ષની વયે પહોંચ્યા પછી તો જેઓ બાર વ્રતધારી શ્રાવક બન્યા હતા, તેમણે એટલી વૃદ્ધવયે શ્રી સિદ્ધગિરિજીનો સંઘ કાઢવાનો નિશ્ચય કર્યો. પગે ચાલી, એક વખત ભોજન કરી, સંથારા પર શયન કરી, વિધિપૂર્વક તીર્થયાત્રા કરવાની, એટલી વૃદ્ધ વયે પણ મહારાજા કુમારપાળને ઈચ્છા થઈ : કારણ કે-એ રીતિએ યથાવિધિ યાત્રા કરીને પરમાર્હત શ્રી કુમારપાળ મહારાજા પોતાની સંસારયાત્રાનો અંત લાવવાને તેને ટૂંકી કરવાને ઈચ્છતા હતા.

પરમ ઉપકારી, કાલિકાલસર્વજ્ઞ, આચાર્યભગવાન શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાની સાથે તે ઉઘાડા પગે ચાલે છે. એ જોઈને ખુદ આચાર્યભગવાન શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજે જ એક વાર એમને કહ્યું કે- 'રાજન ! વૃદ્ધવય છે, પગે ચાલવું મુશ્કેલ હોય તો ઉપાનહ અથવા વાહનનો ઉપયોગ કરી શકાય છે.'

આ વખતે પરમાર્હત શ્રી કુમારપાળે પોતાની મનોભાવના ઘણી જ સુંદર રીતિએ વ્યક્ત કર્યાનો તેમના ચરિત્ર આદિમાં ઉલ્લેખ છે.

પરમાર્હત શ્રી કુમારપાળ કહે છે કે- 'ભગવન્ ! આજ સુધીમાં મેં બહુ ભ્રમણ કર્યું છે. અનન્તા

●

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

કાળથી આ સંસારમાં હું ભ્રમણ કરૂં છું. એ વાતને દૂર રાખું તો પણ, આ જીંદગીમાંય પચીસ પચીસ વર્ષો સુધી મેં એ રીતિએ ભ્રમણ કર્યું છે કે-નહોતું ખાવાનું ઠેકાણું કે નહોતું પીવાનું ઠેકાણું ! પરંતુ મારૂં એ સઘળુંય પરિભ્રમણ નિરર્થક ગયું. હવે તો ભગવાનની આજ્ઞાનુસાર ચાલીને હું શ્રી સિદ્ધગિરિજીની યાત્રા કરીશ : કારણ કે - મારૂં આ ભ્રમણ મારા સંસારભ્રમણને ટાળનારૂં છે !'

## તીર્થ ઉપરનો પ્રેમ :

રસ્તામાં જોઈને, કોઈ પણ જીવની વિરાધના ન થઈ જાય એનો ખ્યાલ રાખીને, વિધિપૂર્વક ચાલીને જે તીર્થયાત્રા કરે, એને એ વખતે શો શો ભાવોલ્લાસ થાય, એનું વર્ણન શબ્દો દ્વારા કેટલુંક થઈ શકે ? પરમાર્હત શ્રી કુમારપાળને શ્રી સિદ્ધગિરિજીએ પહોંચાડનારા માર્ગ ઉપર પણ ભક્તિ થતી હતી. માર્ગની રજ લઈને એ લલાટે લગાડતા હતા. માર્ગની બન્ને બાજુએ આવતાં વૃક્ષોને પણ એ હાથ જોડતા હતા. યાત્રિકોની ગરમી શમાવનાર હોવાથી, એ વૃક્ષો પણ એમને ઉપકારી લાગતાં હતાં. શ્રી સિદ્ધગિરિજી ઉપર એમને કેટલો પ્રેમ હશે ? તીર્થ ઉપર સાચો પ્રેમ થઈ જાય, તો જ કાર્યસિદ્ધિ થાય.

## પોતપોતાની ફરજ સમજીને સૌએ વર્તવું જોઈએ :

તીર્થે પહોંચતાં સુધી, તીર્થનો મહિમા કેટલો અચિન્ત્ય છે-તેનો જ મુખ્યત્વે વિચાર કરવાનો

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

ઈરાદો છે, કે જેથી તીર્થયાત્રાની ભાવના સુવિશુદ્ધ બન્યા કરે અને તીર્થે પહોંચતાં પહોંચતાંમાં તો આત્મા ઘણો નિર્મળ બની જાય.આજે તો મોટે ભાગે રસ્તામાં કેવી રીતિએ ચાલવું, કેમ વર્તવું, તેનો જ વિચાર કરી લેવો જોઈએ. અને ડગલે ડગલે કર્મનિર્જરા થાય એવી સુંદર રીતિએ ચાલવાનો તથા વર્તવાનો નિર્ણય કરી લેવો જોઈએ. અપ્રશસ્ત રાગ-દ્વેષ આદિનો ત્યાગ કરીને જ તીર્થયાત્રાએ ચાલવાનું છે. સાથે ચાલવાવાળા બધા ધર્મબંધુઓ છે. પોતે અગવડ વેઠીને પણ બીજાને સગવડ કરી આપવાની વૃત્તિ, પ્રત્યેક યાત્રિકે રાખવાની છ. સૌએ પોતાની શકિત અને સામગ્રી, આરાધનાના માર્ગે, ગોપવ્યા વિના ખર્ચવાની છે. આમ પોતપોતાની ફરજ સમજીને બધા ચાલશે, તો આવા સંઘ રોજ રોજ નીકળો એમ દુનિયાને થશે. દુનિયાની સઘળી અશાંતિનો અહીંથી જ હોમ થઈ જવો જોઈએ. સંઘમાં આવવાવાળાઓએ ઘર અને પેઢી સાથેનો સાંસારિક પત્રવ્યવહાર પણ છોડી દેવો જોઈએ.સંઘમાં આવવાવાળા છેવટે પોરિસીથી ઓછું પચ્ચક્ખાણ કરે જ નહિ, એમ કહેવામાં કાંઈ વાંધો છે ? એટલુંય ન થાય ? ભોજન પણ એક વખત કરવું જોઈએ.અધિકવાર ખાવાથી જ શરીર સારૂં રહે છે, એ પણ ભ્રાન્તિ પ્રાયઃ છે. ઈન્દ્રિયનિગ્રહપૂર્વક, શરીર આરાધનાનું કામ આપે એ માટે સહાયભૂત ભોજન કરે,તે પોતાની તીર્થયાત્રાને અપૂર્વ બનાવી શકે. જ્ઞાનિઓએ ફરમાવેલાં વિધિ અનુસાર જે કોઈ યાત્રા કરશે, તેને સારી રીતિએ અનુભવપૂર્વક માલૂમ પડશે કે-દુનિયાદારીના વ્યાપાર અને માનપાનાદિના કાર્યમાં

જે સુખની ઝાંખી પણ નથી, તે સુખ શ્રી વીતરાગપરમાત્માની આજ્ઞા મુજબનું જીવન ગાળવામાં છે.

**રસ્તામાં જીર્ણોદ્ધાર, સાધર્મિકભક્તિ અને ધર્મસ્થાન સ્થાપવા માટે લક્ષ્ય રહેવું જોઈએ :**

દરેક ગામમાં રહેવાવાળા સાધર્મિક બન્ધુઓના અને ગામે ગામનાં શ્રી જિનમંદિરાદિના દર્શનાદિનો જે લાભ પગે ચાલીને યથાવિધિ યાત્રા કરનારને મળે છે, તે લાભ રેલ્વે યા મોટરમાં જનારને કદી પણ મળવાનો નથી. જે સ્થાનમાં થઈને સંઘ જાય, તે સ્થાનમાં આવતાં શ્રી જિનમંદિરોમાં જે જીર્ણ હોય તે તેવાં ને તેવાં જીર્ણ ન રહે. રસ્તે આવતા ગામોમાં ધાર્મિક દુઃખી હોય તો તે દુઃખી ન રહે. શ્રી વીતરાગ પરમાત્માનાં શાસનને પામેલાં પણ પૈસાથી હીન હોય એ બને, પણ એ કંગાલ જેવા ગરીબ તો કદી પણ ન હોય. બીજાઓની જેમ તે દીનતા દર્શાવનારા કે યાચના કરનારા ન હોય. ગરીબડા માત્ર ધન વિનાના જ હોય અને ધનવાળા ગરીબડા ન હોય એવું નથી. ધન વગરના છતાં ગરીબડા ન હોય. અને ધનવાળા છતાં ગરીબડા હોય-આવુંય બને. પાસે લક્ષ્મી હોવા છતાં પણ જેઓ તેનો સદુપયોગ ન કરે, તે ઓછા ગરીબડા નથી. શ્રી જિનમંદિર, ધર્મસ્થાન, સાધર્મિકભક્તિ અને અનુકંપાનાં કાર્યો એ વગેરે પ્રતિગ્રામ થાય, એ રીતિએ સંઘો નીકળવા જોઈએ. અને, સંઘો જો એ રીતિએ નીકળે, તો ધર્મ અને શાસનની પ્રભાવના થાય. આજે એ ઉદારતામાં દિવસે દિવસે ઉણપ આવતી જાય છે. ધર્મકાર્યમાં જેમ ઉદારતા વગેરે વધારે, તેમ તેનું પરિણામ વધારે સારૂં, ધર્મકાર્યમાં

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

શક્તિ ગોપવવાની ન હોય. ધર્મકાર્યમાં એવો હિસાબ તો નહિ જ ગણાવો જોઈએ, કે જેથી ધર્મકાર્યનો હેતુ બર ન આવે અને આરાધનાના પ્રમાણ કરતા વિરાધનાનું પ્રમાણ વધી જવા પામે. ભગવાનને કહીએ છીએ કે- 'તારી સેવામાં તન-મન-ધન બધું ખર્ચી દઈશ.' પણ કહેવા માત્રથી શું વળે ? કહીએ તેનો અમલ કરવા માંડીએ તો કામ થાય. 'તારા દાસનો પણ દાસ છું.' - એમ કહેવું અને 'શ્રી વીતરાગ પરમાત્માના દાસ દુઃખી છે કે સુખી છે.' -એની તપાસ પણ નહિ કરવી, એ તો માત્ર વાગાડંબર છે. એ આડંબર શ્રી વીતરાગ પરમાત્માના શાસનમાં ન ચાલે. સાધન હોય અને અવસરે હાથ સંકોચાય, એ ઉદારતાની નિશાની નથી. શ્રી વીતરાગ પરમાત્માના શાસનની જયભંભા એવાઓ કદી બજાવી શકે નહિ. ઉદારતાની સાથે કીર્તિના પણ તેટલા જ અનભિલાષી બનવાની જરૂર છે; કારણ કે- કીર્તિની અભિલાષા પણ પરમ ફળની પ્રાપ્તિમાં વિઘ્નકર જ છે !

**તીર્થમાળની ઉછામણીનો પ્રસંગ :**

અઢાર દેશના માલિક રાજા કુમારપાળે પોતે જ મોટો સંઘ કાઢયો હતો, એટલે તીર્થમાળા પહેરવાનો હક્ક એમનો હતો : છતાં પણ શ્રી સિદ્ધગિરિજી ઉપર આવ્યા પછી, તીર્થમાળા પહેરવાનો લાભ જેને લેવો હોય તે લઈ શકે અને એ નિમિત્તે પણ તીર્થને મોટો દ્રવ્યલાભ થાય એ માટે, તીર્થમાળાની બોલી બોલવાની શરૂઆત રાજા અને મંત્રી વચ્ચે થઈ. ત્યાં 'હું રાજા; મારી સામે મંત્રિથી

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

કેમ બોલાય ?' -એ વિચાર જ નહોતો. ત્યાં તો બધા સાધર્મિક હતા અને જેનો ઉલ્લાસ વધે તે શક્તિ હોય તો લઈ શકે છે, તે ભાવના હતી. શ્રી વાગ્ભટ્ટ મંત્રી તીર્થમાળા પહેરવાના ચાર લાખ સોનૈયા બોલ્યા, એટલે શ્રી કુમારપાળ આઠ લાખ સોનૈયા બોલ્યા : સામે જ શ્રી વાગ્ભટ્ટ મંત્રી સોળ લાખ બોલે છે; એટલે રાજા કુમારપાળ બત્રીસ લાખ બોલે છે. આ રીતિએ તીર્થમાળાનો ચઢાવો ચાલે છે અને ત્યાં બેઠેલાઓ આ બધા સુંદર યોગની અનુમોદના કરે છે. ત્યાં બેઠેલાંઓમાં એક જગડ નામે પુણ્યાત્મા શ્રાવક પણ છે. એ શ્રાવકે એવાં જાુનાં કપડાં પહેરેલાં છે કે -એની પાસે કાંઈ હોવાનું કોઈ માની શકે નહિ. જે વખતે તીર્થમાળાની બોલી રાજા અને મંત્રી વચ્ચે ચાલી રહી હતી, તે જ વખતે એ શ્રાવક સવા કોડ સોનૈયા બોલે છે. બધા જોઈજ રહે છે. 'સવા ક્રોડ સોનૈયા આ આપશે કે કેમ ? - એવી શંકાની લાગણી પ્રસરવા પામે છે. રાજા કુમારપાળે મંત્રિજીનું જરા ધ્યાન ખેંચવાનો પ્રયત્ન કર્યો, ત્યાં તો ચીંથરામાં રત્ન સમાન એ પુણ્યાત્મા શ્રાવકે ઉભા થઈને સવા ક્રોડનું માણિકય રજૂ કર્યું. શ્રી ગિરનારજીમાં તેમ જ પ્રભાસપાટણમાં પણ એ પુણ્યાત્મા શ્રાવકે જ સવા સવા ક્રોડ સોનૈયાથી તીર્થમાળા પહેરી એના બાપે એને સવા સવા ક્રોડની કિંમતના પાંચ માણિકયો આપ્યાં હતાં. તેમાંના ત્રણ તો પિતાની આજ્ઞાનુસાર એ પુણ્યાત્માએ આ રીતિએ ખર્ચી દીધાં. હવે બે રહ્યાં. તે પણ તેણે મહારાજા કુમારપાળના ચરણોમાં ધરી દીધાં અને કહ્યું કે -'હું પાપી છું, આપ ઘણા પુણ્યવાન

**તીર્થ-
યાત્રાનો
વાસ્તવિક
હેતુ**

છો : હજારો જીવોને ધર્મમાં લગાડવાવાળા તમે છો, માટે આને યોગ્ય આપ જ છો.' એ જ વખતે રાજા કુમારપાળે ખજાનચીને હુકમ કરીને, બે કિંમતી હાર તૈયાર કરાવ્યા અને તેમાં પેલાં બે માણિક્યોમાંથી એક એક માણિકય વચ્ચે જડાવ્યું. પછી એક હાર શ્રી સિદ્ધગિરિજી ઉપર અને એક હાર શ્રી ગિરનારજી ઉપર મોકલી આપ્યો. વળી તે પુણ્યાત્મા જગડ શ્રાવકને શ્રી કુમારપાળે યથોચિત સન્માન પૂર્વક કેટલુંક ભેંટણું પણ આપ્યું. આ જાતિની ઉદારતા સંઘ કાઢવાવાળામાં પણ હોવી જોઈએ અને સંઘમાં જવાવાળા પણ ઉદાર હોવા જોઈએ. જો બધા કૃપણ જ ભેગા થઈ જાય, તો તે સંઘ સંઘ મટી જાય. જેઓમાં ઉદારતા નથી હોતી, તેઓ ખર્ચવા છતાં પણ કૃપણપણે જ ખર્ચે છે, અને એથી તેઓ ઉત્તમ પણ પ્રસંગને જેવો દીપાવવો જોઈએ તેવો દીપાવી શકતા નથી. અને તેઓ તેને કદાચ નિંદાનું કારણ પણ બનાવી દે, તો તેય અસંભવિત વસ્તુ નથી.

## સદાચારી પણ બનવું જોઈએ :

ગામે ગામ ધર્મની સ્થાપના, નામના અને પ્રભાવના ઠીક ઠીક થઈ જાય, એ માટે આવી સંઘયાત્રાઓનું જ્ઞાનિઓએ વિધાન કર્યું છે. શક્તિ અનુસાર અવસરને સફળ કરી લેવો, દેવ-ગુરુ-ધર્મ અને ધર્મિઓની શક્તિ મુજબ ભક્તિ કરી લેવી, તે કાઢનાર અને સંઘમાં જનાર બન્નેની ખાસ ફરજ

● **તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

છે. સંઘમાં આનંદ કે મોજ કરવા ખાતર કે શેઠ બનવા ખાતર જવાનું નથી : પણ, ધર્મ સાધવા માટે જવાનું છે. ઉદારતાની સાથે સદાચાર પણ જોઈએ. મારી આંખ કેવળ દેવ, ગુરુ અને સાધર્મિક આદિને માટે છે. અપ્રશસ્ત દર્શનાદિને માટે નથી : મારા કાન શ્રી જિનવાણી આદિના શ્રવણાદિને માટે છે. પણ અપ્રશસ્ત શ્રવણને માટે નથી : મારી જીભ દેવ, ગુરુ, ધર્મ અને સાધર્મિક આદિના ગુણ ગાવા વગેરેને માટે છે, પણ નિન્દાદિમાં અપ્રશસ્તપણે પ્રવર્તાવવાને માટે નથી : આવી આવી રીતિએ ઈન્દ્રિયનિગ્રહપૂર્વક ધર્મસેવન કરવાનો નિશ્ચય, પ્રત્યેક યાત્રિએ કરી લેવો જોઈએ. સાધુઓ પણ સંઘમાં સાથે આવે છે, તે સંઘમાં આવનારને ઈન્દ્રિયોનો સદુપયોગ કરાવવો તથા રત્નત્રયી, તત્ત્વત્રયીની આરાધના કરાવવી વગેરે હેતુઓવાળા હોય છે. ટૂંકમાં વાત એ જ છે કે-શ્રી વીતરાગ પરમાત્માએ ફરમાવેલા ધર્મની આરાધના અને પ્રભાવનાને માટે જ સંઘની યોજના છે.

### અડધા સાધુ બનવા જોઈએ :

ઉદારતા અને સદાચારની સાથે સહનશીલતા પણ એટલી જ રાખવાની છે. સમભાવપૂર્વક મુશ્કેલી ભોગવવાને માટે જ તીર્થમાં જવાનું છે. થોડા દિવસ મળે તો પણ ઠીક, ન મળે તો પણ ઠીક, એનો અનુભવ કરવાને માટે તીર્થયાત્રા છે. સાધુઓ એનો વારંવાર અનુભવ કરે છે. શ્રી વીતરાગ

પરમાત્માની સાધુતામાં જે સુખ છે તે સુખ દુનિયાની ચક્રવર્તિતામાં પણ નથી, એનો કાંઈક અનુભવ યથાવિધિ યાત્રા કરનારાઓને થયા વિના રહે નહિ. જે આત્માને સાધુના સુખનો અનુભવ નથી, એ સુખનો કશો જ ખ્યાલ નથી, તેને ઈન્દ્રપણામાં કે ચક્રવર્તિપણામાં સુખ દેખાય એ ભલે બને, પણ સાધુતાના સુખને જાણનારાને કે તેના અનુભવવાળાને ઈન્દ્રપણામાં કે ચક્રવર્તિપણામાં સુખ દેખાય એ શકય જ નથી. એ તો સુર-નરનાં સુખોને દુઃખ રૂપે જ લેખે અને એક માત્ર મુક્તિસુખની વાંછના કરે. સંઘમાં આવવાવાળાએ કમથી કમ અડધા સાધુજેવા તો જરૂર બનવું જોઈએ, કે જેથી સાધુતાના અનુપમ સુખનો અંશે પણ અનુભવ જરૂર થવા પામે.

## હિસાબ કાઢવો જોઈએ :

દેવ, ગુરુ, ધર્મ અને સાધર્મિકની ભક્તિ શક્તિ મુજબ કરી લેવાને માટે જેમ ઉદારતા જરૂરી છે, સદાચારશીલતા જરૂરી છે અને સહનશીલતા જરૂરી છે, તેમ સદ્‌વિચારશીલતા પણ જરૂરી છે. સદ્‌વિચારશીલતા વિના તો એમાંનું કાંઈ જ યથાર્થ રૂપે બની શકે તેમ નથી. ‘શરીર ઉપરની અને ધન ઉપરની મૂર્ચ્છા કેટલી ઉતારી ? ઈન્દ્રિયોને કાબૂમાં કેટલી લીધી ? અને, મનને વશ કરવાનો પ્રયત્ન કેટલો કર્યો ?’ -એ બધાનો તીર્થયાત્રા પૂર્ણ થયા પછી હિસાબ કાઢવો જોઈએ. સંઘપતિએ તો, પોતાની આરાધનાનો ખ્યાલ રાખવા સાથે, સંઘમાં આવેલાં સૌ કોઈ આરાધનામાં સારી રીતિએ યોજાય, તેની

પણ કાળજી રાખવી જોઈએ. સંઘપતિ થવું અને શાસ્ત્રવિધિ હોય તે મુજબ વર્તવાને જરાય ઉત્સાહિત ન બનવું, એવાના સંઘમાં સાચા સાધુઓ જાણી-જોઈને તો કદી પણ જાય નહિ.

### સંઘને દીપાવો :

વળી આ દેશમાં તો ઉદાર એવા ધનિક આત્માઓનું સવિશેષ કામ છે. સંઘ કાઢનારા ઉપરાંત સંઘમાં આવનારાઓમાં પણ જેટલા શક્તિવાળા હોય, તેઓની પણ ફરજ છે કે - ઓછામાં ઓછી એકેક થેલી સાથે રાખવી જ જોઈએ. થેલી એટલે હજાર. સંઘ એવો નીકળવો જોઈએ કે- 'સંઘ કાઢવાની જરૂરત નથી.' -એવું માનવાવાળાને પણ એમ થઈ જાય કે- 'આવા સંઘ પ્રતિસાલ એક નહિ પણ અનેક નીકળવા જોઈએ.' એ રીતિએ નિશ્ચય કરીને સંઘમાં ચાલો કે-સહન કરીને પણ સંઘની છાપ પાડવી છે. સાધુ તો ત્યાગી છે. એમનું કાર્ય ઉપદેશ દેવાનું. એનો અમલ કરવાનું કાર્ય સાધુનું નથી પણ તમારૂં છે. સાધુ ઉદારતા દાખવવાનું કહે અને તમે તેનો શક્તિ અનુસાર અમલ કરો, તો ધારી પ્રભાવના થઈ જાય. ધર્મની પ્રભાવનાનું આ પણ એક મોટું અંગ છે. સંઘમાં આવવાવાળા ઉદાર બને, સહનશીલ બને અને ભગવાનની આજ્ઞાનુસાર સદ્‌વિચારશીલ બને, તો અનેક આત્માઓ બોધિબીજ પામે. એ બધા લાભમાં એમનો પણ મોટો હિસ્સો ગણાય.

(૨)

## તીર્થ એટલે સંસારસાગરથી તારનારૂં સાધન :

અનન્તઉપકારી અનન્તજ્ઞાની શ્રી જિનેશ્વરદેવોએ તીર્થ કોને કહ્યું છે, તીર્થ એ કેવી મહત્ત્વની વસ્તુ છે અને આ જીવનમાં તીર્થની આરાધના કરવાની કેટલી બધી જરૂર છે તેમ જ કેવા પ્રકારે તીર્થની સેવા કરવી જોઈએ, એ વગેરે બાબતો જો અનન્તજ્ઞાનિઓએ જેવા રૂપે ફરમાવી છે તેવા યથાર્થ રૂપમાં સમજાઈ જાય, તો જે જે રીતિએ તીર્થની આરાધના શકય હોય, તે તે દરેક રીતિએ તીર્થની આરાધના કરવાનો સાચો ઉલ્લાસભાવ પ્રગટે અને પરિણામે આરાધનાનો પ્રયત્ન સુશકય બન્યા વિના રહે નહિ. તીર્થ એટલે શું ? જેના યોગે આત્મા સંસારસાગરને તરે, એનું નામ કહેવાય છે તીર્થ. તીર્થ શબ્દમાં જ્ઞાનિઓએ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર રૂપ ત્રણ અર્થોનો સમાવેશ કર્યો છે તીર્થની સ્થાપના કરવી, એટલે જગતના જીવોને તીર્થના અભાવે જે ત્રણ અર્થો નહોતા મળતા, તે ત્રણ કલ્યાણકારીઅર્થો મળે તેવું સાધન ઉભું કરી આપવું.

## તીર્થ રૂપ રત્નત્રયી :

રત્નત્રયીનો ઉપદેશ, એનું નામ તીર્થ; અથવા તો, રત્નત્રયીની આરાધના કરનાર વર્ગનું નામ

તીર્થ. 'રત્નત્રયીની આરાધના વિના સંસારસાગર તરાવો એ શકય નથી.'-એટલું સમજાઈ જાય અને તે સાથે 'જ્યારે ને ત્યારે સંસારસાગરને તરવાને માટે એક માત્ર રત્નત્રયીની આરાધનાનો જ આશ્રય કરવો પડે તેમ છે.' -એટલું સમજાઈ જાય, તો રત્નત્રયી તીર્થ રૂપ લાગે. રત્નત્રયી એટલે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર ! માટે 'સમ્યગ્દર્શન એટલે શું, સમ્યગ્જ્ઞાન એટલે શું અને સમ્યક્ચારીત્ર એટલે શું ? -એ સમજી લેવું જોઈએ. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારીત્ર-આ ત્રણ સમજાઈ જાય, તો સઘળુંય સમજાઈ ગયું સમજો : કારણ કે-શ્રી વીતરાગનું શાસન આ રત્નત્રયીમય જ છે.

## રત્નત્રયીના યોગે જ પરમેષ્ઠિભૂતતા :

દેવતત્ત્વ, ગુરુતત્ત્વ અને ધર્મતત્ત્વ-એ તત્ત્વત્રયી જેમ સર્વદેશીય છે, તેમ સમ્યગ્દર્શનાદિ રત્નત્રયી પણ સર્વદેશીય છે. શ્રી નવકાર મંત્રમાં જે પાંચ પરમેષ્ઠિઓને નમસ્કાર કરવામાં આવે છે, તે પાંચમાંથી એકેયને માટે 'તે નમસ્કાર કરવા યોગ્ય નથી.' એવું કોઈ પણ સમજુ માણસથી કહી શકાય એમ નથી ખોટા આગ્રહમાં પડી જઈને અથવા તો વિવેક ગુમાવીને કોઈ ગમે તેમ કહે, તો એની જીભ કે એનો હાથ નહિ પકડી શકાય, પણ શ્રી નવકાર મંત્રમાં જે તારકોને નમસ્કરણીય તરીકે જણાવાયા છે, તે તારકોની નમસ્કરણીયતાની સામે ન્યાયની રીતિએ તો કોઈથી કાંઈ પણ બોલી શકાય એમ

તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ

નથી. એજ રીતિએ, રત્નત્રયીની જે વ્યાખ્યા જ્ઞાનિઓએ બાંધી છે તે વ્યાખ્યાને, સંસારસાગર જેને જેને તરવો છે તે સૌને, સ્વીકાર્યા સિવાય ચાલે તેમ નથી. પરમ તારક શ્રી અરિહંત પરમાત્મા આદિ પાંચ પરમેષ્ઠિઓ પણ આ રત્નત્રયીને લઈને જ પરમેષ્ઠિ રૂપ ગણાય છે.

**તીર્થમાં તારકગુણ છે પણ તરવાની લાયકાત આપણે કેળવવી પડશે :**

આપણે જે તીર્થની યાત્રાએ જઈએ છીએ, તે શું છે ? ત્યાં જે તારકની મૂર્તિ વિરાજમાન છે, એના યોગે જ એ સ્થાન તીર્થભૂત બન્યું છે. એ તારકના યોગે બનેલા તીર્થસ્થાનને, આપણે માટે તીર્થ રૂપ બનાવવાને માટે, આપણે યોગ્યતા કેળવવી પડે કે નહિ ?અયોગ્ય આત્માઓના યોગે તીર્થ કાંઈ અતીર્થ બની જવાનું નથી,પણ અયોગ્ય આત્માઓ પોતાને માટે તીર્થને તીર્થ રૂપ બનાવી શકતા નથી.આપણે તો તીર્થને આપણા આત્માના નિસ્તાર દ્વારા આપણા તીર્થ રૂપ બનાવવાની કોશિષ કરવાની છે.તીર્થમાં તારવાનો સ્વભાવ છે,પણ જેમાં લાયકાત હોય તેને જ તીર્થ તારી શકે છે.તીર્થમાં તારકગુણ છે-એ નિઃસંશય વાત છે,પણ આપણામાં તરવાની લાયકાત છે કે નહિ-એ જોવાનું છે અને લાયકાત ન હોય તો મેળવી લેવાની છે.પૂર્વભવના પુણ્યના યોગે તમને તીર્થની સામગ્રી મળી ગઈ છે,પણ તે સામગ્રીને તમે તીર્થ રૂપે માની છે કે નહિ,એ જ વિચારવા જેવું છે.આવા ઉત્તમ માર્ગમાંથી પણ જો ખસેડવા હોય

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી પ્રત-૨જી

●

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

તો કેટલાયને સ્હેજમાં ખસેડી શકાય એવી દશા આજે છે.એનું કારણ સંસારની રૂચિપૂર્વકની આસક્તિ છે. સંસાર એટલે વિષય અને કષાય.વિષયોય ગમે અને કષાયોય ગમે,એટલે ધર્મના નામે પણ જયાં જયાં વિષય અને કષાયની પુષ્ટિ થતી હોય,ત્યાં ત્યાં દોરવાઈ જતાં વાર લાગે નહિ ! તીર્થ રૂપ સામગ્રી મળવા છતાં પણ,તીર્થ તીર્થ રૂપ નહિ લાગવાના યોગે જ,આજે ઘણાઓની તીર્થયાત્રા પણ સાચી તીર્થયાત્રા રહેવા પામી નથી.આપણી તીર્થયાત્રા તો એવી બનવી જોઈએ કે-તારનારા સ્થાને જઈએ છીએ,તો તરવાનો લાભ પામ્યા વિના પાછા ન ફરીએ.તીર્થયાત્રાના યોગે આપણો આત્મા લઘુકર્મી અને રત્નત્રયી-અભિમુખ બન્યા વિના રહે જ નહિ એવી આપણી યાત્રા હોવી જોઈએ.

## જાણ્યા વિના તરાય કેમ ?

'તીર્થ એટલે શું ?'- એવું તમને આજે જો કોઈ પૂછે, તો તમે શ્રી સિદ્ધગિરિજી,શ્રી ગિરનારજી વગેરે નામ માત્ર આપ્યાથી વિશેષ કાંઈ કહી શકો,એવું તો ભાગ્યે જ બને ને ?' શ્રી સિદ્ધગિરિજીના કાંકરે કાંકરે અનન્તા સિદ્ધ થયા છે.' એટલું કોઈ કહે તો પણ જે ભાવ પેદા થવો જોઈએ તે થતો નથી; તેનું કારણ એક જ છે : અને તે એજ કે -તીર્થના મર્મ સુધી પહોંચાયું નથી. જ્ઞાનિઓએ, જેટલાં સાધનો તરવામાં નિમિત્તભૂત થવાના ગુણને ધરાવે છે, તે બધાં સાધનોને તીર્થ તરીકે ઓળખાવ્યા છે.

લાકડાના પાટિયામાં એ ગુણ છે કે-માણસને તે કિનારે લઈ જાય, પણ જો કોઈ પાટિયાને ઉપર રાખે અને પોતે નીચે રહે તો ? તરે કે ડૂબે ? ડૂબે જ. ત્યારે 'શી રીતિએ તરાય ?' -એનું જ્ઞાન મેળવ્યું હોય અગર તો તે જ્ઞાન ધરાવનારની આજ્ઞા માથે ચડાવાતી હોય તો જ પાટીયાથી તરાય ને ? પણ જે કોઈ એના ઉપયોગને ન જાણે અને જાણકારના કહ્યા મુજબ વર્તવાને પણ તૈયાર બને નહિ, તેને તારવાના સ્વભાવવાળું પણ પાટીયું તારે શી રીતિએ ? એ જ રીતિએ, જુઓ કે-ઘઉંમાંથી અનેક પ્રકારના ભોજનો બને છે, પણ એના ઉપર કેટલી કારીગરીઓ કરવી પડે છે ? જો એ કારીગરીઓમાં ભૂલાય તો ઘઉંમાંથી બનાવેલું પણ ભોજન ખાવા લાયક થતું નથી. એ જ રીતિએ, આમાં પણ સમજી લેવું જોઈએ કે -તીર્થનો ઉપયોગ કરતાં આવડે તો જ તેનાથી તરાય.

### આત્મા તીર્થ રૂપ છે :

આગળ વધીને જ્ઞાનિઓએ ખુદ આપણા આત્માને પણ તીર્થ રૂપ કહ્યો છે : કારણ કે-સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ગુણ કોના છે ? આત્માના જ. આત્મામાં એ ગુણો છે જ કે નવા લાવવાના છે ? છે જ. જે કપડું મૂળમાંથી જ કાળું હોય, તેને ધોળું કરવાને લાખ મણ સાબુ અને એક લાખ ધોબી ભેગા થાય તો પણ તે ધોળું થાય ખરૂં ? નહિ જ. જે વસ્તુ સ્વરૂપે ધોળી ન હોય, તે

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

કદી પણ ધોળી થઈ શકે જ નહિ. એ જ રીતિએ, આત્મા સ્વભાવે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રમય છે જ. તરવું એટલે એ શુદ્ધ સ્વરૂપ પ્રગટ થવું. આજે આત્મા અનન્તજ્ઞાની છતાં મહાઅજ્ઞાની થઈને બેઠો છે. આત્મામાં અનન્તજ્ઞાનની વિદ્યમાનતા હોવા છતાં પણ, અત્યારે કયી દશા છે ? તે આંખ વિના જોઈ શકતો નથી અને કાન વિના સાંભળી શકતો નથી. શાથી ? આત્માનો જ્ઞાનગુણ આવરાયો છે માટે ! એ આવરણને દૂર કરીને એ જ્ઞાનગુણને પ્રગટ કરનાર જે હોય તે તીર્થ. એ તાકાત સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની આરાધનામાં છે.

### જેટલું પોતાનું ગમે છે તેટલું પારકું ગમતું નથી :

આત્મા સ્વભાવે ઘણો સુંદર છે. એક વાર એના સ્વરૂપનો કાંઈક પણ વાસ્તવિક ખ્યાલ આવી જાય, તો પછી તે બીજે ભટકવાનું પસંદ કરે નહિ. જેટલો પોતાના ઘરે પેસવામાં આનંદ છે, તેટલો પારકે ઘરે પેસવામાં આનંદ ન હોય. પર વસ્તુમાં મારાપણું આવી ગયું છે, એટલે અત્યારે પર વસ્તુ ગમે છે : પણ સ્વ વસ્તુમાં મારાપણું આવી જશે પછી પર વસ્તુ ગમવાની જ નથી. દુનિયાને જેટલું પોતાનું ગમે છે, તેટલું પારકાનું ગમતું જ નથી : માટે આપણું પોતાનું શું છે, એને જ સમજાવવાનો ખાસ પ્રયત્ન કરવો છે. એ સમજાઈ જાય તોય ઘણું છે : કારણ કે-જેમને એ સમજાયું છે તે પરિણામે પોતાની વસ્તુના ભોકતા બન્યા વિના રહ્યા નથી.

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી પ્રત-૨જી

● **તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

## પરને પર અને સ્વને સ્વ માનતા બનવાની જરૂર :

કોઈ પણ આદમી એવો નથી, કે જેને પોતાનું સારૂં સારૂં ન લાગતું હોય. પારકી વસ્તુમાં આત્મા પોતાપણું માની બેઠો છે, તો અત્યારે તે પારકી વસ્તુ માટે પોતાની વસ્તુને કેટલી હાનિ પહોંચે છે, તેનો વિચારેય કરતો નથી. એ જ રીતિએ, જે પોતાનું છે તે પોતાનું ભાસી જાય અને જે પારકું છે તે પર ભાસી જાય, તો પ્રયત્નની દિશાને ફરતાં વાર લાગે નહિ. પરને સ્વ માની બેઠેલાં આત્માને પરને પર અને સ્વને સ્વ માનતો બનાવી દો, પછી તે સ્વયં સ્વત્વને પ્રાપ્ત કરવાની મહેનત કરવા માંડશે. તીર્થયાત્રા આદિ પ્રસંગોનાં વિધાનોની ખરી સફળતા આ જ છે. અનેક આત્માઓ સ્વ-પરને યથાર્થ સ્વરૂપે પિછાનતા બની જાય અને સ્વત્વને પ્રાપ્ત કરવાના પ્રયત્નમાં લાગી જાય, એ માટે જ તીર્થયાત્રા આદિ પ્રસંગોના વિધાનો છે.

## સ્વ-પર સમજે તે સંસારમાં ધાવમાતાની જેમ રહે :

હું કોણ ? તેમ જ મારૂં શું અને પારકું શું ? એ સમજાઈ જાય તથા 'મને મારાપણું પામવામાં શાનું નડતર છે ?' એનો ખ્યાલ આવી જાય, પછી એને પારકું છોડતાં અને પોતાનું સ્વીકારતાં લાંબી વાર નહિ લાગે. ધાવમાતા માલિકના બાળકને તેની મા કરતાંય વધુ સારી રીતિએ, કદાચ સાચવે, તે છતાં પણ તે માતા તો પોતાના જ બચ્ચાની છે, પણ માલિકના બચ્ચાની નથી. એજ રીતિએ, ધર્મને

પામેલો આત્મા સંસારમાં રહે તો પણ તે સંસારનો નહિ પણ ધર્મનો જ. તમને થોડા દિવસ માટે પણ, ઘર અને ધંધો છોડાવી સંઘમાં એટલા માટે જ લઈ જવાના હોય છે કે-સ્વ-પરનો વિવેક પ્રાપ્ત થાય, વિવેક હોય તો તે વિશુદ્ધ બને તેમ જ પરસાધનાથી પર રહી ઉત્તમ પ્રકારે સ્વસાધના થઈ શકે. કોઈ પણ રીતિએ પારકું પારકા તરીકે અને મારૂં મારા તરીકે તમને સમજાઈ જાય તેમ જ તમારા યોગે બીજા પણ ઘણા આત્માઓને આ નિમિત્તે એ સમજાઈ જાય, તો એ જ આ ધર્મપ્રવૃત્તિની મોટી સફળતા છે.

**'સોઽહં' માં તે ને હું વચ્ચેનો ભેદ સમજવો જોઈએ :**

'તીર્થ એટલે આત્મા' -એ વાત તો છેવટની છે. જેમ 'સોઽહં' એટલે 'તે હું.' તે એટલે પરમાત્મા તે હું. હું સ્વયં પરમાત્મા છું, પણ તે કયારે ? બહિરાત્મદશા જાય, અંતરાત્મદશા પ્રગટે અને એના પરિણામે પરમાત્મદશા પ્રાપ્ત થાય ત્યારે ! આત્મા જ પરમાત્મા, એમાં ના નહિ; પણ, વર્તમાનમાં તો તે બહિરાત્મા અગર અંતરાત્મા જ છે ને ? એટલે વર્તમાનમાં અંતરાત્મા કે બહિરાત્મા એ પરમાત્મા નથી, પણ પરમાત્મા થવા માટે પ્રયત્ન કરવાનો છે. તે જ રીતિએ, જ્યારે આત્મા સ્વસ્વરૂપને પ્રકાશિત કરે, ત્યારે જ આત્મા યથાર્થ રૂપમાં તીર્થ છે, જે પોતાના આત્માને તીર્થ રૂપ માની લઈને પોતાના સ્વાભાવિક સ્વરૂપને પ્રગટાવ્યા વિના જ તીર્થ રૂપ સાધનોને છોડી દે, તે તો એમ ને એમ જ ભટકતો રહે. યોગ્યરૂપમાં સ્વસ્વરૂપ પ્રકાશિત થાય તે પહેલાંથી જ પોતાના આત્માને તીર્થ માની લેવો, એ હાથે કરીને અજ્ઞાની બનવા બરાબર છે. એ

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

રીતિએ 'સોઽહં' માં તે અને હું એમ બે પદો છે : તે બેનો ભેદ સમજવો જ જોઈએ. તે એટલે પરમાત્મા અને હું એટલે કાં તો બહિરાત્મા, કાં તો અંતરાત્મા. આટલો ભેદ સમજાઈ જાય, તો જ 'સોઽહં'નો જાપ ફળે. તે એટલે પરમાત્મા, શુદ્ધાત્મા, સૌથી ઉંચામાં ઉંચી કોટિનો આત્મા, વીતરાગ કહેવાય, વીતદ્વેષ કહેવાય, મુકત કહેવાય, નિરંજન કહેવાય અને નિરાકાર આદિ પણ કહેવાય. નિરંજન-નિરાકાર એટલે શું ? નિરંજન એટલે મળ વિનાનો. અને જેને રૂપ-રસ-ગંધ-સ્પર્શ ન હોય, એને સ્વતંત્ર આકાર પણ હોતો નથી.

## 'સોઽહં' જપનારા પ્રયત્ન કરનારા બને :

દરેક આત્મા જો શુદ્ધ થાય તો તે પરમાત્મસ્વરૂપને પામી શકે છે. આપણે ત્યાં એવો ઠેકો નથી કે-એક જ આત્મા પરમાત્મા થઈ શકે. 'સોઽહં'નો જાપ કરનારા ડાહ્યા હોય તો એકલો જાપ કરનારા જ ન બને, પરંતુ પ્રયત્ન કરનારા પણ બને. 'હું તો પરમાત્મા જ છું. એને વળી મંદિરે જાવું, સાધુ પાસે જાવું, તીર્થે જાવું, હાથ જોડવા, એ બધું શા માટે ? એ બધા આડંબર એને ન જોઈએ' -આવું કહેનારા 'સોઽહં'ના મર્મને સમજ્યા જ નથી. સૌથી મહાન મનાવાના કોડ 'સોઽહં'થી પતી જતા હોય, તો એવાઓને કોઈ જ બાહ્ય ક્રિયાની જરૂર શી છે ? આવા માણસોએ પાગલ દુનિયાને બહુ મુંઝવી છે, કારણ કે-દુનિયા અર્થકામની લોલુપ છે. એણે એમ માન્યું છે કે-આવાઓના વચનથી સ્વાર્થની

સિદ્ધિ થાય છે. 'સોડહં' 'સોડહં' બોલનારા દુનિયાની બધી અનુકૂળતાને ભોગવવાની ઈચ્છા રાખે છે, એ જ એમ બતાવે છે કે-એમનામાં વાસ્તવિક કોટિની બંધનોથી છૂટવાની તમન્ના જ નથી. અજ્ઞાન જીવો, ભદ્રિક લોકો આવી ભ્રમણામાં ન ફસાય, એ માટે જ અહીં એવાઓના સ્વરૂપનું દર્શન કરાવવાનો આપણો પ્રયત્ન છે. જ્યાં સુધી આત્મા 'હું'ની કોટિમાંથી છૂટીને 'તે' થઈ શકે તેવી સાધનસંપન્ન દશાને ન પામે, ત્યાં સુધી તેને તીર્થસ્વરૂપ માની લેવાનો નથી. 'સોડહં' જાપ જપનારો 'તે' નથી, પણ 'હું' છું, એ વાત તો નિશ્ચિત છે. તે હોય તો 'સોડહં' જપે નહિ અને 'સોડહં' જપે તે 'તે' હોય નહિ. નોકરી કરે એ શેઠ નહિ અને શેઠ હોય તે નોકરી કરે નહિ. હું એવી બુદ્ધિ જેને શરીરમાં હોય તે બહિરાત્મા અને આત્મામાં હોય તે અંતરાત્મા. પરમાત્મા તો સર્વથા નિર્મળ બન્યા તે જ.

સ૦ ફરી સમજાવો.

જે કોઈ 'હું'નો આરોપ શરીરમાં કરતો હોય તે બહિરાત્મા અને 'હું'નો આરોપ શરીર સિવાય શરીરમાં રહેલ આત્મામાં કરે તે અંતરાત્મા. 'હું'-બુદ્ધિથી શરીરને ગ્રહણ કરે તે બધા બહિરાત્મા અને આત્માને ગ્રહણ કરે તે અંતરાત્મા. 'હું' કહેવાથી 'શરીર' એવું લાગે તો માની લેવું કે-'હજુ આપણે બહિરાત્મા છીએ.' અને 'આત્મા' એવું લાગે તો સમજવું કે-'અંતરાત્મા છીએ.' 'હું' કહેવાથી જે

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

શરીરને ગ્રહણ કરતો હોય, એની પ્રવૃત્તિ પૌદ્‌ગલિક પદાર્થો માટે હોય અને હું કહેવાથી જે આત્માને ગ્રહણ કરતો હોય એની દશા પૌદ્‌ગલિક પદાર્થો તરફ વિરકત ભાવવાળી હોય. જેનામાં આત્માની સાથે એકમેક જેવી દશાને પામેલા પૌદ્‌ગલિક યોગને ટાળવાની વૃત્તિ પ્રગટી નથી, તેને અન્તરાત્મા કહેવાય જ નહિ. હું અન્તરાત્મ-દશા ભોગવું છું, એમ મોઢે કહેવું એ જુદી વાત છે : અન્તરાત્મપણું હોવાનો દેખાવ કરવો એ જુદી વાત છે : અને, અન્તરાત્મ-દશામાં રમનારાં બનવું, એ જુદી વાત છે. 'સોઽહં'ના નામે ઠગનારા પણ હોય, માટે જોવું કે-'સોઽહં'નો જાપ કરનારો 'હું' ને 'તે' બનાવવાનો પ્રયત્ન કરે છે કે નહિ ?

**જ્ઞાનયોગી તરીકે ઓળખાતા એક દંભિનું દૃષ્ટાંત :**

એક દૃષ્ટાંત આપું. એક જ્ઞાનયોગી હતો. હતો એ ખરેખરમાં તો અજ્ઞાન જ, પણ હજારો માણસો એના ભકત બન્યા હતા. છતાં દુનિયામાં આત્મલક્ષી માણસો પણ હોય છે અને તેઓ દંભી જ્ઞાનિઓને સહજમાં પકડી પાડી શકે છે.

એક આત્મલક્ષી માણસે તે કહેવાતા જ્ઞાનયોગિને ઠેકાણે લાવવાનો વિચાર કર્યો. એ માટે પહેલાં તો એણે પેલા જ્ઞાનયોગિનો પોતે ભકત હોય એવો દેખાવ કર્યો.

એ ભકતે અવસર મેળવીને, એના ઘરને પાવન કરવાની પેલા જ્ઞાનયોગિને વિનંતિ કરી.

મહાત્મા તો તૈયાર જ હતા ! ગયા એને ઘેર. મહાત્મા ઘેર આવ્યા એટલે પેલાએ તેમને ગરમ પાણીથી સ્નાન કરવાની વિનંતિ કરી.

મહાત્મા કહે છે કે-'જ્ઞાનગંગામાં હંમેશ સ્નાન ચાલુ છે. આ બાહ્ય સ્નાનની શી આવશ્યકતા છે ?'

ભોજન કરવા બેસાડયા. સારામાં સારી સામગ્રીઓ પીરસી. ક્રમસર અધિક અધિક સારી વસ્તુઓ મૂકતો ગયો. સારી આવે તે વધારે ખવાય. જ્યારે તે જ્ઞાનયોગી કાંઈ પણ ખાઈ શકે એવો ન રહ્યો, ત્યારે ગરમાગરમ ચણાના આટાનાં ભજીયાં આપ્યાં. જ્ઞાનયોગિએ એ પણ ખાધાં.

હવે પાણી પીવાની જગ્યા પણ ન રહી. ઉઠવાની તાકાત પણ ન રહી. હાથ પકડીને ઉઠાડયા અને પલંગમાં સુવાડયા. એ પછી પેલો આદમી પગચંપી કરવા લાગ્યો. આથી એ મહાત્માની આંખ ઘેરાણી અને છેવટે મીંચાણી.

પેલા જ્ઞાનયોગિએ ઘોરવા માંડયું, એટલે પેલો ભકત પણ ત્યાંથી ઉઠયો અને ઓરડા બહાર નીકળી બારણું બહારથી બંધ કરીને બહાર બેઠો.

હવે જ્ઞાનયોગિને તૃષા લાગી. આંખ ખૂલી. પાણીનું કમંડલું શોધે છે પણ હાથમાં આવ્યું નહિ. આથી તે ભકતને બૂમ મારવા લાગ્યો. ભકત તો બહાર નિરાંતે બેઠો છે. બોલતો જ નથી.

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી પ્રત-૨જી

●

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

પેલો જ્ઞાનયોગી જેમ જેમ વધારે બૂમો મારે છે, તેમ તેમ તેની તૃષા પણ વધતી જાય છે. છેવટે એને ગભરામણ થવાં માંડી અને એથી તે રોતા સ્વરે બૂમ પાડવા લાગ્યો.

હવે પેલો ભકત પૂછે છે કે-'શું છે ?'

જ્ઞાનયોગી કહે છે કે-'બેવકૂફ ! આટલો વખત તું કયાં ગયો હતો ? પાણી વિના કયારનુંય ગળું સૂકાઈ જાય છે તે જોતો નથી ?'

ભકત કહે છે કે-'બાવાજી ! જ્ઞાનગંગાદ્વારા તૃષા છીપાવી લ્યો.'

બાવાજી કહે છે કે-'મુર્ખા ! એ જ્ઞાનગંગા બીજી'.

આ ભકત પણ કહે છે કે-'બાવાજી ! હવે પાણી આપે એ પણ બીજા. માત્ર જ્ઞાનથી મુકિત નથી થતી, પણ જ્ઞાનને પામીને કરવા યોગ્ય શકય ક્રિયા કરવાથી જ મુકિત મળે છે, એમ માનો તો જ પાણી આપું.'

આવા બની બેઠેલાં જ્ઞાનયોગિઓ પોતે પણ ડૂબે છે અને બીજાઓને પણ ડૂબાવે છે. જેને બહારની કોઈ પણ વસ્તુ ઉપાદેય તરીકે આકર્ષણ ન કરે, તે જ અંતરાત્મા; બાકી બધા બહિરાત્મા. બહિરાત્મદશાને પોષનારી પ્રવૃત્તિને છોડે નહિ, કેવળ મોંઢેથી જ 'હું અંતરાત્મા છું' -'હું અંતરાત્મા છું.' -એમ બોલ્યા કરે, એ કોઈ કાળે પણ પરમાત્મા થયો નથી, થતો નથી અને થવાનો પણ નથી.

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

## ચંડકૌશિકનો દાખલો લઈ ભગવાનને બચકાં ભરાય ?

એ જ રીતિએ આત્મા તીર્થ ત્યારે, કે જ્યારે તે સ્વસ્વરૂપનો જ્ઞાનિઓએ જણાવ્યા મુજબ અનુગામી બને. 'આત્મા જ તીર્થ.' -એમ માનીને ઘરે બેસી રહેવું, વિષય-કષાયની પોષક પ્રવૃત્તિઓને કર્યે જવી અને આત્મસ્વભાવની પ્રકાશક ક્રિયાઓ કરવી નહિ, એથી કામ ચાલે ? સારી વસ્તુ પણ જેને જ્ઞાન નહિ આપે, એને મિથ્યાત્વમાં ડૂબાવનારી વસ્તુ જ્ઞાન આપશે ? ચંડકોશિયો ભગવાનને ડસવા છતાં જ્ઞાની બન્યો.' -એવા દાખલા લઈને ભગવાનને બચકાં ભરવાની વાત કરનારા બેવકૂફ છે. ચંડકોશિયો એટલે એક કાળે સારામાં સારો મુનિ : શ્રી વીતરાગના શાસનનો જાણ બનેલો : કોઈક દુષ્કર્મે કષાયને એ આધિન થઈ ગયો અને મરીને પરંપરાએ મહાક્રોધી દષ્ટિવિષ સર્પ થયો. જે જંગલમાં એ ઉત્પન્ન થયો, એ જંગલ પણ એના કોપથી વેરાન બની ગયું. એ વખતે ભગવાન મહાવીર, ચાર જ્ઞાનના ધણી, સર્પનું હિત પણ જેમની દષ્ટિમાં જ હતું, તે છદ્મસ્થપણામાં હતા. વિહાર કરતા કરતા ભગવાન એ અટવીમાં આવ્યા છે. સર્પ રહે છે તે બીલની પાસેના ભાગમાં જઈને ભગવાન ધ્યાનમાં ઉભા છે. આદમીને જોઈને એ સર્પનો પીત્તો ફાટયો. સૂર્ય સામું જોઈને જ્વાલા ફેંકી. એક વાર, બે વાર, ત્રણ વાર ફેંકી. કાંઈ વળ્યું નહિ એટલે પગના અંગુઠાએ ડંશ દીધો. શ્રી અરિહંત દેવના શરીરમાં રૂધિર લાલ નથી હોતું, પણ તે દૂધ જેવું ધોળું હોય છે. એવું શ્રી અરિહંતદેવના શરીરને માટે જ હોય, પણ

બીજાઓના શરીરને માટે એવું ન હોય. રૂધિરને ધોળું જોતાની સાથે જ, તે દૃષ્ટિવિષ સર્પ વિચારમાં પડી ગયો. વિચારમાં ને વિચારમાં એને જાતિસ્મરણ જ્ઞાન પ્રગટ થઈ ગયું. એ પ્રતિજ્ઞા કરે છે કે-'ચાહે તેટલો ઉપસર્ગ સહન કરવો, પણ કોઈને દુઃખ ન દેવું.' બીલમાં મોં નાંખીને રહ્યો. પછી તો, લોકો એને નમસ્કાર કરવા લાગ્યા અને એનો મહિમા ગવાવા લાગ્યો. નાગપૂજા શરૂ થઈ. કેટલાકોએ ઘી છાંટ્યું. ઘીને લીધે ત્યાં કીડીઓ એકઠી થઈ અને તે સર્પના શરીરને સુમાર વિનાની કીડીઓ મહાવેદના ઉપજાવવા લાગી. પંદર દિવસ સુધી મહા તકલીફ ભોગવી. મૃત્યુ પામીને એ દેવલોકે ગયો. વિચારો કે-ચંડકોશિયો પામ્યો તે ભગવાનને ડંશ દેવાથી કે વિવેક પ્રગટવાથી ? માટે સમજો કે-વસ્તુને જાણવી નહિ, વિચારવી નહિ અને ગમે તેમ પકડીને યથેચ્છ પ્રવૃત્તિ કરવી, એ તો આપણે હાથે આપણો નાશ કરવા બરાબર છે.

### કેટલાક પ્રસંગો અને માર્ગ :

ગમે તે રીતિએ જ્ઞાન લઈ શકાય છે, એવું બોલનારાઓ પણ મહા અજ્ઞાન છે. સ્ત્રીને શણગારતાં શણગારતાં પણ કેવળજ્ઞાન થયાના દાખલાઓ નથી એમ નહિ : અરિસાભવનમાં અથવા તો ખાતે ખાતે પણ કેવળજ્ઞાન ન જ થાય એમ નહિ : પણ તે કોને ? એ આત્માઓની દશાનો અભ્યાસ કરો. એ આત્માઓની મનોભાવનાને સમજો. સ્ત્રીને શણગારવી, અરિસાભવનમાં લહેર કરવી અગર

ખાવું-ખાવું એ વગેરે કેવળજ્ઞાન પમાડનાર છે, એમ એ તારકોએ પણ ન કહ્યું. એ તો બાહ્ય સ્થિતિ હતી, પણ આંતરિક સ્થિતિ તો જુદી જ હતી. જે શણગાર સજાવતાં, ખાતાં-પીતાં અથવા લહેર કરતાં કરતાં પણ એના યોગે કેવલજ્ઞાન થાય એમ માને, એવાને તો, કેવલજ્ઞાન થાય જ નહિ. કેવલજ્ઞાનની પ્રાપ્તિનો માર્ગ તો જુદો છે. આવાં નિમિત્તોને માર્ગ ગણાવનારાઓ અજ્ઞાન છે.

### શ્રી જિનબિમ્બ :

શ્રી જિનમન્દિરાદિની સ્થાપના પાછળ આ હેતુ છે. આત્માને પરમાત્મા બનાવવાની પ્રેરણા શ્રી જિનબિંબના દર્શનાદિથી ઝટ મળે છે. એ માટે શ્રી જિનબિંબના દર્શનાદિનું વિધાન છે. દુનિયાદારીના પદાર્થોને જોઈને નાચવું, એ બહિરાત્માનું લક્ષણ છે. દુનિયાદારીના પદાર્થો પ્રત્યે, દુનિયાદારી તરફ ઉદાસીન રહે અને અંતરંગ ભાવને પેદા કરનારા પદાર્થો જોઈને નાચે, એ અંતરાત્માનું લક્ષણ છે. અંતરંગ ભાવને પેદા કરવા માટે ઉંચામાં ઉંચું સાધન શ્રી જિનપ્રતિમા છે.

### અન્તરાત્મા બનવાની જરૂર :

અયોગ્ય પદાર્થોના દર્શનથી આત્માને ખસેડી યોગ્ય ભાવને પેદા કરનારાં આલંબનોના દર્શનમાં પોતાના આત્માને યોજવાનું બહિરાત્માને નહિ ગમે. બહિરાત્મા ત્યારે જ મટાય કે જ્યારે પરમાત્માને સન્મુખ રાખવામાં આવે. કોરા જાપ માત્રથી કલ્યાણ થઈ જતું નથી. પેઢીઓ બંધ કરીને, ઘરના

**તીર્થ-ચાત્રાનો વાસ્તવિક હેતુ**

ખૂણામાં બેસી, પૈસા માત્રનો જાપ કરવાથી પૈસા મળી જવા જોઈએ, એમ તો કોઈ માનતું નથી. અંતરાત્મા ન બનો ત્યાં સુધી તમારૂં ધ્યાન સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર તરફ જેવું ખેંચાવું જોઈએ તેવું ખેંચાય નહિ. સાદું વ્યાજ, ચક્રવર્તી વ્યાજ અને વાણિયા વ્યાજ, -એ ત્રણેને જાણનારા વાણિયા આજે ઘણા છે, પણ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રના સ્વરૂપને જાણવામાં મીંડું છે. 'તીર્થ એ શું ચીજ છે ?' -એનો વિચાર કરવાની આજે જાણે કે દરકાર જ ન હોય, એવી દશા મોટે ભાગે છે. આ દશામાં આત્મા તીર્થ રૂપ બને શી રીતિએ ?

### સમ્યગ્દર્શન :

આત્માને તીર્થ રૂપ બનાવવાને માટે આ ત્રણ વસ્તુઓ-સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર સાધન છે, માટે એ ત્રણને પણ જ્ઞાનિઓ તીર્થ કહે છે.

સ૦ સમ્યક્ત્વ કોને કહેવું ?

વસ્તુને વસ્તુગતે માનવાજોગી આત્માની દશા-વિશેષ, એનું નામ કહેવાય છે-સમ્યગ્દર્શન. સાચું માત્ર રૂચે અને ખોટું માત્ર કુદરતી રીતિએન રૂચે, એવી કોટિની આત્માની ક્ષયોપશમાદિજનિત કોઈ અપૂર્વ દશા, એનું નામ સમ્યગ્દર્શન.

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

**ધર્મ બીજ રૂપ છે, મોક્ષ તેના પરમ ફળ રૂપ છે અને અર્થ-કામ તો ઘાસ રૂપ છે :**

દુનિયામાં પુરુષાર્થો ચાર કહેવાય છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. ધર્મ પહેલો છે અને મોક્ષ છેલ્લો છે. ધર્મ એ બીજ છે અને મોક્ષ એનું પરમ ફળ છે. અર્થ અને કામ એ ઘાસ છે. જગતમાં જેટલા ખેડુતો છે, એ જ્યારે બીજ વાવે ત્યારે ઘાસને માટે કે અનાજને માટે ? અભણ પણ ખેડુત બીજ વાવે તે ફળ ને માટે. વચમાં બીજો ઈરાદો હોય ખરો કે નહિ? કહો કે-ઈરાદો તો ફળ મેળવવાનો જ હોય પણ ઘાસ મેળવવાનો નહિ. તમે ખેડુત જેટલા પણ અક્કલવાળા છો કે નથી, એ તમારે વિચારી લેવાનું છે. તમારે તમારી પરીક્ષા કરવાની છે. ધર્મ એ બીજ છે અને મોક્ષ એ ધર્મની આરાધનાનું ફળ છે, એટલે જ્યારે જ્યારે આત્મા ધર્મની સેવા કરે, ત્યારે ત્યારે તેની આંખ મોક્ષ તરફ જ જોઈએ. આત્મા જેટલો જેટલો ધર્મ કરે તે મોક્ષને માટે જ કરે, કારણ કે-તે ધર્મહીન થવા ઈચ્છતો નથી. જેમાં માણસને ખાવાલાયક પાક થશે, એમાં ઢોરને ખાવાલાયક થશે નહિ એમ માનતા જ નહિ. મોક્ષ રૂપ ફળની જ અભિલાષાથી ધર્મ કરનારને અર્થકામના ઢેરે ઢેર થવાના છે, પણ ધ્યાન રાખજો કે-અર્થ અને કામ સારા છે, ઉપાદેય છે, એવી બુદ્ધિ સ્વપ્ને પણ નહિ આવવી જોઈએ. સમ્યગ્દષ્ટિ એનું જ નામ, કે જેને મોક્ષ એ જ સાધ્ય લાગે. શ્રી જિનકથિત ધર્મ એ જ સાધન લાગે અને અર્થ તથા કામ કુદરતી રીતિએ જ હેય લાગે.

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી પ્રત-૨જી

●

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

## સાચા સાધુઓ સમ્યગ્જ્ઞાનના જ પ્રચારકો હોય છે :

દુનિયાદારીની સાધના માટે જ્ઞાન લેવાને જે આવે, એને શ્રી વીતરાગદેવના શાસનમાં જ્ઞાન લેવાને માટે લાયક ગણવામાં આવ્યો નથી. જ્ઞાન આત્માની સાધનામાં યોજનારૂં હોવું જોઈએ અને આત્મસ્વરૂપ પ્રગટાવવાના હેતુથી જ જ્ઞાન પ્રાપ્ત કરવાને ઉદ્યમશીલ બનવું જોઈએ. આત્મસાધનાના ઈરાદે સદ્જ્ઞાનને ભણેલો દુનિયાદારીની પ્રવૃત્તિ કરે તોય સાવધ રહીને કરે, હેય માનીને કરે, ન છૂટકે કરે, એટલે એ લેપાય નહિ. દુનિયાદારીમાં રહેવું પણ પડતું હોય, તોય ભણેલો હોય તે ચકોર બનીને રહે, એટલે બીજાઓની જેમ દુનિયાદારી એને મુંઝવે નહિ. દુનિયાદારીઓથી કેમ છૂટાય, એની એને ચિન્તા હોય અને સંસારમાં રહેવું એ પણ સુખ રૂપ છે એમ તો એને કોઈ પણ સંજોગોમાં અને કોઈ પણ કાળે લાગે નહિ સમ્યગ્જ્ઞાન પણ તે કહેવાય, કે જે પદાર્થોની હેયતા કે ઉપાદેયતા આદિને યથાર્થ રૂપે સમજાવે અને આત્માને આત્મસ્વભાવના પ્રગટીકરણ તરફ દોરે : અર્થાત્-સમ્યક્ચારિત્ર તરફ દોરે. સાચા સાધુઓ આવા જ્ઞાનનો જ પ્રચાર કરનારા હોય છે. આનાથી વિપરીત પ્રકારના જ્ઞાનનો પ્રચાર કરનારાઓ, એ શ્રી વીતરાગ પરમાત્માના શાસનના સાધુઓ ગણાતા જ નથી. ઘણાઓ સાંભળવા આવે એ ઈરાદે પણ સાચો સાધુ કદી પણ વિપરીત પ્રકારના જ્ઞાનનો ઉપદેશ આપે જ નહિ.

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી પ્રત-૨જી

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

## ડહાપણનો રસ્તો :

જો વ્યાપાર વ્યાજબી રીતિએ કરતાં આવડે તો ગ્રાહકને લાભ થાય યા ન પણ થાય તો પણ જેમાં કમાણી નિયમા હોય અને જે વ્યાપારમાં યોગ્ય ગ્રાહકને પણ ઉપકાર થયા વિના રહે તેમ ન હોય, એવા માલનો જે વહેપાર કરતો હોય, તેને-'ગ્રાહક નહિ આવે તો મારૂં શું થશે ?' -એવો ભય હોતો નથી. એને દયા જરૂર આવે. એમ થાય કે-આવો ઉત્તમ માલ પણ બિચારા કમનસીબ જીવો લઈ શકતા નથી : અને ભાવના એ હોય કે-સૌ કોઈ આ માલ લે અને સાચા માલદાર બને. શ્રી વીતરાગદેવના શાસનનો માલ એવો છે, કે જે માલના પ્રતાપે ઓળખાણ-પિછાણ નહિ, નાત-જાતનો સંબંધ નહિ, ખાતુંપત્રું નહિ, છતાં સારાય દેશમાં લહેરથી ફરી શકાય. એને ફરવા માટે ચીઠ્ઠી જોઈએ નહિ. આ વેષનો પણ એ મહિમા છે કે-ખાસ પાપોદય ન હોય તો પ્રાયઃ સમ્યગ્ નિર્વાહમાં વાંધો આવે નહિ. આ વેષથી એ છાપ પડે છે કે-આ વેષમાં રહેલા ચોર ન હોય, પૈસા ટકાના લોભી ન હોય, કોઈની ચીજ પર વગર રજાએ હાથ પણ લગાડનારા ન હોય. જો કે-જે જમાનામાં હાથમાં હીરાની વીંટી રાખીને પણ નાદારીમાં જનારા હોય, તે જમાનામાં હાથમાં ઓઘો રાખીને ચારિત્રનું દેવાળું કાઢનારા પણ વધે એ સ્વાભાવિક છે, પરંતુ એથી કલ્યાણના અર્થિઓએ મુંઝાવાનું ન હોય. તમારે પરીક્ષક બનવું જોઈએ. આત્માને ક્યાંથી લાભ થશે તે જોતાં શીખવું જોઈએ. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન

ગૃહસ્થદશામાં પણ ન હોય એમ નહિ, માટે એની પ્રાપ્તિ, વૃદ્ધિ અને સ્થિરતા આદિના પ્રયત્નમાં ઉત્સાહવાળા બનીને, ઉન્માર્ગે દોરનારાઓથી બચવાને માટે પણ પ્રયત્નશીલ બન્યા રહેવું, એજ ડહાપણનો રસ્તો છે, કુગુરુઓ કેટલીક વાર દંભથી અજબજાતિના ધુતારાવેડા પણ ચલાવે છે, પણ તમે ચકોર બનો તો તેવાઓની ધારણા ફળે નહિ,

## સમ્યગ્દૃષ્ટિ ઓળખાયા વિના ન રહે :

સમ્યગ્દર્શન, એ આત્માની એક સ્વાભાવિક દશાવિશેષ છે. સમ્યગ્દર્શન, એ કોઈ ઝાડનું ફળ નથી અથવા તો કોઈ વાણીનો વ્યભિચાર નથી, પણ આ આત્માની જ દશાવિશેષ છે. 'ધર્મ એ જ સાધન, મોક્ષ એ જ ધ્યેય અને અર્થ-કામ હેય.'-આવું સમ્યગ્દર્શન પામેલાને લાગ્યા વિના રહે નહિ. સમ્યગ્દર્શન ગુણને પામેલો આત્મા, પૈસા ટકા વગેરે મળે તો એથી આનંદમાં આંધળો ન બને અને જાય તો એના શોકમાં પાગલ ન બને. પૈસા ટકા આવે તોય એને એમ થાય કે-'આ મુંઝવનારી ચીજ છે માટે સાવધ બનું.' અને એ જાય તોય એને પોતાનો પાપોદય સમજીને સમભાવમાં રહેવાનું પસંદ કરે. ઉત્તમ આત્માને હીરાની વીંટીઓ પણ બોજા રૂપ લાગે. સમ્યગ્દર્શન, એ કાંઈ નાનીસુની ચીજ નથી. જેનામાં એ ગુણ હોય, તે અવસરે વિવેકી આત્માઓની દૃષ્ટિએ ઓળખાયા સિવાય રહે નહિ. મૂર્ખાઓ ભલે ન ઓળખે, પણ ડાહ્યાઓ અવસરે ઓળખ્યા સિવાય રહે નહિ. મોક્ષ સિવાય જેને કોઈ

અન્તિમ ધ્યેય હોય નહિ અને શ્રી જિનભાષિત ધર્મ સિવાય જેને કોઈ પણ વસ્તુ હિતકર લાગતી હોય નહિ, એ સમ્યગ્દષ્ટિ આત્મા કહેવાય છે.

**તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિના લક્ષ્યવાળા બનવાની જરૂર :**

બીજમાંથી અનાજ થાય એ આદમી માટે અને ઘાસ થાય એ જનાવર માટે. અર્થ-કામને રસપૂર્વક ભોગવવાની વૃત્તિને ધરનારા આ અપેક્ષાએ જનાવર જેવા ગણાય અને એમાં ઉદાસીનભાવ રાખે એ આદમી ગણાય. સમ્યગ્દર્શન જેને થઈ જાય, એ આત્મા તત્ત્વજ્ઞાનનો એવો અર્થી બનતો જાય કે-તત્ત્વના સ્વરૂપાદિની વાતો સિવાયની ગમે તેવી પણ વાતો એને હિતકર તરીકે રૂચિકર ન જ નીવડે. આજે તો ભણેલા ગણાતાઓની પ્રવૃત્તિ પણ એવી થઈ રહી છે કે-સમ્યગ્દર્શન ગુણ હોય તોય જતાં વાર ન લાગે. કોઈ પણ પુસ્તક હાથમાં લે તો પહેલાં એ કયી સદીનું એ જુએ. કોનું બનાવેલું છે એ જોવું જોઈએ, કારણ કે-પુરૂષવિશ્વાસે વચનવિશ્વાસ છે, પણ કયી સદીનું છે એ ખાસ કારણ વિના જોવાની જરૂર શી ? પુસ્તકમાં ખાસ જોવાનું તો એ હોય કે-'એમાં તત્ત્વ શું છે ? વસ્તુનો વસ્તુગતે ખ્યાલ આપનાર તે છે કે નહિ ?' કાપડ લેવા જનારો પહેલું શું તપાસે ? એનું પોત કે જાત ? ટકાઉપણું વગેરે છે કે નહિ, એ જ ખરેખરૂં જોવાનું હોય છે, પુસ્તકમાં પણ જોવાનું એ જ હોય છે કે-'એમાં તત્ત્વ કેવું છે ?' આજે સાહિત્યમાં જોવાનું શું ? એ જ કે-કયી સદીની ભાષા છે, એ વગેરે ? અરે

ભાષા તો આજે પણ અનેક સદીની લખી શકાય છે. અનન્તજ્ઞાની, સઘળી ભાષાના જાણ, સઘળા અક્ષરોના સઘળા સંયોગોને જાણનારા-એવાઓએ જે ભાષામાં કહેલું, તેની સામે ભાષાનો પ્રશ્ન ઉભો કરવો, એનો અર્થ જ નથી. તત્ત્વજ્ઞાન તરફ અને તે પણ આત્મમુકિતના હેતુથી લક્ષ્ય રહે તો જ કલ્યાણ થાય.

**ચારિત્રહીન જ્ઞાનિને ગધેડાની ઉપમા :**

ચંદનનો બોજો ઉપાડનાર ગધેડાને કદી ખબર પડે છે ખરી કે-ચંદન કેવું ઠંડું અને સુગંધીદાર છે ? નહિ જ. ચૌદ પૂર્વધર શ્રી ભદ્રબાહુ સ્વામિજી મહારાજા પણ એ જ ફરમાવે છે કે -

जहा खरो चंदणभारवाही, भारस्सभागी न हु चंदणस्स ।
एवं खु नाणी चरणेण हीणो, नाणस्स भागी न हु सुग्गाइए ।।१।।

આત્માના ઉપકારને માટે જ્ઞાનને નહિ ભણનારને ઉપમા કયી અપાય, તે માટે જ્ઞાનિઓએ એક જાત શોધી. એવી જાત જનાવરમાં પણ કેવળ ગધેડાની જ જડી. જનાવરોમાં પણ માત્ર એક જ જાત એવી છે કે-જે બોજો ઉપાડનારી હોવા છતાં પણ એના માલિકને ચિંતા કરવી પડે નહિ. ગધેડાની જાત એટલી મૂર્ખી મનાય છે કે-એને મૂર્ખાઈમાં બીજા કોઈની ઉપમા આપી શકાય નહિ.

એક કવિ દીવાનખાનામાં લખવા બેઠો હતો બહાર ગધેડું ભૂંકયું. વિચારમાં અંતરાય પડયો.

ગુસ્સો આવવાથી બહાર જઈને અંતરાય કરનાર કોણ ગધેડો છે ?'-એમ કહેવાનું મન થયું, પણ જઈને જુએ છે તો સાક્ષાત્ ગધેડો જ હતો. એ વિચારે છે કે-'બીજું કોઈ હોત તો હું તેને ગધેડાની ઉપમા આપત, પણ સાક્ષાત્ ગધેડાને કયી ઉપમા આપું ?' એમ વિચારીને તે પાછો ફર્યો.

જ્ઞાનિઓ પણ ચારિત્રહીન જ્ઞાનિને ગધેડાની ઉપમા આપે છે. જેમ ચંદનના બોજાને ઉપાડનારો ગધેડો એ માત્ર ભારનો ભાગી થાય છે, પણ ચંદનનો ભાગી નથી થતો : એ રીતિએ, જે જ્ઞાની પોતાના જ્ઞાનનો જીવનમાં આત્માના ઉપકારને માટે અમલ કરવાને નથી ઈચ્છતો, તે માત્ર જ્ઞાનનો ભાગી થાય છે પણ સદ્ગતિનો ભાગી નથી થતો. વસ્તુના આસ્વાદને વસ્તુનો ખપી જાણે. જેનામાં સાચું અર્થિપણું ન હોય, એને પુસ્તક ભણવા માત્રથી લાભ થાય, એવું ભાગ્યે જ બને ને ! અને, એ બને તોય સારી ભવિતવ્યતાવાળા આત્માને માટે બને એવી વાત છે.

## રત્નત્રયીની પ્રાપ્તિ માટે તીર્થયાત્રા :

સમ્યગ્દર્શનને પામેલા આત્માને કુદરતી રીતિએ જ સદ્દેવ, સદ્ગુરુ અને સદ્ધર્મ ગમે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એને આપણે તીર્થ તરીકે ઓળખીએ છીએ. જે જે સાધન એ ત્રણને પમાડનાર હોય, એ પણ તીર્થ. એવા સાધન તરીકે માનીને જ આપણે આ તીર્થાદિ માટે પર્યટન કરીએ છીએ. રત્નત્રયીની પ્રાપ્તિ આદિના હેતુથી જ તીર્થયાત્રા કરાય, તો આત્મા તીર્થયાત્રાના યોગે અનુપમ

લાભ પામી શકે. રત્નત્રયીની પ્રાપ્તિના હેતુને સમજીને જે કોઈ તીર્થયાત્રાદિમાં પ્રયત્ન કરશે, તે જ્ઞાનિઓની આજ્ઞા મુજબ આત્માનું કલ્યાણ સાધી શકશે. સૌ કોઈ આ હેતુથી યથાવિધિ યાત્રા કરીને કલ્યાણને સાધનારા બનો, એજ એક શુભાભિલાષા.

(૩)

**આત્મા પરમાત્મા ક્યારે બને ?**

અનન્ત ઉપકારી મહાપુરુષોએ તીર્થ તરીકે કોને કોને ઓળખાવેલ છે અને એની ભકિત કયા કયા પ્રકારે કરવી જોઈએ, એ વગેરે જાણવું, એ દરેક કલ્યાણકામી આત્માને માટે પરમ આવશ્યક છે. તીર્થયાત્રાને સંસારનિસ્તારક બનાવવી હોય, તો આ જાણ્યા વિના ચાલે તેમ નથી : અને એ માટે 'તીર્થ એ શું ?' -એનો પ્રથમ વિચાર કરવો જોઈએ. 'જેના યોગે સંસારસાગરને તરાય.'-એનું જ નામ તીર્થ. જ્યારે આત્મા પોતે જ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રમય બને, ત્યારેજ તે સહેલાઈથી સંસાર સાગરને તરી જાય છે : એટલા માટે, રત્નત્રયમય બનેલો આત્મા પણ તીર્થ કહેવાય છે અને રત્નત્રયનાં સાધનોને પણ તીર્થ કહેવાય છે. આત્મા જ્યારે બહિરાત્મા મટીને અંતરાત્મા બને છે અને તીર્થને જીવનમાં ઉતારે છે, ત્યારે આત્મા પોતે જ ક્રમશઃ સર્વે કર્મોને ક્ષીણ કરી નાંખીને પરમાત્મા બને છે.

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી પ્રત-૨જી

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

## સમ્યગ્દર્શન એ આત્મસ્વભાવ :

સમ્યગ્દર્શનાદિનો યોગ એ જ વસ્તુતઃ આત્માની આંતરદશા છે અને બાહ્ય પદાર્થોમાં પોતાપણાની કલ્પના એ જ વસ્તુતઃ બાહ્ય દશા છે. 'પ કું સારૂં છતાં જેટલું નથી ગમતું, એટલું આત્માને પોતાનું ખરાબ છતાં ગમે છે.'-એવો અજ્ઞાનમાં અજ્ઞાન આત્માનો પણ સ્વભાવ બન્યો છે : એટલે, એક વાર આત્માની બહિરાત્મદશા મટી જાય અને અંતરાત્મદશા પ્રગટી જાય, પછી માર્ગ બહુ સીધો છે. કુદરતી રીતિએ આત્માના પોતાના ઉપર રાગ અને પર વસ્તુ પ્રત્યે અરૂચિભાવ જન્મી જવો, એ જ સમ્યગ્દર્શનનું કાર્ય છે "ધર્મ, અર્થ, કામ અને મોક્ષ-એ ચાર પુરૂષાર્થોમાં ધર્મએ સાધન છે. અર્થ-કામ હેય છે અને મોક્ષ એ સાધ્ય છે."-એ વસ્તુ આત્માને ગમી જાય, હૈયામાં બરાબર જચી જાય, એ જ સમ્યગ્દર્શનવાળી અથવા તો સમ્યગ્દર્શનની સન્મુખતાવાળી દશા છે. સમ્યગ્દર્શન એ કોઈ બાહ્ય વસ્તુ નથી, પણ આત્માનો જ સ્વભાવ છે. 'અર્થ-કામ હેય છે, શ્રી જિનકથિત ધર્મ જ ઉપાદેય છે અને મોક્ષ એ જ સાધ્ય છે.'-આવી આંતરદશા એ જ સમ્યગ્દર્શનની દશા છે.

## સારી વાતોય મોહનો નાચ :

બાહિરાત્મદશામાં રહેલો આત્મા 'સોડહં' બોલે, તે કાંતો વાચાળપણાના યોગે બોલે છે અથવા તો તે દામ્ભિક વૃત્તિમાં પડેલો હોઈને બોલે છે. મોટે ભાગે દંભી હોય એમ જ માની લેવું. બહિરાત્માની

સારી પણ વાતો મોહના જ એક પ્રકારના નાચ રૂપ હોય એથી એમાં આશ્ચર્ય પામવા જેવું નથી. એ નાચના યોગે આત્માનો ભયંકર કોટિનો અધઃપાત થાય છે. બહિરાત્મદશામાં પડેલા હોવા છતાં પણ, અન્તરાત્મદશાની દેખાવ પૂરતી અને બીજાઓને ઠગવા પૂરતી જેટલી સારી વાતો એવાઓ કરે, એ અંતરને સ્પર્શીને નથી કરતા. અંતર આકર્ષાય કેવળ પુદ્ગલ તરફ અને જીભથી બોલ્યા કરે-'સોઽહં' -એવાની જેટલી સારી વાતો, ડહાપણભરી વાતો, એ પણ મોહે જ ઉત્પન્ન કરેલી હોય છે. મોહ એને એવી જ રીતિએ રમાડતો હોય છે !

**માગે ત્યારે ના પાડવી એ રૂચિને વધારનાર છે :**

મોહરાજાએ પોતાના સુંદર સુંદર સુભટો એની સાથે ગોઠવી રાખ્યા છે, એટલે એ નિર્ભય છે. મોહરાજા એ કુશળ રાજ્યકર્તા છે. એ પ્રજાને રાજી રાખીને રાજ્ય કરી શકે છે. અવસરે મોહ સાધુ પાસે જવાની પણ ના નહિ પાડે, કારણ કે-એ કુશળ રાજ્યકર્તા છે. 'માગે એમાં ના પાડવી એ રૂચિને વધારનાર છે.'-એમ મોહ સમજે છે. ધૂળ જેવી ચીજ હોય, પણ બાળક માગે અને ના પાડી, તો સમજી લેવું કે-એની રૂચી વધી. માગે ત્યારે 'લે' એમ કહેવું, એ રૂચિને ઘટાડનાર છે. બાળક એક પૈસો માગે અને બાપ ચાર આપે, તો તેને મન તેની કિંમત આપોઆપ ઓછી થઈ જાય છે.

**દાનમાંય મોહની આજ્ઞાનું પાલન સંભવે :**

દાન, એ લક્ષ્મીની કિંમતને ઘટાડનાર છે, સાચા દાતાર જેમ જેમ દાન કરે, તેમ તેમ લેનારના હૈયામાં પણ લક્ષ્મીની કિંમત ઘટતી આવે. જેના યોગે લક્ષ્મીની મમતા વધતી જાય, એ દાન વસ્તુતઃ દાન નથી. ઉદારતા વિનાના દાતારો દાન દેવામાં પણ મોહની આજ્ઞાનું જ પાલન કરતા હોય છે, જ્યારે ઉદારતા ગુણને ધરનારા આત્માઓ સામગ્રી આદિના અભાવે દાન નહિ દઈ શકવા છતાં પણ ધર્મની આજ્ઞાનું પાલન કરનારા હોઈ શકે છે. 'બહિર્દશામાં રાચતા આત્માઓ જેટલું સારૂં પણ કરે, એ બધોય પ્રાયઃ મોહનો નાચ છે.' -એ સમજવા માટે એક દાનનું જ દૃષ્ટાંત સમજો તોય બસ છે.

**કૃપણનું દાન અને ઉદારનું દાન :**

ઉદારતા વિનાના દાતારનું દાન લક્ષ્મીની મમતાને વધારનારૂં છે. દાનગુણને જ્ઞાનિઓએ ધર્મ એટલા માટેય કહ્યો છે કે-એ જગતના તુચ્છ પદાર્થોની અભિરૂચિને ઘટાડનારો છે. આંતરદશા ભોગવનારનું દાનેય તુચ્છ પદાર્થોની રૂચિને ઘટાડે છે. આજના ઘણા ખરા દાતાઓને લક્ષ્મી જેટલી વહાલી છે, તેટલું દાન વહાલું નથી. અવસરે લક્ષ્મીને સંગ્રહે અને દાનને લાત મારે. જે દાતા દુનિયાની જે વસ્તુનું દાન દે, તેને મન તે વસ્તુની સારપણા રૂપ કિંમત નહિ હોવી જોઈએ. કૃપણના દાનથી લેનારને એમ લાગે છે કે- 'દાન સારૂં હશે, પણ લક્ષ્મી કરતાં ઓછું !' જ્યારે સાચા દાતારો મહાલોભી યાચકોને પણ સંતોષી બનાવનારા હોય છે.

## કૃપણને ઘેર બમણો વરો શાથી ?

'કૃપણને ઘેર બમણો વરો.' -એવી કહેવત છે, તે શાથી ? શું કૃપણને ઘેર જમવા આવનારાઓને ભૂખ બમણી લાગે છે ? ના, ભૂખ બમણી લાગતી નથી : પેટ તો એનું એ હોય છે : પણ સામો કૃપણ છે એ વિચાર જ જમવા આવનારના હૃદયમાં અધીરતાને પેદા કરી દે છે અને એથી એક વાર આવેલી ચીજ ફરી આવશે કે નહિ એવી શંકાથી જોઈએ તેથી વધારે લેવાની જ વૃત્તિ રહે છે. કૃપણને ઘેર બમણો વરો એટલા માટે કહેવાય છે. ધરાયેલા પણ ત્યાં ભૂખ્યા હોય તેવા થઈ જાય છે જનાવરો તળાવમાં પાણી ઓછું પીએ છે અને ડોલોમાં રહેલું પાણી અધિક પીએ છે : કારણ કે-તળાવમાં એ જૂએ છે કે-મારે જોઈએ એથી અધિક છે, તેથી એની ઈચ્છા શમી જાય છે અને ડોલનું પાણી જોઈને એથી વિપરીત ભાવ જન્મે છે. દુનિયાની અસાર વસ્તુઓનું દાન કરતાં, પોતે જે વસ્તુનું દાન કરે છે એની કિંમત જેને અધિક હોય છે, તે ધર્મની પ્રભાવના કદી કરી શકતો નથી. નિઃસાર અને હાનિકર એવી દુન્યવી વસ્તુઓની કિંમત વધવાથી જ લોકમાં અધિક ભૂખમરો પેદા થાય છે.

## દાન દાન રૂપે દેવાય તો :

દાન દાનની રીતિએ દેવાય તો દેનારનો આત્મા મહાન બને તેમાં નવાઈ નથી, પણ લેનારના આત્મામાંય એ વસ્તુ મોહને વધારનાર નીવડવાને બદલે મોહને ઘટાડનારી નીવડે છે. દાન દેવાથી

ઓછપ થાય, એ વાત હૃદયમાં બીલકુલ લાવવા જેવી નથી. શક્તિ હોય તો દાન દેતાં પૂંઠ વાળીને જોતા નહિ, એવું કહેવામાં આવે તો પણ, એ શબ્દો તમારા અંતર સુધી પહોંચતા નથી : કારણ કે મૂર્ચ્છાને કાપવી છે, એ વાત હજુ હૈયામાં જચી જ નથી. એથી જ કેટલીક વાર તો એવું પરિણામ પણ આવે છે કે-દાન દીધા પછી એનો પશ્ચાત્તાપ થાય છે; પછી એને ધર્મ ઉપર તિરસ્કાર આવે છે; પણ એવાએ વસ્તુતઃ ધર્મ કર્યો જ છે કયે દિવસે ? ઊલટું, ધર્મ જે રીતિએ કરવો જોઈએ તે રીતિએ નહિ કરવાથી, ધર્મને વગોવ્યો છે. સાચી ધર્મવૃત્તિથી દાન દેનારની, પૂર્વનું પાપ ઉદયમાં આવતાં કદાચ ખરાબ સ્થિતિય આવી જાય, તોય તે આત્માને પશ્ચાત્તાપ થતો નથી. એ તો માને કે- 'જંજાળ ગઈ; મોહને વધવાનું કારણ ગયું.' દાન દ્વારા પણ સાધવું શું હતું ? મૂર્ચ્છારહિતપણું ! અને એ તો ખરાબ સ્થિતિમાં પણ આત્મા ધારે તો સાધી શકે. દાન દાન રૂપે થતું નથી, માટે જ આજે ધર્મની જેવી જોઈએ તેવી પ્રભાવના થઈ શકતી નથી; અને, દાન કરનારાઓ પણ દાનના યોગે જે લાભ મળવો જોઈએ તેનાથી વંચિત રહી જાય છે.

### ભાવદયાળુની દયા :

જેટલા અંતરાત્મા એ મોહને ઠગનારા. જેટલા બહિરાત્મા તેટલા મોહથી ઠગાનારા. ભાવદયાનો એ ગુણ છે કે-ગમે તેવા પાપી ઉપર પણ દયાભાવવાળાને દયા રહે. બહિરાત્મા બહિર્દૃષ્ટિ મટે,

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

એ દયા ભાવ દયાવાળામાં સદા જીવતી રહે છે. બહિર્દ્રષ્ટિઓમાં આંતરદ્રષ્ટિઓનાં ડિંડિમ વગાડયે જવાં, એ પણ ભાવ દયાવાનનું એક ઘણું જ મહત્ત્વનું, પવિત્ર અને સ્વપર-ઉપકારક કાર્ય છે.

### ગુરુ પરીક્ષા કરવાનું કહે :

આજે કરવા છતાં ઘણું ધોવાઈ જાય છે, એનાં કેટલાંક કારણોમાંનું એક કારણ, જે રીતિએ ક્રિયા કરવી જોઈએ તે રીતિએ થતી નથી, એ પણ છે. આત્મા બહિર્દષ્ટિ હોય ત્યાં સુધી થતો ધર્મ એ વસ્તુતઃ ધર્મ નથી, પણ મોહનો એક પ્રકારનો નાચ છે એમ નિરપવાદપણે નહિ, પણ ઘણે ભાગે કહી શકાય. કેવળ પુદ્ગલાનંદિપણાને સંતોષવાને માટે થતી દાનાદિ ક્રિયાઓને ધર્મ તરીકે મનાવનારા ગુરુ નથી પણ ગોર જેવા છે. ગોર એટલે સ્વાર્થી અને ગુરુ એટલે નિઃસ્વાર્થી . દાનની કેવળ દેખીતી ક્રિયાથી જ આનંદ પામી જઈએ, તો અમે ગુરુ તરીકે ન ટકી શકીએ. ગુરૂ તો કહે કે- 'દીધું એ વધારે ગમ્યું કે લક્ષ્મી છે એ વધારે ગમ્યું ? એની પરીક્ષા કર. પછી ધર્મનું માપ કાઢ !' આજના દાતારને દાન ગમે છે કે લક્ષ્મી ? જેને લક્ષ્મી ગમે એનું દાન દાન ભલે કહેવાતું હોય, પણ ઉદારતા ન કહેવાય : સખાવત કહેવાય.

### ઉદારતા અને સખાવત :

ઉદારતા એ આત્માનો ગુણ છે : સખાવત એ દુનિયાદારીની વસ્તુ છે. સખાવત વખતે આત્મા

પૌદ્‌ગલિક ભાવોને અનુભવે છે. સખાવત કરનારમાં દુનિયામાં આગળ આવવાની વૃત્તિ પ્રધાનપદ ભોગવે છે. સખાવતી માણસ પોતાની ચાલમાં સંસારને વધારી રહ્યો છે. સંસારને સાચવવાની તીવ્ર ભાવનામાંથી જન્મેલો ગુણ, એનું નામ્‌ સખાવત. એ મોહનો મહા નાચ છે. આ વાત તમને ગળે નહિ ઉતરે, હૈયામાં નહિ ચોંટે, ત્યાં સુધી સખાવતવૃત્તિ જવાની નથી અને ઉદારતાવૃત્તિ આવવાની નથી. સખાવતભૂંડી : ઉદારતા સારી. સખાવત એ મોહનો નાચ અને ઉદારતા એ ધર્મનો નાચ.

**શ્રી શાલિભદ્રની પૂર્વભવમાં ઉદારતા :**

શ્રી શાલિભદ્રજીના જીવે કરેલું દાન વિચારવા જેવું છે. મજુરી કરી કરીને મા બાળકનું પેટ ભરે છે બાપ છે નહિ અને પેટ ભરવાની પણ મુશ્કેલી છે. એના ઘરની આજુબાજુ સામાન્ય રીતિએ સુખી ગણાતાઓ વસે છે. મા યાચના નહિ કરતાં મજુરી કરીને બન્નેનું ગુજરાન ચલાવે છે.

એક વાર તહેવારના દિવસે પાડોશીઓને ઘેર ખીર જોઈને, શ્રી શાલિભદ્રજીના જીવને પણ ખીર ખાવાનું મન થાય છે. મા પાસે ખીરની માગણી કરે છે.

ખીર કરવા જોગી પણ ઘરમાં સામગ્રી નથી. મા મુંઝાય છે અને છોકરો હઠે ચઢે છે. મા દીકરાનું રોવું જોઈ શકતી નથી. દીકરાની ખીર ખાવાની ઈચ્છા પણ પૂરી શકાતી નથી, એથી માને બહુ દુઃખ થાય છે. ઘરમાં મા ને દીકરો બેય રડવા માંડે છે. દીકરો ખીર જોઈએ છે માટે રડે છે અને મા ખીર આપી શકતી નથી માટે રડે છે.

બેયને રડતાં સાંભળીને આજુબાજુ વસતા પડોશીઓની સ્ત્રીઓ એમની પાસે આવી. બધી ભેગી થઈને પૂછે છે કે-'શા માટે રડે છે ? દુઃખ હોય તે કહે .' મા સાચી હકીકત કહી દે છે. 'છોકરો ખીર માગે છે અને એ આપવાની તેવડ મારામાં નથી : ઘરમાં એટલી સામગ્રી છે નહિ !'

એક બાઈ બધી સામગ્રી લાવવા તૈયાર થાય છે, પણ બીજી બાઈઓ કહે છે કે- 'એમ નહિ, બધાં કાંઈક કાંઈક લાવીએ' કોઈ ચોખા લઈ આવી, કોઈ દૂધ લઈ આવી, કોઈ સાકર લઈ આવી. કોઈ એલચી લઈ આવી.

'માણસ દુઃખી થાય એના કરતાં દૂધ સાકર કિંમતી છે ?' -એ મનોવૃત્તિ તે વખતના લોકોની હતી. આજના પાડોશીઓની વાત કરવા જેવી છે ? દિવસે દિવસે ક્ષુદ્રતા બહુ વધતી જાય છે. પૂર્વકાળમાં પાડોશી પ્રત્યે જે મીઠાશ-ભાવ રહેતો, તે હવે નાશ પામતો જાય છે : કારણ કે-ઉદારતા ભૂલાઈ છે. ઉદારતામાં એ સ્વભાવ છે કે-દુર્ગુણ કાઢે અને સદ્‌ગુણ આણે. ઉદારતા એ ગુણ અને સખાવત એ દોષ.

માએ ખીર તૈયાર કરી છોકરો પણ ખૂશ થયો. એક થાળીમાં ખીર કાઢી આપીને મા કોઈ કારણસર બહાર ગઈ. આ રીતિએ તૈયાર થયેલી અને મહા મુશ્કેલીએ મળેલ ખીર બાળક ખાઈ જાય કે કોઈને આપવાનું મન કરે ?

●

**તીર્થ-
યાત્રાનો
વાસ્તવિક
હેતુ**

ગુણ કયા આત્મામાં અને કયારે આવે, એનો પણ અહીં વિચાર કરવા જેવો છે.

સદ્ભાગ્યવશાત્, એક મહાત્મા તે વખતે તેના ઘર પાસે ભિક્ષાર્થે આવી પહોંચે છે. છોકરો વિચાર કરે છે કે 'આ મહાત્મા છે અને આ રંકનું ઘર છે; મારે ઘેર ખીર ક્યાંથી હોય ? અને ખીર હોય એ ઘડી મહાત્મા ક્યાંથી આવે ? અને મહાત્મા આવે ત્યારે દેવાની ઈચ્છા ક્યાંથી થાય ?'

ભાગ્યશાળી હતો તેથી ખીર ખાવાનું ભૂલી ગયો, એકદમ ઉઠયો, મુનિની પાસે ગયો, પગમાં પડયો અને કહે છે કે-'આપને ઘણા છે, મારે એક જ છો. બીજા સુખી છે, હું ગરીબ છું. બીજાને ત્યાં રોજ હશે, મારે ત્યાં આજે જ છે. પધારો અને પાવન કરો.'

આજના ભણેલા આની આગળ ભોઠ છે. ચાનો પ્યાલો એકલા જ પીએ. પ્રાયઃ પાય એને જ પાય. આ અભણ છે.વાણિયો નથી પણ રબારી છે.

ગુણ એ જુદી ચીજ છે બાહ્ય વસ્તુની કિંમત ઓછી લાગી એટલી અંતરદશા આવવા માંડી છે.

એને ખબર નથી કે-ઘરમાં બીજી ખીર છે. પોતાની થાળીમાં જેટલી ખીર છે તેટલી જ છે, એમ એ જાણે છે. વિચારવા જેવી વાત છે. સાચી આંતરદશા જન્મ્યા વિના મહા મુશીબતે ભાણામાં આવેલું, તીવ્ર લાલસાપૂર્વક ખાવા લીધેલું અને બીજું છે નહિ એવો ખ્યાલ હોવા છતાં સઘળું આપવાની વૃત્તિ કયાંથી આવે ? આ ગુણ એક જગ્યાએ જોઈએ છે ? બધે આ ગુણની જરૂર છે.

આખી થાળી ઊંધી વાળે છે. મુનિ ના કહેતા રહ્યા અને પાત્ર ભરી દીધું. એને એમ થઈ ગયું કે-'મારે ઘરે ખીર કયાંથી ? એમાં આવા મહાત્મા કયાંથી ? અને એમાં પણ આપવાની ઈચ્છા કયાંથી ? ત્રણેનો યોગ બહુ દુર્લભ છે.' માટે બધી દઈ દીધી.

શ્રી શાલિભદ્રજીની ઋદ્ધિ, એ આ ખીરનો બદલો નહિ હતો, પણ આંતરિક પરિણામના યોગે થયેલો શુભ પરમાણુનો જે યોગ-એનો એ વિપાક હતો. જ્ઞાનિઓને મન તો એ વિપાકની કિંમત પણ તુચ્છ છે

શ્રી શાલિભદ્રજીનું આ દાન ઉદારતામાંથી જન્મ્યું હતું. આખી થાળી ઊંધી વાળ્યા પછી એને એમ થયું કે-'સાચું ભોજન આ જ થયું. પેલું ભોજન કચરો થાત આ ભોજન અમૃત થયું.'

મુનિ ગયા પછી બેઠો બેઠો થાળી ચાટે છે. મા આવીને પૂછે છે કે -'ભાઈ ! બધી ખાઈ ગયો ?' એટલે આ માની સામું જોઈને હસે છે પણ બોલતો નથી

એની જીભ લાંબી ન હોતી, કારણ કે - એનો સંસાર લાંબો નહોતો. આજે તો દાન આપ્યા પછી જીભ લાંબી થાય છે. જીવોના લાંબા સંસારને એ સૂચવે છે. સુકૃત કર્યા પછી જીભ નાની કરવી જોઈએ.

માએ ફરી  પુછયું કે-'તું બધી ખાઈ ગયો ?'

●

**તીર્થ-
યાત્રાનો
વાસ્તવિક
હેતુ**

છોકરો હસે છે. એમ પણ નથી કહેતો કે-' સાધુ આવ્યા હતા. મેં દઈ દીધી, દાન કર્યું.'એના હૃદયમાં આનંદ માતો નથી અને આપી દીધાનું માને કહેવું નથી, એટલે એ બોલી શકતો નથી. માત્ર હસે છે.

માએ માન્યું કે-ખાઈ ગયો હશે. બીજી આપી. એણે ખાધી. અજીર્ણ થયું. રાત્રે અજીર્ણ વધવાથી રોગ વધ્યો.

'ખીર, મુનિ અને દેવાના ભાવ.'- એ ત્રણેને યાદ કરતો કરતો એ મરણ પામ્યો. મરીને શ્રી શાલિભદ્ર થયો.

એને મન ખીર કિંમતી નહોતી, પણ દાન કિંમતી હતું. આજે તમને કિંમત શી છે ? દાનની કે દાનમાં આપી દેવાલાયક વસ્તુની ? દાન કરતાં લક્ષ્મીની કિંમત જ્યાં સુધી અધિક છે, ત્યાં સુધી શ્રી શાલિભદ્રજી થવા જોગી લાયકાત આવવાની નથી. આજની દશા જુદી છે.

### સાધુ સમાજનો શણગાર છેઃ

જેનામાં ઉદારતા પ્રત્યે રૂચિભાવ નથી, એ શ્રી શાલિભદ્રજીના જીવે કરેલા દાનની ઉત્તમતા નહિ સમજી શકે. એવાને થશે કે-સાધુઓને આમ તે દઈ દેવાય ? આજે કેટલાકો સુસાધુઓને પણ સમાજના બોજા રૂપ માનતા થઈ ગયા છે અને એવો પ્રચાર પણ ધમધોકાર ચાલી રહ્યો છે. સાધુ સમાજનો

● **તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

બોજો નથી. સાધુ સમાજનો શણગાર છે. જે દિ' સાધુ નહિ હોય, તે દિ' આ દેશમાં ધર્મ નહિ હોય. તીર્થની હયાતિ સુધી સાધુઓ રહેવાના જ છે. આ તો આર્યદેશ છે. સંખ્યાબંધ મહાપુરૂષોની આ જન્મભૂમિ છે. આ દેશમાં સુસાધુઓ વિચરે છે, એ જ આ દેશની મોટામાં મોટી ઉત્તમતા છે. આ દેશમાં તમે ઈચ્છો કે ન ઈચ્છો, પણ સાધુનાં દર્શન થવાનાં. દેશ જ એવો છે. આવા ઉત્તમ દેશમાં જન્મ્યા છો, તો આ સામગ્રીને નિષ્ફળ ન બનાવો સાચા સાધુને શણગાર માનો, એમાં જ તમારૂં ભૂષણ છે અને કલ્યાણ છે.

**બેકારી કરતાં બકવાદ વધ્યો છેઃ**

બેકારી આવી સાધુના પાપે ? નહિ જ, છતાં એવું કહેનારા પણ આજે આ દેશમાં નીકળ્યા છે. ખરી વાત તો એ છે કે-આજે બેકારી કરતાં પણ બકવાદ વધારે છે. જે દેશમાં બેકારી વધારે હોય, તે દેશમાં આટલા સીનેમા, આટલી હોટલો, આટલી મોટરો, આટલી રેલ્વેઓ ટકે શી રીતિએ ? કહે છે કે-'ચા વિના સુસ્તી કોણ ઉડાડે ? તેજી કોણ લાવે ? ઝાડો કોણ ઉતારે ? 'ચાર આનાના મજુરને પણ ચા જોઈએ. પંદરના પગારદારને સીગારેટ જોઈએ.પંદરનો પગારદાર કહે છે કે-'પગાર પંદરનો છે પણ પાડું છું ત્રીસ અને ઈચ્છા છે પીસ્તાલીસની.' પચીસની વચ્ચે એમ બોલે અને બધા કહે-'હોંશિયાર.'માબાપ પણ એને હોશિયાર કહે.બેકારી આદિની બૂમો દુર્વ્યસનોમાંથી જન્મે છે.

એમનો ઘોંઘાટ કોઈ બંગલાઓ બાંધે ત્યાં ચાલતો નથી. એમણે જોયું કે-નિંદાનું સાધન આજે ધર્મ જ ઠીક છે. કહે છે કે- 'શું કામ છે આ દેવમંદિરોનું ? 'કોઈ એમ નહિ કહે કે -'શું કામ છે તમારા જેવા પાપીઓનું ?'

દેવમંદિરોથી નુકસાન કેટલું થયું અને એવાઓના યોગે નુકસાન કેટલું થયું ? કોઈ એવું પૂરવાર કરી શકે તેમ છે કે-'દેવમંદિરોથી અધિક નુકસાન થયું છે ? 'નહિ જ. દેવમંદિરોથી તો જનતાને લાભ જ થયો છે. અયોગ્ય આત્માઓને ગેરલાભ થયો હોય તે બને,પણ અયોગ્યને કયી સારી વસ્તુથી ગેરલાભ નથી થતો ? દેવમંદિર તરફ આંખો બગાડવી, એ ભવાન્તરમાં અંધાપો લાવવા જેવું છે.દેવમંદિર તો શાંતિ આપે છે પાપને પાપ તરીકે અને પુણ્યને પુણ્ય તરીકે યાદ કરાવનારૂં ધામ એ છે. લોભિયાના પણ લોભને એ છોડાવનાર છે. બહિર્દશા ટળે નહિ અને આંતરદશા આવે નહિ,ત્યાં સુધી આ વાત હૈયે બેસે નહિ ! આંતરદશા આવવા માંડે કે તરત જ આ વાત સમજાવા માંડે, 'મંદિરો તીર્થ છે, સાધુઓ તીર્થ છે,માટે તેની સેવા કરો ! '-એમ પછી અમારે કહેવું નહિ પડેઃ કારણ કે-જ્યાં તમને માલૂમ પડી જાય કે-આનાથી લાભ મળે અને સાચો લાભ જ એ છે.'ત્યાં તમે એની પૂઠે લાગ્યા વિના રહેવાના નથી.

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી પ્રત-૨જી

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

## ઝેર નીચોવાય તો માર્ગ રૂચેઃ

પેલો પુણ્યાત્મા હસીને ચૂપ રહે છે. જેઓ દાન નહિ પણ સખાવત કરે છે,તેઓ ચૂપ પણ રહી શકતા નથી. આજે ધર્મની વાત કરીને પણ એવાઓ મોહનો જ નાચ કરી રહ્યા છે, એટલે મોહ નિર્ભય છે. મોહને ખાતરી છે કે-આ લોકો ગમે ત્યાં જાય, પણ આપણા જ દાસના દાસ થઈને રહેવાના છે. આંતરદશાથી વિમુખ રહેલા અને બહિર્દશામાં જ રાચનારા આત્માઓની એવી જ દશા હોય છે.

સ૦ સાચેસાચું કહો છો, નગ્ન સત્ય છે.

'બુદ્ધિ બડી કે ભેંસ બડી,?'- એમ કોઈ પૂછે, ત્યારે ભેંસ જ બડી એમ કહેનારા તાત્કાલિક લાભને જ જોનારા છે. તાત્કાલિક સ્વાર્થને પડતો મૂકાવી,એને ઝેર તરીકે બતાવી, પરિણામે હિત કરનાર વસ્તુને બતાવવા સાથે પરલોકને બતાવીને વશ કરવા,એ કામ સહેલું છે ? અમારે તો જ્ઞાનિઓના વચનબળે આકર્ષવા રહ્યા બાવાની મૂઠીમાં કાં'ક છે, એમ સમજાવીને અમારે તમને વશ કરવાના નથી. મૂઠી પણ વાળવી નહિ, ફુંક પણ મારવી નહિ, કાં'ક છે એમ પણ કહેવું નહિ અને વશ કરવા હોય તો શી રીતિએ વશ કરાય ? બાહ્ય વસ્તુમાં મારાપણાની કલ્પના રૂપ જે ઝેર છે,તેને નીચોવી શકીએ તો ! અનાદિકાળનું ભરેલું ,ઘણું જાુનું થઈ ગયેલું ઝેર નીચોવાય તો જ જ્ઞાનિઓએ બતાવેલા માર્ગ પ્રત્યે તમારૂં આકર્ષણ કરી શકાયઃ પણ એ કામ બહુ દુષ્કર છે.

### વખાણે તો શંકા પડે :

આજે કેટલાકો દેખીતી રીતિએ તો ધર્મક્રિયાઓ કરે છે,પણ કેટલાકોની ધર્મક્રિયાઓ પણ મોહના નાચ રૂપ હોય છે.કેટલાકો સાધુઓની પાસે આવે છે તે પણ મોહની આધીનતાને લઈને જ. મોહને મારવાના હેતુથી સાધુઓની પાસે આવનારા બહુ થોડા છે.'ચાલો, લક્ષ્મી આદિની મમતાથી મુકત બનાવનારા સાધુ આવ્યા.'-એવું માનીને આવનારાઓની ક્રિયા, એ મોહનો નાચ નથી પણ ધર્મનો નાચ છે. હવે તમે કયાં છો, તે તમારે વિચારવાનું છે. કેટલાકો ગુરુઓને ગોર જેવા માનીને દોડયા આવે છે, પણ જયારે ગોર રૂપ માનેલાઓમાંથી કોઈ ગુરૂ નીકળી આવે છે, ત્યારે ગભરાય છે અને કહે છે કે-'ધાર્યા એવા ન નીકળ્યા. ઊલટા નીકળ્યા.'દુનિયાદારીમાં જ રસ માણી રહેલાં માણસો વખાણે, ત્યારે અમને શંકા પડી જાય કે-'રખેને આપણે ભૂલ્યા તો નથી ! પણ જયારે એ કહે કે-'આ તો નવો કોઈ સાધુ નીકળ્યો !' ત્યારે અમે માનીએ કે- પરીક્ષામાં પહેલાં નંબરે પાસ થયા. જે દિવસે સાધુ ઈચ્છે કે-જયાં જઈએ ત્યાં અમારી નામના અને પ્રશંસા થાય, તે દિવસે સમજી જ લેવું કે-તે સાધુમાં કાં તો સાધુતા હતી નહિ અગર હશે તો ઓસરતી જવાની, એટલે એ સાધુ તીર્થ રૂપ નહિ રહી શકે કે નહિ બની શકે.

## ધર્મ મોક્ષને માટે કરો :



●

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

સાધુને એક રોટલી આપવાથી સો રોટલી નવી ઉભી થાય, એ ઈરાદે સાધુને રોટલી નહિ આપતા.

સ૦ લગભગ બધાને એવી ઉમેદ છે.

આવાઓને કયા શબ્દોમાં શિક્ષા આપવી ? એ ઝેર છે.દેવની પૂજા કરતાં, સાધુને દાન દેતાં,એવી ઈચ્છા આવી જાય તો પોતે જ ચૂંટી ખણવી. અનાદિકાળનો તેવો અભ્યાસ હોઈને ઈચ્છા થઈ જાય, પણ એને નાબૂદ કરવાને માટે પ્રયત્નશીલ બન્યા રહેવું. ભૂખનું દુઃખ ભૂંડુ છે, પણ એના કરતાંએ ઝેરનું દુઃખ મહા ભૂંડુ છે. ભૂખમાં બેચેની આવશે, પણ નસો નહિ ખેંચાય. ખરાબ ભાવના આવી જાય એ ભૂંડુ જરૂર છે, પણ આવી જાય એ શકય છે. એ ભાવના ન આવે એની કાળજી રાખ્યા કરવી. આવી જાય તોય પશ્ચાત્તાપ કરવો. એમ કરવાને બદલે એ ભાવનાને સારી માનીને તેને અનુસારે વર્તન કરવું, એ તો મહા ભૂંડું છે. સંસારથી છૂટવાના ઈરાદાથી જ દેવગુરૂની યથાવિધિ, યથાશકિત ભકિત કરનારા બનશો, તો પરિણામે મુકિત મળ્યા વિના નહિ રહે અને મુકિત નહિ પમાય ત્યાં સુધી ઘાસની જેમ ભોગસુખો પણ મળશે જ.

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી પ્રત-૨જી

● **તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

**દાન નહિ કરનારા કરતાં પણ દાન કરીને લક્ષ્મીની કિંમતને વધારનારા ભૂંડા છે :**

દાન કરો એમાંથી સખાવતભાવ કાઢી નાંખો અને ઉદારભાવ લાવો. કૃપણના લાખની કિંમત ઉદારની એક પાઈ જેટલી પણ નથી. ઉદારની પાઈ એ લાખ કરતા પણ અધિક છે. લક્ષ્મીનો મહિમા વધે તેમ દાન કરો, તો ધર્મની પ્રભાવના થાય કે ધર્મનું નિકંદન વહેલું નીકળે ? દાન કરીને લક્ષ્મીની કિંમત વધારનાર ધર્મનું નિકંદન કાઢનારા પાપાત્માઓ છે. દાન દઈને લક્ષ્મીની કિંમત વધારનારા,એ સાચા દાતાર નથી. એવા દાતાર બનવું જોઈએ કે-લક્ષ્મી હાથમાં લે એને પણ એ કાંકરા જેવી લાગે. શ્રી તીર્થંકરદેવના હાથનું દાન લેવા ભાગ્યશાળી થાય, એની લક્ષ્મીની મૂર્ચ્છા ઉતરે. માગો ,માગો,માગો તે આપું'- એવી ઉદ્ઘોષણા છતાં કોઈને ખરાબ વસ્તુ માગવાનું મન પણ થાય નહિ. શ્રી તીર્થંકરદેવો એવું દાન દે છે કે-લક્ષ્મીની કિંમત કાંકરાથી પણ કમતી થઈ જાય છે.દાનમાં લક્ષ્મી પ્રધાન નહિ રહેવી જોઈએ, પણ ગૌણ બની જવી જોઈએ આજે કેટલાકો કહે છે કે-'દાન ધર્મ અમારી પાસે કરાવવા માંગો છો,પણ, તે થશે કયારે? એને અસાર કહેવી રહેવા ઘો. લક્ષ્મી નહિ હોય તો મંદિરોને સાચવશે કોણ ? તમારે તો શ્રાવકોને ભિખારી બનાવી દેવા છે !' અમારા ઉપર આવો આક્ષેપ કરે છે અને પૂછે છે કે-'પહેલાં પૈસો કે પહેલું દાન ?' આ જાતિની વૃત્તિવાળા ધર્મ કરતા નથી,કરવા દેતા નથી, પરંતુ દુનિયામાંથી ધર્મનો નાશ કરવા પેદા થયેલા પાપાત્માઓ છે.એવાઓ મોહરાજાની ધર્મનો નાશ

કરવાની યોજનામાં ફસાયેલા છે.. એક જણ દાન નહિ દે એ ચાલશે, પણ દાનદ્વારા લક્ષ્મીનો મોહ વધારે એ એથી વધારે ખરાબ કરે છે. દેવાય દાન અને નોબત વાગે લક્ષ્મીની, એ કેમ ચાલે ? ગીત ગવાય બીજાનાં અને પરણી જાય બીજો, એ ચાલે ?

**લક્ષ્મીથી સાવધ રહેવાનું :**

'દેશો તો મળશે.'- એમ સાંભળીને લક્ષ્મીને મેળવવાની ઈચ્છાથી જ દાન કરનાર, લક્ષ્મીનો સદુપયોગ કરવા માટે દાન દેતો નથી. નાગને હાથમાં લેવો નહિ : લેવો પડે તો ઝેર નીચોવીને જ લેવો : તેમ,લક્ષ્મી પકડવી જ નહિ અને કદી પકડવી પડે તો તેનું ઝેર નીચોવીને જ પકડવી. અંગારાને હાથમાં લેવો જ નહિ અને કદાચ લેવો પડે તો કેવી રીતિએ લેવો ? સાવધાનીપૂર્વક. તેમ, લક્ષ્મીથી સાવધાન રહેવું જોઈએ. જો લક્ષ્મીને લેનાર પણ સાવધાન બને અને દેનાર પણ સાવધાન બને,તો જ દાનધર્મ અને દાન ધર્મનો મહિમા વધે. આટલી વાત તો તમારે હૈયામાં ઘાલ્યે જ છૂટકો છે. તીર્થની વ્યાખ્યામાં આજે દાનનો મહિમા આવ્યો. આપણો વિષય માત્ર એક જ નહિ રહેવાનો. જે રીતિએ કલ્યાણ થાય અને જેવું પાત્ર દેખાય તેવું કહેવાવાનું

**અસંજ્ઞી બનવાના ધંધા :**

વૈદ્યની દુકાને બરફી-પેંડા મળે નહિ.વૈદ્યને ત્યાં તો દવા મળે. અર્થ-કામ રૂપ બરફીની ઈચ્છાએ

જ દેવ-ગુરૂ રૂપ વૈદ્યની પાસે જાય, એ પરિણામે નિરાશ થાય તો તે સ્વાભાવિક છે. તમને રૂચે કે ન રૂચે, પણ અમારે તો કડવા ઘુંટડા જ તમને પાવાના છે :કારણ કે-પરિણામે એમાં જ તમારૂં અને સૌનું હિત છે. ઉડાઉને ઘેર લક્ષ્મી રહેતી નથી, તેમ વસ્તુનો દુરૂપયોગ કરનારને ઘેર સારી વસ્તુ રહેતી નથી. આજે તમે ઈન્દ્રિયોનો અને બુદ્ધિનો દુરૂપયોગ કરો, તો તે અસંજ્ઞી થવાનો, ઈન્દ્રિયો ગુમાવવાનો ધંધો કહેવાયઃમાટે વારંવાર તમને ચેતવવા પડે છે. બહિર્દ્દષ્ટિપણામાં રાચનારાઓની જેટલી ધર્મની વાતો, એટલો મોહનો નાચ. અંતર્દ્દષ્ટિવાળાની વાતો, એ સાચી'ધર્મ એ સાધન છે, મુક્તિ એ સાધ્ય છે અને અર્થ-કામ એ હેય છે.'-એમ જે કોઈ માને, એનામાં સમ્યગ્દર્શન હોય અને ન હોય તો તે પ્રગટે.

(૪)

## આત્માને તીર્થરૂપ ક્યારે માની શકાય ?

અનન્ત ઉપકારી મહાપુરૂષો ફરમાવે છે.કે-આત્માને ભવસાગરથી જે તારે તેને તીર્થ કહેવાય છે.' ભવ રૂપ સાગરને તરવાનું જે સાધન, તેનું નામ છે તીર્થ,તીર્થ વસ્તુતઃ તીર્થ રૂપ જ હોય અને તીર્થનો આરાધક આત્મા ભવસાગરથી તરવાની સાચી ભાવનાવાળો હોય, તો ક્રમે કરીને તે આત્મા સ્વયમેવ તીર્થ રૂપ બની જાય છે અને ભવસાગરને સહેલાઈથી અલ્પકાળમાં જ તરી જાય છે. આથી જ્ઞાનીઓએ-'આત્મા એ તીર્થ છે.'-એમ પણ ફરમાવ્યું છે. 'આત્મા એ તીર્થ છે.'એટલું માત્ર પકડી

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી પ્રત-૨જી

●

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

લઈને અને પોતાની જાતને તીર્થરૂપ માની લઈને, કેટલાકો અણસમજથી સ્વયં ઉન્માર્ગે ચઢી જાય છે. અને ભદ્રિક આત્માઓને ઉન્માર્ગે ચઢાવી દે છે. 'આત્મા તીર્થરૂપ છે'- એ વસ્તુનો કોઈ ઈનકાર કરતું નથી, પણ વિચારવાનું એ છે કે-'કયો આત્મા એ તીર્થ છે ? - એનો વિચાર કરવાને થોભીએ અને જ્ઞાનિઓની દ્રષ્ટિએ વિચાર કરીએ, તો-આત્મા એ તીર્થ છે.'- એમ જે જ્ઞાનિઓએ કહ્યું છે, તેનો મર્મ સમજાય. આ રીતિએ વિવેક નહિ વાપરીને જ્ઞાનિઓના કથનનો મર્મ નહિ સમજનારાઓ જ, ગમે તેવા સ્વરૂપમાં રહેલા પણ આત્માને તીર્થ રૂપ મનાવવાને તત્પર બને છે અને સાચા તીર્થ રૂપ આત્માઓની તેમજ તીર્થ રૂપ બનાવનારાં સાધનોની અવગણના કરે છે.જયાં સુધી આત્મા પોતાના અનાદિસિદ્ધ એવા સ્વાભાવિક સ્વરૂપમાં પ્રકાશિત ન થાય અથવા તો પોતાના સ્વભાવને અમુક પ્રમાણમાં પણ પ્રગટાવીને સ્વયં તરનાર તથા બીજાઓને તારનાર ન બને, ત્યાં સુધી તેને તીર્થ માનવો, એ અજ્ઞાનની પરાકાષ્ઠા છે.જયારે આત્માના ગુણો પ્રકાશિત થાય છે, ત્યારે જ આત્મા તીર્થ રૂપ બને છે. તીર્થ રૂપ આત્માઓ તે જ છે, કે જે આત્માઓના રત્નત્રયી સ્વરૂપ ગુણો સંપુર્ણપણે કિંવા અમુક પ્રમાણમાં પણ પ્રગટવા પામ્યા છે. જે આત્માઓના ગુણો પ્રગટયા જ નથી, તેઓને તીર્થ રૂપ માની શકાય જ નહિ.

**તીર્થ-
યાત્રાનો
વાસ્તવિક
હેતુ**

### ત્રણ અર્થો :

આમ હોવાના કારણે જ, જ્ઞાનિઓ ફરમાવે છે કે-'ત્રણ અર્થો એ જ તીર્થ છે અથવા તો ત્રણ અર્થોને પામેલા એ જ તીર્થ છે અથવા તો ત્રણ અર્થોને પમાડવાની યોગ્યતા જેમાં હોય એ જ તીર્થ છે.' ત્રણ અર્થો જ્યારે એકત્રિત થાય છે, ત્યારે જ ધાર્યું કામ આપે છે.' ત્રણ અર્થ એકત્રિત થયા વિના કોઈ મુકતાવસ્થાને પામ્યુંય નથી, પામતુંય નથી અને પામવાનુંય નથી. માત્ર ત્રણ અર્થોમાં જ તારકગુણ રહેલો છે. અને એથી, જ્યાં જ્યાં એ ત્રણ અર્થો હોય, તે તીર્થ, એમ સમજવાનું છે. આત્મા જ્યારે આ ત્રણ અર્થોને પામે એટલે એ તીર્થ રૂપ બને. એ વિના પોતાના આત્માને તીર્થ માનીને ચાલવું, એ તો ડૂબવાનો જ ધંધો છે. આ ત્રણ અર્થો છે-સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર.

### સમ્યગ્દર્શનનો મહિમા :

સમ્યગ્દર્શન,સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર, એ ત્રણેય આત્માના ગુણો છે.એ પ્રગટે એટલે આત્મા તીર્થ બને. એ ત્રણેનો વાસ્તવિક કોટિનો ખ્યાલ આવી જવો જોઈએ.આ ત્રણનો ખ્યાલ આવે અને આ ત્રણની પ્રાપ્તિને માટે તીર્થયાત્રા થાય, તો અનુપમ લાભ પમાય. આ વસ્તુનો ખ્યાલ આવી જાય એટલે પછી બહુ મહેનત કરવી પડતી નથી, કારણ કે- એક સમ્યક્ત્વગુણ પ્રગટે એટલે સ્વયમેવ ત્રણેયને એકી સાથે સેવવાને માટે ઉત્સુક બની જાય છે.સમ્યગ્દર્શન,સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર, આ

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

ત્રણે વસ્તુઓ તીર્થ રૂપ છે.'-એટલું એક વખત હૈયામાં બરાબર જચી જાય, એટલે એ આત્મા અલ્પકાળમાં તીર્થ રૂપ બન્યા વિના રહે જ નહિ: પણ સમ્યગ્દર્શન પમાયા વિના આ વસ્તુની સાચી શ્રદ્ધા પ્રગટતી જ નથી.

## અરૂપી વસ્તુનો ગુણ રૂપી ન હોય :

આ ત્રણે અર્થો પૈકીનો પ્રથમ અર્થ સમ્યગ્દર્શન છે. એ કોઈ એવી વસ્તુ નથી કે-હાથમાંલઈને બતાવી શકાય. એ તો આત્માનો એક ગુણવિશેષ છે. આત્મા જેમ અરૂપી છે, તેમ આત્માના ગુણો પણ અરૂપી હોય એ સ્વાભાવિક છે સમ્યક્ત્વમોહનીયના ઉદયને પણ સમ્યક્ત્વ માનીને,આત્માના એ ગુણને રૂપી કહેવામાં હરકત નથી : પણ સામાન્ય રીતિએ એમ કહેવાય કે'-અરૂપી વસ્તુનો ગુણ રૂપી ન હોય.' સમ્યગ્દર્શન ગુણ,એ તો આત્માનો અજબ કોટિનો ગુણ છે. માત્ર એક જ વાર પણ જો એ ગુણ પ્રગટી જાય, તો આત્માના શેષ ગુણો તત્કાળ નહિ તો અમુક વખતે તો જરૂર પ્રગટવાના જ, એમ ચોકકસ થઈ જાય છે. આથી જ આ ગુણ ઉપર ખૂબ લક્ષ્ય દોરાય છે.

## ખાસ ઈરાદો :

સમ્યગ્દર્શનનું સ્વરૂપ શાસ્ત્રોમાં ઘણી રીતિએ વર્ણવવામાં આવ્યું છે અનેક ભેદો દ્વારા સમ્યગ્દર્શન ગુણને જ્ઞાનિઓએ વર્ણવ્યો છે. એ બધુંય થોડા વખતમાં ન સમજાવી શકાય એ સહજ છે,છતાં પણ

એના સ્વરૂપનો કંઈક ખ્યાલ આવે, એ પ્રકારનું વર્ણન કરવાનો ખાસ ઈરાદો છે, કે જેથી આ સાંભળતાં સાંભળતાં પણ યોગ્ય આત્માઓ ગુણને પામી જાય અને ગુણને પામેલાઓ વધારે સ્થિર બની જાય.

**આત્માને ગુણસંપન્ન બનાવવો એટલે ?**

આત્મા તીર્થ રૂપ ત્યારે જ બને છે,કે જયારે તે ગુણસંપન્ન બને છે.એથી એમ માનવાનું નથી કે-આત્મામાં નવા ગુણો પ્રગટે છે. આત્મામાં ગુણો તો છે જ,પણ તે તિરોભૂત બનેલા છે. સ્વભાવમાં જે ન હોય. તે તો પ્રગટે જ નહિ.આત્માને ગુણસંપન્ન બનાવવો, એનો અર્થ એટલો જ કે-આત્માના સ્વભાવને પ્રકાશિત કરવો.આત્માના તિરોભૂત બનેલા ગુણોને પ્રગટાવવાને માટે ઉપકારી મહાપુરૂષોએ અનેક માર્ગો દર્શાવ્યા છે. યોગ્ય નિમિત્તો મળી જાય છે, તો આત્મસ્વભાવ જલદી પ્રગટી શકે છે. કેટલાક ગુણો અમુક અમુક હેતુથી ઉત્પન્ન થાય છે, એમ હેતુભિન્નતા જ્ઞાનિઓએ જણાવી છે. એ સમજીને જે કોઈ યોગ્ય નિમિત્તો પ્રાપ્ત થઈ જાય, તે સર્વ નિમિત્તોનો સર્વ શકય રીતિએ સદુપયોગ કરી લેવાનું અર્થી આત્માઓએ નહિ ચૂકવું જોઈએ.

**અનાદિનું આવરણ :**

આત્મા સ્વભાવે ગુણમય છે,પણ આત્માના ગુણો કર્મ રૂપી આવરણથી આવરિત થયેલા છે : અને

એથી જ, આત્મા વર્તમાનમાં વિષમ દશાને ભોગવે છે.અહીં એ પ્રશ્ન ઉપસ્થિત થવાનો સંભવ છે કે-'આત્માના ગુણો કયારથી આવરિત થયેલા છે ?'જ્ઞાનિઓ ફરમાવે છે કે-'આત્માના ગુણો અનાદિકાળથી જ આવરિત થયેલા છે.' આત્મા અનાદિકાળથી છે, આત્માના ગુણોય અનાદિકાળથી છે અને આત્માના ગુણો ઉપરનું કર્મરૂપી આવરણ પણ અનાદિકાળથી જ છે. આપણે જે પ્રયત્ન કરવાનો છે, તે આત્માના ગુણો ઉપરનું જે અનાદિકાલીન આવરણ છે, તે આવરણને પરિપૂર્ણપણે દુર કરવાને માટે જ કરવાનો છે.

**કર્મયોગને પણ અનાદિ માન્યા વિના ચાલે તેમ નથી :**

આત્મા અનાદિકાળથી છે,માટે આપણે આત્માના સ્વરૂપ રૂપ ગુણોને પણ અનાદિ માનવા જ જોઈએ,કારણ કે-મૂળમાં જ જે ન હોય તે તો કયારેય કેમેય કરતાં પ્રગટે જ નહિ. આત્માના ગુણો ઉપરનું આવરણ પણ અનાદિનું જ માનવું પડે : કારણ કે-તદ્દન શુદ્ધ બનેલો આત્મા તો કોઈ પણ કાળે કર્મથી લેપાય જ નહિ. આત્માને અનાદિનો માનીએ, આત્માના સ્વાભાવિક ગુણોને અનાદિના માનીએ અને તેના ઉપર આવરણ રૂપ બનનારાં પુદ્ગલોના યોગને અનાદિનો ન માનીએ, તોએ ચાલે તેમ નથી : કારણ કે- એ યોગ જો અનાદિથી ન હોય, તો- એકાન્તે નિર્મળ એવા આત્માને આવરણ વળગ્યાં કેમ ? -એ સવાલ ઉભો જ રહે છે. આત્માની ઉપરના આવરણને અનાદિનું માનવામાં ન

આવે, તો મુકિતને પામેલાં આત્માઓને પણ પાછું સંસારમાં ભટકવું પડે છે એમ માનવું પડે; અને જો એમ જ હોય તો મુકિત પામવાનો કોઈ વિશેષ અર્થ જ રહેતો નથી.

### મિથ્યાત્વમળ જાય તો જ સત્ય જચે :

આ વિષય બહુ જ ગહન છે,છતાં સમજવા જેવો છે. આત્માના સ્વરૂપનો આ વિચાર છે. અનન્તજ્ઞાની આત્માઓએ અનન્તજ્ઞાનના બળે આ બધી વસ્તુઓ જાણીને દર્શાવેલી છે અને બુદ્ધિનો સદુપયોગ કરનાર વિચક્ષણો સમજી શકે તેવી છે.આવી સાચી પણ વાત હરેકના હૈયામાં જચે જ,એવો નિયમ નથીઃ કારણ કે-જયાં સુધી આત્માને લાગેલો મિથ્યાત્વમળ ક્ષયોપશમાદિને પામે નહિ,ત્યાં સુધી આવી સાચી પણ વાત હૈયામાં જચે નહિ, એમ પણ જ્ઞાનિઓએ જ ફરમાવ્યું છે. દુનિયાના વ્યવહારની વાતોમાંથી પણ આ વસ્તુને સમજી શકાય તેમ છેઃ કારણ કે-કેટલીય વાર એવું બને છે કે-સામાના ભલાની વાત પણ સામાને રૂચતી નથી : એટલું જ નહિ, પણ કેટલીક વાર એ વાત સામાના હૈયામાં તદ્દન ઊંધા રૂપે જ પરિણમે છે.

### સંસાર, એ ચેતન અને જડના યોગનું તોફાન :

આત્માના ગુણો આત્મામાં અનાદિથી રહેલા જ હોવા છતાં પણ પ્રગટેલા જણાતા નથી,માટે આવરણથી આવરિત છે એમ માન્યા સિવાય છૂટકો નથી : અને આત્મા પોતાના નિર્મળ સ્વરૂપને

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

પરિપૂર્ણપણે પામ્યા પછી તેને કોઈપણ આવરણ આવરી શકે એ શકય જ નથી ; એટલે, આત્માના ગુણોને આવરનાર આવરણ પણ અનાદિનું જ છે એમ માનવું રહ્યું. આ સંસાર એકલું જડનું જ તોફાન હોય એ સંભવતું નથી.યંત્રોની પૂતળીઓ નાચે, બોલે,કોળિયા પણ હાથમાં લઈને મોંઢામાં મૂકે, પણ જીવતા માણસના શરીરમાં ખોરાક જેવી અસર નીપજાવે છે,તેવી અસર યંત્રોની પુતળીઓમાં નીપજતી નથી. જે ક્રિયા ચેતનાના યોગે બનવાની છે,તે એકલા જડથી બને તે સંભવિત જ નથી. જડ પદાર્થો અસર નીપજાવી શકે છે,પરન્તુ ચેતનના યોગે જ જે અસર નીપજી શકે છે તે અસર ચેતનના અભાવે નીપજતી નથી. એમ ન હોય તો મુડદાંને બાળી મુકવાની જરૂર શી ? મુડદાંને રાખી જો પહેલાંની જેમ ઉપયોગમાં લઈ શકાતાં હોત, તો મરણ પાછળ રો-કકળ કરી મૂકનારાં તેને બાળત કે દાટત ખરાં ? નહિ જ. ત્યારે વાત એ છે કે-ચેતન અને જડના એકમેક જેવા બની ગયેલા યોગનું જ આ તોફાન છે આત્મા જડ કર્મોના યોગથી મુકત બન્યો, એટલે આ તોફાનમાં એનો હિસ્સો રહેવાનો નહિ. પછી તો એને કયાંય કશુંય લાગે-વળગે નહિ.

**દેવના સ્વરૂપને નહિ જાણનારાઓ જ દેવને 'શુદ્ધ આત્માઓને અશુદ્ધ બનાવનાર' તરીકે માને :**

શુદ્ધ આત્માને પણ આવરણ લાગી શકે, એમ માનીએ તો મુકિત માટે થતી તપ જપની મહેનત ફોકટ જ ગણાય. કોઈ આવરણ લગાડી દે અને લાગી જાય, એ પણ માનવાજોગ વસ્તુ નથી ! કોઈપણ

પ્રકારના આવરણથી અગર આવરણના નિમિત્તથી રહિત આત્મા ઉપર પણ આવરણ ઠોકી બેસાડનાર કોઈ ઈશ્વર છે, એવું જ જો માનીએ, તો એ ઈશ્વરમાં ઈશ્વરપણું પણ શી રીતિએ ટકે? 'પ્રલયકાળ આવે ત્યારે આત્માઓને ઈશ્વર પેટમાં લઈ લે અને મન થઈ જાય ત્યારે બહાર કાઢે, કારણ કે-જેવી ઈશ્વરની ઈચ્છા.'- આવી આવી વાતો યુક્તિવાદમાં ટકી શકે તેમ નથી. દેવનો મહિમા વધારવાને માટે અગર તો બીજા કોઈ કારણે આવી વાતો કહેવાઈ છે, પણ તે કેવળ અજ્ઞાનતાને જ આભારી છે. દેવની આ ટીકા નથી, પણ દેવના સ્વરૂપને જેઓ સમજતા ન હોય, તેઓને સમજાવવા માટેનો જ આ પ્રયાસ માત્ર છે. ઈશ્વર આપણને વહાલા નથી અગર ઈશ્વરના આપણે ભકત નથી, એમ નથી, પણ અજ્ઞાનાદિકના યોગે જેઓમાં ઈશ્વરના સ્વરૂપ સંબંધી ખોટા સંસ્કારો ઘુસી ગયા હોય, તેઓને સત્ય સમજાય અને દેવના વાસ્તવિક સ્વરૂપને સમજતાં સુદેવની જ ઉપાસના કરવાનું તેઓને મન થાય તો તેઓનું પણ કલ્યાણ થાય, એ માટે જ અવસર પામીને આ વસ્તુને સમજાવવાનો પ્રયત્ન થાય છે. ઈરાદાપૂર્વક કોઈને નારાજ કરવાની આપણી ઈચ્છા હોય જ નહિ, પણ સાચું સાંભળવાનેય જેઓ તૈયાર ન હોય, તેમની ખાતર અવસરે સત્યના પ્રકાશનને અટકાવી શકાય પણ નહિ.

**આત્માની સાથે કર્મનો અનાદિનો યોગ ન મનાય તો તત્ત્વસ્થિતિ ન સમજાય :**

આત્માની સાથે કર્મનો યોગ અનાદિનો છે, એમ માન્યા સિવાય કોઈપણ તત્ત્વજ્ઞાની તત્ત્વની

વ્યવસ્થા કરી શકે તેમ નથી. તત્ત્વો વ્યવસ્થિત જ છે. એને વ્યવસ્થિત કરવાં પડતાં નથી. પણ કહેવાનો ભાવ એ છે કે-'આત્મા સાથેનો કર્મનો યોગ અનાદિનો ન માનવામાં આવે, તો બીજાં તત્ત્વોની વ્યવસ્થા પણ ખોટી કલ્પવી પડે અને પરિણામે તત્ત્વવિપર્યાસને જન્માવનારી એ બુદ્ધિના યોગે સ્વ-પરના હિતના ઘાતક જ બનાય.'અનન્તજ્ઞાનિઓએ તત્ત્વસ્વરૂપ નવું રચ્યું નથી. તે તારકોએ તો માત્ર હતું તે દર્શાવ્યું છે. જે હતું તે જણાવીને કલ્યાણ માટે શું કરવું જોઈએ તે જણાવ્યું છે. આમ છતાં પણ એ આપણી બુદ્ધિમાં ન ઉતરે, તો એ આપણી જ ખામીને આભારી છે એમ સમજવું જોઈએ અને શ્રદ્ધાપૂર્વક તેને બુદ્ધિમાં ઉતારવાનો પ્રયત્ન કરવો જોઈએ. જીવ એ જીવ છે અને કર્મ એ અજીવ છે. જીવના ગુણોને આવરિત કરનાર કર્મ જડ છે. એ બે નો યોગ, એનું જ નામ આત્માનો સંસાર અને એ સંસાર અનાદિનો છે. આત્માની સાથેનો શુભ કર્મનો જે યોગ તે પુણ્ય છે અને અશુભ કર્મનો જે યોગ તે પાપ છે. એ રીતિએ આશ્રવ,સંવર,નિર્જરા, બંધ અને મોક્ષ એ બધાં તત્ત્વોની વ્યવસ્થા વિચારપૂર્વક સમજી શકાય તેમ છે. 'આ નવે તત્ત્વોનું સ્વરૂપ અનંતજ્ઞાનિઓએ કહેલું હોઈને, તેને તદ્દન સાચું અને શંકા વિના માનવું પડે તેમ છે : -આવી રૂચિની આડે આવનારૂં કર્મ ક્ષયોપશમાદિને પામવાના યોગે આત્મામાં જે તત્ત્વરૂચિ ઉત્પન્ન થાય, એનું નામ સમ્યગ્દર્શન છે.

## સમ્યક્ત્વમોહનીય કર્મના ઉદયની પણ સહાયકતા :

કર્મના આવરણના યોગે દબાયેલા આત્માના સમ્યગ્દર્શનાદિ ગુણો ત્રણ રીતિએ પ્રગટ થાય છે. કર્મના ક્ષયથી, ક્ષયોપશમથી કે ઉપશમથી આત્માના સમ્યગ્દર્શનાદિ ગુણો પ્રગટ થાય છે. સમ્યક્ત્વમોહનીય એવું કર્મ છે કે- એ ઉદયમાં હોય તો પણ તત્ત્વરૂચિ રૂપ સમ્યગ્દર્શન ગુણની આડે ન આવે. દુનિયામાં પણ જુઓ કે-આંખ આગળ રાખવામાં આવેલ કપડું પણ આવરણ છે અને ચશ્મા પણ આવરણ છે : પણ કપડું જોવામાં અંતરાય કરનારૂં બને છે, જ્યારે ચશ્માં અંતરાય નહિ કરતાં જોવામાં સહાયક બને છે. એ જ રીતિએ, સમ્યક્ત્વમોહનીય કર્મ પણ એવું છે, કે જેનો ઉદય પણ આત્માના સમ્યગ્દર્શન ગુણને પ્રકટ થવામાં અડચણ કરતો નથી, પણ સહાયક થાય છે.

## અજીવના યોગની પ્રબળતામાં સંસારની પ્રબળતા :

અનંતજ્ઞાની શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલાં નવ તત્ત્વોમાં શંકા વિનાની રૂચિ, એ સમ્યગ્દર્શન છે. આ ગુણને ધરનાર આત્મા બરાબર સમજે છે કે -'કર્મ, કે જે અજીવ છે, તેનો આત્માની સાથેનો યોગ, એ જ આત્માનો સંસાર છે.' જ્યાં સુધી આત્માની સાથે એ અજીવનો યોગ છે, ત્યાં સુધી એ આત્માના સંસારને કોઈ અટકાવી શકે એમ નથી. કર્મનો યોગ હોવા છતાં પણ અમુક અંશે શુદ્ધ બનેલો આત્મા, એ અજીવના યોગનો નાશ કરવાનો પ્રયત્ન કરી શકે છે, પણ એ અજીવનો યોગ જ્યાં સુધી

**તીર્થ-
યાત્રાનો
વાસ્તવિક
હેતુ**

જે આત્માને રહેવાનો, ત્યાં સુધી તે આત્માનો સંસાર તો જીવતો અને જાગતો રહેવાનો જ. આત્માની સાથેનો એ અજીવનો યોગ સર્વથા જાય એટલે તે આત્માનો સંસાર પણ સર્વથા જાય. આથી જેમ બને તેમ આત્માનો એ અજીવ સાથેનો યોગ નાશપામે, તેવો પ્રયત્ન કરતા રહેવું જોઈએ : કારણ કે જેટલી એ અજીવના યોગની પ્રબળતા, તેટલી સંસારની પ્રબળતા અને એ અજીવના યોગમાં જેટલું ભંગાણ, તેટલું સંસારનું ભંગાણ.

**અજીવના યોગમાં ભંગાણ પડે તેમ ગુણો પ્રગટે :**

આત્માની સાથેના અનાદિના આ અજીવના યોગમાં આત્મા જેમ જેમ ભંગાણ પાડતો જાય છે, તેમ તેમ તે આત્માના ગુણો પ્રગટતા જાય છે અને એથી તેની પૂજનિકતા વધતી જાય છે, સાધુ મુકિતમાં ગયા નથી, સંસારમાં જ છે, છતાં પૂજનિક છે : કારણ કે -એમને જડની ઉપાધિનો યોગ ગૃહસ્થ કરતાં ઓછો છે, જડ કર્મોના યોગ નો નાશ કરવાને માટે જ એ પ્રયત્નશીલ છે અને એ માટે આત્મસ્વભાવ પ્રકાશિત થાય તેવી ક્રિયાઓ કરવામાં જ એ રકત છે. તીર્થ રૂપ ત્રણેય અર્થોની સાધુઓ શકિત મુજબ આરાધના કરનારા હોવાથી જ પૂજનિક છે.

**ખટાશવાળા બનવાની જરૂર :**

આમ હોવા છતાં પણ, સાધુઓ જડ કર્મોના યોગ માત્રથી મુકત છે એમ નથી. અને જડના

યોગની ઉપાધિથી બહુધા મુકત છે, એમ પણ અમુક અપેક્ષાએ જ કહી શકાય. જડનો યોગ કાંઈ એક રીતિનો નથી. આત્માની સાથે કર્મ રૂપી જડનો યોગ અત્યંત નિકટનો છે. અગ્નિ અને લોઢું જેમ એકમેક થઈ જાય છે, તેમ તે ભેળા થયેલા છે. દૂધ અને પાણી બે ભિન્ન ભિન્ન પદાર્થો હોવા છતાં તે બે એવી રીતિએ મળી જાય છે કે-દેખનારો બેને પૃથક્ પૃથક્ દેખી શકે નહિ અને એમ ને એમ, કારીગરી વાપર્યા વિના જુદા કાઢી શકે નહિ ! આમ છતાં, હંસની જીહ્વામાં એ બેને જુદા પાડવાનો ગુણ છે, કારણ કે-હંસની જીહ્વામાં ખટાશ છે. આપણે પણ જો આપણા જીવ સાથેના એ અજીવના યોગને દૂર કરવો હશે, તો ખાટા બનવું પડશે. દૂધમાંથી ઘી કાઢવું હોય તો દૂધે દૂધ મટવું જોઈએ અને એ માટે ખટાશની સાથે ભળવું જોઈએ. દૂધમાં મીઠાશ હોવા છતાં પણ, તેને ઘી બનવા માટે મીઠાશને છોડી દઈને ખટાશવાળા બનવું પડે છે. એ જ રીતિએ, તમારે પણ સંસાર વધારનારી મીઠાશને છોડીને અમારા જેવા ખાટાનો યોગ પણ મેળવવો જોઈશે, કે જેથી તમારામાં અજીવના યોગને દૂર કરનારી ખટાશ ઉત્પન્ન થઈ જાય અને પરિણામે આત્મા કર્મ રૂપઅજીવના યોગથી સર્વથા રહિત બની જાય.

## અશરીરિપણું એ જ મુકતાવસ્થા :

કર્મના યોગ પછી નિકટનો જડનો યોગ કોનો આવે છે ? શરીરનો. ઘરમાં ગમે તે માંદું હોય

અને તમે પોતે માંદા હો, તો કોની માંદગીમાં વધુ દિલગીરી કે ઢીલાશ જણાય છે ? કહેવું જ પડશે કે-ઘરના બીજા માંદા કરતાં પોતાની માંદગી વધુ દિલગીરી અને ઢીલાશ પેદા કરે છે. એ છતાં એનો સર્વથા ત્યાગ તુરત માટે શકય નથી. સાધુને પણ તે સાથે રાખવું પડે છે ! ઘર, કુટુંબ, પૈસા-ટકા વગેરે એકદમ તજાય, પણ શરીર એકદમ ન તજાય, એવી સ્થિતિ છે કર્મ રૂપ અજીવના યોગના સર્વથા ત્યાગ વિના, શરીરનો સર્વથા ત્યાગ સંભવતો નથી. અશરીરિપણું એ જ મુકતાવસ્થા છે, પણ જ્યાં સુધી કર્મનો યોગ વિદ્યમાન છે, ત્યાં સુધી અશરીરિપણું પ્રાપ્ત થવાનું નથી. વળી આ માનવ શરીર તો કર્મયોગનો નાશ સાધવાને માટે ખાસ જરૂરી પણ છે.

**સાધનરૂપ શરીરને સાધ્યવિઘાતક ન બનાવો :**

આ કારણે જ, શરીરને તો અવસરે સંભાળીને જાળવી લેવાની જરૂર મહાત્માઓનેય પડે છે.

સ૦ કારણ કે -સાધન છે.

બરાબર છે. આત્માને કર્મ રૂપ અજીવના યોગથી મુકત બનાવવામાં શરીર પણ સાધન રૂપ છે. એની ના નહિ, પણ સાથે જ યાદ રાખવાનું છે કે-શરીરને જેમ ધર્મનું સાધન બનાવી શકાય છે, તેમ અધર્મનું સાધન પણ બનાવી શકાય છે. બધાયનાં શરીરો જો ધર્મનાં સાધનો બન્યાં હોત, તો જોઈતું શું હતું ? પછી તો, જેટલા શરીરધારી એટલા ધર્મી, એમ માનવાનું રહેત : પણ તેમ નથી, શરીર

ધર્મનું સાધન જરૂર છે, પણ જે એને ધર્મનું સાધન બનાવે તેને માટે ! દુનિયાનો મોટો વર્ગ તો આજે શરીરને પાપનુંજ સાધન બનાવી રહ્યો છે. ધર્મસેવાના સુન્દર સાધન તરીકે જે શરીરનો સારામાં સારો ઉપયોગ થઈ શકે, એ જ શરીરને આજે લાખ્ખો નહિ પણ કરોડો અને અબ્જો માણસોએ પોતાના પાપનું જ એક પ્રબળ સાધન બનાવી દીધું છે. શરીર આત્મધર્મની સાધનાનું સાધન છે-એમ બોલવું અને વર્તવું એવી રીતિએ કે-શરીરસેવામાં આત્મા જ ભૂલાઈ જાય, એ શું આત્મસાધના માટે શરીરને સાધન બનાવ્યું કહેવાય ? નહિ જ. ઊલટું એમ કહેવાય કે-આત્માના નામે પણ શરીરની સેવા કરવા માંડી. આજે આવાઓની સંખ્યા પણ ઓછી નથી એટલે જ કહેવું પડે છે કે-સાધનને સાધ્યનું વિઘાતક બનાવવું અને તેમ છતાં પણ તેને સાધ્યનું સાધન કહીને એ વાતને પુષ્ટ કરવાને મથવું, એ તો ઘણું જ ભયંકર છે !

**શરીરનો સદુપયોગ કરતાં શીખો :**

આપણી વાત તો એ હતી કે -ઘર, કુટુંબ, પૈસા-ટકા વગેરેની જેમ શરીર નો ત્યાગ થઈ શકતો નથી. 'મારે તો અજીવ માત્રનો ત્યાગ કરવો છે'-એવી ધુનમાં કોઈ ગળે છરી ફેરવવા તૈયાર થાય, તો એને જ્ઞાનિઓ અજ્ઞાન કહે છે : કારણ કે-આ શરીરનો નાશ કરવા માત્રથી જ અશરીરાવસ્થા પ્રાપ્ત થવાની નથી. કર્મના યોગે આ શરીરને બદલે બીજું શરીર મળશે. આથી, જ્ઞાનિઓએ શરીરને પર

સમજવાનું ફરમાવ્યું, શરીર ઉપરની મમતાને તજવાનું ફરમાવ્યું, પણ ગમે તેમ શરીરઘાત કરવાનું ન ફરમાવ્યું. જ્ઞાનિઓએ તો શરીરનો સદુપયોગ કરી લેવાની સલાહ આપી : કારણ કે-શરીરનો સદુપયોગ કરતાં જ અશરીરાવસ્થા પ્રાપ્ત થવાની છે. આ શરીરને હણી નાંખવા માત્રથી જ અશરીરાવસ્થા પ્રાપ્ત થઈ શકતી હોત, તો તો જ્ઞાનિઓ તેવીયે સલાહ આપત : પણ તેમ થતું નથી. વળી, અણસમજયે શરીરને હણી નંખાય તો કદાચ એવી ગતિમાં ચાલ્યા જવાય, કે જ્યાં આત્માનું ભાનેય ન રહે. માટે, અનન્તજ્ઞાનિઓના ઉપદેશને અનુસરતી રીતિએ આ શરીરનો સદુપયોગ કરી લેવો, એ જ ડહાપણભર્યુ છે. જ્ઞાનિઓની આજ્ઞા મુજબ શરીરનો ઉપયોગ કરવો, એ જ શરીરનો વાસ્તવિક કોટિનો સદુપયોગ છે.

### ઈન્દ્રિયોની સ્વચ્છન્દતાને તજવી જોઈએ :

શરીરનો સદુપયોગ કરવાને માટે, એને સડો લગાડનારાં સ્થાનોએ ખૂબ સાવધ બની જવું જોઈએ. સડો લાગવાનાં સ્થાનો પાંચ છે. અને તે પાંચ ઈન્દ્રિયો. આ પાંચ ઉપર કાબૂ મેળવી લેવો જોઈએ. માનવદેહ એ જેમ મોક્ષસાધનામાં બહુ ઉપયોગી છે, તેમ પંચેન્દ્રિય પૂર્ણતા પણ બહુ ઉપયોગી છે. પુણ્યવાનોને જ એ પ્રાપ્ત થાય છે. આમ છતાં પણ જો પાંચ ઈન્દ્રિયો ઉપર કાબૂ ન રહે, તો શરીર આત્મધર્મની સાધનાનું સાધન ન રહેતાં પાપનું જ સાધન બને અને એને જ આપણે સડો કહીએ

છીએ. સ્વચ્છન્દી બનેલી ઈન્દ્રિયો દ્વારા શરીર રૂપ સાધનમાં ઝટસડો પેસી જાય છે. સડા વિનાનું શરીર જેવું તરવાનું સાધન છે, એવું જ સડાવાળું શરીર એ ડૂબવાનું સાધન છે. આથી-'શરીર રૂપી સાધન સડેલું છે કે સાફ છે ?' એનો રોજ વિચાર કરવો જોઈએ. જો સડેલું હોય તો સમજી લેવું કે -આત્માની પાયમાલી જ છે, એમાં શંકા નથી. જેણે આત્માને તારવો હોય, તેણે પોતાની ઈન્દ્રિયોની સ્વચ્છન્દતા રૂપ સડો દૂર કરવો જ જોઈએ. ઈન્દ્રિયોને ખુશ કરવાની વૃત્તિ, એ જ સડાનું મૂળ છે અને ઈન્દ્રિયોનો વાસ્તવિક ઉપયોગ કરી લેવાની વૃત્તિ, એ સડાનો નાશ કરવાનો ઉપાય છે. ઈન્દ્રિયોનો દુરૂપયોગ કરવાની વૃત્તિ એ બગાડો અને ઈન્દ્રિયોનો સદુપયોગ કરવાની વૃત્તિ એ સુધારો. આત્માનું હિત સાધવામાં સહાયક થાય એ રીતિએ જરૂર મુજબ ખાવું, પીવું, જોવું, સાંભળવું એ વગેરેની છૂટ છે, પણ ઈન્દ્રિયોની સ્વચ્છન્દતાને પોષવાની વૃત્તિ નહિ જ હોવી જોઈએ.

## ઈન્દ્રિયોનો પ્રશસ્ત ઉપયોગ તારનારો છે :

આંખથી જોવાય, કાનથી સંભળાય, જીભથી ચખાય અને નાકથી સુંઘાય તેમજ સ્પર્શનેન્દ્રિય દ્વારા સ્પર્શાદિ થાય, એટલા માત્રથી પાપ લાગી જાય છે એમ નથી. જોવા છતાં, ચાખવા છતાં, સુંઘવા છતાં, સાંભળવા છતાં અને સ્પર્શ કરવા છતાં પણ, આત્મા, કર્મની નિર્જરા પણ કરી શકે છે. માત્ર વિવેક આવવો જોઈએ, એથી વૃત્તિ ફરી જવી જોઈએ અને હેતુ શુદ્ધ બની જવો જોઈએ. ઈન્દ્રિયોના

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

અપ્રશસ્ત ઉપયોગને જ બંધ કરવાનો છે. ઈન્દ્રિયોનો પ્રશસ્ત ઉપયોગ તો આત્માને તારનારો છે. ધર્મ સેવવો હોય તેણે આંધળા કે બહેરા થઈ જવું જોઈએ એમ નથી. ધર્મ સેવવો હોય તેણે મૂંગા રહેવું અને ભૂખ્યા મરી જવું જોઈએ એમેય નથી. ધર્મ કરનારથી કોઈ પણ ચીજને અડાય નહિ અગર તો કોઈ પણ ચીજને સુંઘાય નહિ એમેય નથી. અવસરે તે સઘળું થઈ શકે, પણ તે જ્ઞાનિઓની આજ્ઞા મુજબ ! કર્મ રૂપ અજીવના યોગથી આત્માને મુકત બનાવવાના હેતુથી, કર્મ રૂપ અજીવના યોગથી આત્મા મુકત બને એ રીતિએ, પાંચેય ઈન્દ્રિયોનો ઉપયોગ થઈ શકે છે અને તે તો કરવો જ જોઈએ.

## ઈન્દ્રિયોના ઉપયોગનો ઉદ્દેશ :

દેવ અને ગુરુ-બન્નેની ભકિત થાય તે માટે અથવા સાધર્મિક જનોની ભકિતને માટે ઈન્દ્રિયોનો ઉપયોગ થઈ શકે છે. દેવ-ગુરુનાં દર્શન, શાસ્ત્ર વાંચન ઈત્યાદિ માટે આંખનો ઉપયોગ કરતાં પાપ ન લાગે, પણ નિર્જરાદિ થાય, ગુરુ અગર સાધર્મિકની ભકિત માટે વસ્તુનો સ્વાદ જાણવા વગેરેને માટે જીભનો ઉપયોગ થાય અગર સ્વપર-હિતકારી વચનો બોલવા વગેરેમાં જીભ વપરાય, એય કર્મ નિર્જરાનું કારણ છે. એ જ રીતિએ, વસ્તુઓને સુંઘીય શકાય અને સ્પર્શીય શકાય. શ્રી જિનવાણી વગેરે સ્વપર-હિતકારક વચનોનું શ્રવણ કરવાની મના નથી પણ આજ્ઞા છે. મના દુરુપયોગ કરવાની છે અને આજ્ઞા સદુપયોગ કરવાની છે. જોવું, સુંઘવું, સાંભળવું વગેરે થઈ શકે, પણ બધાની પાછળ ઉદ્દેશ

સ્વપરના આત્મહિતનો હોવો જોઈએ, અને એ ઉદ્દેશ સિદ્ધ થાય એ માટે જ્ઞાનિઓની આજ્ઞાને સમજવાનો પ્રયત્ન કર્યા કરવો જોઈએ. ઈન્દ્રિયોની સ્વચ્છન્દતાને પોષવાની જેમ મના છે, તેમ ઈન્દ્રિયોનો અવરસરજોગ સદુપયોગ કરવાની આજ્ઞા પણ છે, એ સમજી લેવાની ખાસ જરૂર છે.

**ઈન્દ્રિયોની સ્વચ્છન્દતા દુર્ગતિમાં ઘસડી જાય :**

સાધુઓની ઈન્દ્રિયો તો કેવળ પ્રશસ્તપણે પ્રવર્તનારી જ હોવી જોઈએ સ્હેજ પણ અપ્રશસ્તતા આવી જાય તો સાધુને કંપારી છૂટે ! ગૃહસ્થો પોતાની ઈન્દ્રિયોને કેવળ પ્રશસ્તપણે પ્રવર્તાવનારા ન બની શકે, તો પણ અપ્રશસ્ત ઈન્દ્રિય પ્રવર્ત્તન મર્યાદિત બની જવું જોઈએ. અને તે સાથે, પ્રશસ્ત પ્રવર્તનને વધારવાનો પ્રયત્ન ચાલુ હોવો જોઈએ. આ માટે આત્માને એકાન્તમાં પૂછવું. જે આની ચીવટ નહિ રાખે, તે સાધુના વેષમાં હોવા છતાં પણ દુર્ગતિમાં જ જવાના, એમ કહેવામાં જરા પણ હરકત નથી : કારણ કે-ઈન્દ્રિયોની સ્વચ્છન્દતાનું અંતિમ પરિણામ એ જ છે. ધર્મિના લેબાશમાં ફરવા છતાં દંભિઓ પરિણામે દુર્ગતિમાં જ જવાના, એ વાત સુનિશ્ચિત જેવી જ છે. આ શાસનમાં સૌને માટે ન્યાય સરખો છે. શ્રી વીતરાગ પરમાત્માના શાસનમાં કોઈનીય શરમ રાખવામાં આવી નથી. સાધુ કે ગૃહસ્થ, જે જેટલું પાપ કરે તેને તેટલું ફળ મળે જ, એમ આ શાસનમાં સ્પષ્ટપણે ફરમાવેલું છે. આમ હોવાથી જ, કહેવાય છે કે-શરીરને સંયમનું સાધન બનાવી રાખવાને માટે તેને ખાવાનું દેવાની

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

છૂટ છે, પણ સ્વાદની છૂટ નથી. ઈન્દ્રિયોની સ્વચ્છન્દતાને જેટલી પોષી એટલો નાશ જરૂર જ થવાનો, એ સ્પષ્ટ વાત છે.

### ભૂલ જોતાં શીખવું જોઈએ :

કર્મસત્તા પાસે ઉપવાસની ગણતરી રહે છે, તેમ સ્વાદની ગણતરી પણ રહે છે. સ્વાદ આદિને છોડવાની ઈચ્છા વિનાનો તપ, એ લાંઘણ છે. દશ ઉપવાસમાં જેટલાં કર્મ ખપે, એના કરતાં ૦ા કલાકના સ્વાદમાં અનેકગુણાં કર્મો બંધાય, એય શકય છે. આટલું કર્યું એમ ગણવું નકામું છે, પણ કેટલું ભૂલ્યો એ જ ખાસ જોવાનું છે. ૧૭૦ પગથિયાં ચઢયો, પણ છેલ્લું એક ચૂકયો તો ૧૭૦ ચઢયાની મહેનત નકામી જાય છે.

એક બ્રાહ્મણને ચિંતામણિ મેળવવાની ઈચ્છા જાગી : કારણ કે-ચિંતામણીના ગુણને એ જાણતો હતો.

એ રત્નદ્વીપમાં ગયો અને ત્યાં જઈને એણે ઉપવાસ આદર્યા. જ્યાં સુધી ચિંતામણિ ન મળે ત્યાં સુધી ખાવું-પીવું નહિ, એવી પ્રતિજ્ઞા કરીને એ બેઠો.

એકવીસ દિવસ થયા. દેવી આવી. દેવીએ કહ્યું કે-'તારા ભાગ્યમાં ચિંતામણિ નથી.' પણ પેલા બ્રાહ્મણે એની વાત માની નહિ. એટલે દેવીએ તેને ચિંતામણિ રત્ન આપ્યું.

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

હવે ચિંતામણિ રત્ન લઈને તે પાછો જાય છે. રાત્રે ચંદ્ર ઉગ્યો. જહાજના કિનારે બેસીને વિચાર કરે છે કે -'ચંદ્ર વધે કે મારો ચિંતામણિ ?' એમ વિચાર કરવામાં તે એટલો બધો તલ્લીન બની ગયો કે -હાથમાંથી ચિંતામણિ સરકી ગયો અને ગયો સાગરમાં. સાગરમાં ગયેલો હાથમાં આવે ? મહેનત કેટલી કરી ? એ મહેનત ન ગણાય, કારણ કે-ફોગટ ગઈ. ભૂલ કરી તે જ ગણાય.

**તપનો વિચાર :**

મેં આટલા ઉપવાસ કર્યા, આટલી આંગીઓ રચાવી, હીરાના હાર ચઢાવ્યા, એ ગણ્યા કરો એનો બહુ અર્થ નથી. અવસરે જરૂર પડે ને કહેવાય, પણ ગણ્યા કર્યે શો ફાયદો થાય ? સાથે એ જોવુંજોઈએ કે -કર્યું તે કયા ઉદ્દેશથી કર્યું ? આટલું કર્યે આત્મા વધુ શુદ્ધ બન્યો કે નહિ ? ગમે તેટલું કર્યું, પણ કર્યું શા હેતુથી ? વિપરીત ભાવ આવી જતાં દુઃખ થયું કે નહિ ? ઘણું કરવાની શકિત છતાં થોડું જ કર્યું કે શકિત મુજબ કર્યું ? કરીને તેના પરિણામે પૌદ્ગલિક લાલસાને વધારી કે ઘટાડી ? આ બધું જોતા રહેવું જોઈએ. એક લાખ આયંબિલ કરે અને એક પારણામાં સ્વાદ કરે, તો વખતે પેલા તપની નિર્જરા કરતાં સ્વાદનો બંધ વધી જાય એમેય બને. ઉપવાસ, આયંબિલ વ્રગેરે ભૂખે મારવા કે શરીરની સુકવણી કરવા માટે નથી, પણ સ્વાદવૃત્તિ આદિની સુકવણી કરવા માટે છે. એ ઉપવાસ, છટ્ઠ, અટ્ઠમ, માસખમણ આદિને ન ગણે. એ પારણાને જ જુએ. પારણામાં કોઈ ચીજ એને ખેંચે તો એને આધીન

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

થઈ જઈને એ પોતાના તપને ફોગટ કરવાની પ્રવૃત્તિ ન જ કરે. પારણામાં પહોળો જે થાય, એના તપની સાચા તપની કોટિમાં ગણના નથી થતી. અબજોપતિ ભયંકર ગુન્હામાં પકડાય તો તે પણ જેલમાં જ જાય અને કાયદાબાજ પણ તેવો ગૂન્હો કરે તો તે પણ જેલમાં જ જાય. તેમ, તપસ્વિઓનો તપ પણ જો તેઓ રસનાના ગુલામ બને તો ગણનામાં આવતો નથી એ તપ તપ નથી પણ કાયકષ્ટ છે. સાચો તપ તો તે કહેવાય, કે જે તપના યોગે પૌદ્‌ગલિક ઈચ્છાઓનો નિરોધ થવા પામે, એથી ઈન્દ્રિય નિગ્રહાદિ વધે અને એથી વિશિષ્ટ કોટિની કર્મનિર્જરા થવા પામે.

### પાપશુદ્ધિમાં પહેલાં મનનો મેલ કાઢવાનો :

જ્ઞાની તો બધું જાણનારા છે. ‘આ જરૂર છે માટે ખાય છે કે સ્વાદ માટે ખાય છે.’ -એ જ્ઞાની બરાબર જાણે છે. પ્રાયશ્ચિત્ત લેવા આવે ત્યારે ગીતાર્થ આચાર્ય આદિએ પણ પરીક્ષા કરીને પ્રાયશ્ચિત્ત આપવાનું હોય છે. છદ્‌મસ્થને અંતરનું સાક્ષાત્‌ જ્ઞાન નથી હોતું, પણ આકૃતિ જોઈ લે. ફરી ફરી ત્રણવાર બોલાવે. ત્રણે વાર એક સરખું બોલે ત્યારે જ સાચું માને. જેટલો મનનો મેલ બાકી રહે, તેટલું પ્રાયશ્ચિત્ત વધે પાપશુદ્ધિ કરાવવાના વિધિમાં પ્રથમ મનનો મેલ કઢાવવાનો હોય છે.

### સાધુ અને શ્રાવક :

ઈન્દ્રિયોનો વિકાર એ ખરે જ આત્માની દૃષ્ટિએ શરીરનો સડો છે અને ઈન્દ્રિયોનો સદુપયોગ એ

આત્માની દૃષ્ટિએ શરીરની શુદ્ધિ છે. દુરુપયોગ એ વિકાર છે અને સદુપયોગ એ વિકાસ છે. સાધુ એટલે નિર્વિકાર બન્યા રહેવાનો પુરૂષાર્થ ખેડનારા અને શ્રાવક એટલે નિર્વિકાર બનવાના ઈરાદે મર્યાદામાં વધતાં જનારા.

**પેટ ભરે પણ ડુચા મારે :**

શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલા નવે તત્ત્વોના સ્વરૂપને નિઃશંકપણે માનવાની જેના યોગે રૂચિથાય, તેને જ્ઞાનિઓ સમ્યગ્દર્શન તરીકે ઓળખાવે છે. આવું સમ્યગ્દર્શન જે આત્મામાં હોય, તે આત્માને સ્પષ્ટપણે એમ લાગે છે કે 'જીવની સાથેનો અનાદિનો કર્મ રૂપ અજીવનો યોગ છૂટે એ રીતિએ વર્તવું, એ સંસારથી અને દુઃખ માત્રથી છૂટવાનો ઉપાય છે' કલ્પનાથી એમ કલ્પો કે-આપણા શરીરને એમ થઈ જવું જોઈએ કે-આવો માલિક ન જોઈએ : કારણ કે-પેટ ભરે છે તો પણ ડુચા મારવા જેવું કરે છે.

**વાણિયાનું દૃષ્ટાન્ત :**

સંયમસાધક શરીરના નિર્વાહ માટે આહાર સાધુય લે, પણ સાધુ જે આહાર લે તે કયી રીતિએ લે, એ માટે એક દ્રષ્ટાંત સમજવા જેવું છે.

એક વાણિયો હતો. વાણિયો એટલે લોભી. હીરા, માણેક, પન્નાં વગેરે લઈને તેને અટવી

ઉલ્લંઘવાની હતી. અટવીમાં ચોર-લૂંટારાઓનો ભય, એટલે એણે એક યુક્તિ કરી.

હીરા-માણેક આદિ એક જગ્યાએ દાટી પથરા ઉપાડયા. ગાંડાની જેમ પથરાને હીરા-માણેક તરીકે ઓળખાવતો જાય અને જે કોઈ મળે તેની સાથે 'મારી પાસે આ હીરા-માણેક છે.'-એમ બોલતો અને બોલાવતો જાય. લૂંટારાઓએ પહેલાં તો તેને પકડયો, પણ પથરા જોઈને છોડી દીધો.

એમ પાંચ-દશ વખત કર્યું અને એ રીતિએ બધા લૂંટારાઓને તેણે પ્રતીતિ કરાવી દીધી કે-'આ ગાંડો છે. આની પાસે કાંઈ નથી. હીરા કહે છે પણ પથરા જ લઈને ફરે છે.' આટલું કર્યા પછીથી, તે હીરા વગેરેને લઈને ચાલ્યો અને સહી સલામત પાર પહોંચી ગયો.

આ વખતે એને ભય હતો. લૂંટારાની અટવીમાં થઈને હીરા-માણેક વગેરેને સહીસલામત ઘરે લઈ જવાની જ એને ચિંતા હતી. શું ખાધું-શું પીધું. એનો વિચાર એણે નહોતો કર્યો; પણ માલ ઘેર સહીસલામત પહોંચાડવાના જ વિચારમાં એ હતો. આ રીતિએ સાધુને આહાર કરવાનો છે. સાધુએ જીભની સાથે જાણે કે છેતરપીંડી કરવાની છે. જીભ ઉપર થઈને જ આહાર પેટમાં જાય, છતાં જીભની જાણે કે એને દરકાર જ ન હોય, એ રીતિએ સાધુએ આહાર કરવાનો છે.

**શ્રી ઈલાચીપુત્ર અને ઈન્દ્રિયનિગ્રહી મુનિવર :**

અહીં નિર્દોષપણે ખાવું એ ગુન્હો નથી, પણ સ્વાદ કરવો એ ગુન્હો છે. સોનાની દસ પાટો માથે

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

મૂકીને મજુર જાય, પણ એથી એ શ્રીમંત ન જ કહેવાય : તેમ, સ્વાદ નહિ કરનાર મુનિ નિર્દોષ ભિક્ષાન્ન ખાય તો પણ ખાનારા ન જ ગણાય. એવા મુનિઓએ પાપિઓને પણ કેવળજ્ઞાન આપ્યાં. અર્થાત્-એવા મુનિઓની સુન્દર આચારશીલતાને જોતાં પાપિઓમાંથી પણ પાપવૃત્તિ ચાલી ગઈ.

શ્રી ઈલાચીપુત્રનું આપણે ત્યાં દૃષ્ટાંત છે. નટડી ઉપર મોહ પામીને એ નૃત્યકળા શીખ્યો. નટડીને મેળવવાને માટે નૃત્ય કરીને રાજાને ખૂશ કરી ઈનામ મેળવવાની શરત એણે સ્વીકારી હતી. પોતે સ્વીકારેલી શરત મુજબ તે એક વાર રાજાની આગળ નાચ કરે છે.

એ વખતે બન્યું એવું કે -રાજાને પણ એ જ નટડી ઉપર મોહ જાગ્યો. એ મોહના યોગે રાજા શ્રી ઈલાચીપુત્રનો નાશ ઈચ્છવા લાગ્યો.

શ્રી ઈલાચીપુત્ર ઘણું નાચે છે, પણ રાજા ઈનામ આપતો નથી. શ્રી ઈલાચીપુત્ર સમજી ગયો કે-'જેનો અર્થી હું છું, તેનો જ અર્થી આ રાજા છે' આમ છતાં પણ, રાજાનું ઈનામ મેળવી પોતાની ઈચ્છાને પૂર્ણ કરવાને માટે તે એક વધુ વખત વાંસ ઉપર ચઢે છે.

એક પદ્મિની સ્ત્રી મોદકનો થાળ એક મુનિવરની સામે ધરીને તેમને મોદક વહોરવાની વિનંતિ કરી રહી છે. બહુ જ આગ્રહપૂર્વક તે 'લ્યો.'-એમ કહે છે, પણ મુનિ મોદક લેવાની ના પાડે છે. રમણીનું રૂપ કે મોદકની મીઠાશ, કશુંય મુનિવરને લોભાવી શકતું નથી. મુનિવરની દૃષ્ટિ અતિ પ્રશાન્ત છે.

નટડીના મોહથી મુંઝાઈને વાંસ ઉપર ચઢી નાચ કરી રહેલા શ્રી ઈલાચીપુત્રની આંખે એ દૃશ્ય ચઢ્યું. એને વિચાર આવે છે કે-'આ પણ માનવી છે. અને હું પણ માનવી છું. કયાં તે અને કયાં હું ?'

પદ્મિની સામે હોવા છતાં મુનિની એક રૂંવાટી પણ ફરકતી નથી અને સ્વાદિષ્ટ મોદક વહોરવાનો અતિ આગ્રહ છતાં મુનિ ના પાડે છે. આવું તો મુનિથી જ પ્રાયઃ બની શકે ને ? ઈન્દ્રિયો પર કેટલો બધો સંયમ હશે ? ઈન્દ્રિયોનો ગુલામ તો એમ પણ માને કે-કાલે કામ લાગશે.

શ્રી ઈલાચીપુત્ર વિચારે છે કે-'મને કજાતને નાટકડી ગમી. એને મેળવવા ખાતર મેં મારા કુળને લજવ્યું. ધન્ય છે આ મહાત્માને અને ધિક્કાર છે મને !' આ વિચારમાંથી તે ધ્યાને ચઢયા, શ્રેણી માંડી અને નાચતાં નાચતાં કેવળજ્ઞાન પામ્યા.

એ પછી, નટડીને પણ રૂપની અસારતા આદિનો વિચાર કરતાં કરતાં કેવળજ્ઞાન થયું.

રાજાની રાણીઓ પણ વિચાર કરે છે કે-જેની સેવા માટે જીંદગી ઘસી નાંખી, તે રાજા કજાતને ચાહે છે. એથી અન્યત્વ આદિ ભાવનાએ ચઢતાં રાણીઓને પણ કેવલજ્ઞાન થયું.

**સાધુ જાય અને ખેતરમાં તીડ પડયા જેવું લાગે ?**

ઈન્દ્રિયોના વિકારથી બચેલો મુનિ જગત ઉપર કેટલો ઉપકાર કરી શકે છે ? -એ અહીં જોવાનું

છે. શરીર એ સાધન છે, પણ તે સાધન સડેલું નહિ હોવું જોઈએ, એ આપણી મુખ્ય વાત છે. શરીરના યોગને સાધુ ન છોડી શકે એનો વાંધો નથી, પણ એનો સડો કાઢીને આવે. ખાવા માટે, પીવા માટે, કામ ન કરવું પડે એ માટે સાધુ થવાનું ન હોય, શ્રી વીતરાગ પરમાત્માનો સાધુ એવો ન હોય. શ્રી વીતરાગ પરમાત્માના સાધુની દીક્ષા, એ કાંઈ ગરમાગરમ જલેબી જેવી વસ્તુ નથી. સાધુનો વેષ દેખીને ઘરનું હીર કાઢીને આપી દે, એવા પુણ્યાત્માઓ તો મુનિવરના પાત્રમાં દૂધ અને ઘી રેડશે, પણ વગર જરૂરે ઈન્દ્રિયોને આધીન બનીને લેનાર સાધુને એ નહિ પચે. સડેલા શરીરને ધરનારા સાધુઓ જ્યાં જાય ત્યાં ધર્મ સાફ થઈ જાય. સાધુ જાય અને ખેતરમાં તીડ પડયા જેવું લાગે, એ શું સાધુ છે ? જે ઘરમાં એ જાય તે ઘરમાંથી એ એવી રીતિએ નિર્દોષ વસ્તુ લે કે-'રોજ આવા આવજો.' -એમ ઘરવાળાંને થાય. એવા સાધુને દાન દેતાં દેતાં કેઈકનાં મિથ્યાત્વ ગયાં અને કેઈક પુણ્યાત્માઓ સમ્યક્ત્વ આદિ પામ્યા. એ માટે સાધુ મેલો નહિ જોઈએ. કપડાંથી મેલો હોય, બાહ્ય દેખાવમાં મેલો હોય, પણ એની આંખો, એના કાન, એનું નાક, એની જીભ, એ વગેરેમાં મેલાપણું નહિ જોઈએ. ઈન્દ્રિયોની અપ્રશસ્તતા એજ ખરૂં મેલાપણું છે. શરીરને કાપી નાંખ્યે મેલાપણું જાય એ સંભવિત જ નથી : માટે જ કહેવાય છે કે-શરીરને સાથે રાખીને ઈન્દ્રિયોની અપ્રશસ્તતા રૂપ મેલને કાપવાની મહેનત કરવી એ જ સાર્થક છે. એને બદલે, શરીરને કાપવાની મહેનત કરવી, એ તો મૂર્ખાઈ જ છે.

**પાપનો કે પુણ્યનો યોગ ન રહે એવા બનવાનું ધ્યેય :**

તીર્થ રૂપ બનવાને ઈચ્છતા આત્માઓએ આ બધું સમજી લેવું જોઈએ. આત્મા અને અજીવ-એ બન્નેનો એકમેક જેવો બની ગયેલો જે યોગ છે, તેને પારખી લેવો જોઈએ તેમજ અજીવના એ યોગથી આત્મા મુકત બને એવો પ્રયત્ન કરવામાં પ્રમાદી નહિ બનવું જોઈએ. જીવને કર્મ રૂપ અજીવના યોગથી મુકત બનાવવાને માટે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રને સેવનારો આત્મા તીર્થ રૂપ છે. એવા આત્માના યોગે બીજા પણ અનેક આત્માઓ તરી જાય છે અને તેનો પોતાનો આત્મા તો તરે જ છે. દુનિયાના સઘળાય પદાર્થો આત્માથી પર છે, તેમ શરીર પણ આત્માથી પર છે, પાપ અને પુણ્ય પણ આત્માથી પર છે. એ આત્માની પોતાની વસ્તુ નથી. પાપ એટલે અશુભ કર્મ રૂપ અજીવનું જીવ ઉપરનું આવરણ અને પુણ્ય એટલે શુભ કર્મરૂપ અજીવનું જીવ ઉપરનું આવરણ ! આવરણ બેય. એ આવરણ ટળે ત્યારે આત્મા મુકત બને. ન પાપનો યોગ રહે કે ન પુણ્યનો યોગ રહે, એ જ ધ્યેય હોવું જોઈએ; કારણ કે-બેય આત્મા ઉપરનાં આવરણો છે.

**પુણ્યાનુબંધી પુણ્યનો યોગ :**

આમ છતાં પણ, પાપ અને પુણ્ય વચ્ચે ફેર છે. પાપ ખરાબ સામગ્રી આપે છે અને પુણ્ય અનુકૂળ સામગ્રી મેળવી આપે છે. પુણ્ય-પુણ્યમાંય ભેદ છે. કોઈ પુણ્ય પાપાનુબંધી હોય છે, તો કોઈ પુણ્ય

પુણ્યાનુબંધી હોય છે. પાપાનુબંધી પુણ્યયોગે અમુક જાતિની અનુકૂળ સામગ્રી મળી તો જાય, પણ તેથી રાચવાનું નહિ : કારણ કે-દુરુપયોગ કરાવે અને દુર્ગતિમાં ધકેલે ! એ પુણ્યનો ઉદય એટલે પાપનો જબરજસ્ત આશ્રવકાળ. જ્ઞાનિઓએ એવા પાપાનુબંધી પુણ્યને વખાણ્યું નથી. જેનાથી સરવાળે પાપ વધે, એવા પુણ્યને પણ કરવાનું શું ? જ્ઞાનિઓએ તો પુણ્યાનુબંધી પુણ્યને ઉપાદેય ગણ્યું છે : કારણ કે-એ સુન્દર સામગ્રી તો આપે છે, પણ આત્માની વિરકિતને એ સામગ્રી વધારનારી નીવડે છે. પુણ્યાનુબંધી પુણ્ય એય અજીવનો જ એક પ્રકાર છે અને પરિણામે તો તેવા અજીવનો તેટલોય યોગ ન જોઈએ, કારણ કે-એટલોય અજીવનો યોગ છે ત્યાં સુધી મુકિત નથી : પણ આ અજીવનો યોગ એવો છે, કે જે કર્મ રૂપ અજીવ માત્રના યોગને દૂર કરવામાં મદદ કરે છે. જેને કર્મ રૂપ અજીવનો યોગ ટાળવો છે, એને આવા અજીવના યોગથી મુંઝાવાનું ન હોય. જેમ ઈન્દ્રિયોના પ્રશસ્ત ઉપયોગથી મુંઝાવાનું ન હોય પણ તેમાં પ્રવૃત્તિ જ કરવાની હોય, તેમ પુણ્યાનુબંધી પુણ્ય બંધાય તો તેથી મુંઝાવાનું ન હોય, પણ એ પુણ્યયોગે મળેલી સામગ્રીને સફળ કરી લેવાને જ ઉદ્યમશીલ બનવાનું હોય.

**નવ અગર સાત તત્ત્વો :**

જીવ અને અજીવના વિચારમાં નવેય તત્ત્વો વિચારાઈ જાય તેમ છે. સંસારમાં જીવ અને અજીવ બે જ પ્રકારના પદાર્થો છે. કર્મ એ પણ અજીવ છે અને એ અજીવનો જીવની સાથેનો યોગ એજ જીવના

દુઃખનું કારણ છે : કારણ કે-જીવના મૂળ સ્વભાવને તે આવરે છે. અજીવના એ યોગથી જીવનું સર્વથા છૂટાપણું, એ મોક્ષ છે. જીવની સાથે વળગેલાં કર્મ રૂપ અજીવ પુદ્‌ગલો દૂર થવાં, એ નિર્જરા છે. જીવની સાથે કર્મ રૂપ અજીવનાં પુદ્‌ગલો આવી મળતાં અટકે એ સંવર છે અને કર્મ રૂપ અજીવનાં પુદ્‌ગલો આવવાં એ આશ્રવ છે. કર્મ રૂપ અજીવ પુદ્‌ગલોનો રસ વગેરે સંબંધી આત્માની સાથે મેળ થવો એ બંધ છે. પુણ્ય એ શુભ કર્મ રૂપ અજીવનો યોગ છે અને પાપ એ અશુભ કર્મ રૂપ અજીવનો યોગ છે. આ બધાને રીતસર સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. આ તો બધી ટુંકી અને સાપેક્ષ વાતો કહી, કે જેથી વસ્તુનો કાંઈક ખ્યાલ આવે અને વધુ સ્પષ્ટપણે જાણવાની તમારા હૈયામાં જિજ્ઞાસા પ્રગટે. સંવર અને નિર્જરા-એ બે આત્મલક્ષ્મી પ્રાપ્ત કરવા માટેના સુભટો છે. અનંતઉપકારી અનંતજ્ઞાની શ્રી જિનેશ્વરદેવોએ આ જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ-એ નવ તત્ત્વો ફરમાવ્યાં છે. કેટલેક સ્થળે સાત તત્ત્વો પણ ગણાવાય છે. જીવ, અજીવ, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ. આમ છતાં, નવ કે સાત-બેયમાં એક જ સરખા ભાવનો સમાવેશ છે.

## રત્નત્રયી

આ તત્ત્વોના યથાર્થ સ્વરૂપમાં શંકા આદિ દોષોથી રહિત એવી જે રૂચિ, તે છે સમ્યગ્દર્શન. આ તત્ત્વોના સ્વરૂપનું જે જ્ઞાન, તે છે સમ્યગ્જ્ઞાન. અને , આ તત્ત્વોને જાણીને અથવા તો તત્ત્વોના સ્વરૂપ

●

**તીર્થ-
યાત્રાનો
વાસ્તવિક
હેતુ**

પ્રત્યે સાચા રૂચિવન્ત બનીને કર્મ રૂપ અજીવના યોગથી જીવને મુક્ત બનાવવાને માટે જ્ઞાનિઓની આજ્ઞા મુજબ હેયના ત્યાગ તથા ઉપાદેયના સ્વીકારની પ્રવૃત્તિ કરવી, તે છે સમ્યક્ચારિત્ર ! આ ત્રણ અર્થો તીર્થ રૂપ છે અને એથી જ આ ત્રણ અર્થોને પામેલા પુણ્યાત્માઓ પણ તીર્થ રૂપ છે.

**તીર્થયાત્રા એટલે મુક્તિમાર્ગની યાત્રા :**

સ્થાવર અને જંગમ-એમ બે પ્રકારે પણ તીર્થ કહેવાય છે. જંગમ તીર્થમાં રત્નત્રયીના પરમ આરાધકો એટલે મુનિવરો પ્રધાનપણે ગણાય અને સ્થાવર તીર્થમાં આપણે જઈએ છીએ એવાં તીર્થો ગણાય. બેય ભવસાગરથી તરવાનાં સાધનો છે માટે તીર્થ છે. જંગમ અને સ્થાવર-બેય પ્રકારનાં તીર્થો રત્નત્રયીનો જ ઉદ્‌ઘોષ કરનારાં હોય. રત્નત્રયીનો ઉદ્‌ઘોષ નહિ કરતાં, જે સાધુ એનાથી વિપરીત વાતો કરે, એ સાધુ સાધુ નથી અને માટે તે તીર્થ રૂપેય નથી. તમે તીર્થના યાત્રિકો બન્યા છો, તો તીર્થને પિછાનવામાં બેદરકારી ન સેવો. તીર્થની યાત્રા એટલે મુક્તિમાર્ગની યાત્રા તીર્થનો યાત્રિક ડગલે ને પગલે પોતાની મુક્તિને નજદીક લાવવાને મથે અને તેમ થાય તો તીર્થયાત્રાના યોગે અનુપમ લાભ થયા વિના રહે નહિ.

**તીર્થયાત્રા કરે છતાં તરે નહિ :**

તીર્થ તીર્થ તરીકે ઓળખાઈ જાય, રૂચી જાય, તો તીર્થ ગમે કે ઘર ગમે ? તીર્થની જો સાચી

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

પ્રતીતિ થઈ જાય, તો તીર્થ જ ગમે પણ ઘર ન ગમે. ઘરે જવું પડે તોય દુઃખ થાય. આત્માને તીર્થ રૂપ બનાવવાની ભાવના કેળવો અને પ્રયત્નશીલ બનો, તો આત્મા પરમાત્મા બન્યા વિના રહે નહિ. આજે તીર્થે જનારાઓમાં પણ કેટલાક એવા છે, કે જેમને તીર્થનો સ્વભાવ ગમતો નથી. તીર્થનો સ્વભાવ શો ? રત્નત્રયી પમાડવાનો : કારણ કે-એ વિના કોઈની મુક્તિ થઈ એય નથી અને થવાની પણ નથી. એ સ્વભાવ જેને ન ગમે, તે ગમે તેટલાં તીર્થો કરે, પણ તરે નહિ. એમાં દોષ કોનો ? યાત્રાએ નીકળ્યા છો, તો આવા બધા વિચારો કરવાનું પણ ચૂકશો નહિ. તીર્થનો યાત્રિક રત્નત્રયીનો અવિહડ રાગી બની જવો જોઈએ. રત્નત્રયીનો અવિહડ રાગી સમ્યગ્દષ્ટિ જ હોઈ શકે. સમ્યગ્દર્શન પામ્યા પછી, કદાચ તેવા દુષ્કર્મના કારણે અત્યારે આ ભવમાં સમ્યક્ચારિત્ર ન પણ પમાય, તોય સમ્યગ્દષ્ટિ એની ઝંખના જ કર્યા કરે : અને એ ઝંખના પણ કર્મનિર્જરાનું પ્રબળ કારણ બને. આજે તો તીર્થની યાત્રા વેળાએ પણ સમ્યક્ચારિત્રના પ્રચારની નિન્દા અને સમ્યક્ચારિત્રને ધરનારા મહાત્માઓનીય નિંદા કરનારાઓનો તોટો નથી. એવાઓ બાહ્ય દૃષ્ટિએ તીર્થયાત્રા કરનારાઓ હોવા છતાં, પણ વસ્તુતઃ તેઓ તીર્થની ઘોર આશાતના કરીને પોતાના આત્માને બહુ ભારે બનાવનારા બને છે : માટે એવી કોઈ વૃત્તિ ન આવી જાય, એ માટે બહુ જ સાવધ રહેવું જોઈએ.

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી પ્રત-૨જી

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

## સંઘયાત્રાનો હેતુ :

યાત્રાએ નીકળેલો સંઘ તીર્થનો પ્રભાવક હોવો જોઈએ. જોવા આવનાર સૌને તીર્થનો ખ્યાલ આવે એવો સંઘનો દેખાવ પણ હોય. તીર્થરૂપ રત્નત્રયીની આરાધના અને એની રૂચિની પ્રભાવના થઈ જાય, તો સંઘયાત્રા બહુ જ દીપે. રત્નત્રયી જ તારક છે; અને એ તારક હોવાના કારણે રત્નત્રયીને પામેલા પણ તારક છે; આટલું સમજાઈ જાય, તો રત્નત્રયીની આરાધના અને પ્રચારણામાં બહુ ઉલ્લાસ આવે. જેટલા સંઘમાં સાથે આવ્યા છે, તે સૌએ તો આવી વૃત્તિના બનવાનો પૂરેપૂરો પ્રયત્ન કરવો જોઈએ. સંઘયાત્રાનું આ જ પ્રયોજન છે. પડાવ પડે, શ્રી જિનમંદિર ગોઠવાય, સુંદરમાં સુંદર શ્રી જિનમૂર્તિઓ પધરાવાય અને ઉદારતાથી ઉલ્લાસપૂર્વક દેવ, ગુરુ અને સાધર્મિક ભક્તિ થાય તેમજ અનુકંપાનાં પણ ઝરણાં વહેવા માંડે, તો લોક જુએ કે-કાંઈક છે. આપણે અહીં ત્રણ ચીજો બતાવવી છે; દેવ, ગુરુ અને ધર્મ; દેવમૂર્તિ પણ સુંદર જોઈએ, ગુરુ પણ તમારી શરમમાં અંજાયા વિના કેવળ સ્વપરહિતના અર્થી બનીને રત્નત્રયીના પાલક તેમજ પ્રચારક હોવા જોઈએ; અને, ધર્મના ડિંડિમ પણ રોજ વાગવાં જોઈએ. દુનિયાદારીના વ્યવહારમાં ઓછપ કરવી. પણ કલ્યાણકારી વસ્તુમાં તો જેમ બને તેમ વધારો જ કરવો જોઈએ. હીરાના નંગને જડવા માટે સોનું જોઈએ, લોઢું કામ ન આવે; તેમ, શ્રી જિનમૂર્તિ માટે મંદિર પણ તેવું જ સુંદર જોઈએ. ગુરુ પણ વીતરાગ પરમાત્માના સંદેશને

જીવનમાં જીવવા સાથે સ્વપરની હિતબુદ્ધિએ જ એને જાહેર કરનારા હોવા જોઈએ. સાધુઓ તમારી સાથે ધર્મપાલન અને ધર્મપ્રચાર માટે જ આવે. 'સાધુને યાત્રા કરાવવા સંઘની જરૂર હતી.' -એમ નહિ કહેતા. સાધુઓ માટે પ્રધાન યાત્રા તે સંયમયાત્રા છે અને સાધુઓ અત્રે તો એમ ને એમ પણ યાત્રા કરી શકતા હતા : છતાં ડિંડિમ જોસથી વાગી શકે, એ માટે સંઘ સાથે આવવાનું સાધુ સ્વીકારે છે. લોક જોવા આવે તે વખતે સત્યધર્મપ્રકાશક સાધુ શ્રી વીતરાગ પરમાત્માના ધર્મનું ડિંડિમ સારી રીતિએ સંભળાવી શકે : અને એથી, સંઘનો હેતુ સારી રીતિએ સિદ્ધ થાય. આ રીતિએ વર્તીને સૌ કોઈ પોતાના આત્માને તીર્થ રૂપ બનાવો અને શાશ્વત કલ્યાણ સાધો, એ જ એક શુભાભિલાષા !

## (૫)

## તીર્થ શબ્દનું આકર્ષણ

આ આર્ય દેશમાં તીર્થ શબ્દનો મહિમા ઘણો મોટો છે. 'તરવું હોય તો તીર્થે જવું જોઈએ.' અથવા તો, 'તીર્થનો સેવક તર્યા વિના રહે નહિ.' -આવી આવી તીર્થ સંબંધી અનેકવિધ માન્યતાઓ આ આર્ય દેશમાં પ્રવર્તી રહી છે. આ જ કારણે, જે કોઈ સ્થાનનો મહિમા વધારવો હોય, તે સ્થાનને લોકમાં તીર્થ શબ્દથી પ્રસિદ્ધ કરવાનો રિવાજ આ દેશમાં લગભગ બધાએ અંગીકાર કર્યો છે, એમ કહીએ તો ચાલે. આર્ય દેશમાં સ્વાભાવિક રીતિએ ધર્મ પ્રત્યે આદરભાવ હોવાથી અને પરલોક

આદિસંબંધી માન્યતા રૂઢ હોવાથી, તીર્થ શબ્દનું આકર્ષણ ઘણું છે તીર્થ શબ્દનો આ મહિમા આર્ય દેશમાં થોડા વખતથી જ પ્રવર્ત્યો છે એમ પણ નથી : ઘણા પ્રાચીન કાળથી જ તીર્થ શબ્દનો મહિમા આર્ય દેશમાં પ્રચલિત છે : અને એથી જ જ્યાં તીર્થ માન્યું, ત્યાં આર્ય દેશની પ્રજા ગમે તેટલો પરિશ્રમ વેઠીને પણ, તેની આરાધના કરવાને તૈયાર થઈ જાય છે.

### સંસારી આત્માને સિદ્ધ આત્મા બનાવવાને માટે :

આ આર્ય દેશમાં, તીર્થ શબ્દ આવો મહિમાવન્તો હોવા છતાં પણ, 'તીર્થ કોને કહેવાય ?' -એ વિષયમાં આર્ય દેશમાં પણ ઘણી ઘણી ભ્રમણાઓ ફેલાયેલી છે. તીર્થ એટલે તરવાનું સાધન. જે સાધનમાં આત્માને તારવાનું સામર્થ્ય હોય, તેને તીર્થ કહેવાય. આપણે વિચારી ગયા છીએ કે-આ સંસાર એ કેવળ જીવનું જ તોફાન છે એમેય નથી અને કેવળ અજીવનું જ તોફાન છે એમેય નથી. પણ આ સંસાર, એ જીવ અને અજીવના યોગનું તોફાન છે. જ્યાં સુધી કર્મ રૂપ અજીવના યોગમાંથી આત્મા સંપૂર્ણપણે છૂટે નહિ, ત્યાં સુધી એ સંસારી છે અને કર્મ રૂપ અજીવના યોગથી સર્વથા છૂટેલો આત્મા સિદ્ધ કહેવાય છે. જ્યાં સુધી આત્મા સંસારી મટીને સિદ્ધ બને નહિ, ત્યાં સુધી તે દુઃખથી સર્વથા રહિત બની શકતો નથી. સંસારી આત્મા તે કહેવાય છે, કે જે આત્માના સ્વાભાવિક ગુણો કર્મરૂપ અજીવથી આવરાયેલા છે અને સિદ્ધ આત્મા તે કહેવાય છે કે જે આત્માના સ્વાભાવિક ગુણો સર્વથા

આવરણરહિત બનેલા છે. સંસારી આત્માને સિદ્ધ આત્મા બનાવવાને માટે જ તીર્થ જરૂરી છે. તીર્થ તે જ કહેવાય, કે જે સંસારી આત્માને સિદ્ધ આત્મા બનવા-બનાવવામાં સહાયક બનવાની લાયકાત ધરાવે ! જેનામાં એવી લાયકાત ન હોય, તેને તીર્થ કહી શકાય નહિ.

**આજે વધતી જતી ઘેલછા :**

આ વસ્તુનો ખ્યાલ બહુ ઓછા આદમીને હોય છે અને એથી ઘણી વાર તો આત્માને ડૂબાવનારાં સ્થાનોને પણ તીર્થ તરીકેની પ્રસિદ્ધિ કેટલાકો દ્વારા મળી જાય છે. જીવો વિષય-કષાય રૂપ સંસારના જેટલા ઉપાસક છે, તેટલા આત્મ-સ્વરૂપના ઉપાસક નથી. વિષય-કષાય રૂપ સંસારથી જે છોડાવે, એને જ તીર્થ કહેવાય. મહા જ્ઞાનિઓએ સંસારથી તરવામાં સહાયક થવાની લાયકાતવાળાં સ્થાનોને જ તીર્થ તરીકે વર્ણવ્યાં છે. તીર્થ શબ્દનો મરજી મુજબનો અર્થ કલ્પી લઈને, ડૂબાવનારાં સ્થાનોને પણ તીર્થ તરીકે ઓળખાવવાની ઘેલછા સેવવી, એ સ્વ અને પર-બન્નેને માટે અનિષ્ટકારક છે. આમ છતાં પણ, આજે આ ઘેલછા વધી રહી છે કેટલાકો તરફથી પોતાના કે પોતાના માનેલા સ્થાનને, તે તીર્થ રૂપ નહિ હોવા છતાં પણ, તીર્થ તરીકે ઓળખાવવાના પ્રયત્નો થઈ રહ્યા છે : કારણ કે-તેવાઓને પોતાના કે પોતાના માનેલા સ્થાનના ઉત્કર્ષની દરકાર છે, પણ સ્વ-પરના આત્મહિતની સાચી દરકાર નથી.

## તીર્થ શબ્દની આશાતના :

આજે તો જે હોય તે પોતાના ક્ષેત્રને 'તીર્થની ભૂમિ' રૂપે ઓળખાવવા મથે છે. આમ કરવું, એ ઉત્તમ શબ્દની આશાતના કરવા બરાબર છે. આજે તો વ્યાપારના ક્ષેત્રને પણ ક્યાંક ક્યાંક 'તીર્થ' શબ્દ લગાડી દેવામાં આવે છે. શબ્દનો ભાવ જોયા વિના શબ્દપ્રયોગ ન થાય. જ્યાં જે શબ્દનો વાસ્તવિક ભાવ ન હોય, ત્યાં એ ભાવમાં તે શબ્દનો ઉપયોગ કરવો, એ એ શબ્દની તેમજ એ શબ્દને બતાવનાર જ્ઞાનિઓની પણ આશાતના છે. તીર્થ શબ્દ સાંભળતાં જ એમ થાય કે-તરવાનું સ્થાન. એને બદલે, ડૂબવાના સ્થાનને માટે પણ તીર્થ શબ્દ યોજાય તો શું થાય ? આથી જ આપણે તીર્થ કોને કહેવાય, એ પણ વિચારીએ છીએ. તીર્થ તેને જ કહેવાય, કે જે આત્માને તરવામાં સહાયભૂત થવાની લાયકાત ધરાવે ! જેની સહાયથી આત્માનો સંસાર રૂપી સાગરથી નિસ્તાર થાય, તેને જ તીર્થ કહેવાય અને એવું જ તીર્થ સેવવા યોગ્ય કહેવાય.

## તીર્થસેવાની આવશ્યકતા શા માટે ?

સ્થાવર અને જંગમ-એમ બે પ્રકારનાં તીર્થો ગણાય છે. બન્નેય પ્રકારનાં તીર્થો આત્માને સંસારી મિટાવીને સિદ્ધ બનવામાં સહાય કરનારાં છે એવી સહાય જ્યાંથી મળે તેમ ન હોય તે સ્થાનને અગર તો તેવી વ્યક્તિને તીર્થ કહેવાય જ નહિ. હવે સ્થાવર તીર્થ કે જંગમ તીર્થ, એ બેય તરવામાં સહાય

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

કરવાનો ગુણ ધરાવનારાં હોવા છતાં પણ, બેમાંથી એકેય તીર્થ આત્માને ઉંચકીને મોક્ષમાં લઈ જઈ શકે એમ નથી. આત્માનું આવરાયેલું સ્વરૂપ પ્રગટ કરવામાં એ માત્ર સહાય કરે છે. આત્માનું સ્વરૂપ પ્રગટાવવાની મહેનત તો આત્માને જ કરવી પડે છે. પણ, તીર્થના યોગે આત્માને માર્ગદર્શન, પ્રેરણા વગેરે રૂપ સહાય મળે છે. સ્થાવર અને જંગમ બેય પ્રકારનાં તીર્થોમાં આવી સહાય કરવાની તાકાત રહેલી છે અને એથીજ જ્ઞાનિઓએ તીર્થયાત્રા અને તીર્થસેવા આદિનાં વિધાનો ફરમાવ્યાં છે.

**તીર્થની સેવા વિના કોઈ આત્મા તીર્થ રૂપ બન્યો નથી, બનતો નથી અને બનશે પણ નહિ :**

'આત્મા એ જ દેવ, આત્મા એ જ ગુરુ અને આત્મા એ જ ધર્મ.' -આવું સાંભળીને કે જાણીને, કેટલાકો એના ભાવનો વિચાર કરતા નથી અને અજ્ઞાનપણે એટલું જ પકડીને તીર્થયાત્રા તથા તીર્થસેવા આદિનો નિષેધ કરે છે. આત્મા એ જ દેવ એ સાચું, પણ તે ક્યારે ? આત્મામાં દેવ બનવાની તાકાત રહેલી છે, પણ તે તાકાત દબાયેલી છે, તેનું શું ? આત્મા દેવ બને ત્યારે તેને દેવ કહેવાય કે ગમે તેવા આત્માને દેવ કહેવાય ? આત્મામાં પરમાત્મપણું રહેલું છે અને તે પ્રગટે તો આત્મા પરમાત્મા બને. પણ એ પ્રગટે ક્યારે ? આત્માને પરમાત્મા બનાવવાનો ઉપાય જ તીર્થની સેવા છે. આ વસ્તુ ભૂલાઈ જાય છે, માટે 'આત્મા એજ દેવ.' -એમ માનીને દેવસેવાથી, 'આત્મા એ જ ગુરુ.' -એમ માનીને ગુરુસેવાથી અને 'આત્મા એ જ ધર્મ.' -એમ માનીને ધર્મસેવાથી વંચિત રહી જવાય છે. આવી

જ રીતિએ ઉત્તમ તીર્થોની અવગણના થવા પામે એ હેતુથી -'આત્મા એ જ તીર્થ.' -એમ પણ કેટલાકો કહે છે. આપણે કહીએ છીએ કે-આત્મા શું નથી ? આત્મામાં લાયકાત ઘણી છે, કારણ કે-આત્માના ગુણો અનન્તા છે : પણ વાત એ છે કે-એ ગુણો જ્યાં સુધી દબાયેલા છે, ત્યાં સુધી આલંબનની જરૂર છે. યોગ્ય આલંબનની સેવા કરનારા આત્માઓ પરિણામે સ્વયં આલંબન રૂપ બની જાય છે, પણ આલંબનની અવગણના કરનારાઓ તો કદી પણ દેવ રૂપ, ગુરુ રૂપ કે તીર્થ રૂપ બની શકતા નથી. જેમ જેમ આત્મસ્વરૂપ પ્રગટતું જાય છે, તેમ તેમ આત્માની લાયકાત ખીલતી જાય છે એથી આત્મા તીર્થ રૂપ બને છે. પણ, તીર્થની સેવા કર્યા વિના તો નહિ જ. અનન્તા આત્માઓ તીર્થ રૂપ બન્યા છે, સંખ્યાબંધ આત્માઓ તીર્થ રૂપ બને છે અને અનંતા આત્માઓ તીર્થ રૂપ બનશે : પણ તે બધા તીર્થની આરાધનાના યોગે જ ! તીર્થની આરાધના વિના તો, કોઈ પણ આત્મા, તીર્થ રૂપ બન્યોય નથી, બનતોય નથી અને બનશે પણ નહિ.

## ત્રણ અર્થોના આધારે તીર્થ :

જે આત્માઓએ પોતાના આત્મસ્વરૂપને પ્રગટાવ્યું છે, તે આત્માઓ તીર્થ રૂપ છે. એ જ રીતિએ આત્મસ્વરૂપને પ્રગટાવવાનું જે સાધન, તે પણ તીર્થ રૂપ છે. આત્મસ્વરૂપને પ્રગટાવવાને માટે રત્નત્રયીની આરાધના જરૂરી છે અને એથી જ રત્નત્રયીને મોક્ષમાર્ગ કહ્યો છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી પ્રત-૨જી

●

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

અને સમ્યક્ચારિત્ર એ રત્નત્રયી ગણાય છે. આ ત્રણ પદાર્થો જ્યાં જ્યાં હોય અગર તો આ ત્રણ પદાર્થો જ્યાં જ્યાંથી મળે તેમ હોય, તે સર્વ સ્થાનોને તીર્થ કહેવાય છે. રત્નત્રયીનો આરાધકવર્ગ પણ તીર્થ રૂપ છે. સમ્યગ્દર્શનાદિ ત્રણ અર્થોના આધારે જ તીર્થ છે. જ્યાં આ ત્રણ અર્થો નહિ, ત્યાં તીર્થ નહિ-એવી જ્ઞાનિઓની અને જ્ઞાનિઓના વચનોને માન્ય રાખનારા આપણી પણ માન્યતા છે. સમ્યગ્દર્શનાદિ ત્રણ અર્થો જ તીર્થના આધારભૂત છે, માટે આપણે બને ત્યાં સુધી એ ત્રણ અર્થોનું જ વર્ણન કરવાનો ઈરાદો રાખ્યો છે.

**સમ્યગ્દર્શનાદિ આત્માની અવસ્થા વિશેષ :**

એ ત્રણ પદાર્થો એવા નથી, કે જે હાથમાં લઈને બતાવી શકાય. એ ત્રણેય અર્થો આત્માની અવસ્થાવિશેષ રૂપ છે. સમ્યગ્દર્શન કોને કહેવાય, સમ્યગ્જ્ઞાન કોને કહેવાય અથવા તો સમ્યક્ચારિત્ર કોને કહેવાય-એનું વર્ણન થઈ શકે : એ એ વર્ણનના આધારે અમુકમાં એ ત્રણ છે કે નહિ તે સમજી શકાય : પણ જડ વસ્તુઓની જેમ તેને બતાવી શકાય નહિ. કોઈ કહે કે- 'ક્રોધ બતાવો.' તો શું કહેવાય ? ક્રોધને તમે હાથમાં લઈને નહિ બતાવી શકો. ચિન્હો વગેરે દ્વારા જ એ બતાવી શકાય. માન, માયા, લોભ વગેરેને પણ અમુક ચિન્હો વગેરે દ્વારા જ જાણી શકાય છે. આનું કારણ ? એ જ કે-એ કષાયી આત્માની અવસ્થાવિશેષ રૂપ છે. એ જ રીતિએ સમજો કે-સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન

અને સમ્યક્ચારિત્ર એ આત્માની મૂળ અવસ્થા રૂપ છે. કષાયી આત્મા આ ત્રણનો યોગ પામવાના પ્રતાપે ક્રમશઃ અકષાયી બની જાય છે અને એથી પરિણામે આત્માનું જે મૂળ સ્વરૂપ છે તે જ પ્રગટે છે.

### તત્ત્વો જાણવાં જરૂરી છે :

સમ્યગ્દર્શન કોને કહેવાય ? દુનિયાના જેટલા અયોગ્ય પદાર્થો અથવા તો કહો કે-આત્મહિતની નાશક જેટલી સામગ્રી, એના ઉપર અરૂચિ અને આત્માને ઉપકારક જેટલી સામગ્રી, એના ઉપર રૂચિ એ સમ્યગ્દર્શન છે. આવી દશા આવવી એ કાંઈ સહજ વાત નથી. અનન્તજ્ઞાનિઓએ ફરમાવેલા સ્વરૂપને દિલમાં નિઃશંકપણે સ્થાપિત કરવા જેટલી લાયકાત આત્મામાં આવ્યા પછી જ સમ્યગ્દર્શનનો આવિર્ભાવ થાય છે. આવા સમ્યગ્દર્શન ગુણને પામેલો આત્મા તો, સામગ્રી સંપન્ન દશામાં, અનન્તજ્ઞાનિઓએ ફરમાવેલા તત્ત્વોના સ્વરૂપને જાણવાની અભિલાષાવાળો હોય જ, પણ જેઓ આ ગુણને પામવાને ચાહતા હોય તેઓએ પણ, આત્માને અનન્તજ્ઞાનિઓનાં વચનો પ્રત્યે વિશ્વાસુ બનાવવાને માટે સદ્‌ગુરુઓ દ્વારા અનન્તજ્ઞાનિઓએ ફરમાવેલા તત્ત્વોના સ્વરૂપને જાણવાનો પ્રયત્ન કરતા રહેવું જોઈએ.

**જ્યારે ને ત્યારે સંસારી જીવોમાં સંખ્યાહાનિ અને સિદ્ધ જીવોમાં સંખ્યાવૃદ્ધિ થયા જ કરે છે :**

ચેતન અને જડ, એ બે મુખ્ય તત્ત્વો છે. પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, બંધ અને નિર્જરા-એ તત્ત્વો, જીવ અને અજીવના યોગને કારણે છે. કર્મ રૂપ અજીવના યોગથી જીવની સર્વથા મુક્તિ, એ નવમું તત્ત્વ છે. નવમું તત્ત્વ પ્રાપ્ત થાય, અર્થાત્ મુક્તિ થઈ જાય, પછી તે આત્મા શાશ્વત કાળ માટે મુક્તાવસ્થામાં જ રહે છે. મુક્તાવસ્થા સિવાયની કોઈ પણ અવસ્થા એવી નથી, કે જે અવસ્થામાં દુઃખનો સર્વથા અભાવ હોય તેમજ જે અવસ્થા શાશ્વત ટકી રહેતી હોય. આત્મા જ્યાં સુધી મુક્તાવસ્થાને પામતો નથી, ત્યાં સુધી તેને સુખમય શાશ્વત દશા પ્રાપ્ત થતી નથી. આથી ઉપકારિઓએ, આત્મા જે પ્રકારે સુખમય શાશ્વત દશાને પામી શકે તે પ્રકારને દર્શાવ્યો છે અને એ જ પ્રકારને સેવવાનું વિધાન કર્યું છે આત્મા એ એવો પદાર્થ નથી, કે જે નવો ઉત્પન્ન થઈ શકતો હોય અગર તો જેનો સર્વથા નાશ થઈ શકતો હોય. આત્માની સંખ્યામાં પણ કોઈથીય હાનિ કે વૃદ્ધિ કરી શકાતી નથી. એક વાત જરૂર છે અને તે એ કે-જેમ જેમ સંસારી આત્માઓ સિદ્ધદશાને પામતા જાય છે, તેમ તેમ સંસારી આત્માઓમાં સંખ્યા હાનિ અને સિદ્ધ આત્માઓમાં સંખ્યાવૃદ્ધિ થયા કરે છે. અનન્ત કાળથી આ રીતિએ સંસારી જીવોની સંખ્યામાં હાનિ અને સિધ્ધ જીવોની સંખ્યામાં વૃદ્ધિ ચાલુ હોવા છતાં પણ સંસારી જીવો જેમ વર્તમાન કાળમાં અનન્તાનન્ત છે, તેમ અનન્તા કાળે પણ અનન્તાનન્ત જ રહેવાના

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી પ્રત-૨જી

● તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ

છે. અનન્તાનન્ત સંસારી જીવોમાંથી જે કોઈ આત્માઓની તથા ભવ્યતા પરિપાકને પામે છે, તે આત્માઓ જ ક્ષીણકર્મા બનવા દ્વારા સિદ્ધદશાને પામે છે. તીર્થની સેવા પણ સિદ્ધદશાને પામવા માટે જ કરવાની છે, કારણ કે-સિદ્ધદશા એકાન્તે સુખમય છે તેમજ શાશ્વત પણ છે; અને દુનિયાના સઘળાય જીવો જે દુઃખરહિત, સંપૂર્ણ તથા શાશ્વત સુખને ઈચ્છે છે, તે સુખ માત્ર સિદ્ધદશામાં જ રહેલું છે પણ અન્યત્ર નથી જ !

**અબજો દીપકોની જ્યોતિઓની જેમ અનન્તા આત્માઓ મળી જાય છે :**

સ૦ મોક્ષમાં ગયેલા આત્માઓ એક થઈ જાય છે કે જુદા જુદા રહે છે ?

દીપકની જ્યોતિ અબજોની સંખ્યામાં મળી જાય તો પણ એક જ દેખાય છે, છતાં હોય છે તે જુદી જુદી. એ જ રીતિએ, મોક્ષમાં ગયેલાં બધા આત્માઓનું સ્વરૂપ એક છે, છતાં તેઓ છે પૃથક્ પૃથક્ : સ્વરૂપથી એક છે, પણ વ્યક્તિથી એક નથી, જ્યોતિમાં જ્યોતિ મળી જાય, ત્યારે કયા દીપકની કયી જ્યોતિ એ પૃથક્પણે જાણી-શકાતું નથી, પરન્તુ જ્ઞાનબળે તે પૃથક્ પૃથક્ દીપકની જ્યોતિ હોવાનું જાણી શકાય છે. આત્મા માટે પણ એમ જ સમજવાનું છે. અનન્તા શુદ્ધ આત્માઓ એક સ્થાને સાથે રહી શકે છે. એ બધા સ્વરૂપે એક રૂપ ભાસે છે અને વ્યક્તિશઃ પૃથક્ પૃથક્ ભાસે છે.

## આત્મા અને શરીર ભિન્ન છે :

આત્માનું એ તદ્દન સ્વાભાવિક અને આવરણ રહિત સ્વરૂપ છે. એ સ્વરૂપ આપણે કયારે પામી શકીએ, એ જ આપણે વિચારવું જોઈએ. એ માટે આપણે વિચારી ગયા છીએ કે-'આત્મા શરીરથી ભિન્ન છે. શરીર અને આત્માનો સ્વભાવ ભિન્ન ભિન્ન છે.' માણસનું મરણ થાય છે એટલે આત્મા મરતો નથી, પણ તે શરીરમાં રહેલો આત્મા કર્મ રૂપ અજીવનું અહીંનું ખેંચાણ પૂર્ણ થતાં અને કર્મ રૂપ અજીવનું અન્યત્ર ખેંચાણ થવાના યોગે અન્ય શરીરમાં ચાલ્યો જાય છે : અને મૃત્યુ પામીને સિદ્ધદશાને પામતા આત્માઓ શરીરનો સંબંધ સંપૂર્ણપણે છોડી જાય છે, તે કર્મ રૂપ અજીવનું લેશ માત્ર પણ બંધન તેમને નથી રહેતું માટે !

## આત્માનો સ્વભાવ અનાદિકાળથી આવરાયેલો છે :

આત્મા અનાદિથી છે, તેમ આત્માના ગુણો પણ અનાદિથી છે. આત્મા જેમ કોઈ કાળે મૃત્યુને પામતો નથી, તેમ આત્માના ગુણો પણ કોઈ કાળે નાશ પામતા નથી. આમ છતાં પણ, આત્મા, કર્મ રૂપ અજીવના યોગે જેમ એક શરીરમાંથી બીજા શરીરમાં અને બીજા શરીરમાંથી ત્રીજા શરીરમાં ફર્યા કરે છે અને એથી જન્મ પામતો અને મૃત્યુ પામતો લાગે છે, તેમ કર્મ રૂપ અજીવના આવરણના યોગે આત્માના ગુણો પણ વધુ -ઓછા પ્રમાણમાં દબાયા કરે અને પ્રકાશિત થયા કરે એવું ચાલ્યા કરે છે.

આ રીતિએ આત્માનો સ્વભાવ અનાદિ કાળથી આવરાયેલો છે આત્મા અને કર્મ-એ બેના યોગને પણ અનાદિનો માન્યા વિના કોઈ પણ તત્ત્વની સાચી અને સુમેળવાળી વ્યવસ્થા થઈ શકતી નથી. આત્મા ભલે આંખે ન દેખાતો હોય, બાહ્ય રીતિએ ખ્યાલમાં ન આવતો હોય, છતાં પણ આ જગતમાં જે કાંઈ બની રહ્યું છે તેનો જો વિવેકથી વિચાર કરવામાં આવે, તો 'આત્મા છે અને તેના ગુણો કર્મના આવરણથી અનાદિકાળથી આવરાયેલા છે.'- એ વાતની પૂરી પ્રતીતિ થયા વિના રહે તેમ નથી. આજે તો તત્ત્વવિચારણા લગભગ નષ્ટ થઈ ગઈ છે, એટલે તદ્દન સામાન્ય વાતો પણ નવીન જેવી લાગે છે. આત્માનો વિચાર જ પ્રાયઃ કરાતો નથી, એટલે આત્માની વાતો નવી લાગે તેમાં નવાઈ નથી; પણ, જેઓ આત્માનો વિચાર કરતા નથી, તેઓ પોતાના આ ઘણા જ કીમતી જીવનને બરબાદ કરી રહ્યા છે, એમ ઉપકારી મહાપુરુષો સ્પષ્ટપણે ફરમાવે છે.

**આત્મગુણો :**

આત્મા એ દ્રવ્ય છે, અને એ જેમ ગુણહીન હોઈ શકતો નથી, તેમ એના ગુણ પણ જડના ગુણ જેવા હોઈ શકે નહિ આત્માનો એ પણ એક ગુણ છે કે-એક સ્થાનમાં બેઠે બેઠે પણ તે સારાય જગતના ત્રણે કાળના ભાવોને જાણી શકે. બાહ્ય ચક્ષુ પણ એક જગ્યાએથી અનેક પદાર્થોને જોઈ શકે છે, તો આત્માની જ્ઞાનચક્ષુ ત્રણે કાળના ભાવોને જાણી શકે એમાં કોઈ આશ્ચર્ય પામવા જેવું નથી એટલા જ માટે કહેવાય છે કે-આત્માનો ગુણ એ કોઈ સામાન્ય વસ્તુ નથી.

સ૦ આત્માના ગુણોમાં ફેરફાર થાય કે નહિ ?

ફેરફાર પ્રતિસમયે થાય છે, કારણ કે-વર્તમાન કાલની વસ્તુ ભૂતકાલીન સ્વરૂપ થાય છે અને ભવિષ્યની વસ્તુ વર્તમાનકાલીન સ્વરૂપ બને છે. આમ છતાં પણ, વસ્તુ વસ્તુસ્વરૂપે તો કાયમ જ રહે છે. એ પ્રકારે સિદ્ધ આત્માઓના જ્ઞાનાદિ ગુણોમાં વસ્તુઓના પરિવર્તનને કારણે ફેરફાર થયા કરે છે એમ કહેવાય, પણ સિદ્ધાત્માઓ કદી જ ગુણ રહિત બની જતા નથી.

**આવરણો જશે ત્યારે :**

એક સમયમાં ત્રણે કાળ સંબંધી સારીય દુનિયાનું જ્ઞાન કરનાર આત્માનો જ્ઞાનગુણ છે. એ ગુણ અત્યારે આવરણથી આવરાયેલો છે. આત્મા છે, આત્મા અનન્તગુણી છે અને અનન્તગુણી એવો પણ આત્મા આવરણથી આવરિત છે, એ ત્રણેય વસ્તુઓ અનાદિસિદ્ધ છે. હવે એ આવરણોમાંથી જ્યારે અમુક અમુક આવરણો જશે ત્યારે સમ્યગ્દર્શન પ્રગટશે, અમુક અમુક આવરણો જશે ત્યારે વિશેષ સમ્યગ્જ્ઞાન પ્રગટશે અને અમુક અમુક આવરણો જશે ત્યારે સમ્યક્ચારિત્ર પ્રગટશે. એ ત્રણેયનો યોગ થશે ત્યારે આત્મા અપૂર્વ રીતિએ તરવા લાગશે અને તરતાં તરતાં કિનારે આવી જશે. કિનારે આવી જશે એટલે વીતરાગી બની જશે. અનન્તજ્ઞાની બની જશે અને તે પછી તે સર્વથા ક્ષીણકર્મા બનીને કેવળ સ્વ સ્વરૂપમાં જ લીન બની જશે.

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

**અભવ્યાત્માઓમાં ગુણો પ્રગટતા જ નથી અને કેટલાક ભવ્યોના ગુણો પણ પ્રગટતા નથી :**

આ પ્રકારે સર્વ સંસારી આત્માઓ આવરણમુક્ત બને જ છે, એવું પણ નથી. જેમ અનન્તા આત્માઓ આવરણરહિત બની જાય છે, તેમ અનન્તા આત્માઓનાં આવરણો જતાં નથી, એય ચોક્કસ છે. દૂધ ભેંસનું પણ છે અને આકડાનું પણ છે. આકડાના દૂધમાંથી ઘી કદી થાય છે ? નહિ. આકડાનું દૂધ એય દૂધ કહેવાય છે, છતાં તેનું ઘી કેમ ન થાય ? કેહવું જ પડશે કે-જેવો એનો સ્વભાવ. 'તલમાંથી તેલ નીકળે, પણ રેતીમાંથી તેલ કેમ ન નીકળે ?' -એ પ્રશ્ન જ ન હોય. જે વસ્તુનો જે સ્વભાવ નહિ, તે તેનામાં લાવવાની કોઈની પણ તાકાત નથી. સ્વભાવથી શ્યામ વસ્ત્રને કોઈ શ્વેત કરી શકતું નથી. ભવ્ય આત્માનો કેવળજ્ઞાન ગુણ પ્રગટ થઈ શકશે, પણ અભવ્ય આત્માનો તે ગુણ કદી જ પ્રગટ થઈ શકે નહિ : કારણ કે-અભવ્ય આત્માનો સ્વભાવ જ એવો છે. આકડાના દૂધમાંથી ઘી તો પ્રગટ થતું નથી, પણ તે દૂધ ખાવાના કામમાંય આવતું નથી. એ રીતિએ કેટલાક એવા પણ આત્માઓ છે, કે જે આત્માઓમાં ગુણ કોઈ પણ કાળે પ્રગટ જ નહિ થાય. માત્ર અભવ્ય આત્માઓના જ ગુણો પ્રગટ થતા નથી, એમેય નથી. કેટલાક ભવ્ય આત્માઓના ગુણો પણ પ્રગટ થતા નથી. 'જેટલા ભવ્ય છે તેટલા સઘળાય પોતાના સ્વરૂપને નિયમા પામી શકવાના જ છે.' -એમ કહેવાય નહિ. 'પોતાના સ્વરૂપને પામે તે ભવ્ય.' -એવો નિયમ ખરો, પણ 'ભવ્ય હોય એ પોતાના સ્વરૂપને

પામે જ.' -એવો નિયમ નહિ. ઘી થવાને લાયક સઘળાય દૂધનું ઘી થાય જ છે, એવું બનતું નથી : કારણ કે-દૂધને ઘી બનવા માટે સામગ્રી જોઈએ છે. સામગ્રી હોવા છતાં પણ જે દૂધ ઉપર પ્રયત્ન કરનાર ન હોય તે દૂધનું ઘી ન થાય, એ પણ નિશ્ચિત છે. એ જ રીતિએ, ભવ્યને પણ સામગ્રી મળવી જોઈએ ને ? જે ભવ્યાત્મા સામગ્રી પામીને પ્રયત્નશીલ બને છે, તે જ પોતાના સ્વરૂપને પામી શકે છે.

### સમ્યગ્દર્શન એકદમ પ્રગટતું નથી.

સ૦ સમ્યગ્દર્શન તો સ્વભાવ અને અધિગમ એમ બે પ્રકારે પ્રગટે છે ને ?

સમ્યગ્દર્શન ગુણ સ્વભાવથી અગર અધિગમથી પ્રગટે છે એ વાત ખરી છે, પણ એથી સામગ્રીની અને પ્રયત્નની કિંમત જરાપણ ઘટતી નથી. સમ્યગ્દર્શન ગુણને પામવાને માટે તેમજ પ્રગટેલા તે ગુણોને ખીલવવાને માટે સારી સામગ્રી પણ ઘણી રીતિએ કારગત નીવડે છે. સાધુનો યોગ થવો, તત્ત્વ સાંભળવાની ઈચ્છા થવી, તત્ત્વસ્વરૂપના વર્ણનને સાંભળવામાં રસ આવવો, એ બધી સામગ્રીની જરૂર છે. જેનામાં સમ્યગ્દર્શન ગુણ પ્રગટયો ન હોય, તે ગમે તેટલો જ્ઞાની કહેવાતો હોય તો પણ અજ્ઞાની છે. આજે તમારા જ્ઞાને તમને આદમી રાખ્યા નથી, પણ આદમી તરીકે મટાડી દીધા છે : કારણ કે જ્ઞાન હોવા છતાં એ અજ્ઞાન કોટિનું છે. વિવેક જાગે અને એનો સદુપયોગ કરવામાં આવે, તો મિથ્યાત્વ હઠી જાય અને સમ્યગ્દર્શન પ્રગટ થઈ જાય. સૂર્યના ઉદય પહેલાં અરૂણોદય થાય છે.

અંધકારમાં એકાએક સૂર્યનો ઉદય થતો નથી. એમ થતું હોત તો આદમીઓને ચક્કર આવત. લાખ્ખો ઈલેકટ્રીક બત્તીઓથી સૂર્યનો પ્રકાશ અધીક છે, છતાં એ આસ્તે આસ્તે આવે છે માટે જ આપણે જોઈ શકીએ છીએ. અંધકારમાં રહેલી આંખ પ્રકાશની સાથે રહેવાના અભ્યાસવાળી થાય એ રીતે સૂર્ય ઉગે છે. માટે જ તેના તેજને આપણે જોઈ શકીએ છીએ. સૂર્યની આગળ ઈલેકટ્રીકની બત્તીનો પ્રકાશ કાંઈ જ નથી, છતાં પણ ઈલેકટ્રીક બત્તી એકદમ સળગે તો આંખે તેજના અંધારા આવી જાય છે. એ ઉપરથી વિચારો કે-સૂર્ય એકદમ પ્રગટે તો શું થાય ? પણ સૂર્યનો પ્રકાશ વિકાસ પામતાં પહેલાં અરૂણોદય થાય જ છે. એ રીતિએ સમ્યગ્દર્શનનો પ્રકાશ પણ આસ્તે આસ્તે થાય છે. સમ્યગ્દર્શન એકદમ કદીપણ પ્રગટ થતું નથી. યથાપ્રવૃત્તિકરણ - અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ એ વગેરે પૂર્વાવસ્થાઓ સમજવા જેવી છે. આ બધી સામગ્રીઓનો યોગ થવો, એ પણ પહેલાની અવસ્થા છે. સાધુનો યોગ થવો, તત્ત્વ જાણવાની ઈચ્છા થવી, તત્ત્વની વાતો સાંભળતાં આનંદ આવવો, એ બધી સમ્યગ્દર્શનને પ્રગટવાની તૈયારીવાળી અવસ્થા છે.

## સાધુ કોને ન ગમે ?

ત્યાગી સાધુ આવે ત્યારે અરૂચી થવી, તત્ત્વની વાતો નહિ ગમવી, ત્યાગી સાધુ સંસારની કોઈપણ પ્રવૃત્તિમાં હાથ ન નાંખે તેથી બોજારૂપ લાગવા, એ બધી સમ્યગ્દર્શન ગુણને આવરિત કરનારા ગાઢ આવરણોની હયાતિની સૂચક અવસ્થા છે. કેટલાક નાસ્તિકોને તો સાધુનો સમાગમ પણ ભડકાવે છે.

સંસારની તીવ્ર આસક્તિને પોષવાની બુધ્ધિવાળા આત્માઓ સાધુના પરમ દ્વેષી હોય છે. સંસારનો રાગ જેનો ઓછો થયો હોય, તેને જ સાધુ આવવાના સમાચારથી આનંદ થાય. સંસારનો રાગ જેનો ગાઢ હોય, તેને તો સાધુનું નામ સાંભળવાથી પણ દુઃખ થાય. સાધુના નામ શ્રવણથી પણ દુઃખ થાય, એ સંસારના ગાઢ રાગને જ સૂચવે છે. ખાવું-પીવું, પહેરવું-ઓઢવું, અને અમન-ચમન કરવામાં જ આનંદ માનવો, એ સંસારનો ગાઢ રાગ છે. હાનિકર વ્યસનાદિકની વૃધ્ધિ પણ સંસારનો આનંદ માણવાની વૃત્તિમાંથી જ થાય છે. આ બધી વસ્તુઓ આત્માના હિતની ઘાતક હોવા છતાં પણ, વિષય કષાય રૂપ સંસાર સુંદર છે - એવું બોલનારાય છે, પરંતુ એવાઓને વિવેકી આત્માઓ તો પ્રાણીગણના વૈરી જ માને છે. સંસારમાં જે જેટલો ત્યાગી અગર તો સંતોષી અધિક હોય, તેટલો જ તે વધારે સારો અને સુખી હોઈ શકે.

### સમ્યગ્દર્શન પામવાનો ઉષઃકાળ :

સાધુ ત્યાગી હોય છે, એ તો તમે જાણો છો ને ? સાધુઓ જે ગામમાં જાય, તે ગામમાં જઈને પણ સાધુઓ કરે શું ? સાધુ ગામની દુન્યવી ખબર પૂછે કે ધનપ્રાપ્તિ આદિના આશીર્વાદ આપે, એ વાત જ અશકય છે. એ ત્યાગી પુરૂષો તો વિષય અને કષાયને છોડવાની જ વાત કરે. એવા સાધુઓને જોઈને તમને આનંદ થાય કે શોક થાય ? જો શોક થતો હોય તો સમજો કે તમારામાં સંસારનો રાગ ગાઢ છે. સાધુ શબ્દ જ એવો છે કે-એનો વિરોધ કરવો એ જ ગુન્હો છે. પણ જેઓ વિષય અને

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી પ્રત-૨જી

● **તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

કષાયના પૂજારી છે, તેઓને સાચા સાધુના દર્શનથી કે સાચા સાધુઓના આવાગમનના સમાચાર સાંભળતાં આનંદ નથી આવતો. એમાં આનંદ આવે, તો સમ્યગ્દર્શન રૂપી સૂર્ય અંતરમાં ઉદય પામવાનો ઉષ:કાળ આવ્યો, એમ સમજવું. સાચા સાધુ આવવાના સમાચારથી હૃદયમાં જેને આનંદ થાય, તેને ત્યાગની સુવાસ ગમે છે એમ માનવું જ પડે. સાધુના સહવાસથી જેને અંતરમાં સાચો આનંદ થાય, તેને ત્યાગ ગમે જ : કારણ કે-વિવેકપૂર્વકનો ત્યાગ એ જ સાધુની સાચી સુવાસ છે.

**સાધુ સંસારના ત્યાગી જ હોય :**

તમને સાધુ શાથી ગમે છે ?

સ૦ વૈરાગ્ય ઉત્પન્ન કરાવે છે અને મોક્ષ તરફ જવાનો રસ્તો બતાવે છે માટે !

એથી એ સિદ્ધ થાય છે કે-સંસાર જેને ખરાબ લાગે અને મુક્તિ જેને સારી લાગે, તેને જ સાધુ ગમે.

સ૦ અમારા પોતાના કરતાં સાધુ કાંઈક અધિક છે, એમ માનીને સાધુને જોઈને અમને આનંદ થાય છે.

'સાધુમાં અધિકતા છે.' -એમ લાગે અને એથી સાધુને જોઈને આનંદ થાય, ત્યારે એ વિચારવું જોઈએ કે-'સાધુમાં અધિકતા કયી છે ?' એમની સાધુતા, એ જ એમની અધિકતા છે. એ સાધુતા આપણી પાસે નથી અને એમની પાસે છે; આત્માના કલ્યાણને માટે એ સાધુતા જરૂરી છે માટે આપણે

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

એમની પાસેથી એ જ સાધુતા પામવી છે અને આપણા આત્માને આ સંસારથી મુક્ત બનાવવો છે-એવી મનોદશા જેની છે, તેના હૃદયમાં સમ્યગ્દર્શન રૂપી સૂર્ય ઉદય પામ્યો છે અગર ઉદય પામવાની તૈયારીમાં છે. સાચા સાધુ દુનિયાના ત્યાગી જ હોય' -દુનિયા ના ત્યાગી ન હોય તે સાચા સાધુ જ નહિ.' એ માન્યતા આર્ય દેશમાં રૂઢ હતી, પણ આજકાલ જેને-તેને સાધુ કહેવાની કુટેવેય વધી પડી છે. તીર્થ શબ્દનો જેમ વ્યભિચાર કરાય છે, તેમ સાધુ શબ્દનો પણ આજે વ્યભિચાર કરાય છે. તે ન થવો જોઈએ.

### સાધુક્યા ઈરાદે ગમવા જોઈએ ?

દેવ, ગુરુ અને ધર્મ, -આ ત્રણેય વિષયમાં આત્માએ સુસ્થિર બની જવું જોઈએ.ગમે તેને દેવ ન મનાય, ગમે તેને ગુરુ ન મનાય અને ગમે તેને ધર્મ ન મનાય. સમ્યગ્દષ્ટિ તે કહેવાય, કે જે નામના દેવનોય ત્યાગી હોય, નામના ગુરુનોય ત્યાગી હોય અને નામના ધર્મનો પણ ત્યાગી હોય : તેમજ સંદ્દેવ, સદ્ગુરુ અને સદ્ધર્મનો ઉપાસક હોય. સામાન્યપણે દેવ-ગુરુ-ધર્મની તરફ પ્રેમ થાય, સંસાર તરફ અરૂચિ થાય અને મોક્ષ તરફ પ્રીતિભાવ પ્રગટે, એ, સમ્યગ્દર્શન ગુણ આત્મામાં પ્રગટવાનો છે એમ સૂચવે છે. પછી આત્મા શોધક બને છે. એ જુએ છે કે- 'કયા દેવની, કયા ગુરુની અને કયા ધર્મની સેવાથી આત્મા સંસારથી મુક્ત બની શકે ?' ધીરે ધીરે એ આત્મામાં કુદેવ, કુગુરુ અને કુધર્મ પ્રત્યે પણ અરૂચિ પ્રગટે છે. તથા સુદેવ, સુગુરુ અને સુધર્મ પ્રત્યે રૂચિ પ્રગટે છે. કુદેવાદિ પ્રત્યે સર્વથા

અરૂચિ અને સુદેવાદિ પ્રત્યે નિઃશંક રૂચિ, એ સમ્યગ્દર્શન ગુણ પ્રગટયાની નિશાની છે. આ ઉપરથી સમજી શકાય તેમ છે કે-સાધુ સંસારના ત્યાગી અને મોક્ષમાર્ગના આરાધક હોવાથી ગમે, તો જ તે વાસ્તવિક રીતિએ ગમ્યા કહેવાય. અને, જેને સાધુ વાસ્તવિક રીતિએ ગમે, તેને સંસારથી મુક્ત બનાવનારો ત્યાગ ગમે જ, એ પણ નિશ્ચિત વાત છે.

## દેવ-ગુરુ-ધર્મની ટૂંકી ટૂંકી વ્યાખ્યાઓ :

દેવ કોને કહેવાય ? દેવ તેને જ કહેવાય, કે જે વિષય-કષાય રૂપ સંસારથી સર્વથા મુક્ત બનેલા હોય : અર્થાત્-વીતરાગ હોય અને તે સાથે અનન્તજ્ઞાનનું સ્વામિત્વ આદિ ગુણોને પણ ધરનારા હોય. એટલું જ નહિ, પણ મોક્ષમાર્ગના સ્વતંત્ર પ્રકાશક હોય અથવા મોક્ષને પામેલા હોય. વિષય-કષાય રૂપ સંસારથી સર્વથા મુક્ત બનેલા આત્માઓ કોઈ પણ પ્રકારની અભિલાષાવાળા હોતા નથી અને એથી એવા આત્માઓ લીલા આદિથી પણ સર્વથા પર જ હોય, એ સમજી શકાય એવી વાત છે.

સાધુ પણ તેને જ કહેવાય, કે જેઓ સંસારથી પૂર્ણપણે મુક્ત નહિ હોવા છતાંય, સંસારના ત્યાગી હોય અને મુક્તિની આરાધનામાં મસ્ત હોય કંચન અને કામિનીના જેઓ ત્યાગી નથી, કંચન અને કામિનીને મેળવવાની વૃત્તિથી જેઓ પર નથી અને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્ચારિત્ર રૂપ રત્નત્રયીના જેઓ આરાધક નથી, તેઓ સાધુવેષમાં હોય તો પણ સાધુ નથી અને એથી સમ્યગ્દ્રષ્ટિ આત્મા મોક્ષની રૂચિવાળો હોવાને કારણે એવાઓને સાધુ ન માને તે સહજ છે.

●

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

ધર્મ કોને કહેવાય ? ધર્મ તેને જ કહેવાય, કે જે અનન્તજ્ઞાની શ્રી વીતરાગ પરમાત્માએ કહેલો હોય અથવા તો એ તારકની આજ્ઞાને અનુસરીને કહેવાયેલો હોય ! આત્માને અપ્રશસ્ત વિષયોથી વિરાગી, અપ્રશસ્ત કષાયોનો ત્યાગી, આત્મગુણોનો અનુરાગી અને આત્મસ્વરૂપને પ્રગટાવનારી ક્રિયાઓ આચરવામાં અપ્રમાદી બનાવનારો ધર્મ, એજ સાચો ધર્મ છે. વિષય-કષાયની વૃત્તિને જે ધર્મ પોષે, તેને તો સમ્યગ્દષ્ટિ આત્માઓ ધર્મ માને જ નહિ.

**સમ્યગ્દર્શન વાંઝિયું રહેતું જ નથી :**

આવા દેવને, આવા ગુરુને અને આવા ધર્મને જ વાસ્તવિક કોટિના દેવ-ગુરુ-ધર્મ માનનારો આત્મા, વિષય-કષાય રૂપ સંસારનો રસિયો હોય, એ બનવા જોગ છે ? નહિ જ. આથી જ કહેવાય છે કે-સમ્યગ્દષ્ટિ આત્મા સંસારનો ત્યાગી ન હોય એ બને, પણ તેનામાં સંસારનો રસ તો હોય જ નહિ. અહીં સંસારનો રસ એટલે સંસાર પ્રત્યે રૂચિનો જ ભાવ. સંસારનો એવો રસ, એ જ સમ્યગ્દર્શન ગુણનો અભાવ. અને, સમ્યગ્દર્શન ગુણથી રહિત આત્માનું જ્ઞાન એ અજ્ઞાન છે તથા ચારિત્ર એ કાયકષ્ટ છે. જ્ઞાનને અને ચારિત્રને સમ્યક્‌ની કોટિમાં મૂકનાર કોઈ પણ ગુણ હોય, તો તે સમ્યગ્દર્શન ગુણ છે. આથી જ, સમ્યગ્દર્શનહીન ચારિત્ર કરતાં ચારિત્રહીન સમ્યગ્દર્શન પણ આત્મા માટે વધુ લાભદાયક છે, એમ પણ પ્રસંગ પામીને કહી શકાય કારણ કે-સમ્યગ્દર્શન વાંઝિયું રહેતું જ નથી ! સમ્યગ્દર્શન વહેલું યા મોડેથી પણ સમ્યક્‌ચારિત્રને નિયમા ખેંચી લાવે છે.

## દેવને ઉપાલંભ ન દો :

સંસારનું કોઈ પણ દુઃખ આવી જાય તે વખતે સમ્યગ્દષ્ટિ આત્માઓ દેવને ઉપાલંભ આપે જ નહિ, કારણ કે-દેવને તે સંસારને ચલાવનાર તરીકે માનનારા હોતા જ નથી. સંસારને ચલાવનાર વીતરાગ હોઈ શકે નહિ સંસારમાં ખરાબ સામગ્રી મળવી કે સારી સામગ્રી મળવી, એ આપણા જ કર્મનું ફળ છે. સંસારનું સુખ-દુઃખ આપણા કર્મ મુજબ આવે જાય છે. દેવ સુખ-દુઃખ લઈ લેતાં નથી કે દઈ દેતા પણ નથી. દેવે તો આપણને સુખ-દુઃખનું નિદાન દર્શાવ્યું છે અને સંસારથી મુક્ત બનવાનો ઉપાય દર્શાવ્યો છે : કારણ કે-દુઃખરહિત, સંપૂર્ણ સુખમય અને શાશ્વત સ્થાન કોઈ હોય, તો તે એક માત્ર મુક્તિસ્થાન જ છે. આપણે એ સ્થાનને પામીએ એટલે આપણું દુઃખ મૂળમાંથી જાય અને આપણને શાશ્વત એવા સંપૂર્ણ સુખની પ્રાપ્તિ થાય.

## સાધુઓ મોક્ષમાર્ગને જ ઉપદેશે :

દેવનું સ્વરૂપ બરાબર સમજાઈ જાય, તો ગુરુનું સ્વરૂપ સહજમાં સમજાઈ જાય. દેવની આજ્ઞા મુજબ મુક્તિને સાધવાને માટે સંસારના ત્યાગી બનેલા અને આત્મસ્વભાવને પ્રગટાવનારી ક્રિયાઓ કરવામાં જ લીન બનેલા આત્માઓ સદ્‌ગુરુ કહેવાય. એવા સદ્‌ગુરુઓ ઉપદેશ આપે તો શાનો ઉપદેશ આપે ? મોક્ષમાર્ગની આરાધના કરવાનો કે બીજો ? સાચા સાધુઓ તો મોક્ષમાર્ગની આરાધના કરવા સિવાયનો ઉપદેશ આપે જ નહિ એ નિશ્ચિત વાત છે : અને એથી જ, મોક્ષમાર્ગની આરાધનાથી

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

વિપરીત ઉપદેશ દેનારા સાધુ, એ વસ્તુતઃ સાધુ નથી કહેવાતા, પણ માત્ર વેષધારી જ કહેવાય છે. એવા વેષવિડંબકોને પારખી લેવામાં પણ સાચા સમ્યગ્દષ્ટિઓ એક્કા બની જાય છે.

### સમ્યગ્દષ્ટિ સંસારનો રસિયો હોય જ નહિ :

આમ હોવાનું વાસ્તવિક કારણ એ જ કે-સમ્યગ્દષ્ટિ આત્માઓનું મન સંસાર પ્રત્યે રસ વિનાનું હોય છે અને મોક્ષ પ્રત્યે જ રસવાળું હોય છે. સમ્યગ્દષ્ટિ આત્માઓ સંસારના ત્યાગપૂર્વકની મોક્ષમાર્ગની આરાધના તેવા કોઈ દુષ્કર્મના ઉદયને કારણે ન કરી શકે એ બનવા જોગ છે; એવા આત્માઓએ આરંભેલી આરાધના કોઈ તેવા દુષ્કર્મનો ઉદય થતાં ભાંગી જાય એય બનવા જોગ છે; પણ જ્યાં સુધી આત્મામાં સમ્યગ્દર્શન ગુણ વિદ્યમાન હોય છે, ત્યાં સુધી આત્મા નથી તો સંસારનો રસિયો બનતો કે નથી તો મોક્ષ પ્રત્યે અરસિક બનતો ! સંસારમાં તે લાચારી ભોગવતો રહે છે અને 'કયારે હું સંસારના ત્યાગ પૂર્વકની મોક્ષની સાધનામાં પરિપૂર્ણપણે યોજાઉં.'-એવી મનોવૃત્તિથી તે પર હોતો નથી. ખરેખર, આવા આત્માઓ જ સંસાર નિસ્તારક તીર્થની આરાધનાનો લાભ ઉત્તમ પ્રકારે લઈ શકે છે. સંસારના રસિક આત્માઓ તો, તીર્થે જવા છતાં પણ, તીર્થની સાચી ઉપાસના કરી શકતા નથી.

### કર્મ રૂપ અજીવનો યોગ ખટકે છે ?

જીવની સાથેનો કર્મરૂપ અજીવનો યોગ, એ જ આત્માનો સંસાર છે. જડ કર્મની સાથે આત્માનો જેટલો સંબંધ, તેટલો સંસાર.જડ કર્મનો કેટલોક યોગ અત્યારે તમારે છે ?

સ૦ ઘણો

એ બધો સારો લાગે છે કે ખોટો ?

સ૦ ખોટો.

જે આત્માઓને કર્મ રૂપ અજીવનો યોગ, પછી તે શુભ કર્મનો યોગ હોય કે અશુભ કર્મનો યોગ હોય, પણ તે યોગ ખરાબ લાગે છે, તે પરમ પુણ્યશાલી છે-એ શંકા વિનાની વાત છે. તમને પણ હૃદયમાં કર્મ રૂપ અજીવનો યોગ ખટકતો હોય તો બહુ ખુશી થવા જેવું છે, પણ મોંઢે કાંઈ અને હૈયે કાંઈ-એ દશા નહિ હોવી જોઈએ. જે બોલો તે હૃદયપૂર્વક બોલજો. આત્માના અનુભવની વાત કરજો. 'કર્મ રૂપ અજીવનો યોગ, એ જ દુઃખ માત્રની જડ છે.' -એ વાત વાસ્તવિક રીતિએ જેના હૈયામાં જચી હોય, એની દશા જાુદી જ હોય છે. કર્મ રૂપ અજીવનો યોગ ખટકે તો પછી મોક્ષ બહુ દૂર નથી : કારણ કે-કર્મ રૂપ અજીવનો યોગ ટાળવાને માટે એવા આત્માઓ, મોક્ષમાર્ગની આરાધના કરવાનું શકય હોય તે છતાં પણ, મોક્ષમાર્ગની આરાધના કરવાને ઉદ્યમશીલ ન બને એ શકય જ નથી.

**બાહ્યાભ્યન્તર ત્યાગ જરૂરી છે :**

અજીવનો યોગ કેટલો છે, એ જાણો છો ? બાહ્ય ત્યાગ કરવાથી અજીવનો યોગ સર્વથા નથી રહેતો, એમ નહિ માનતા : કારણ કે-આત્મા સાથે જે કર્મ રૂપ અજીવનો યોગ છે, તે તો બેઠો જ છે. આપણે તો કર્મ રૂપ અજીવનો આત્મા સાથેનો યોગ ટાળવો છે, કે જેથી આત્મા શુદ્ધ સ્વરૂપને

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

પામે, એ માટે બાહ્ય ત્યાગ પણ જરૂરી છે. બાહ્ય ત્યાગ સાથે આભ્યન્તર ત્યાગ પણ જોઈએ. આભ્યન્તર ત્યાગ એટલે પૌદ્‌ગલિક વૃત્તિઓ ઉપર કાબૂ. આત્મા, આત્માના ગુણો અને આત્માના ગુણોને ખીલવનારી સામગ્રી-એ સિવાયની કોઈ પણ વસ્તુનું ખેંચાણ નહિ રહેવું જોઈએ. જડ કર્મોનો આત્માની સાથેનો અનાદિકાલીન યોગ તોડવો, એ સહેલું કામ નથી. જડના એ યોગને તોડવાનો પ્રયત્ન કરતાં પહેલાં તો સામેથી જબ્બર આંચકો આંવી જાય, પણ આત્મા એ વખતે ટકી જાય અને આત્માનું સત્ત્વ વિકાસ પામી જાય, તો આખર જડના એ યોગને નાબૂદ થયે જ છૂટકો થાય છે.

### સાધુ સાધુ તરીકે રૂચવા જોઈએ :

સાધુઓ જડનાં એ યોગને તોડવાના પ્રયત્નમાં લીન બનેલા હોય છે. પોતાના આત્માનો જડ કર્મોની સાથેનો જે યોગ, તેને તોડવાનો પ્રયત્ન કરવો અને શક્ય હોય તો જડ કર્મોના આત્માની સાથેના યોગને તોડવાના માર્ગનો પ્રચાર કરવો તથા જડ કર્મોના યોગને તોડવાને પ્રયત્નશીલ બનેલા આત્માઓને સહાયક બનવું, એ જ સાધુઓનું કામ છે. જીવની સાથેનો જડ કર્મોનો જેટલો યોગ, તેટલો બધો જ દુઃખ રૂપ લાગે, ત્યારે માનવું કે 'હવે પ્હો ફાટ્યો. હવે સમ્યગ્દર્શન રૂપી સૂર્યનો ઉદય થવાની તૈયારી છે !' આ તીર્થયાત્રા કરતાં આટલું પણ થઈ જાય, તોય આ તીર્થયાત્રા ઘણી ફળી એમ કહી શકાય. સાધુ તમને આ જ માર્ગ બતાવે ! સાધુની તમે વિશેષ પરીક્ષા ન કરી શકો, તોય આટલું

તો તમે સમજી શકો ને કે-સાધુ શક્ય એટલા જડ પદાર્થોના ત્યાગી હોય, કર્મ રૂપ અજીવના યોગનો નાશ કરવાને પ્રયત્નશીલ હોય અને એ જ માર્ગના પ્રચારક હોય ! ? જો હા, તો વિચારો કે-સાધુઓ આ સિવાય બીજો કયો ઉપદેશ આપે ? સાધુ સાધુ તરીકે જેને રૂચે, તે કાં તો સમ્યગ્દષ્ટિ છે અને કાં તો સમ્યગ્દર્શનને પામવાની તૈયારીમાં છે.

**સંસારની લાલસાથી સાધુઓ ઉપર પ્રીતિ ન જોઈએ :**

સાધુતા ઉપર પ્રીતિ હોવાને કારણે સાધુને જોતાં આનંદ થવો જોઈએ. સાધુતા ઉપર પ્રેમ, એ જ સાધુના દર્શનથી ઉપજતા આનંદનું કારણ હોવું જોઈએ. સમ્યગ્દર્શન ગુણ પ્રગટ્યા પછીથી તો, સુસાધુઓના દર્શનથી પણ અતિ આનંદ થાય જ છે, પરંતુ જે આત્માઓ સમ્યગ્દર્શન ગુણને અલ્પકાળમાં પામવાના હોય છે, તેઓનેય સાધુનું દર્શન આનંદ ઉપજાવનારૂં નીવડે છે. મૂળ વાત તો એ જ છે કે-આત્મા સાથેનો જડ કર્મોનો યોગ અમુક અંશે પણ શિથિલ થયા વિના, સાધુને જોઈને આનંદ નહિ ઉપજે : અથવા ઉપજશે તો સંસારની લાલસાના યોગે ઉપજશે. સંસારની લાલસાના યોગે પણ એમ થાય કે- 'સાધુઓની સેવાથી કાંઈક મળી જાય અને લીલાલ્હેર થઈ જાય !' પણ એવો આનંદ નહિ જોઈએ : સાધુતાની પ્રીતિમાંથી જન્મેલો આનંદ જોઈએ : અને જેને સાધુના દર્શનથી એવો આનંદ થાય, તે પરિણામે અવશ્ય સમ્યગ્દર્શન ગુણને પામે. સાધુના દર્શનથી સમ્યગ્દર્શનાદિ ગુણો ન હોય તો તે પમાય છે અને પમાયા હોય તો તે ખીલે છે; પણ સાધુનું દર્શન જે રૂપે કરવું જોઈએ તે રૂપે કરાય તો !

## સાધુદર્શન ગુણપ્રાપ્તિનું કારણ ક્યારે ?

તમને સાધુના દર્શનથી આનંદ થાય છે તે સાધુઓમાં સાધુતા છે માટે થાય છે કે સંસારમાં લીલાલ્હેર કરવાની લાલસા સાધુસંતોની સેવાથી ફળે એવી કોઈ માન્યતાના યોગેઆનંદ થાય છે ? કે પછી, કુળાચારના યોગે ઉત્પન્ન થયેલા મમત્વના યોગે આનંદ થાય છે ? જેને સાધુતા ઉપર પ્રેમ નથી, તે કોઈ સાધુને માનતો પણ હોય, છતાંય તે વસ્તુતઃ સાધુપૂજક નથી. સાધુ ઉપરનો પ્રેમ, સાધુતા ઉપરના પ્રેમને કારણે હોવો જોઈએ અને સાધુઓની સેવા સાધુતા મેળવવાને માટે કરવી જોઈએ. સાધુતાને મેળવવાનો ઈરાદો પણ, આત્માના અનાદિકાળથી આવરાયેલા ગુણોને પ્રગટાવવાનો હોવો જોઈએ. આ હોય તો સાધુદર્શન સમ્યગ્દર્શનાદિ ગુણોની પ્રાપ્તિ આદિનું કારણ બન્યા વિના રહે નહિ.

## તીર્થને જડ માનીને એની સેવા આદિથી દૂર રહેવા જેવું નથી :

સ્થાવર તીર્થ પણ સમ્યગ્દર્શનાદિ ગુણોની પ્રાપ્તિનું અને સમ્યગ્દર્શનાદિ ગુણોને નિર્મળ બનાવવાનું સાધન છે. તીર્થને જડ માનીને, એની સેવા આદિથી દૂર રહેવા જેવું નથી. જડ પણ વસ્તુઓ આત્મસ્વરૂપને પ્રગટાવવામાં સહાયભૂત બની શકે છે, માટે જ આત્માના ગુણોને ખીલવનારી સામગ્રી ઉપર રાગ કેળવવાનું કહેવાય છે. પરિણામે રાગ માત્રથી આપણે મુક્ત બનવું છે, છતાં ગુણરાગ કેળવવાનો મહાપુરુષોએ ઉપદેશ આપ્યો કે નહિ ? આપ્યો જ, કારણ કે-ગુણપ્રાપ્તિનું ગુણરાગ એ પણ

કારણ છે. એ જ રીતિએ અવગુણદ્વેષ પણ અવગુણનો નાશ કરવામાં સહાયક નીવડે છે. આમ, રાગ અને દ્વેષ-બન્નેયથી આત્માની મુક્તિ સાધવાને માટે, પ્રશસ્ત રાગ અને પ્રશસ્ત દ્વેષ જેમ કારણ રૂપ બની જાય છે, તેમ જડ કર્મોના યોગથી જીવને મુક્ત બનાવવામાં અમુક અમુક જડ પદાર્થો પણ અમુક અમુક રીતિએ સહાયક બને છે, એ પણ સમજવાની જરૂર છે.

### પુસ્તક જડ છતાં જ્ઞાન કરાવે છે :

આ વસ્તુને નહિ સમજનારા આત્માઓ જ -'તીર્થ જડ છે માટે તીર્થે જવાની જરૂર નથી.' અગર તો -'તીર્થ જડ છે માટે એની સેવાથી લાભ નથી.' -એમ બોલે છે. એવાઓને પૂછવું જોઈએ કે- 'તીર્થ જડ હોવાના કારણે જ જો આત્મગુણોને પ્રગટાવવાના કારણ રૂપ ન હોય, તો પુસ્તક જ્ઞાનગુણને ખીલવવાના કારણ રૂપ કેમ બની શકે ?' પુસ્તક એટલે શું ? કાગળ, શાહી આદિ જડ પદાર્થોનું મિશ્રણ જ કે બીજું કાંઈ ? પુસ્તક એ જડ પદાર્થ જ છે, છતાં પણ એને ભણનાર એના યોગે વિદ્વાન બની શકે છે. જેણે વિદ્વાન બનવું હોય, તેણે જડ એવા પણ પુસ્તકનો આશ્રય લેવાની જરૂર ખરી કે નહિ?

સ૦ વિદ્વાન બનવા માટે પુસ્તકનો આશ્રય લેવો જ પડે.

વાત એ છે કે-જડ કર્મોના યોગથી આત્માને મુક્ત બનાવવાને માટે, જડ પણ જરૂરી સાધનોનો ઉપયોગ કર્યા વિના ચાલે તેમ નથી. જે જે સાધનો આત્માના સમ્યગ્દર્શનાદિ ગુણોને પેદા કરવામાં

સહાયક બનવાની લાયકાત ધરાવે છે, તે તે સાધનો જડ હોય તો પણ તીર્થ રૂપ જ છે ! અને એથી, એવા તીર્થની કોઈ પણ કલ્યાણના અર્થિએ આશાતના કરવાની હોય નહિ, પણ સેવા જ કરવાની હોય !

### વિવેકશીલતાની જરૂર :

આત્મા સાથેનો જડ કર્મોનો યોગ એ જ દુઃખની જડ હોવા છતાં પણ, કેટલીક જડ વસ્તુઓ પણ આત્માને જડ કર્મોના યોગથી મુક્ત બનાવવામાં બહુ સહાયક બની શકે છે. જડના યોગમાં ફસાયેલા આત્માની, જડની સહાય વિના કદી પણ મુક્તિ થઈ શકતી નથી : પણ જડનો ઉપયોગ કરવામાં આત્માએ વિવેકશીલ બનવાનું છે. વિવેકરહિતપણે જડનો ઉપયોગ થાય તો તે ડૂબાવે અને વિવેકસહિતપણે જડનો ઉપયોગ થાય તો તે તરવામાં સહાયભૂત બને ! એ વિવેકનું નામ જ સમ્યગ્દર્શન છે. અનાદિકાળથી આત્મા જડના યોગમાં ફસાયેલો છે અને એ ફસામણમાંથી મુક્ત બનવાને માટે જડની પણ સહાય વિના ચાલી શકે તેમ નથી; માટે અમુક અમુક જડ પદાર્થોનો ઉપયોગ પણ જ્ઞાનિઓની આજ્ઞા મુજબ કરવો એ જ સાચી વિવેકશીલતા છે.

### રૂચિ, ખ્યાલ અને અમલ :

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર,-એ આત્માના ગુણો છે. આ આત્મગુણોને પ્રગટાવવાનું જે સાધન, એનું નામ તીર્થ. સમ્યગ્દર્શનાદિ ગુણો જેના યોગે પામી શકાય અને ખીલવી શકાય.

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

એ સાધનો જડ હોય તો પણ તીર્થ રૂપ ગણાય. સમ્યગ્દર્શન એટલે તીર્થની રૂચિ, સમ્યગ્જ્ઞાન એટલે તીર્થના સ્વરૂપનો ખ્યાલ અને સમ્યક્ચારિત્ર એટલે સમ્યગ્જ્ઞાનનો અમલ. રૂચિ રૂપ દર્શન, ખ્યાલ રૂપ જ્ઞાન અને અમલરૂપચારિત્ર એ ત્રણેયનો યોગ થયો, એટલે આત્માનો નિસ્તાર થવાનો જ.

**મનુષ્યશરીર રૂપ સ્ટીમર :**

સ્ટીમરના કપ્તાનમાં રૂચિ, ખ્યાલ અને અમલ ત્રણેય હોય છે. સ્ટીમરને સહીસલામત બંદરે પહોંચાડવાની રૂચિ, બંદરે પહોંચાડવાના માર્ગનો ખ્યાલ અને બંદરે પહોંચાડવા માટે કરવી જોઈતી કાર્યવાહીનો અમલ, એ ત્રણેયના યોગે કપ્તાન સ્ટીમરને બંદરે પહોંચાડી શકે છે. મનુષ્યશરીર, એ પણ સંસાર સાગરથી તરવા માટેની સ્ટીમર છે, એમ કહી શકાય. આત્મા એનો કપ્તાન છે. મનુષ્યશરીર દ્વારા સંસારસાગર તરવો છે, માટે સંસારસાગરને તરવાની તથા તરવાના માર્ગની રૂચિ પણ હોવી જોઈએ, સંસારસાગરથી તરવાના માર્ગનો ખ્યાલ પણ હોવો જોઈએ અને સંસારસાગરથી તરી જવાના ઉપાયોનો આ જીવનમાં શક્ય હોય એટલો અમલ પણ હોવો જોઈએ.

**મનુષ્યશરીરનો ઉપયોગ શામાં થાય છે ?**

તમે તમારા મનુષ્યશરીર રૂપી સ્ટીમરનો કેવો ઉપયોગ કરી રહ્યા છો ? સંસારસાગરને તરવાને માટે તમારા શરીરને ઉપયોગમાં લો છો કે મોજ કરવા અને ખાવા-પીવા માટે જ ઉપયોગમાં લો છો ? જ્ઞાનિઓએ મનુષ્યજન્મની મહત્તા વર્ણવી છે, તે તો મનુષ્યશરીર સંસારસાગરથી તરવા માટેની

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

સ્ટીમર રૂપ હોવાથી જ વર્ણવી છે, પણ તમે એનો ઉપયોગ કેવો કરો છો, એ વિચારવા જેવું છે ને ? જ્ઞાનિઓની આજ્ઞા મુજબ ઉપયોગ કરનારા બનો એ જરૂરી છે પણ એ બને ત્યારે જ, કે જ્યારે આત્મામાં સમ્યગ્દર્શન ગુણ પ્રગટે !

**દિશા ફેરવો તો કષાયો પણ લાભદાયક નીવડે :**

શરીર જડ છે, છતાં આત્માને તીર્થ રૂપ બનાવવાનું સાધન છે. જડ કર્મોના યોગનો નાશ કરવામાં યોગ્ય શરીર પણ જરૂરી છે. આથી તો જ્ઞાનિઓએ આને અંગે પ્રધાન રૂપે એક જ વાત કરી છે અને તે એ કે -સૌથી પહેલાં દિશા ફેરવો. જ્ઞાનિઓની આજ્ઞા મુજબ દિશા ફેરવનાર આત્મા, કદાચ ખાતો પીતો હોય તો પણ કર્મક્ષય કરી શકે છે અને એથી પોતાના આત્મગુણોને પ્રગટાવી તથા વિકસાવી શકે છે. ક્રિયા તેની તે હોવા છતાં પણ, દિશા ફરે તો કર્મબંધના કારણ રૂપ ક્રિયા પણ કર્મક્ષયના કારણ રૂપ બને ! આથી જ જ્ઞાનિઓએ પ્રશસ્ત અને અપ્રશસ્ત-એમ બે વિભાગ પાડ્યા છે રાગ ખરાબ, પણ પ્રશસ્ત રાગ સારો : દ્વેષ ખરાબ, પણ પ્રશસ્ત દ્વેષ સારો : ક્રોધ ખરાબ, પણ પ્રશસ્ત ક્રોધ સારો : એ જ રીતિએ માન, માયા અને લોભ ખરાબ, પણ પ્રશસ્ત માન, પ્રશસ્ત માયા અને પ્રશસ્ત લોભ લાભદાયક છે ! આજે આ વસ્તુ ઘણે અંશે ભૂલાઈ ગઈ છે : કારણ કે અજ્ઞાન કરતાં દોઢડહાપણ બેહુ વધી ગયું છે.

**સંસારછેદની વૃત્તિ પેદા કરો :**

આ વિષય બહુ વિસ્તારથી ચર્ચવા જેવો છે, પણ એ ચર્ચવા જઈએ તો તીર્થયાત્રાનો વિષય બાજુએ રહી જાય. તમે અભ્યાસી બનો ઉપકારી મહાપુરુષોએ ફરમાવેલી વાતોના મર્મને જાણવાને માટે પ્રયત્નશીલ બનો, તો શ્રી જિનવાણીનો મર્મ સમજાય તેમ છે : પણ આત્માને મોક્ષની તેવી અભિલાષા જાગવી જોઈએ ને ? વિષય-કષાય રૂપ સંસાર જ્યાં સુધી દુઃખમય, દુઃખફલક અને દુઃખ પરંપરક ન લાગે, ત્યાં સુધી મોક્ષની તેવી અભિલાષા પ્રગટે પણ ક્યાંથી ? પોતાના વિષય-કષાય રૂપ સંસારનો છેદ કરવાની વૃત્તિ પેદા નહિ થાય, ત્યાં સુધી તીર્થયાત્રા દ્વારા જે લાભની પ્રાપ્તિ થવી જોઈએ તે લાભ પ્રાપ્ત નહિ થાય.

**તીર્થ રૂપ સ્થાનો :**

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર-એ ત્રણ અર્થો તીર્થ રૂપ છે તેમજ જે જે સ્થાનોમાં આ ત્રણ અર્થોને પમાડવાની તાકાત હોય, તે તે સ્થાનો પણ તીર્થ રૂપ છે. રત્નત્રયીમય બનેલો આત્મા પણ તીર્થ રૂપ છે.

**યાત્રાનો હેતુ :**

સ્થાવર તીર્થની યાત્રાએ આપણે જઈ રહ્યા છીએ. આ યાત્રાનો હેતુ શો છે ? આ યાત્રાના ફળ તરીકે તમને શું મેળવવાની ઈચ્છા છે ? તીર્થયાત્રાના યોગે પોતાના આત્માને તીર્થ રૂપ બનાવવાની

**તીર્થ-
યાત્રાનો
વાસ્તવિક
હેતુ**

જ ભાવના હોવી જોઈએ : અર્થાત્-પોતાના આત્મામાં તીર્થયાત્રાના યોગે રત્નત્રયીમયતા પ્રગટે એવી અભિલાષા હોવી જોઈએ આથી વિપરીત અભિલાષા હોય, તો સમજી લેજો કે-તમે તીર્થે જાવ છો, છતાં પણ સાચા તીર્થયાત્રિકો નથી.

### સાધુ માટે ભૂષણ રૂપ :

સ્થાવર તીર્થ અને જંગમ તીર્થ-એ બેય તીર્થોની સેવા પોતાના આત્માને રત્નત્રયીમય બનાવવાના હેતુથી થાય તો કલ્યાણ દૂર નથી, પણ સંસાર પ્રત્યે અરૂચિ અને મોક્ષ પ્રત્યે રૂચિ પ્રગટયા વિના એ બને જ નહિ. અમે તો એ જ ઈચ્છીએ છીએ કે-તમારામાં સંસાર પ્રત્યે અરૂચિ અને મોક્ષ પ્રત્યે રૂચિ પ્રગટે તેમજ એ રૂચિના યોગે તમારો આત્મા રત્નત્રયીમય બને. સંસાર પ્રત્યેની અરૂચિ અને મોક્ષ પ્રત્યે રૂચિ પ્રગટાવવી અને સંસાર પ્રત્યેની અરૂચિની જેમ જ મોક્ષ પ્રત્યેની રૂચિને સફળ બનાવવાને માટેના રત્નત્રયીની આરાધનાના માર્ગ પ્રત્યે રૂચિ પ્રગટાવવી, એ જ સાચા સાધુ માટે ભૂષણ રૂપ છે. સંસારની રૂચિને વધારનારા તો શાસનના દ્રોહીઓ છે. તેમજ સ્વ-પરના હિતની કારમી કતલ કરનારાઓ છે. તમને આ વસ્તુ જચી જાય, તો તમે કુસાધુઓની જાળમાં ફસાતાં સહેલાઈથી બચી શકો અને સુસાધુઓનો યોગ મેળવીને સહેલાઈથી કલ્યાણને સાધનારા બની શકો.

(૬)

## દુનિયાના જીવોને સાચા ઉપાયની ગમ નથી

આ સંસારમાં સર્વ પ્રાણીઓની એ ઈચ્છા છે કે અમને દુઃખ ન આવો, અમને સુખ મળો અને અમારૂં સુખ સદાને માટે બન્યું રહો ! પણ એકલી ઈચ્છા કરવા માત્રથી જ તેમ બની જતું નથી. દુઃખનો નાશ તથા સુખની પ્રાપ્તિ થાય એ માટે તો જેજે ઉપાયો દ્વારા દુઃખનો નાશ તથા સુખની પ્રાપ્તિ થાય તેમ હોય તે તે ઉપાયોનું જ્ઞાન મેળવવું જોઈએ અને તેનો અમલ કરવાને માટે પણ અપ્રમત્તપણે પ્રયત્નશીલ બની જવું જોઈએ. જે જે ઉપાયોના આદરથી દુઃખનો નાશ તથા સુખની પ્રાપ્તિ થાય તેમ છે, એવા ઉપાયોનું જ્ઞાન મેળવીને તેનો અમલ કરવાની તાકાત જે મનુષ્યોને મળી છે તે મનુષ્યો માત્ર ઈચ્છા કરીને જ બેસી રહે એ યોગ્ય નથી. વળી, દુઃખના નાશના અને સુખની પ્રાપ્તિના સાચા ઉપાયને જાણવાનો પ્રયત્ન કર્યા વિના જ ગમે તેવો પ્રયત્ન કરવો અગર તો ગતાનુગતિકપણે પ્રયત્ન કરવો એ પણ ઠીક નથી. કારણ કે વિપરીત પ્રયત્નના યોગે દુઃખ નાશ પામવાને બદલે વધે છે અને એથી સુખની પ્રાપ્તિ થતી નથી. આ સંસારમાં સઘળાય જીવોની ઈચ્છા પોતાના દુઃખને ટાળવાની છે તથા સુખને મેળવવાની છે-એ જેમ ચોક્કસ છે, તેમ આ સંસારના સઘળાય જીવો પોતાની શક્તિ-સામગ્રી મુજબ દુઃખનાશ તથા સુખપ્રાપ્તિના બધાય પ્રયત્નો કરે છે, એય ચોક્કસ છે. આમ છતાં પણ દુઃખ જતું નથી અને સુખ મળતું નથી. એ સૂચવે છે કે- ‘દુઃખનાશ તથા સુખપ્રાપ્તિના સાચા ઉપાયની દુનિયાના

જીવોને ગમ નથી.' અને એથી જ દુઃખનાશ તથા સુખપ્રાપ્તિના ઈરાદે પણ પ્રયત્ન એવો થાય છે કે-જે પ્રયત્ન પરિણામે દુઃખને જ વધારનારો નીવડે છે.

## ઈચ્છા ફળે ક્યારે ?

મહાન પુણ્યના યોગે મનુષ્યજન્મની પ્રાપ્તિ થાય છે.' દુઃખનાશ અને સુખપ્રાપ્તિની ઈચ્છાને સફળ બનાવવાને માટે આ મનુષ્યજન્મ જેવો બીજો કોઈ સામગ્રી સંપન્ન જન્મ નથી આપણને એવો મનુષ્યજન્મ મળ્યો છે. આમ છતાં પણ આપણે દુઃખનાશ તથા સુખપ્રાપ્તિની આપણી મુરાદ કયા માર્ગે બર આવશે તેનો વિચાર ન કરીએ, દુઃખનાશ તથા સુખપ્રાપ્તિના ઉપાયોનું જ્ઞાન પ્રાપ્ત કરવા તરફ બેદરકાર રહીએ અને 'મહેનત કરીને મરી ગયા પણ અમારૂં દુઃખ ગયું નહિ અને સુખ મળ્યું નહિ.' એવી રિબામણમાં જીન્દગી ગુમાવી દઈએ, તો એ કોઈ પણ રીતિએ યોગ્ય નથી. દુઃખનાશ તથા સુખ પ્રાપ્તિની ઈચ્છા પૂરેપૂરી છે તેમજ એ ઈચ્છાને આધીન બનીને શક્તિ-સામગ્રી મુજબ બધા પ્રયત્નોય કરે છે : પણ વાંધો એ છે કે-દુઃખનાશ તથા સુખપ્રાપ્તિના વાસ્તવિક ઉપાયનું જગતના જીવોને ભાન નથી અને એથી જે પ્રયત્ન સવળી દિશાએ થવો જોઈએ તે પ્રયત્ન ઉલટી દિશાએ થઈ રહ્યો છે. આથી સ્પષ્ટ છે કે-નથી તો એકલી ઈચ્છા માત્રથી કાર્યસિદ્ધિ થતી કે નથી તો ગમે તેવા પ્રયત્ન માત્રથી' કાર્યસિદ્ધિ થતી ! પણ સિદ્ધિ તો તેને મળે છે, કે જે સિદ્ધિસાધક ઉપાયને જાણીને તેનો અમલ કરવામાં જ પોતાના પુરૂષાર્થનો સદ્વ્યય કરે છે !'

## પ્રતીતિ જ્ઞાન અને અમલ :

રાગ અને દ્વેષથી સર્વથા રહિત બનેલા પરમાત્માએ, અનન્તજ્ઞાન સંપાદન કરીને, દુઃખનાશ તથા સુખપ્રાપ્તિનો ઉપાય દર્શાવ્યો છે. શ્રી વીતરાગ પરમાત્માએ દર્શાવેલો દુઃખનાશ તથા સુખપ્રાપ્તિનો ઉપાય એ જ એક દુઃખને મીટાવવાનો તથા સુખને સંપાદન કરવાનો અમોઘ ઉપાય છે, એવી આપણા આત્માને પ્રતીતિ થઈ જવી જોઈએ. એ પ્રતીતિ સાથે પરમાત્માએ દર્શાવેલા ઉપાયનું જ્ઞાન મેળવવું જોઈએ તેમજ તે તે ઉપાયનો અમલ એ જ જીવનનું સાધ્ય બની જવું જોઈએ. જ્યાં સુધી આમ બને નહિ, ત્યાં સુધી તમે ગમે તેટલી ઈચ્છા કરો અને ગમે તેટલો પ્રયત્ન કરો, પણ દુઃખ જવાનું નહિ અને સુખ મળવાનું નહિ એ ચોક્કસ છે. પરમાત્માએ દર્શાવેલા માર્ગની પ્રતીતિ, એનું જ્ઞાન અને એનો અમલ-આ ત્રણનો યોગ થઈ જાય, તો જ આપણું દુઃખ મૂળમાંથી જાય અને આપણને સાચું શાશ્વત સુખ પ્રાપ્ત થાય.

## પરમાત્માને માનો છો ?

એમ કહેવાય છે કે-આ દેશમાં મોટો ભાગ પરમાત્માને માનવાવાળો છે. પરમાત્માને માનવા-વાળાઓ પણ, -'પરમાત્માને માનવાવાળાએ કયી રીતિનો વર્તાવ કરવો જોઈએ.' -એનો વિચાર જો ન કરે, તો એ બહુ દુઃખની વાત કહેવાય. 'પરમાત્મા કોણ અને એ તારકની આજ્ઞા શી ?' -એનો વિચાર આજના માણસો કેટલો કરે છે ? આવો વિચાર કરનારા જવલ્લે જ મળશે. પરમાત્માના સ્વરૂપને અને એ તારકની આજ્ઞાને જાણવાનો પ્રયત્ન ન થાય. એ બહુ જ ભયંકર છે. કેવી રીતિનો

વર્તાવ કરવાથી અમને અને અમારાથી બીજાને દુઃખ ન થાય-એનો વિચાર, પરમાત્માને માનવાનો દાવો કરનાર પણ નહિ કરે, તો કરશે કોણ ? મહાપુરૂષો તો ફરમાવે છે કે-પરમાત્માના સ્વરૂપ તથા એ તારકની આજ્ઞાને જાણવાની ઉપેક્ષા કરનારો, વસ્તુતઃ પરમાત્માને માનનારો જ નથી.

**પોતાના જ ભલા ખાતર વિચારો :**

પોતાના આત્માના હિતનો વિચાર નહિ કરતાં, જેઓ પોતાને મળેલા આ મનુષ્યભવને પાપ કાર્યવાહી કરવામાં જ વેડફી નાંખે છે. તેઓને આ મનુષ્યજન્મની પ્રાપ્તિ પણ ખરાબ થવા માટે મળી છે, એમ પણ કહી શકાય : કારણ કે-સારી પણ વસ્તુનો સદુપયોગ કરવામાં ન આવે અને દુરૂપયોગ કરવામાં આવે, તો સારી વસ્તુથી પણ લાભને બદલે નુકસાન અધિક થાય છે એ સ્પષ્ટ છે. 'મનુષ્યભવ પણ આજે ઘણા માનવીઓને અધિક નુકસાન થવાને માટે મળ્યો છે' -એમ એમની કાર્યવાહી જોતાં લાગે છે. બીજાના ભલા ખાતર નહિ. પણ પોતાના જ ભલા ખાતર માણસોએ વિચાર કરવો જોઈએ કે -'મોટા ભાગ્યથી આર્ય દેશમાં મનુષ્યજન્મ મળ્યો છે : એમાં પણ પરમાત્મા અને એમની આજ્ઞાઓને જાણવાનો યોગ મળ્યો છે, માટે બૂરી કાર્યવાહીને છોડીને સારી કાર્યવાહીમાં જ મારે આ મનુષ્યજીવનને પસાર કરવું જોઈએ.' એમ કરવાથી બીજાઓનું પણ ભલું થયા વિના રહેવાનુંજ નથી : છતાં એમ કહી શકાય કે-એથી બીજાનું ભલું થાઓ કે ન થાઓ, પણ પોતાના આત્માનું તો અવશ્યમેવ ભલું થશે અને એથી બીજાનું ભૂંડું તો અવશ્યમેવ થશે નહિ.

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી પ્રત-૨જી

● **તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

## પરમાત્માનું નામ અને દર્શન ફળે ક્યારે ?

મનુષ્યનું આયુષ્યપૂર્ણ થયા બાદ અહીંથી અવશ્ય જવું પડશે અને જવાનું અહીંની કાર્યવાહી ઉપર રહેશે. પરમાત્માને માનવા માત્રથી દુઃખનો નાશ અને સુખની પ્રાપ્તિ થતી હોત, તો એક વખત પરમાત્માનું નામ લેવાથી બધાને તેમ થઈ જાત. પરમાત્માને પિછાની, એ તારકની આજ્ઞાનો અમલ કરવાને માટે જેઓ પ્રયત્ન કરતા નથી અથવા તો તેમ કરવાની ઈચ્છા પણ જેઓને થતી નથી, તેમને પરમાત્માનું નામ કે દર્શન કશો પણ વાસ્તવિક કોટીનો લાભ કરનાર નીવડતું નથી. પરમાત્માને માન્યા ત્યારે જ કહેવાય, કે જ્યારે એ તારકના યથાર્થ સ્વરૂપને જાણીને આપણે માનીએ તેમજ એ તારકની આજ્ઞા મુજબ વર્તવાને માટે યથાશક્ય રીતિએ ઉદ્યમશીલ બનીએ. એવા બનશો તો જ પરમાત્માનું નામ અને દર્શન વાસ્તવિક કોટિના લાભને આપનારૂં નીવડશે.

### પરમાત્મા બનવાનો ઉપાય :

પરમાત્મા કોઈ અગોચર ચીજ છે ? આત્મા છે એ જ પરમાત્મા છે એમ સૂચવે છે. કારણ કે આત્મા પોતે પરમ બને એટલે એ પરમાત્મા બન્યો કહેવાય. સામાન્ય રીતિએ એમ કહી શકાય કે-સર્વ ભવ્યાત્માઓ પરમાત્મા થવાની તાકાત ધરાવે છે, પણ એ તારકની આજ્ઞાનો અમલ કર્યા વિના એ તાકાત કાર્ય સાધક નીવડતી નથી. પરમાત્મા બનવાની ખાતર પરમાત્માએ જે કલ્યાણનો માર્ગ બતાવ્યો છે, તેની પ્રતીતિવાળા બનવું જોઈએ, તેનું જ્ઞાન મેળવવું જોઈએ અને જીવનમાં તેનો અમલ પણ કરવો જોઈએ.

**પરમાત્માની આજ્ઞા :**

પરમાત્માને માનવાવાળો, કોઈને દુઃખ થાય એવી પ્રવૃત્તિ કરવામાં કદી પણ રાજી હોય નહિ. પોતાના સ્વાર્થની ખાતર, સ્વાદની ખાતર કે પોતે માનેલા પણ પરમાત્માએ નિષેધેલા ધર્મની ખાતર કોઈને પણ દુઃખ નહિ આપવું જોઈએ. કેવળ પરમાત્માની આજ્ઞા મુજબ વર્તવાને માટે જ પ્રયત્નશીલ બની જવું જોઈએ. કેવળ પરમાત્માની આજ્ઞાનુસાર વર્તવાને માટે જે આત્મા તત્પર બને છે, તે આત્મા જ યથાર્થ રૂપમાં હિંસાનો ત્યાગ અને અહિંસાનું પાલન કરી શકે છે. હિંસાનો ત્યાગ અને અહિંસાનું પાલન, એ જ પરમાત્માની આજ્ઞા છે. હિંસાનો ત્યાગ અને અહિંસાનું પાલન, એ જ સર્વ ખરાબીઓનો નાશ કરવાનો ઉપાય છે. હિંસાનો ત્યાગી અને અહિંસાનો ઉપાસક બનેલો આત્મા જુઠ નહિ બોલે, ચોરી નહિ કરે, બ્રહ્મચર્યનું અખંડિત પાલન કરશે અને સઘળા પૌદ્ગલિક પદાર્થો ઉપરની મમતાથી પર બનશે. જેનાથી આવું ઉંચું જીવન નહિ જીવાય તે નિરપરાધી ત્રસ જીવોની હિંસાને તજશે, અસત્યવાદ તરીકે દુનિયામાં ગણાય તેવું જુઠું નહિ બોલે, ચોરી નહિ કરે તેમજ પરસ્ત્રીની સામું પણ નહિ જુએ. એ જ રીતિએ પરમાત્માનો પૂજારી સંતોષી પણ બને છે, લોભ પણ ઓછો કરે છે અને એથી આત્માને જે શાંતિ જોઈએ છે તે પણ જરૂર એને પ્રાપ્ત થાય છે.

**અમારો સંદેશ :**

આ જીવનમાં પરમાત્માને પિછાનીને એ તારકની આજ્ઞાનુસાર વર્તવાને પ્રયત્નશીલ બનેલા

આત્માનો આગામી જન્મ પણ સુધરે છે અને પરમાત્માની આજ્ઞાનો અમલ અધિક કરવાની તાકાત પણ એવા આત્માને આગામી જન્મમાં પ્રાપ્ત થાય છે. આમ ક્રમસર આગળ વધતે વધતે એ આત્મા એક વખત એવી દશાને પણ પામી જાય છે કે-જે વખતે એ આત્માને દુઃખનો એક અંશ માત્ર પણ રહે નહિ અને એ આત્માને એવું સુખ મળે કે જે સુખ અનન્ત કાળે પણ જાય નહિ. પરમાત્માએ દર્શાવેલા માર્ગ પ્રત્યે રૂચિ, એ માર્ગનું જ્ઞાન અને એ માર્ગનો અમલ-આટલું સૌ કોઈ પામો અને એ રીતિએ કલ્યાણને સાધનારા બનો, એ જ મહાપુરૂષોની આજ્ઞા મુજબનો અમારો તમને અને સૌને સંદેશ છે.

(૭)

**શાન્તિનો અનુભવ કરાવનારો માર્ગ :**

જગતના સઘળા ઉપકારી મહાપુરૂષોએ ફરમાવ્યું છે કે-પ્રત્યેક આત્મા સુખ કે દુઃખ પોતાની કરણીને અનુસાર જ કરે છે ! ‘આપણને વર્તમાનમાં સુખ મળતું હોય કે દુઃખ, તે આપણી જ કરણીનું ફળ છે.’ -આ વાત બરાબર ધ્યાનમાં આવી જવી જોઈએ.’ જો આ વાત બરાબર ધ્યાનમાં આવી જાય, તો પાપની પ્રવૃત્તિ આપોઆપ રોકાઈ જાય અને આત્માની ઈહલૌકિક, પારલૌકિક તેમજ પારંપરિક હિત સાધનારી પ્રવૃત્તિ શરૂ થઈ જાય. પણ અનંત ઉપકારી મહાપુરૂષોએ ફરમાવેલી આ વાતનો વાસ્તવિક વિચાર જ આજે ઘણા ઓછા માણસો કરે છે. સુખી માણસો લગભગ એવા ઘમંડમાં

**તીર્થ-
યાત્રાનો
વાસ્તવિક
હેતુ**

આ જીંદગી પસાર કરે છે કે-'આ સુખ મારી બુદ્ધિ વગેરેનું જ ફળ છે.' અને દુઃખી માણસો પ્રાયઃ બીજાના દોષો કાઢીને જ આખી જીંદગી દીનતામાં પૂરી કરે છે. સુખી આદમી ઘમંડી અને દુઃખી આદમી દીન બની રહ્યો છે, તે અનન્તજ્ઞાનિઓએ ફરમાવેલી આ વાત ધ્યાનમાં નહિ લેવાથી જ કે-'સુખ યા દુઃખ એ પોતાની જ કાર્યવાહીનું પરિણામ છે.' ઉપકારી મહાપુરૂષોએ તો ફરમાવ્યું છે કે-'સુખ યા દુઃખ પોતાની કરણીનું ફળ હોઈને, સુખ યા દુઃખ શાંતિથી-આત્માનું અહિત ન થાય એ રીતિએ સમભાવથી સહી લેવું, એ જ શાંતિનો ઉપાય છે.' અનન્તજ્ઞાનિઓનો આ ઉપદેશ હૃદયમાં પરિણામ પામી જાય, તો જગતમાં જેટલી અશાંતિ વ્યાપી રહી છે, તે સઘળી ય નાશ પામી જાય અને સાચી શાંતિ આપોઆપ પ્રસરી જાય. આજે સુખી માણસો પ્રાયઃ સુખના અભિમાનમાં મસ્ત બની ગયા છે અને દુઃખી માણસોને પ્રાયઃ દુઃખના યોગથી જન્મેલી દીનતા છોડતી નથી. પરિણામે સુખીની આંખમાં અનુકંપા રહી નહિ અને દુઃખીની આંખમાં અમી રહ્યું નહિ. દુઃખી સુખીને જોઈને ઈર્ષાળુ બન્યા છે અને સુખી દુઃખીને જોઈને તિરસ્કારવાળા બન્યા છે. આથી, સુખ કે આશ્વાસનનો અનુભવ બંનેમાંથી કોઈ કરતું નથી. 'સુખ એ પૂર્વજન્મની સારી કાર્યવાહીનું ફળ છે અને દુઃખ એ પૂર્વજન્મની બૂરી કાર્યવાહીનું ફળ છે' -એમ માનીને, જે સંયોગો મળ્યા હોય, તેને શાંતિથી સહન કરી, ભવિષ્ય સુધરે એ માટે પરમાત્માની સેવા અને પરમાત્માની આજ્ઞાના પાલનમાં લાગી જવું, એ જ સુખી અને દુઃખી બંનેને શાંતિનો અનુભવ કરાવનારો માર્ગ છે. આ માર્ગને સાચી રીતિએ અનુસરનાર આત્માઓ જ પોતાના પરલોકને સુધારીને પરિણામે સંપૂર્ણ અને શાશ્વત શાંતિ પ્રાપ્ત કરી શકે છે.

●

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

## (૮)

## ધર્મતીર્થ

જગતના પ્રાણિ માત્રનું વાસ્તવિક ભલું કરવાની ઉત્કટ ભાવનાના યોગે, પોતાના અન્તિમ ભવથી ત્રીજે ભવે અનુપમ પ્રકારના પુણ્યને ઉપાર્જનારા પરમ તારક પુણ્યપુરૂષોએ જે શાસનની સ્થાપના કરી છે, તે જ આ જગતમાં સાચુ ધર્મતીર્થ છે. એ તારકોના આત્માઓ, પોતાના રાગનો અને દ્વેષનો સર્વથા ક્ષય કરીને વીતરાગતાને પ્રાપ્ત કરે છે. એ પછી પોતાના આત્મામાં રહેલા અનંતજ્ઞાનરૂપ ગુણને પણ એ તારકો સંપૂર્ણપણે પ્રગટાવે છે અને ત્યારબાદ, શ્રી વીતરાગ અને અનંતજ્ઞાની બનેલા એ પુણ્યપુરૂષો ધર્મતીર્થની સ્થાપના કરે છે ! આ રીતિએ અનન્તજ્ઞાની શ્રી વીતરાગ પરમાત્માએ સ્થાપેલા ધર્મતીર્થના શરણને જે આત્માઓ પામે છે, તે આત્માઓ પરિણામે દુઃખ માત્રથી મુકાય છે અને સંપૂર્ણ એવા શાશ્વત સુખને પામે છે. આ ધર્મતીર્થના શરણને સાચી રીતિએ પામીને કોઈ પણ આત્મા સાચા શાશ્વત સુખને ન પામે, એ શક્ય જ નથી.

### ધર્મતીર્થની આરાધના અને પ્રભાવના :

જગતના પ્રાણિઓને દુઃખ માત્રથી છોડાવનાર અને સંપૂર્ણ શાશ્વત સુખમાં ઝીલતાં બનાવનાર આ એક જ ધર્મતીર્થ છે અને એથી જગતમાં આવા ધર્મતીર્થનો મહિમા જેટલો વધારી શકાય તેટલો વધારવાને કટિબદ્ધ બનવું, એ પણ સાચા દયાળુઓનું પરમ કર્તવ્ય છે, તમારા ગામમાં આજે જે સંઘ

**તીર્થ-
યાત્રાનો
વાસ્તવિક
હેતુ**

આવ્યો છે, તે સંઘ આવા અનુપમ ધર્મતીર્થની આરાધના તથા પ્રભાવનાના હેતુથી કાઢવામાં આવ્યો છે. આ સંઘનો તમે સત્કાર કર્યો છે અને કરો છો, પણ તે કયા ઈરાદાથી ? સંઘનો સત્કાર કરવામાં પણ તમારો ઈરાદો, સાચા ધર્મતીર્થની આરાધના કરવાનો હોવો જોઈએ અને સાથે સાથે તેની પ્રભાવના પણ કરવાનો હોવો જોઈએ.

**તીર્થના ખ્યાલની જરૂર :**

તીર્થ કોને કહેવાય અને તીર્થ એ શું વસ્તુ છે, એ વિષે આ સંઘ નીકળ્યો ત્યારથી વિચારણા ચાલી રહી છે : કારણ કે-તીર્થનું તીર્થ રૂપે ભાન થઈ જવાના યોગે, આત્મા પોતાની તીર્થયાત્રાને સહેલાઈથી સંસારતારક તીર્થયાત્રા બનાવી શકે છે. તીર્થનું સાચું ભાન થયા વિના, તીર્થયાત્રા જેવી રીતિએ ફળવી જોઈએ, તેવી રીતિએ ફળતી નથી. તીર્થ શબ્દનો ભાવ જ્ઞાનિઓએ જે રાખ્યો છે, તેનો વાસ્તવિક ખ્યાલ આવવા જોગી લાયકાત જ્યાં સુધી પ્રગટે નહિ, ત્યાં સુધી તીર્થયાત્રાનો સાચો મનોરથ પ્રગટે નહિ. તેમજ તીર્થયાત્રામાં જેવી જોઈએ તેવી ભાવના પણ ઉત્પન્ન થવા પામે નહિ, તે સ્વાભાવિક છે. આથી તીર્થના વાસ્તવિક ભાવનો ખ્યાલ આપવાનો પ્રયત્ન ચાલી રહ્યો છે.

**તીર્થની વિચારણા માટે તત્ત્વવિચારણા :**

આજે તીર્થયાત્રાના વિષયમાં નવીન વિચારણા થઈ શકે તેમ નથી : કારણ કે-નવા સાંભળનારાઓ વિશેષ પ્રમાણમાં છે. નવા સાંભળનારાઓને પણ વસ્તુનો કાંઈક ખ્યાલ આવી જાય,

એ રીતિએ આજે કહેવાનું છે. તીર્થ કોને કહેવાય ? તરવાના સાધનને તીર્થ કહેવાય છે. તીર્થસેવાની જરૂર બતાવવી હોય, ત્યારે એ પણ બતાવવું પડે કે- 'તરવાનું કોને ? અને તરવાની જરૂર શી ?' આ બાબતોનો વિચાર કરવાને માટે આત્માનો વિચાર પણ કરવો પડે, કર્મનો વિચાર પણ કરવો પડે, આત્માની સાથેના કર્મના યોગનો વિચાર પણ કરવો પડે અને આત્મા કર્મના યોગથી કેવા પ્રકારે મુક્ત બની શકે, એનો વિચાર પણ કરવો પડે. અર્થાત્ તીર્થની વિચારણામાં સઘળાંય તત્ત્વોની વિચારણા કરવી પડે તેમ છે.

**તત્ત્વજ્ઞાનની ગહનતા :**

તત્ત્વોની વિચારણા એ તો એક એવી વસ્તુ છે કે-જેમ જેમ વિચારતા જઈએ, તેમ તેમ નવું નવું લાગે તેવું વર્ણન નીકળ્યે જ જાય. પ્રત્યેક તત્ત્વની સંપૂર્ણ વિચારણા તો કોઈ કાળે કોઈથી પણ કહી શકાય તેમ નથી, કારણ કે-વસ્તુના ભાવો પણ અનંતા છે ! આમ છતાં પણ, જ્ઞાનિઓએ તત્ત્વોના જ્ઞાનનો ખજાનો શાસ્ત્રોમાં ભર્યો છે અને તેનો તમને થોડો ઘણો પણ ખ્યાલ આવી જાય એ માટે ટૂંકી ટૂંકી વાતો દ્વારા મૂળવસ્તુને સમજાવવાનો વિચાર રાખેલો છે.

**જે આત્મા ડૂબવાના કારણથી પર હોય, તે આત્માને તરવાના કારણથી જરૂર નથી :**

જો તરવાની જરૂર જ ન હોય, તો પછી તીર્થની જરૂર રહેતી જ નથી. ડૂબવાને જ્યાં સ્થાન નથી,

ત્યાં તરવાની વાતને અવકાશ હોતો જ નથી. તરવાના સાધનની કિંમત ડૂબવાના કારણને જ આભારી છે. જેમ ડૂબવાનું કારણ મોટું, તેમ તરવાના સાધનની કિંમત વિશેષ. જે ડૂબવાના કારણથી પર છે, તેને તરવાના કારણનો આશ્રય લેવાની જરૂર જ હોતી નથી. તરવાના કારણનો આશ્રય તેને જ લેવો પડે છે અને તેણે જ લેવો જરૂરી છે, કે જે ડૂબવાના કારણથી પર નથી. અનન્ત જ્ઞાનિઓએ ફરમાવ્યું છે કે-સંસારના પ્રાણિ માત્રે પોતાના આત્માને તારવાની જરૂર છે. જેઓએ પોતાના આત્માને તાર્યો છે, એને તરવાની જરૂર નથી : કારણ કે-એ ડૂબવાના કારણથી પર છે. પરંતુ જેઓએ પોતાના આત્માને તાર્યો નથી, તેઓએ તો પોતાના આત્માને તારવાની ખાસ જરૂર છે, કારણ કે-જ્યાં સુધી આત્મા સંપૂર્ણપણે તરી ન જાય, ત્યાં સુધી એના દુઃખનો સર્વથા અન્તેય આવવાનો નથી અને ત્યાં સુધી એને સુખની સમ્પૂર્ણ પ્રાપ્તિ પણ થવાની નથી.

## તારવાની જરૂર શાથી ?

આત્માને તારવાની જરૂર શાથી ઉભી થઈ ? આત્મા મૂળ સ્વરૂપે તો નિર્મળ છે, પણ માટીમાં એકમેક રૂપ બની ગયેલા સોના જેવી આત્માની દશા થઈ છે, માટે જ આત્માને તારવાની જરૂર ઉભી થઈ છે. આત્મા જડની સાથે એકમેક રૂપ થઈ ગયો છે, માટે તેનું મૂળ નિર્મલ સ્વરૂપ આવરાયેલું છે. એ આવરણની મલિનતા, આત્મા જેવી નિર્મલ વસ્તુને સંસાર રૂપ સાગરમાં ડૂબાવે છે અને દુઃખી

બનાવે છે. 'નિર્મલ સ્વરૂપવાળા આત્માને આવી મલિનતા વળગી ક્યારે ?' -એવો પ્રશ્ન ઉઠવાનો સંભવ છે : પણ જ્ઞાનિઓ ફરમાવે છે કે -'એ મલિનતાનો યોગ આજ-કાલનો નથી, પણ અનાદિકાલનો છે.' આત્મા પહેલાં નિર્મલ હતો અને પછી મલિન બન્યો, એમ નથી. આત્મા સાથેનો જડ કર્મોનો યોગ અનાદિકાલનો જ છે. આત્માય અનાદિકાલથી છે, કર્મેય અનાદિકાલથી છે અને આત્મા સાથેનો કર્મનો યોગ પણ પ્રવાહ રૂપે અનાદિકાલથી છે. કર્મ રૂપ જડનો યોગ આત્માની સાથે અનાદિકાલથી હોવાના કારણે જ, આત્માને તારવાની જરૂર ઉભી થઈ છે. જો આમ ન માનીએ અને 'શુદ્ધ પણ આત્મા મલિન થાય છે.' -એમ માનીએ તો તો આત્માને શુદ્ધ બનાવવાનો પ્રયત્ન કરવાની વાત જ નકામી બની જાય. પણ અનન્તજ્ઞાનિઓ ફરમાવે છે કે-આત્મા અનાદિથી છે, આત્માને વળગતાં કર્મોનું અસ્તિત્વ પણ અનાદિથી છે અને આત્મા સાથેનો કર્મોનો યોગ પણ અનાદિથી છે.

### આત્મસ્વરૂપને પ્રગટાવવાનો પ્રયત્ન કરવો જોઈએ :

આત્માની સાથેનો જડ કર્મોનો આ અનાદિનો યોગ સર્વથા ક્ષીણ ન થાય, ત્યાં સુધી આત્માનું શુદ્ધ સ્વરૂપ પણ સંપૂર્ણપણે પ્રગટે નહિ : અને આત્મા જ્યાં સુધી પોતાના તે શુદ્ધ સ્વરૂપને સંપૂર્ણપણે પ્રગટાવે નહિ ત્યાં સુધી તે સુખમય શાશ્વત સ્થિતિને ભોગવનારો બની શકે પણ નહિ ! આથી અનન્તજ્ઞાનિઓએ પ્રાણિ માત્રને એ જ ઉપદેશ આપ્યો છે કે-દુઃખના દ્વેષી અને સુખના અર્થી જીવોએ

● **તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

પોતાના આત્માના મૂળ સ્વરૂપને જ પ્રગટાવવાનો પ્રયત્ન કરવો જોઈએ.' આવો પ્રયત્ન કરવામાં જે કાંઈ સહાય રૂપ બની શકવાની લાયકાત ધરાવે છે, એને જ તીર્થ કહેવાય.

**આત્મસ્વરૂપ પ્રગટાવવામાં સહાયક બનવાની જેનામાં લાયકાત હોય, તેને જ તીર્થ કહેવાય :**

તીર્થ જેને-તેને ન કહેવાય, પણ તીર્થ તેને જ કહેવાય, કે જે આત્માને તેનું મૂળભૂત સ્વરૂપ પ્રગટાવવામાં સહાયક બનવાની લાયકાત ધરાવનાર હોય ! કોઈપણ વસ્તુ કે વ્યક્તિને તીર્થ તરીકે કહેવામાં આવે, ત્યારે એ જોવું કે- 'એનામાં આ પ્રકારની લાયકાત છે કે નહિ ?' આત્માના મૂળભૂત સ્વરૂપને પ્રગટાવવામાં સહાયક બનવાની લાયકાત હોય તો જ એનો તારક તીર્થ તરીકે સ્વીકાર કરવો; નહિતર કહેવું કે - દુનિયામાં એ તીર્થ કહેવાય છે, પણ વસ્તુતઃ એ તીર્થ નથી આ પ્રકારની દૃઢ માન્યતા કેળવવાની જરૂર છે. આ માન્યતા દૃઢ થાય. તો સાચું તીર્થ કયાં છે તે શોધવાની ભાવના પ્રગટયા વિના રહે નહિ. એ ભાવનાના યોગે કુતીર્થનો ત્યાગ તથા સુતીર્થનો સ્વીકાર કરવાનો પ્રયત્ન ન થાય એય બને નહિ અને એથી પરિણામે આત્માનું મૂળભૂત સ્વરૂપ સંપૂર્ણપણે પ્રગટયા વિના પણ રહે નહિ. આથી સૌ પહેલાં એ નક્કી કરી લેવું જોઈએ કે- 'કર્મના યોગમાં અનાદિકાળથી જકડાયેલા આત્માને, પોતાનું નિર્મલ સ્વરૂપ પ્રગટાવવામાં જે વસ્તુ અગર જે વ્યક્તિ સહાયક બનવાની લાયકાત ધરાવતી હોય, તેનો જ તીર્થ તરીકે સ્વીકાર થાય અને સંસારસાગરથી નિસ્તાર પામવાને માટે તેની જ સેવા થાય !'

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

### વિષય અને કષાયની આધીનતા :

આત્મા અનાદિકાલથી જડ કર્મોના યોગમાં ફસાયેલો છે અને એથી જ અનાદિકાલથી વિષય અને કષાયની આધીનતા એને વળગેલી છે. વિષય અને કષાયની આધીનતા, એજ આત્માની બરબાદીનું કારણ છે : કારણ કે વિષય અને કષાયની આધીનતા આત્માની સાથે અનેક પ્રકારનાં દુષ્કર્મોનો યોગ કરાવનાર છે. સાધુઓ સંસારના શત્રુ છે, પણ તે કયા સંસારના ? વિષય અને કષાયરૂપ સંસારના ! સાધુઓ સંસારમાં વસતા જીવોના શત્રુ છે જ નહિ અને હોય પણ નહિ ! સાધુઓ તો વિષય-કષાય રૂપ સંસારના વૈરીઓ છે અને તે તો હોવા જ જોઈએ : કારણ કે-વિષય અને કષાયની આધીનતા એ જ દુઃખ માત્રનું મૂળ છે. જેનામાં વિષયો પ્રત્યે વિરાગભાવ પ્રગટે છે અને કષાયોનો ત્યાગ કરવામાં જે કટિબદ્ધ બને છે, તે આત્માની સાથેનો કર્મોનો યોગ લાંબો કાળ ટકી શકતો જ નથી.. કર્મોના યોગને ટકાવનાર તથા વધારનાર કોઈ પ્રબળ વસ્તુ હોય, તો તે વિષય અને કષાયની આધીનતા છે. કારણ કે -એ ગયા પછી કર્મોનો યોગ થોડા જ કાળમાં નાશ પામ્યા વિના રહેતો નથી.

### વિષય-કષાયને આધીન આત્મા :

સંસાર શબ્દનો અર્થ પણ આજે ઘણાઓ સમજે છે તે નથી. સાધુ સંસારના વૈરી એટલે સંસારમાં

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

રહેનાર આદમીના વૈરી એમ છે જ નહિ. વિષય અને કષાયની આત્માની આધીનતા, એનું જ નામ સંસાર છે. આવા સંસારના જ સાધુઓ વૈરી છે અને તે તો હોવા જોઈએ. એ વિષયકષાયની આધીનતા રૂપ સંસારથી સ્વતંત્ર થઈ જવું, એનું જ નામ મુક્તિ. વિષય અને કષાયની આધીનતા અનાદિકાળની છે. તે ચાલી જાય તેનું નામ પણ મુક્તિ. આત્મા સ્વાધીન છે કે પરાધીન, તેનું જ આજે ઘણાને ભાન નથી. જે આત્મા વિષય-કષાયને આધીન છે તે કદી જ સ્વતંત્ર નથી ગણાતો, પણ પરતંત્ર જ ગણાય છે. વિષય-કષાયની આધીનતા એ જ સંસાર. આથી સ્પષ્ટ છે કે-જીવનો કર્મો રૂપ અજીવની સાથે મેળાપ હોવાથી અને થવાથી જ સઘળો ઉત્પાત થાય છે. એકલો જીવ એ પણ સંસાર નથી અને એકલો અજીવ એ પણ સંસાર નથી. એ ઉભયનો અમુક રૂપે મેળાપ, એનું જ નામ સંસાર છે. દુનિયામાં કાંઈ નવું ઉત્પન્ન થતું નથી અને હોય એનો મૂળમાંથી નાશ પણ થતો નથી. માત્ર પરિવર્તન થયા કરે છે. આપણે આત્માની દશામાં પરિવર્તન લાવવાનું છે; અને તે આત્માને જડ કર્મોના યોગથી મુક્ત બનાવવા રૂપ ! વિષય-કષાય રૂપ આ સંસારમાં ખૂંચેલા આત્માનો ઉદ્ધાર કરે, એનું જ નામ તીર્થ છે. તીર્થનો વિષય સમજવાને માટે આત્મા અને કર્મ, એ બેનો યોગ અને એ બેના યોગથી થતો વિકાર, એ વગેરે બધું સમજવું પડશે.

## આત્માના સ્વરૂપ આદિનો વિચાર કરો :

આજે લગભગ બધાના દિલમાં એવી ખૂમારી પેદા થઈ ગઈ છે કે- 'અમે જ સમજદાર છીએ.' એ ખૂમારીથી આ બાબતનો વિચાર કરવાનો આજે છૂટી ગયો છે. વિદ્યાર્થી પ્રૉફેસરની વાત લક્ષ્યપૂર્વક સાંભળે છે અને વહેપારી વહેપારીની વાત રસપૂર્વક સાંભળે છે. ત્યાં તો એકની એક વાત પણ એકતાર થઈને સાંભળે છે અને એમાં બધાને રસ આવે છે : કારણ કે-એનું અર્થિપણું છે. એવું અર્થિપણું આત્માનું સ્વરૂપ પ્રગટાવવાના વિષયમાં આવી જાય, તો જ આ વાતોમાં જેવો જોઈએ તેવો રસ આવે. આજે સમજદાર હોવાની ખૂમારી ધરાવનાર પણ સેંકડો શું, હજારો કે તેથીય વધુ માણસો એવા છે, કે જેમને આત્માના સ્વરૂપનું ભાન નથી. આત્માનું સ્વરૂપ સમજાય, આત્માની પરાધીનતા સમજાય અને આત્માને સ્વાધીન બનાવવાને માટે શું કરવું જોઈએ એ વગેરે સમજાય, એ માટે જ્ઞાની અને ત્યાગી ધર્મગુરૂઓના શરણે રહેવું જોઈએ. પણ આજે તો ધર્મગુરૂઓને જોતાં જ ઘણાઓનાં અન્તઃકરણોમાં એક પ્રકારની દ્વેષ લાગણી જન્મે છે : કારણ કે-આ સંસારમાં તેવાઓને એકમાત્ર ધર્મની જ જરૂર જણાતી નથી. જ્ઞાની મહાપુરૂષો જ્યારે એમ ફરમાવે છે કે - 'ધર્મ હોય તો બીજા કશાની જરૂર નથી.' ત્યારે આજના કેટલાકો કહે છે કે -'ધર્મની જ જરૂર નથી' કારણ એ જ છે કે-એ બિચારાઓને પોતાના કે પરના આત્માની દરકાર જ નથી. તેઓને જેની દરકાર છે, તેને મેળવવા વગેરેને માટે તો કેટલીય ગુલામી કરે છે.

સ૦ આત્મા નથી એમ કહેનારા તો બહુ જ થોડા,

'આત્મા નથી' -એમ કહેનારા બહુ જ થોડા છે, તો આત્માની સ્થિતિ આદિનો વિચાર નહિ કરનારાઓ પણ થોડા જ હોવા જોઈએ ને ? આત્માને માનનાર તો આત્માના સ્વરૂપ આદિનો વિચાર કરે જ ને ? જો 'આત્મા છે'-એમ માનો છો, તો આત્માના સ્વરૂપ આદિનો વિચાર કરનારા બનો અને એક ભવમાંથી બીજા ભવમાં-એમ ભવભ્રમણ કરતા આત્માના ભ્રમણનું કારણ જાણવાને પ્રયત્નશીલ બનો. દુન્યવી ચીજો જોઈએ છે, તો તેને મેળવવાનો રસ્તો બતાવનારની સલાહ લેવાનોઅને તે જ્યાંથી મળે તેની સેવા કરવાનો એ વગેરે પ્રયત્ન તમે કરો છો કે નહિ ? કરો જ છો, તો આત્મા માટે સલાહ મેળવવાનો પ્રયત્ન કેમ કરતાં નથી ? જ્યાં સુધી આત્માના સ્વરૂપ આદિને જાણવાનો પ્રયત્ન નહિ કરો, ત્યાં સુધી તીર્થ, તીર્થરૂપ તમને લાગશે નહિ.

### સંસાર ખરાબ લાગે તો તીર્થનો મહિમા સમજાય :

'તીર્થ શું અને એની યાત્રા શા માટે ?' -એનો કાંઈક પણ ખ્યાલ આજે નવા આવેલાઓને થઈ જાય, એ માટે જ આપણે એકની એક વાત ફરી વિચારી રહ્યા છીએ. 'સંસાર ખરાબ છે અને એનાથી નિસ્તાર એ સારી ચીજ છે.' એ સમજાય તો જ તીર્થ અને એની યાત્રાનો મહિમા સમજાય : 'સંસાર ખોટો એટલે સંસારમાં રહેનાર પ્રાણીગણ ખોટો, તો કોઈ પણ સારા શી રીતિએ ? -એવો પ્રશ્ન

**તીર્થ-
યાત્રાનો
વાસ્તવિક
હેતુ**

ઘણાઓ અમને કરે છે; પણ આ વિષયમાં સંસારનો તે અર્થ જ નથી. વિષય-કષાયની આધીનતા, એનું જ નામ સંસાર છે. 'વિષય અને કષાય એ શું ?' -એ પણ આજે ઘણાઓના ખ્યાલ બહારની વસ્તુ બની ગઈ છે. એ માટે સમસ્ત સંસારનું સ્વરૂપ ધ્યાનમાં આવી જવું જોઈએ. એ આવી જાય તો તમે બધા પણ એને ખોટો કહેવાને તૈયાર થવાના. સંસારને ખોટો કહેનારા કોઈ સામાન્ય નથી, પણ મહાજ્ઞાનિઓ છે, અનન્તજ્ઞાનીઓ છે ! વિષય અને કષાયની આધીનતા જ્યાં સુધી નહિ ચાલી જાય, ત્યાં સુધી જીવોને સાચો આનંદ કે સાચી શાન્તિ-કશું જ મળવાનું નથી, એમ જ્ઞાનિઓએ જોયું છે અને એ કારણે જ સંસારને તજવા યોગ્ય કહ્યો છે.

### જગતના ઉપદ્રવોનું કારણ જીવોની વિષયાધીન દશા :

પાંચ ઈન્દ્રિયોના પાંચ વિષયો છે. સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, શ્રોતેન્દ્રિય એ પાંચ ઈન્દ્રિયો છે. અને સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને શબ્દ-એ પાંચ ઈન્દ્રિયોના પાંચ વિષયો છે. એ પાંચ જગતમાં ન હોત, તો કોઈ ઉપદ્રવ હોત જ નહિ, એમ કહી શકાય. દુનિયામાં યુદ્ધ, ધમાલ, કજીયા-ટંટા વગેરે મુખ્યત્વે વિષયોની આધીનતાને કારણે જ થયા છે અને થાય છે. જગતમાં થતાં કજીયાઓમાં કોઈ રૂપ માટેનો કજીયો હોય છે, કોઈ રસ માટેનો કજીયો હોય છે, કોઈ ગંધ માટેનો કજીયો હોય છે, કોઈ શબ્દ માટેનો કજીયો હોય છે, તો કોઈ સ્પર્શ માટેનો કજીયો હોય છે. તમારા

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

આત્મામાં પણ જ્યારે કોઈ પણ પ્રકારની અશાન્તિ ઉત્પન્ન થઈ જાય, ત્યારે તમારી મેળે જ ખૂબ વિચાર કરો. ઊંડાણમાં ઉતરીને વિવેકપૂર્વક વિચાર કરશો તો માલૂમ પડશે કે-એનું કારણ આ પાંચમાંથી કોઈ ને કોઈ છે. 'આ પાંચની આધીનતા તમારામાં છે કે નહિ ?' -એમ આજે સભામાં બેઠેલાઓને પૂછવામાં આવે, તો લગભગ સૌને કબૂલ કરવું પડશે કે-કોઈ ને કોઈ સ્વરૂપે અમે સૌ એને આધીન છીએ જ.' અને એ આધીનતા જ પાપની જડ છે.

### વિષયલાલસાના યોગે :

સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને શબ્દની લાલસાને આ દુનિયામાં કલંકભૂત મનાતી નથી, એટલે વિષયની આધીનતા એ કલંક રૂપ છે એમ દુનિયાને ભાસતું નથી. જેને જે મળ્યું હોય તે તેને ભોગવે અને જેને જે ન મળ્યું હોય તેને પણ તે ભોગવવા માટે મેળવવાનો પ્રયત્ન કરે, એમાં આજે કાંઈ નાનમ મનાતી જ નથી : કારણ કે-વિષયોની લાલસા તજવી જોઈએ, એ પ્રકારનું શિક્ષણ લગભગ નષ્ટ થઈ ગયું છે, આમ થવાથી આજે આર્ય દેશના ગણાતા માનવીઓમાં પણ ત્યાગીઓ પ્રત્યે જેટલું માન હૃદયમાં જાગવું જોઈએ તેટલું જાગ્રત થતું નથી.

### દોંડી પીટવાનો ઈરાદો :

વિષયોનો વિરાગ, એ આજના માનવીઓને મન આશ્ચર્ય થઈ ગયું છે અને વિષયોનો રાગ એ જ સ્વભાવ હોય એવું થઈ ગયું છે. તેથી, રાગી બધા રહે તેમાં કોઈને આશ્ચર્ય થતું જ નથી. પણ

કોઈ વિરાગી થાય ત્યારે જ આશ્ચર્ય થાય છે. 'વિષયોની આધીનતા એ દુઃખ.' -એવી માન્યતા આજે રહી નથી. એ કલંક છે, એમ આજે એવાઓ માનતા નથી. સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને શબ્દને આપણે કેટલા આધીન છીએ, એનો આજે વિચાર નથી. સ્પર્શાદિને આધીન બનીને આપણે કેટલાં કેટલાં પાપો સેવીએ છીએ, તે જોવાની આજે દરકાર નથી, આ દશામાં તીર્થની વાતો બહેરા કાનો પાસે ઢોલ પીટવા જેવી થાય, એમાં નવાઈ નથી : પણ દુનિયામાં એવાય પુણ્યશાલી આત્માઓ હોય છે, કે જેઓને આ વાતો સાંભળવામાં રસ આવે છે અને વિષયોની આધીનતામાં પડેલાં પોતાના આત્માને તેની આધીનતામાંથી મુક્ત બનાવવાનો ઉલ્લાસ જાગે છે. આથી જે કોઈ યોગ્ય આત્મા હોય તે પામી જાય, એમ માનીને પરમાત્માની આજ્ઞામાં વિચરતા મહાત્માઓ આની આ દોંડી પીટ્યા જ કરે છે.

### પૈસા અને પ્રતિષ્ઠા :

વિષયોની આધીનતા વધવાને કારણે આજે વ્યવહાર પણ બગડી ગયો છે. 'પ્રતિષ્ઠા જતી હોય પણ પૈસા રહેતા હોય તો હરકત નહિ.' -એમ લોક માનતું થઈ ગયું છે. પૈસા અને પ્રતિષ્ઠામાં પ્રથમ તમે કોને પસંદ કરો છો ?

સ૦ પૈસાને.

ત્યારે પહેલાંના માણસોમાં- 'પૈસા ભલે ચાલ્યા જાઓ, પણ પ્રતિષ્ઠા ન જાઓ.' -એ ભાવના સદા જાગ્રત રહેતી. પ્રતિષ્ઠા ખાતર સઘળી મીલકતનો હોમ કરી દેવાને પણ તૈયાર રહેતા. આજે હીરાની વીંટી હાથે રાખીને તથા દૂધ, સાકર અને મોટર કાયમ રાખીને પણ નાદારી નોંધાવવી એ

હોંશિયારી ગણાય છે. 'પ્રતિષ્ઠા શું ખાવાના કામમાં આવશે ?'-એવો આજે એવાઓનો પ્રશ્ન છે. એવાઓને-'વિષયોની આધીનતા એ દુઃખ છે.' -એમ સમજાવું એ સહેલું નથી.

**વિષયસામગ્રી ન મળવાનું કારણ :**

'સંસાર બૂરો નથી, પણ વિષયસામગ્રીનો અભાવ અને વિષયો ભોગવી ન શકાય એ બૂરૂં છે.' -એવી દલીલ પણ આજે કેટલાકો તરફથી કરવામાં આવે છે. આપણે એવાઓને પૂછીએ કે-'વિષયસામગ્રીનો જે અભાવ છે તે શાથી છે અને વિષયસામગ્રી હોય છતાં ભોગવી શકાતી નથી તે શાથી ?'

સ૦ એ તો કહે છે કે-ભાગ્ય હોય તો મળે ભાગ્યમાં ન હોય તો ન મળે.

તો એ સવાલ ઉભો થાય છે કે-'એવું ભાગ્ય બધાનું ન હોવાનું કારણ શું ?'

સ૦ પૂર્વભવની કરણી એવી !

જ્યારે પૂર્વભવની કરણી મુજબ આ ભવના ભાગ્યને માને છે, ત્યારે તો એને આ ભવની કરણી મુજબ આગામી ભવના ભાગ્યને પણ માનવું જ પડશે. એમ વિચાર કરતાં કરતાં આત્મા તથા કર્મના યોગનો બરાબર ખ્યાલ આવશે, અને તો વિષય-કષાય રૂપ સંસાર બૂરો લાગ્યા વિના રહેશે જ નહિ. આ ભવમાં વિષયસામગ્રી પૂર્વના ભાગ્યે બહુ મળી અને બહુ ભોગવી, પણ એનું પરિણામ શું ? ભોગવતાં બંધાયેલા પાપથી વધારે દુઃખ થવાનું, એની તો ના પાડી શકાય તેમ છે નહિ. વિષયસુખ

તો એવાં છે કે-જે ભોગવતાં પણ દુઃખદાયક નીવડે છે, જેનું ફળ પણ દુઃખદાયક હોય છે અને પરંપરાએ પણ જે દુઃખ દેનારાં જ બને છે. તેવા પ્રકારની મનોવૃત્તિ હોય છે, કે જે પ્રકારની મનોવૃત્તિના યોગે વિષયસુખો આરંભમાં આનંદ આપનારાં લાગે એ બનવાજોગ છે, પણ એનો ભોગવટો પ્રાયઃ સર્વથા દુઃખરહિત હોઈ શકતો નથી અને પરિણામે તો વિષયસુખોને અતિ દારૂણ જ માનવાં પડે એવું બને છે.

### કોઈનું જોઈને પોતાનો વિચાર કરો :

પણ આ બધું જોવા-વિચારવાની એવાઓને દરકાર જ નથી. અતિ વિષયાધીનોની દૃષ્ટિ બહુ જ ટૂંકી હોય છે અગર તો બહુ ટૂંકી બની જાય છે : એટલે એમને પોતાનું કે પરનું આત્મહિત કેમ થાય, એ સૂઝતું જ નથી. કોઈના પૈસા ચાલ્યા જાય તો-'બિચારો દુઃખી થઈ ગયો.' -એમ લગભગ સૌને થાય છે ! કોઈ મરી જાય તો- 'બિચારો મરી ગયો.' -એમ પણ લગભગ બધા બોલે છે : પણ એવા વખતેય પોતાનો વિચાર કરનારા તો જવલ્લે જ મળશે. કોઈના પૈસા ગયા એ જોઈને એમ થયું કે -'લક્ષ્મી ચંચળ છે, ક્યારે જાય તે કહેવાય નહિ, માટે છે તેનો સદુપયોગ કરી લઉં ?' કોઈને મરેલો સાંભળીને કે જોઈને -'મારેય એક દિ' મરવું પડશે.' -એવો વિચાર થયો ? 'આ બધું અહીંનું અહીં રહી જશે, મારે મરવું પડશે અને અહીં કરેલાં કર્મોનું પરિણામ ભોગવ્યા વિના નહિ ચાલે.' -એ વગેરે વિચાર આવે, તો તો આ ભવ અને પરભવના સાચા હિતૈષિઓની સલાહ લેવાનું મન થાય, પણ

કહો ને કે-એ વિચાર જ કોને છે ?

**ઈન્દ્રિયનિગ્રહી અને કષાયત્યાગી બનો :**

આ ભવ અને પરભવના સાચા હિતૈષિઓ કોણ છે ? એ જ કે-જે આપણા આત્માના કલ્યાણનો રસ્તો બતાવે આપણા આત્માને આ ભવમાં અનુપમ શાન્તિ પ્રાપ્ત થાય અને પરભવમાં પણ સારી સામગ્રી મળે તેમજ પરિણામે મુક્તિ પ્રાપ્ત થાય, એવો માર્ગ દર્શાવનારાઓ જ જગતના સાચા હિતૈષિઓ છે. એવા હિતૈષિઓ ફરમાવે છે કે-આત્મા જ્યાં સુધી વિષય અને કષાયને આધીન બનેલો છે, ત્યાં સુધી તેને આ ભવમાં કે પરભવમાં સાચી શાન્તિનો થોડો પણ અનુભવ થવાનો નથી. વિષય અને કષાયની આધીનતા આત્માને સદા અશાન્તિમાં જ રાખનારી છે. સાચાં સુખ-શાન્તિ તો વિષયની લાલસા ઉપર અને કષાય ઉપર જીત મેળવનારને જ મળે છે. જે ઈન્દ્રિયનિગ્રહી છે અને દુન્યવી કારણોથી થતા કષાયોનો ત્યાગી છે, તે જ આ દુનિયામાં સાચી શાન્તિનો તેટલા પ્રમાણમાં અનુભવ કરી શકે છે.

**સંસારસાગરને તરાય નહિ ત્યાં સુધી આપત્તિ :**

'વિષય અને કષાયની આધીનતા બૂરી છે.' - આવી પ્રતીતિ જ્યાં સુધી ન થાય, ત્યાં સુધી સંસારને તારનાર તીર્થ ઉપર પ્રેમ જાગવાનો જ ક્યાંથી ? તીર્થની યાત્રાએ જવાવાળાઓમાં પણ ઘણાઓને આ વિચાર હોતો નથી. એવાઓની તીર્થયાત્રાનો ફેરો ફોગટ જેવો બની જાય, એમાં નવાઈ

પામવા જેવું પણ શું છે ? જ્ઞાનિઓ ફરમાવે છે કે- 'સંસાર એ સાગર છે અને તે તરી જવા લાયક છે. જ્યાં સુધી તરીને કિનારે નહિ પહોંચાય ત્યાં સુધી આપત્તિ બેઠી જ છે.' જ્ઞાનિઓના આ કથન પર પ્રતીતિ જાગવી જોઈએ. અનંતજ્ઞાનિઓના એકેએક વચન ઉપર શંકા આદિ દોષોથી રહિત પ્રતીતિ થાય, તો જ આત્મા આપત્તિના નિદાનથી અને આપત્તિનિવારણના ઉપાયથી સુપરિચિત બને : પરિણામે આપત્તિના કારણોને તજવાપૂર્વક આપત્તિનિવારણના ઉપાયને આદરી શકે ! પણ અત્યારે વાંધો જ મૂળમાં છે : 'આત્માની સાથેનો કર્મોનો યોગ એ જ સંસાર છે, વિષય-કષાયની આધીનતા એ જ સંસાર છે, આ વાત જ હૈયે જચતી નથી. બહુ જ થોડા આત્માઓને આ વાત જચે છે, પણ આ વાત જચ્યા વિના સાચું કલ્યાણ કદી પણ થવાનું નથી. એટલે, ઉપકારિઓ ફરી ફરીને આની આ વાત કહ્યા કરે છે. રૂપકો ફેરવે, શબ્દો ફેરવે, પદ્ધતિ ફેરવે, પણ કહેવાનું તો આ જ છે : કારણ કે-વિષય અને કષાયની આધીનતા, એ જ સર્વ દુઃખોનું મૂળ છે.

## વિષયાધીનતાથી મુક્તિ મેળવો :

સારાં કર્મોનો વિપાક સારી વિષય સામગ્રીને મેળવી આપે છે અને ખરાબ કર્મોનો વિપાક ખરાબ વિષયસામગ્રીનો સંગ કરાવી આપે છે. સારા રૂપાદિકને જોઈને રાગ થાય એ પણ આધીનતા છે અને ખરાબ રૂપાદિકને જોઈને દ્વેષ થાય એ પણ આધીનતા છે. સારા રૂપાદિકના યોગમાં આનંદ થવો અને

ખરાબ રૂપાદિકના યોગમાં દ્વેષબુદ્ધિ થવી, એ આધીનતા આજે પ્રાયઃ બધામાં છે કે નહિ ? સારા રૂપાદિકના યોગ વખતે આનંદ થઈ જાય તોય માનવું કે-'હું એને આધીન છું.' અને ખરાબ રૂપાદિકના યોગ વખતે દુઃખ થાય તો પણ એમ જ માનવું. એ આધીનતામાંથી જ કષાય પ્રગટ થાય છે. વિષયને જે આધીન હોય છે, તેનામાં કષાય જરૂર હોય છે. વિષયને જે આધીન ન હોય તેનામાં એવા કષાય પણ હોતાં નથી. કષાય છે-ક્રોધ, માન, માયા અને લોભ એ વિષયો અને કષાયોને જે પોતાને આધીન બનાવી દે તેની મુક્તિ હથેલીમાં છે, સુખ એની પાસે છે અને દુઃખ એનાથી દૂર છે. જ્યારે એને આધીન બને એનાથી મુક્તિ છેટી છે. 'તમારે મુક્તિ જોઈએ છે કે નહિ ?'-એમ કોઈ પૂછે, તો તમે શું કહો ? કદાચ હા કહો, પણ-'જેને મુક્તિ જોઈએ તે વિષય-કષાયનો અર્થી હોય જ નહિ !' -એટલો વિચાર કરીને તમારી ઈચ્છા મુક્તિની છે કે નહિ, તેનો જવાબ દો તો શું કહેવું પડે ?

**સારા વિષયોના યોગથી આનંદ અને ખરાબના યોગથી દુઃખ એ વિષયાધીનતા છે :**

આજે નવા સાંભળનારાઓ આવ્યા જ કરે છે, એટલે ફરી ફરી તેની તે વાત કહેવી પડે છે. સંસાર સાગર જેનાથી તરાય તેનું નામ તીર્થ. વિષય અને કષાયની આધીનતા, એનું નામ સંસાર અને એ સંસાર બૂરો છે એ વાત તમારા હૈયામાં નિશ્ચિત કરવાની જરૂર છે. શબ્દાદિ પાંચ વિષયોની આધીનતા દુષ્ટ છે. કાનથી સંભળાય તે શબ્દ છે કોઈ કહે કે -'આઈયે, બેઠિયે.' -તો એ ગમે છે અને 'ચાલ્યો

જા, કાંઈ કામ નથી.' -એવું સાંભળીને ગુસ્સો આવે છે. એ જ આધીનતા છે. સૌના મુખમાંથી 'આઈએ ! બૈઠિએ !' એ જાતિનું માન પામવાની લાયકાત નથી, છતાં ઈચ્છા એવા શબ્દોને જ સાંભળવાની થાય છે. એજ બતાવે છે કે આત્મામાં 'શબ્દ' વિષયની આધીનતા છે. વિષયને આધીન આત્મા પ્રમાણિક પણ પ્રાયઃ ત્યાં સુધી જ રહે છે, કે જ્યાં સુધી તેવો પ્રસંગ ન આવે. 'પ્રસંગ આવ્યે દુનિયાનું સામ્રાજ્ય મળી જાય, પણ હું હરગીજ અનીતિ નહિ કરૂં.'- એમ હૃદયથી સાચું કહેનાર આજે કેટલા મળે ? તેવો ખાસ પ્રસંગ ન મળે ત્યાં સુધી જ બધા પ્રમાણિક છે, એમ કહીયે તો તે મોટે ભાગે તો ચાલે ને ?

સ૦ અત્યારે તો એવું જ છે.

વિષયોના ભોગવટાને બૂરો માનવાવાળો જ અવસરે પ્રમાણિકતાની પરીક્ષામાં પસાર થવાનો. બ્રહ્મચારી રહેવું હોય તેણે સ્ત્રીના સહવાસમાં જ ન આવવું, એ વગેરે મર્યાદાઓ દર્શાવવામાં જ્ઞાનિઓનો એ જ હેતુ છે.

### મર્યાદા હતી તો સદાચારની સુવાસ હતી :

શ્રી રામચંદ્રજી અને શ્રીમતી સીતાજીની સેવાનું સઘળું જ કાર્ય શ્રી લક્ષ્મણજી કરતા હતા : અને તે પણ આજ્ઞાથી નહિ પણ પોતાની ઈચ્છાથી ! શ્રી લક્ષ્મણજી ધર્મરસિક હોવાથી તેઓ વડિલની ભક્તિ પણ ચૂકતા નહિ, જ્યારે તમારી પ્રભુભક્તિમાં પણ ઠેકાણું નથી. આ ગામમાં પચાસ ઘર છે. એમાં

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી પ્રત-૨જી

●

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

બે ભાગ છે. ૩૦ અને ૨૦ ! પુણ્યયોગે ઘણાઓ તો પૈસે સુખી છે એમ પણ કહેવાય છે, છતાં દહેરાસરનું કામ રખડે છે : કારણ કે-ધર્મના કામમાં બધા આગેવાની ભોગવવાની ઈચ્છા રાખે છે, પણ કામ કરવાની ફુરસદ કોઈને નથી. આ દશા બહુ શોચનીય છે. માનપાનની મારામારીમાં પડેલાઓને ધર્મની ગરજ ભાગ્યે જ હોય છે. ખોટી હુંસાતંસીને છોડીને, સૌ બંધુભાવે વર્તનારા બનો અને સધાય તેટલા વધુ પ્રમાણમાં ધર્મને સાધી કલ્યાણના ભાગી બનો, એ જ અમારી ભલામણ છે. હજુ ધર્મ ઉપર જેવો જોઈએ તેવો રાગ પ્રગટ્યો નથી, માટે જ આવી સાઠમારી ચાલે છે. ધર્મની જરૂર સમજાય તો કજીયો આપોઆપ શમવા માંડે. ઘરે લગ્નાદિ લઈને બેસનારાઓ પોતાના સંબંધીઓની સાથે કેવી રીતિએ સમાધાન કરી લે છે ? અવસરે પાઘડી ઉતારીને પણ સામાનું મન મનાવી લે છે, કારણ કે-એ ન આવે તો મારૂં ખરાબ દેખાય એમ લાગ્યું છે. એવું જ જો ધર્મમાં લાગી જાય, તો દહેરાસરનું કામ ઝટ ઉકેલી જાય.

શ્રી લક્ષ્મણજીમાં વડિલ પ્રત્યે ભક્તિ હતી, તો તેઓ વનમાં પણ સાથે ગયા અને ત્યાંય ભક્તિ કરી, તેમ તમે ધર્મભક્ત બનો તો શી કમીના રહે ?

ખેર. આ તો વચગાળાની વાત થઈ ગઈ. આપણે તો શ્રી લક્ષ્મણજીની મર્યાદા જોવી છે. એ માટે એક પ્રસંગ કહેવાય છે. શ્રી લક્ષ્મણજી પોતાના મોટા ભાઈની અને ભાભીની રોજ ભક્તિ કરતા હતા. જ્યારે રાવણ સીતાજીને ઉપાડી ગયા. ત્યારે શ્રી રામચંદ્રજી વિહ્વલ બની ગયા છે. રસ્તામાં વૃક્ષને,

પક્ષિઓને અને પશુઓને પૂછે છે કે-'સીતાને દેખી ?' શોધ કરતાં કરતાં રસ્તામાં પડી ગયેલું સીતાજીનું કંકણ હાથમાં આવે છે.

રામચંદ્રજી પૂછે છે કે-'લક્ષ્મણ ! આ કંકણ સીતાજીનું હોય એમ તને લાગે છે ?'

લક્ષ્મણજી કહે છે કે-'મને માલૂમ નથી કે સીતાજીનાં કુંડલો કેવાં છે કે કંકણો કેવાં છે ? એક માલૂમ છે કે-સીતાજીનાં નુપૂરો કેવાં છે : કારણ કે રોજ પગમાં પડતી વખતે મારી દ્રષ્ટિમાં પડતાં હતાં. તે સિવાય હું કાંઈ જાણતો નથી.'

આવી વાત લૌકિક રામાયણમાં આવે છે. શ્રી લક્ષ્મણજી શ્રીમતી સીતાદેવીને માતા જેવી માનતા હતા, છતાં કુળમર્યાદા કેટલી હતી ? તેઓ માનતા કે-'હૃદય ચોર છે. કયી વખતે બગડી જાય તે કહેવાય નહિ.'

આવા પુરૂષો જ્યારે આવી ભાવનામાં રમતા, ત્યારે સદાચારની ગરજ વિનાના આજનાઓ કહે છે કે -'બૈરાં સાથે શેકહેન્ડ કરવામાં શો દોષ ? એ તો કાચા મનવાળા હતા. અમે કાંઈ એવા કાચા મનના નથી.' એવું કહેનારાઓ માટે કહેવું જ પડે કે -'એ બધા પક્કા ખરા, પણ તે સદાચારમાં નહિ પણ બદમાશીમાં !' જે કાળમાં એ મર્યાદા હતી, તે કાળમાં સદાચારની સુવાસ હતી. આજે ભાઈ-ભાભીમાં વિશ્વાસ નથી આવતો, તેનું શું કારણ ? સ્ત્રીઓ સાથે લહેરથી શેકહેન્ડ કરવાવાળાને 'નાચ' જોવા

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

લઈ જાઓ, તો એ બ્રહ્મચારી રહીને આવશે એમ માનો છો ? સ્ત્રીનો પોષાક પહેરેલા આદમીને જોઈને પણ જેઓને વિકાર થાય છે, તે સાક્ષાત્ સ્ત્રીના સહવાસમાં આવીને બ્રહ્મચારી રહેશે, એ માનવાજોગ છે ? માટે -'બને ત્યાં સુધી એવા પ્રસંગમાં આવવું જ નહિ, એવી પરીક્ષામાં ઉતરવું જ નહિ.' -એ માન્યતાવાળો આત્મા કદાચ કસોટીમાં મૂકાઈ જશે તો પણ પ્રાયઃ પસાર થઈ શકશે.

## તીર્થની જરૂર છે એમ લાગે ક્યાંથી ?

જે આત્માને વિષયોનો પ્રેમ છે, એને ક્રોધ થયા વિના રહેતો જ નથી. માન, માયા કે લોભનો એને પાર રહેતો નથી. 'આજે તમને કેટલાંમાં સંતોષ છે ?' -એમ કોઈ પૂછે, તો એ મામલો ક્યાં જઈને અટકવાનો ? લોભ પાંચ, દસ, પચીસ, પચાસ હજાર કે એથી પણ અધિકનો ? લોભનો પાર નહિ અને લોભી પ્રપંચી બન્યા વિના પણ રહે નહિ ! જેને વિષયનો રાગ છે, તેનામાં ક્રોધ, માન, માયા અને લોભ ચારેય કાયમ છે. એ બેની આધીનતા, એનું જ નામ સંસાર છે. એ આધીનતા ભયંકર લાગે ત્યારે જ તેનાથી મુક્ત બનવાની ઈચ્છા થાય. ત્યારે જ તીર્થ આવશ્યક લાગે અને ત્યારે જ તીર્થની યાત્રાનો સાચો ભાવ પેદા થાય. હૈયામાંથી વિષયોની લાલસા જાય નહિ અને વિષયોની આધીનતાના યોગે થતા કષાયો ખટકે નહિ તેમજ આત્માને વિષય-કષાય રૂપ સંસારથી તારવાની ભાવના પ્રગટે નહિ, ત્યાં સુધી તીર્થ ગમે શી રીતિએ ? વિષયો દુનિયામાંથી જવાના નથી, પણ આપણી વિષયોની

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી પ્રત-૨જી

● **તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

આસક્તિને કાઢવાની છે. તીર્થની જરૂર લાગ્યાં વિના, એની યાત્રા વાસ્તવિક રૂપમાં ફળતી નથી. આ બધું સમજવું તમને કઠિન લાગે છે, તેનું કારણ તમે બુદ્ધિહીન છો એ નથી. તમે છો તો બુદ્ધિશાલી, પણ હૈયું વિષયરંગથી રંગાયેલું છે એ વાંધો છે. સંસારસાગરને તરવાની ઈચ્છાએ સાંભળવા આવનારા અને એ માટે જ સાંભળવા બેસનારાને આ બધું સમજાવું ઘણું સહેલું છે, પણ એ ભાવનાવાળા કેટલા ? બહુ જ થોડા.

**જ્યાં ત્રણ નહિ ત્યાં તીર્થ નહિ :**

આત્માને સંસારથી બચાવે અને નિર્મળ સ્વરૂપમાં સ્થાપિત કરે, એનું જ નામ તીર્થ છે. એ છે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર. જ્યાં જ્યાં જવાથી આ ત્રણની પ્રાપ્તિ થાય, પ્રાપ્ત થયેલ એ ત્રણની નિર્મળતા થાય, અધિકતા થાય, એ બધા તીર્થ છે. એ તીર્થ બે પ્રકારનાં છે એક સ્થાવર અને બીજું જંગમ. સ્થાવર તીર્થના દર્શને આપણે જઈ રહ્યા છીએ. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર રૂપ રત્નત્રયીના આરાધક સાધુઓ જંગમ તીર્થ કહેવાય છે. સ્થાવર તીર્થ અને જંગમ તીર્થ-એ બેનું વર્ણન આપણે બની શકે તો વિસ્તારથી કરવું છે. આજે સમય નથી. સાડા પાંચ થવા આવ્યા છે. અંતર રૂપી ભૂમિની સફાઈ કર્યા વિના કહેલી આ વાત સ્થિર ન થાય. એ માટે આજે એટલી જ વાત નક્કી કરો કે -આ ત્રણ અને આ ત્રણની પ્રાપ્તિ આદિનાં સાધનો સિવાય બીજું કોઈ તીર્થ નથી.

## જગત નિશાળ છે પણ તે કોને માટે ?

જગતની કોઈપણ વસ્તુ એવી નથી, કે જે વિચારશીલ માટે એ ત્રણનું સાધન ન બને. વિવેકશીલને, સાચા-ખોટાંનો વિભાગ કરવાની તાકાતવાળાને, કોઈ પણ સાધનથી સઘળા ગુણો પ્રગટ થઈ જાય છે. એવોય પ્રસંગ આવે છે કે-

એક રાજા જંગલમાં જતો હતો. સુંદર પુષ્પોથી ખીલેલું વૃક્ષ આવવાથી તેની નીચે આરામ કરવાને માટે તે બેઠો બેસીને તેણે તે વૃક્ષની ખૂબ ખૂબ પ્રસંસા કરી. આ પછી ત્યાંથી તે ગયો અને કેટલાક સમયે ફેર ત્યાં આવ્યો. વૃક્ષ નષ્ટ થયેલું જોયું. એ વખતે વિચાર કરે છે કે- 'જેવી આની હાલત થઈ, એવી મારી પણ થવાની.' એમ વિચારણા કરતાં કરતાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચરિત્ર રૂપ ગુણો એનામાં પ્રગટી ગયા.

વિવેકશીલ તો આવા કોઈ પણ સાધનને પોતાને માટે ઉપયોગી બનાવી શકે છે. સૂર્યનો ઉદય અને અસ્ત રોજ થાય છે. એના ખ્યાલથી, એની હાલત જોઈને- 'ઉદય, પ્રતાપ, અસ્ત, અદશ્યત એ ચાર અવસ્થા જેમ સૂર્યની છે. તેમ મારી છે.' -એ વિચારથી પણ ગુણો પ્રગટે એમ બને : પરંતુ એ વિચારથી બધાને કાંઈ ત્રણની પ્રાપ્તિ થઈ શકતી નથી. ઉદયાસ્તમાં રત્નત્રયીને પમાડવાની લાયકાત છે એમ ન કહેવાય. એ તો વિવેકશીલોએ એનેય નિમિત્ત બનાવ્યું એટલું જ. જગત નિશાળ છે એ વાત સાચી, પણ તે બધાને માટે કે વિચારશીલને માટે ? બધાને માટે નહિ પણ કોઈક મહાપુરૂષને

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

માટે ! પદાર્થનો વિવેકપૂર્વક વિચાર કરી શકનાર માટે, પણ બાળક માટે કે વિચારહીનને માટે નહિ જ ! !

### સાચા મંડન માટે ખોટાનું ખંડન જરૂરી :

સદ્દેવ, સદ્ગુરૂ, સદ્ધર્મ, સત્શાસ્ત્ર, સત્શિક્ષક-એ વગેરેના આલંબન વિના આપણને કાંઈ પ્રાપ્ત થવાનું નથી : માટે એ આલંબનો આપણે માટે જ્ઞાનિઓએ ધર્યા છે ! પુસ્તકમાં લખ્યું છે બધું, પણ સમજવા માટે શિક્ષક જોઈએ કે નહિ ? બસ ત્રણની પ્રાપ્તિ કરાવવામાં નિયત નિમિત્ત જે છે તે તીર્થ. તીર્થ બે પ્રકારનાં છે. સ્થાવર અને જંગમ. સ્થાવર અને જંગમ તરીકે દેવ અને ગુરૂ. દેવ સ્થાવર-જંગમ ઉભયમાં આવે છે. એની ભક્તિ કયી રીતિએ કરે તો આત્મા તીર્થ રૂપ બને, એનું વર્ણન સ્પષ્ટતાથી કરવાનો આપણો વિચાર છે. સમ્યગ્દર્શનાદિ ધર્મ રૂપ છે. એનું વર્ણન આપણે કરી ગયા છીએ. ખોટાના ખંડન વિના સાચાનું વર્ણન થઈ શકતું નથી, માટે ખોટાનું ખંડન પણ આવશે અને સાચાનું મંડન પણ આવશે. ખોટાના ખંડન વિના કેવળ સાચાનું મંડન માંગવું, એ વ્યાજબી નથી. મકાન બાંધવા માટે પાયો ખોદવાની છૂટ આપવી જ જોઈએ. એ રીતિએ ધર્મની ઈમારત ચણવાને માટે ખોદકામ પહેલું કરવું પડશે. ખંડન ધર્મથી વિપરીત વાતનું થશે અને મંડન ધર્મનું થશે. ધર્મથી વિપરીત વાતનું ખંડન થાય તે વખતે મુંઝાવાની જરૂર નથી. એક વખત સ્થિર ચિત્તે સાંભળો અને સાંભળીને પછી જરૂરી વિચાર કરશો તો ધાર્યો લાભ થશે.

**તીર્થ-
યાત્રાનો
વાસ્તવિક
હેતુ**

(૯)

## સામગ્રીનો ઉંચામાં ઉંચી કોટિનો વ્યય :

અનન્ત ઉપકારી મહાપુરૂષોએ ફરમાવ્યું છે કે- 'આત્માનો ઉદ્ધાર સાધવાને માટેનાં અનેક સાધનોમાં સ્થાવર તીર્થની યાત્રા એ પણ એક પ્રબલ સાધન છે.' આથી જ, અનેક પુણ્યાત્માઓ અવસર પામીને સ્થાવર તીર્થની યાત્રા કરવાનું પણ ચૂકતા નથી. સામગ્રી સંપન્ન પુણ્યાત્માઓ તો, સંખ્યાબંધ આત્માઓને તીર્થયાત્રા કરાવવાનો લાભ પણ મેળવે છે અને એ રીતિએ ધર્મતીર્થની આરાધના કરવા તથા કરાવવા દ્વારાએ ધર્મતીર્થની પ્રભાવના કરનારા પણ નીવડે છે. ઉપકારી મહાપુરૂષોએ ફરમાવેલા વિધિવિધાન આદિને બહુમાનપૂર્વક લક્ષ્યમાં રાખીને અને તેના યથાશકય પાલનમાં ઉધમશીલ બનીને, જે પુણ્યાત્માઓ સંખ્યાબંધ આત્માઓની સાથે તીર્થયાત્રા કરે છે, તેઓ પોતાની તે તે સામગ્રીનો ઉંચામાં ઉંચી કોટિનો વ્યય કરી રહ્યા છે એમ કહેવું જોઈએ : કારણ કે-આ સંસારમાં ભ્રમણ કરતા જીવોને તેમના આત્મનિસ્તારમાં સહાયક બનવું તેમજ આત્મનિસ્તારના એક અને અજોડ સાધન રૂપ ધર્મતીર્થની પ્રભાવના કરવી, એના જેવું બીજું કોઈ પણ ઉત્તમ કાર્ય આ સંસારમાં હતું પણ નહિ, છે પણ નહિ અને હશે પણ નહિ !

## અનુમોદના કરનારેય ઉત્તમ છે :

આવા ઉત્તમ કાર્યને કરનાર અને કરાવનાર આત્માઓ તો ઉત્તમ છે જ, પરંતુ આવા કાર્યનું હૃદયના સાચા સદ્ભાવપૂર્વક અનુમોદન કરનારાઓ પણ ઉત્તમ આત્માઓ જ છે : કારણ કે-અધમ આત્માઓ તો આવાં કાર્યો સ્વયં કરી કે કરાવી શકતા નથી : એટલું જ નહિ, પણ આ સંસારમાં એવાય આત્માઓ હતાં, : છે અને રહેવાના જ, કે જેઓ આવાં ઉત્તમમાં ઉત્તમ કાર્યોની પણ નિન્દા કર્યા વિના રહે નહિ !

## અધમ આત્માઓ પ્રત્યે દયા :

આવા અધમ આત્માઓ ખૂબ જ દયાપાત્ર છે : કારણ કે-તે બિચારાઓ પોતાના આત્માઓને માટે પોતાની પ્રવૃત્તિથી અનેક પ્રકારની ભયંકર વિડંબનાઓ ઉભી કરી રહ્યા છે અને તેની તે બિચારાઓને ગમ પણ નથી ! તેવા અધમ આત્માઓની આપણે તો દયા ચિન્તવવી જોઈએ. આપણે ઈચ્છીએ છીએ કે- 'તેઓ પણ તીર્થયાત્રાના મહિમાને સમજે, તીર્થની આરાધના કરે અને પોતાના આત્માનો ઉદ્ધાર સાધે !' આવી દયાભાવના તેવાઓ પ્રત્યે રાખીને, બની શકે તો તેવાઓને ઉન્માર્ગથી પાછા વાળી સન્માર્ગમાં સ્થિત કરવાનો પ્રયત્ન કરવો એ જેમ જરૂરી છે તેમ તેવાઓની દુષ્પ્રવૃત્તિના યોગે બીજા આત્માઓ તીર્થસેવા આદિથી વંચિત ન રહી જાય તેમજ જગતમાં તારક તીર્થ સંબંધી ખોટા

વિચારો ફેલાતા અટકે, એ માટે પણ શકય એટલો પ્રયત્ન કરવો જરૂરી છે.



● **તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

### ઉદ્ધાર સાધવાના માર્ગોનું સેવન :

ધર્મતીર્થ પ્રત્યે સાચો ભક્તિભાવ પ્રગટે તો જ આ બને. ધર્મતીર્થની સ્વયં આરાધના કરવી, ધર્મતીર્થની આરાધના કરવામાં બીજાઓને સહાયક બનવું, ધર્મતીર્થ પ્રત્યે લોકો આકર્ષાય એવી કાર્યવાહી કરવી તથા કરાવવી, યોગ્ય આત્માઓ ધર્મતીર્થના શરણને પામે તથા ધર્મતીર્થની સેવામાં સ્થિત થાય એવી યોજનાઓનો અમલ કરવો અને અજ્ઞાનો તથા દ્વેષિઓ આદિ તરફથી ધર્મતીર્થ સંબંધી ફેલાવાતા ખોટા વિચારોને અટકાવવામાં પોતાની શક્તિ-સામગ્રી વાપરવી, સહાય કરવી આ બધા આત્માનો ઉદ્ધાર સાધવાના માર્ગો છે. આત્માનો ઉદ્ધાર કરવાની ભાવનાવાળાએ શકયતા મુજબ આં બધી કાર્યવાહી કરવી જરૂરી છે : પણ આ બને કયારે ? ધર્મતીર્થ પ્રત્યે સાચો ભક્તિભાવ પ્રગટે તો ! એટલા માટે જ આપણે ધર્મતીર્થ પ્રત્યે સાચો ભક્તિભાવ પ્રગટે અને તીર્થના સ્વરૂપનો કાંઈક વાસ્તવિક ખ્યાલ આવી જાય, એવું જ વિવેચન કરવાનો મુખ્ય ઈરાદો રાખ્યો છે. સ્થાવર તીર્થની યાત્રાએ આપણે જઈ રહ્યા છીએ. તીર્થયાત્રાનો હેતુ શો અને તીર્થયાત્રાની સફળતા કયારે, એ વિચાર તો તીર્થની યાત્રા કરનારને હોવો જ જોઈએ ને ? એ વિચાર ન હોય તો તીર્થયાત્રા જેવી રીતિએ થવી જોઈએ તેવી રીતિએ થાય પણ નહિ અને આથી તીર્થયાત્રા દ્વારા જે લાભ મળવો જોઈએ તે લાભથી પણ વંચિત જ રહેવાય, એ તદ્દન ઉઘાડી વાત છે.

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

## તીર્થમાં તારકગુણસંપન્નતા જોઈએ અને સેવકોમાં તરવાની લાયકાત હોવી જોઈએ :

'તીર્થ કોને કહેવાય ?' -એ વસ્તુ જેમ સમજવી જરૂરી છે, તેમ તીર્થસેવાનો વાસ્તવિક લાભ કેવો આત્મા પામી શકે એ વસ્તુ સમજવી એ પણ જરૂરી છે. તીર્થમાં તારવાની પૂરેપૂરી તાકાત હોય, પણ તીર્થયાત્રાએ જનાર અયોગ્ય હોય તો શું થાય ? તીર્થમાં તારક શક્તિ જોઈએ અને તીર્થસેવક બનનારમાં તરવાની લાયકાત જોઈએ. આ બેનો યોગ થાય તો જ કાર્ય સિદ્ધિ થાય. તીર્થ તરીકે ઓળખાતી વસ્તુ અગર તો વ્યક્તિ તારક શક્તિથી હીન હોય તો તેય ન ચાલે અને તીર્થનો સેવક ગણાતો આદમી તરવાની લાયકાત વિનાનો હોય તો તેય ન ચાલે. એકમાં, તારવાની અને બીજામાં તરવાની-એમ બન્નેમાં યોગ્યતા જોઈએ. એ હોય તો તીર્થ અને તીર્થસેવક બેનો યોગ ફળે. આપણે આ બન્નેય વસ્તુઓનો વિચાર કરવો છે, કે જેથી તારક તીર્થ કોને કહેવાય એનોય ખ્યાલ આવે અને સાચા તીર્થસેવક બનવા માટે કેવી લાયકાત કેળવવી જોઈએ એનો પણ ખ્યાલ આવે. આટલું થાય એટલે તીર્થના નામે ઓળખાવા છતાં તારકગુણથી રહિત વસ્તુનો કે વ્યક્તિનો તીર્થ રૂપે સ્વીકાર થતો અટકી જાય અને તારકગુણ-સંપન્ન તીર્થનો જ તીર્થ તરીકે સ્વીકાર થાય. એ જ રીતિએ, તીર્થસેવકમાં તરવા માટેની લાયકાત ન હોય તો તે પેદા કરવા માટેનો પ્રયત્ન થાય અને તેવી લાયકાત હોય તો તેને ખીલવવાનો પ્રયત્ન થાય.

●

તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ

## તીર્થનું સ્વરૂપ હૃદયમાં જચે તો -

જે આત્માના અંતરમાં સાચા તીર્થનું સાચું સ્વરૂપ જચ્યું છે, જે આત્મા સાચા તીર્થ પ્રત્યે ભક્તિભાવવાળો બન્યો છે અને જે આત્મા આ તીર્થની સેવા દ્વારા પોતાના આત્માનો નિસ્તાર સાધવાની અભિલાષાવાળો છે, તે તીર્થસેવક તરીકે ઓળખાવાને લાયક જ છે : પણ અલ્પસંસારી આત્માઓના અંતરમાં જ તારક તીર્થનું વાસ્તવિક સ્વરૂપ જચે છે. જેના અન્તરમાં તારક તીર્થનું વાસ્તવિક સ્વરૂપ જચે, તેના અન્તરમાં સાચા તીર્થ પ્રત્યે ભક્તિભાવ ન જન્મે એ બને જ નહિ અને તારક તીર્થની આરાધના દ્વારા પોતાના આત્માનો ઉદ્ધાર સાધવાની અભિલાષા પણ એનામાં પ્રગટે જ ! આથી આપણે વાસ્તવિક રીતિએ તીર્થ કોને કહેવાય, એનો વિચાર પહેલાં કરવા માંડયો છે. તીર્થ એટલે શું ? તીર્થ એટલે તરવાનું સાધન. જેના યોગે તરાય, એનું નામ તીર્થ. તરવાનું કોને ? આત્માને ! શાનાથી તરવાનું ? સંસાર રૂપ સાગરથી ! સંસાર રૂપ સાગરથી આત્માને તારે, એ જ વાસ્તવિક તીર્થ છે. આપણે જે-તે વસ્તુને કે જે તે વ્યક્તિને તીર્થ માનવા તૈયાર નથી, પણ જેની સહાયથી, જેના નિમિત્તથી કે જેના અવલંબનથી યોગ્ય આત્માનો સંસારસાગરથી નિસ્તાર થયા વિના રહે જ નહિ. એને જ આપણે તારક તીર્થ તરીકે માનીએ છીએ.

## આત્માના સ્વરૂપની વાતમાં સુનિશ્ચિત બનો :

આ પ્રમાણેની તીર્થની વ્યાખ્યા નિશ્ચિત કરીએ, એટલે એ વાત સિદ્ધ થઈ જાય છે કે- 'આત્મા છે અને એનો નિસ્તાર સાધવાની જરૂર છે !' આત્માના અસ્તિત્વને જે માનતો હોય આત્મા બંધનમાં પડેલો છે એમ જે માનતો હોય અને આત્માની મુક્તિને જે માનતો હોય, તેને જ તીર્થનો મહિમા સમજાય. જેઓ આત્માને માનતા નથી અગર તો માને છે તો પણ મુક્ત જ માને છે અથવા તો શાશ્વત કાળને માટે બદ્ધ રહેનારો જ માને છે, તેઓને પરમ તારક તીર્થના સ્વરૂપ આદિની વાતો વાહિયાત જેવી લાગે તે સ્વાભાવિક છે : કારણ કે-જેઓ આત્માના અસ્તિત્વને જ માનતા નથી, તેમને આત્માને તારવાની વાતો નિરર્થક જ લાગે ને ? આત્મા જ નથી, તો પછી આત્માને તારવાની વાત રહી જ ક્યાં ? અને આત્માને માને પણ કેવળ મુક્ત જ માને તો પણ એને મુક્ત કરવાનો વિચાર રહ્યો ક્યાં ? આત્માને જેઓ સર્વથા બદ્ધ જ રહેનારો માને છે, તેઓને પણ આત્માને મુક્ત બનાવવાનો વિચાર નિરર્થક જ લાગે : કારણ કે આત્માની મુક્તિ માને તો જ મુક્તિના સાધનનો વિચાર જરૂરી લાગે આમ હોવાથી, આત્માના સ્વરૂપની વાતમાં નિશ્ચિત થવાની પહેલી જરૂર છે, જ્યાં સુધી આત્માના સ્વરૂપમાં સુનિશ્ચિત ન થવાય, ત્યાં સુધી તીર્થ વગેરેની વાતો અર્થશૂન્ય જ ભાસવાની !

**તીર્થ-
યાત્રાનો
વાસ્તવિક
હેતુ**

### શ્રી સર્વજ્ઞે કહેલું સ્વરૂપ જ વાસ્તવિક છે :

આત્માના સ્વરૂપ આદિના સંબંધમાં આપણે કેટલોક વિચાર કરી ગયા છીએ. આર્યદેશમાં આત્માના અસ્તિત્વને નહિ સ્વીકારનારો વર્ગ બહુ થોડો છે. અહીં બેઠેલાઓમાં કોઈ-'આત્મા નથી' -એમ માનનાર હોય તો બોલે. જો કે-આત્માના અસ્તિત્વને માનનારાઓમાં પણ આત્માના સ્વરૂપ સંબંધમાં ઘણા મતભેદો છે, પણ એ મતભેદોનું નિરૂપણ કરવાનો અત્યારે અવકાશ નથી. આપણે આત્માનું જેવું સ્વરૂપ કહીએ છીએ, તેનો વિરોધ કરનાર કોઈ આવશે તો એય વાત કરી લઈશું, પણ અત્યારે તો આપણે શ્રી સર્વજ્ઞ ભગવાને ફરમાવ્યા મુજબનું સ્વરૂપ કબૂલ રાખીને વિચારવાની વાત રાખી છે : કારણ કે-આત્માનું કે અજીવનું વાસ્તવિક સ્વરૂપ એક માત્ર શ્રી સર્વજ્ઞદેવો અથવા તો એ તારકોની આજ્ઞાને અનુસરનારાઓ જ દર્શાવી શકે, એ વાત કોઈ પણ બુદ્ધિમાનને સ્વીકારવી પડે છે.

### અલ્પજ્ઞો પણ એક મત થઈ શકે છે :

બધા સર્વજ્ઞ નથી હોતા એ વાત સાચી છે, પણ અસર્વજ્ઞો પણ જો સર્વજ્ઞે કહેલી હકીકતને સ્વીકારે, તો બધા અસર્વજ્ઞો પણ એકમત થાય. આત્માની બાબતમાં પણ તેમ જ છે જે જે અસર્વજ્ઞોએ સર્વજ્ઞોએ કહેલી હકીકતને અનુસરીને કથન કર્યુ છે, તેઓ બધા એકમત જ છે : પણ કેટલાક અસર્વજ્ઞોએ પોતપોતાની બુદ્ધિમાં જેવું બેઠું તેવું ભિન્ન ભિન્ન પ્રકારનું નિરૂપણ કરેલું છે. એવાઓના

નિરૂપણમાં વાસ્તવિક સંગતિ પણ થતી નથી. સર્વજ્ઞોએ અને એ તારકોની પ્રરૂપણા મુજબ પ્રરૂપણા કરનારા અસર્વજ્ઞોએ પણ જે કથન કર્યું છે, તે જ કથન હરેક રીતિએ સુસંગત થાય છે.

### આવરણો જાય ત્યારે શુદ્ધ :

એ બધા એકમતે ફરમાવે છે કે-આત્મા છે પણ બદ્ધ છે અને એની મુક્તિ શકય છે. આત્માનું મૂળ સ્વરૂપ નિર્મલ છે, પણ અનાદિકાળથી એ ફસેલો છે, ડૂબેલો છે અથવા તો કહો કે-આવરણોથી ઘેરાયેલો છે આ આવરણો જાય તો આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપમાં પ્રકાશિત થાય અને એક વાર શુદ્ધ સ્વરૂપમાં આત્મા પ્રકાશિત થાય, એટલે શાશ્વતકાલ માટે શુદ્ધ સ્વરૂપમાં જ સ્થિત રહે : પણ કોઈ કાલેય અશુદ્ધ દશાને પામે નહિ. આત્માને આ રીતિએ શુદ્ધ સ્વરૂપમાં પ્રકાશિત થવામાં સહાયભૂત બનવાની લાયકાત જે વસ્તુમાં હોય તે વસ્તુ પણ તીર્થ રૂપ છે અને એવી લાયકાત જે વ્યક્તિમાં હોય તે વ્યક્તિ પણ તીર્થ રૂપ છે !

### અશુદ્ધ આત્માને શુદ્ધ ન મનાય :

'આત્મા છે.' -એવું સ્વીકારવા સાથે- 'એ સત્તાગત ગુણોથી અનંતગુણી હોવા છતાં પણ કર્મથી બંધાયેલો છે.' -એય સ્વીકારવું પડે તેમ છે. પ્રવાહ રૂપે એ કર્મનો યોગ અનાદિકાળથી છે. જ્યારે કર્મનો યોગ સર્વથા ટળી જાય છે. ત્યારે જ આત્મા શાશ્વત સુખ કે આનંદનો ભોક્તા બને છે. આમ

માનીએ, એટલે 'અનાદિકાળનો કર્મનો યોગ કેમ ટળે ?' -એ વિચાર ઉપસ્થિત થાય અને તીર્થની વાત આવે. આવરણથી ઘેરાયેલાં આત્માને તદ્દન શુદ્ધ આત્મા માનવો, એ તો રખડતાં માણસને શહેનશાહ માનવા બરાબર છે. આત્મા શુદ્ધ બની જાય પછી તેને તીર્થની જરૂર નથી, કારણ કે-સાધવાનું કાંઈ રહેતું નથી : પણ અશુદ્ધ આત્માને શુદ્ધ માનવો એ તો કારમું અજ્ઞાન જ છે.

**'પોતે ભવ્ય છે કે અભવ્ય છે ?' -એનો નિર્ણય :**

સ૦ જીવ તો ભવ્ય છે ને ?

જેટલા જીવ એટલા બધા જ ભવ્ય, એમ નથી. જીવોમાં જેમ અનન્તા ભવ્ય છે, તેમ અનન્તા અભવ્ય પણ છે.

સ૦ જીવનું ભવ્યત્વ અથવા અભવ્યત્વ જાણી શકાય ?

'હું ભવ્ય હોઈશ કે અભવ્ય હોઈશ ?' -એ પ્રકારનો વિચાર જેના અન્તરમાં ઉત્પન્ન થવા પામે, તે જીવ નિયમા ભવ્ય છે, એમ જ્ઞાનિઓ ફરમાવે છે. 'ભવ્ય આત્માઓ જ મુક્તિ પામી શકે છે, પણ અભવ્ય આત્માઓ મુક્તિ પામી શકતા જ નથી.' -એવું જાણીને - 'હું ભવ્ય હોઈશ કે અભવ્ય હોઈશ ?' -એવો વિચાર આવે કોને ? આત્માને, આત્માના આવરણને અને આત્માની મુક્તિને માને તેને કે તેવું ન માને તેને ? કહો કે- એ વિચાર તેના જ અન્તરમાં જન્મે, કે જે આત્માને, આત્માના

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતું**

આવરણને અને આત્માની મુક્તિને માને ! એટલું જ નહિ, પણ આત્માની મુક્તિની વાત જેને અમુક અંશે પણ ગમે તેને જ એ વિચાર આવે. અભવ્ય આત્મા તમે ગમે તેટલું સમજાવો તોય આત્માની મુક્તિને સ્વીકારે જ નહિ અવસરે એ આત્માની મુક્તિનું વર્ણન સુન્દરમાં સુન્દર કરે એ બનવાજોગ છે, પણ એના હૈયામાં એ વાત જચે જ નહિ. આત્માની મુક્તિ શકય છે અગર તો આત્મા મુક્ત બની શકે છે, એ વાત જ એને તો ગપગોળા જેવી લાગે.

**તીર્થ પણ અભવ્ય આત્માઓને તારી શકે નહિ :**

ભવ્ય આત્માઓ તે કહેવાય છે, કે જે આત્માઓ મુક્તિ પામવાને લાયક હોય અને અભવ્ય આત્માઓ તે કહેવાય છે, કે જે આત્માઓ મુક્તિ પામવાને લાયક જ ન હોય. અભવ્ય આત્માઓને મુક્તિ સાધવાની ઉત્તમ સામગ્રીનો કદાચ યોગ થઈ જાય, તોય તે બિચારાઓ એ સામગ્રીને પોતાને માટે સુસફલ બનાવી શકે નહિ ! ઉત્તમમાં ઉત્તમ પ્રકારે તારકગુણ ધરાવનાર તીર્થ પણ એ આત્માઓ માટે તારક બની શકે નહિ. આમ થવાનું કારણ એ છે કે-અભવ્ય આત્માઓમાં તથા પ્રકારની લાયકાત જ નથી હોતી અને જ્યાં લાયકાત ન હોય ત્યાં ઉમદામાં ઉમદા પણ વસ્તુ નિરર્થક બની જાય તે સહજ છે. આથી જ આપણે કહ્યું કે-તીર્થમાં જેમ તારકગુણ જોઈએ, તેમ તરનારમાં પણ લાયકાત જોઈએ.

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

**તરવામાં નિમિત્ત બને તે તીર્થ નહિ પણ તારવાની લાયકાત ધરાવે તે તીર્થ :**

તરનાર આત્માઓમાંના કોઈ તેવી સુન્દર ભવિતવ્યતાવાળા આત્મામાં જો કોઈ વિશિષ્ટ પ્રકારની લાયકાત પ્રગટી જાય, તો તેને એક થાંભલાનું, ઝાડનું, નદીના પાણીનું કે રસ્તાના પથ્થરનું નિમિત્ત મળતાંય તેનામાં ગુણો પ્રગટી જાય : પણ બધા આત્માઓ એટલા બધા વિવેકી નથી હોતા, મોટા ભાગના આત્માઓ ઉપર તો તારકગુણસંપન્ન વસ્તુઓ કે વ્યક્તિઓથી જ ઉપકાર થાય છે. વ્યક્તિવિશેષ માટેની વસ્તુઓ રાજમાર્ગ રૂપ ન ગણાય. આથી જ તરવામાં જે જે વસ્તુઓ કે વ્યક્તિઓ નિમિત્ત બની જાય તે તીર્થ નહિ, પણ તારકગુણસંપન્ન વસ્તુઓ કે વ્યક્તિઓ જ તીર્થ, એ વાત ખાસ યાદ રાખવાની છે : નહિ તો કોઈ સુવિવેકી ઝાડના નિમિત્તથી, કોઈ સુવિવેકી વાદળાંના નિમિત્તથી, કોઈ સુવિવેકી વિજળીના નિમીત્તથી, એમ અનેક પ્રકારનાં નિમિત્તોથી આત્મસ્વરૂપની વિચારણાએ ચઢતાં કેટલાંક આત્માઓ ગુણસંપન્ન બન્યાના પ્રસંગો બતાવીને કોઈ ઝાડને, વાદળાંને અગર તો વિજળી આદિને તીર્થ રૂપ મનાવવા નીકળી પડશે અને તમે અજ્ઞાન હશો તો મુંઝાઈ જશો. ઝાડ, વાદળાં કે વિજળી આદિ વસ્તુઓ તારકગુણસંપન્ન નથી. એ વસ્તુઓ તો પેલા આત્માઓની સુન્દર પ્રકારની યોગ્યતાના કારણે નિમિત્ત રૂપ બની એટલું જ ! એવા બનાવ તો કવચિત્ બને જ્યારે જ્ઞાનિઓએ જે વસ્તુઓને અને વ્યક્તિઓને તીર્થ રૂપ જણાવી છે, એના યોગે જ તરવાના બનાવો ઘણા બને ! આથી

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

તરવાનો રાજમાર્ગ તો એ જ કહેવાય કે-તારકગુણથી સંપન્ન એવી વસ્તુઓ અને વ્યક્તિઓની આરાધના કરવામાં અપ્રમાદિ બનવું.

**આરાધના વિના ભવ્ય પણ આત્માઓની મુક્તિ નહિ :**

અભવ્ય આત્માઓ તો મુક્તિને પામતાં જ નથી, પણ જેટલા ભવ્ય આત્માઓ છે તે સઘળાય મુક્તિ પામવાના જ છે, એમ પણ નથી. અનન્તા ભવ્ય આત્માઓ અનન્તકાળે પણ મુક્તિને પામવાના નથી. 'જે આત્માઓ મુક્તિને પામવાના એ ભવ્ય જ.' એમાં ના નહિ, પણ જેટલા ભવ્ય એટલા મુક્તિ પામવાના જ એવો નિયમ નહિ. આ વિષય અગાઉ ચર્ચાઈ ગયો છે, પણ શ્રોતાઓ દિવસે દિવસે નવા પણ આવતા રહે છે, એટલે નવાઓ પણ પામી જાય એ હેતુથી કહેવાયેલી વાતો પણ ફરી ફરી કહેવાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે. વળી જૂનાઓમાં પણ કેટલાકને કહેવાયેલી દરેક વસ્તુ યાદ હશે ? ખેર, ભવ્ય આત્માઓ પણ જ્યારે સામગ્રી પામીને આરાધના કરવાને સજ્જ બને છે અને પૂર્ણ રીતિએ આરાધના કરે છે, ત્યારે જ તે મુક્ત દશાને પામી શકે છે. જરૂરી આરાધના કર્યા વિના કોઈ પણ ભવ્યાત્માને મુક્તિ મળી જ નથી : એટલે પોતાનો આત્મા ભવ્ય છે એવી ખાતરી થાય તોય આરાધના તો કરવાની જ રહે છે, ઉત્તમ નિમિત્તો આરાધનાની પ્રેરણા આપનારાં છે, આરાધનાના ઉત્સાહમાં વધારો કરનારાં છે તેમ જ આત્માને પોતાના સ્વરૂપનો ખ્યાલ પેદા કરાવનારાં છે અને એથી

જ ઉત્તમ સામગ્રીની મહત્તા છે. સ્થાવર તીર્થ, એ પણ એક ઉત્તમ કોટિનું કારણ છે : કારણ કે-એ નિમિત્ત પણ આત્માને આત્મસ્વરૂપ પ્રગટાવવાની પ્રેરણાદિ આપવાની તાકાત ધરાવે છે.

## રત્નત્રયી તીર્થ રૂપ કેમ ?

ઉત્તમ નિમિત્તો આત્માને બહુ બહુ રીતિએ ઉપકારક નીવડી શકે છે. ઉત્તમ નિમિત્તોને પામીને, યોગ્ય આત્માઓ, પૂર્વનાં બાંધેલાં ભારે કર્મોને પણ ટાળી શકે છે. આત્મામાં લાયકાત હોય અને એમાં ઉત્તમ નિમિત્તનો યોગ મળી જાય, એટલે એ લાયકાત પ્રકટી નીકળે છે અને આત્માને વળગેલાં ભારે પણ કર્મો વિખરાવા માંડે છે. સઘળાંય કર્મો દૂર થઈ જાય, એટલે સંપૂર્ણ આત્મસ્વરૂપ પ્રગટે. સઘળાંય કર્મોથી આત્માને દૂર કરવાનો માર્ગ, એ મુક્તિમાર્ગ છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર રૂપ રત્નત્રયીના યોગે આત્મા પોતાના સર્વ કર્મોને ક્ષીણ કરીને નિર્મલ આત્મસ્વરૂપને પ્રગટાવી શકે છે. અશુભ કર્મોને ટાળી આત્માને તારવાની તાકાત અર્પનાર તીર્થ છે, એથી રત્નત્રયીને આપણે તીર્થ તરીકે વર્ણવીએ છીએ. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર રૂપ રત્નત્રયી આત્માનાં અશુભ કર્મોને ટાળી, આત્મામાં તરવાની તાકાત પેદા કરી દે છે અને એ ત્રણના યોગે પરિણામે આત્માનાં સઘળાંય કર્મો ક્ષીણ થઈ જાય છે અને એથી આત્માનું સંપૂર્ણ શુદ્ધ સ્વરૂપ પ્રગટ થઈ જાય છે.

### આવરણો ખસે તેમ ગુણો પ્રગટે :

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર રૂપ રત્નત્રયી જેમ તીર્થ છે, તેમ એ ત્રણને મેળવી આપનાર સાધનને પણ તીર્થ કહેવાય છે.સમ્યગ્દર્શનાદિ તીર્થ છે, પણ એ સમ્યગ્દર્શનાદિ આત્માથી પર એવી કોઈ વસ્તુઓ નથી એ તો આત્માના ગુણો છે; અને આત્માના ગુણો આત્મા ઉપરનાં તે તે પ્રકારના આવરણો જેમ જેમ ખસતાં જાય, તેમ તેમ પ્રગટતાં જાય તે સ્વાભાવિક છે.

### ડૂબતા આત્માઓ તીર્થ રૂપ નથી :

આથી જ આપણે વિચાર્યું હતું કે- આત્મા પોતે જ તીર્થ છે, પણ તે કયારે ? જ્યાં સુધી આત્માના સમ્યગ્દર્શનાદિ ગુણો અમુક અંશે પણ પ્રગટયા નથી, ત્યાં સુધી આત્મા તીર્થ રૂપ નથી. આવરણોના યોગે જેના સમ્યગ્દર્શનાદિ ગુણો આવરાએલા છે, એ આત્માને તીર્થ રૂપ માની શકાય જ નહિ : કારણ કે-એ દશામાં નથી તો એ આત્મા સ્વયં તરી રહેલો કે નથી તો એ આત્મા કોઈને પણ તારી રહેલો ! તારવાનો ગુણ તરવાના ગુણ સાથે સંબંધ ધરાવે છે. તરવા સાથે તારનારા બની શકાય, પણ સ્વયં ડૂબી રહેલો બીજાને કેમ તારી શકે ? ડૂબનારો તો કોઈવાર તરતાને પણ ડૂબાવનારો બને. આથી સ્પષ્ટ છે કે-તારવાની ભાવનાવાળાએ પહેલાં તરતાં બની જવું જોઈએ અને એથી જ આપણે તરતા એવા આત્માઓને તીર્થ રૂપ માનીએ છીએ. તરી ગયેલાં આત્માઓય તીર્થ રૂપ છે અને તરતા

આત્માઓ પણ તીર્થ રૂપ છે કારણ કે-એવા આત્માઓના યોગે યોગ્ય આત્માઓ સંસારસાગરથી પાર પમાડનારી રત્નત્રયીને પામી અને સેવી શકે છે.

**રત્નત્રયીની પ્રાપ્તિ અને ખીલવણી માટે :**

આત્મા ઉપરનાં આવરણો હઠે તે માટે અનંત ચતુષ્ટયમય બનેલા દેવના અને એ તારકની આજ્ઞા મુજબ રત્નત્રયીની આરાધના કરવામાં રત બનેલા ગુરૂના ઉપાસક બનવું પડશે. શ્રી અરિહંત દેવ સ્વતંત્રપણે રત્નત્રયી રૂપ ધર્મના પ્રકાશક છે અને ગુરૂ એ તારકની આજ્ઞાને અનુસરીને રત્નત્રયીના પાલક તથા પ્રકાશક છે. એવા દેવ અને એવા ગુરૂની ઉપાસના સમ્યગ્દર્શનાદિ ગુણોને પમાડનારી તથા ખીલવનારી છે. સમ્યગ્દર્શનાદિ આત્મગુણો તો હતા જ, પણ એ આત્માના ગુણો છે એવો ખ્યાલ કોનાથી મળ્યો ? શ્રી અરિહંતદેવે એ વસ્તુ સ્વતંત્રપણે પ્રરૂપી અને એ તારકની આજ્ઞામાં વર્તતા ગુરૂઓ એ તારકે ફરમાવ્યા મુજબ એની જ પ્રરૂપણા કરે છે. રત્નત્રયીને જ તીર્થ માને, તે આ બેને તીર્થ માને જ. રત્નત્રયીના સ્વતંત્ર પ્રકાશક દેવને અને એ તારકોની આજ્ઞામાં વર્તતા ગુરૂઓને જે ન માને, તે તો રત્નત્રયીને માનતો જ નથી, એ ખૂલ્લી વાત છે.

**સ્થાવર અને જંગમ તીર્થ :**

આત્મામાં સમજવાનોય ગુણ છે. બે ને ત્રણ પાંચ જાણવાની શક્તિ આત્માની છે. છતાં એનો

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

શિક્ષક કે એનું શિક્ષણ નહિ મળવાથી અનેક આત્માઓ એને જાણ્યા વિના પણ મરણ પામ્યા છે અને પામે છે. એ રીતિએ અહીં પણ સમ્યગ્દર્શનાદિને પ્રાપ્ત કરાવી આપનાર શિક્ષકો અને શિક્ષણની જરૂર પડશે. જેના દર્શનથી, સ્પર્શનથી, સેવનથી અને ગુણ શ્રવણાદિથી સમ્યગ્દર્શનાદિ ગુણો પ્રગટે, એનું દર્શન, સ્પર્શન અને સેવન આદિ કરવું પડશે. જેનાથી તે તે ગુણો મળે તેમ હોય, તેના સેવક બનવું પડશે. સમ્યગ્દર્શનાદિ આત્માના ગુણો છે, છતાં તે કાંઈ બધાને પ્રગટ થયેલા નથી, માટે એ પ્રગટ કરનાર સાધનના સેવનની જરૂર છે. એ સાધન બે પ્રકારનાં છે. સ્થાવર અને જંગમ. સ્થાવર તીર્થો વાતાવરણને શુદ્ધ રાખવાનું કામ કરે છે, અનેક જાતિની સામગ્રી એકત્ર કરી આપે છે, પણ એ કાંઈ બોલતાં નથી : જ્યારે જંગમ તીર્થોની એ તાકાત છે કે-તેઓ બોલીને પણ આપણા અંતરમાં રત્નત્રયીની આરાધનામાં ઉદ્યુક્ત બનવાનો ભાવ પેદા કરે છે.

**દેવ ધર્મશાસનના ઉત્પાદક છે અને ગુરૂ ધર્મશાસનના સંચાલક છે :**

દેવતત્ત્વ એવું છે કે- જે દરેક ક્ષેત્રમાં સદા હયાત રહે એવું નથી બનતું. મૂર્તિસ્વરૂપે ભલે રહે, પણ ચાલતા, બોલતા અને જગતને સમજાવતા દેવ હંમેશને માટે સર્વત્ર હયાત હોતા નથી : ધર્મ પણ સ્વયં બોલતો નથી : માટે દેવ અને ધર્મ-બંનેના સ્વરૂપને સમજાવનાર અને દેવની આજ્ઞા મુજબ ધર્મનો પ્રચાર કરનાર એક તત્ત્વની આવશ્યકતા રહે છે જ. બે ત્રાજવામાં માલ ભરાયા પછી, એ બે માલ

બરાબર છે કે ઓછો-વધતો છે, એને કહેનાર તો મધ્યમા છે. એ જ રીતિએ દેવ અને ધર્મ શું છે, એ જગતને સમજાવવાને માટે ગુરૂતત્ત્વની હાજરી હોવી જ જોઈએ. ધર્મતીર્થને પ્રવર્ત્તાવનારા દેવની આજ્ઞાઓનો અભ્યાસ કરી, એને સમર્પિત થઈ, જગતમાં એ આજ્ઞાને સમજાવી રહ્યા હોય તો તે ગુરૂઓ છે. દેવ નિર્વાણ પામ્યા, એ તારકે કહેલા ધર્મના શબ્દો રૂપ પુદ્‌ગલો વિખરાઈ ગયાં, હવે ધર્મને અહીં સુધી લાવનાર કોણ ? અને તારકોએ કહેલા ધર્મનો ખ્યાલ આપનાર કોણ ?

સ૦ પુસ્તક.

એને રચનાર અને પુસ્તકમાં પણ લખનાર કોણ ? એ જ ગુરૂઓ. દેવના અભાવમાં દેવની આજ્ઞાઓનો પ્રસાર જગતમાં હોઈ શકે છે, પણ ગુરૂના અભાવમાં દેવની આજ્ઞાઓનો પ્રસાર જગતમાં હોઈ શકતો નથી. ગુરૂતત્ત્વના લોપ સાથે જ ધર્મતત્ત્વનો લોપ થઈ જાય છે. દેવ સ્વતંત્રપણે ધર્મ પ્રરૂપીને મુક્તિએ જાય તે પછીથી પણ ગુરૂઓના યોગે એ ધર્મ જગતમાં વિદ્યમાન રહે છે, પણ જ્યારે એક પણ ગુરૂ હયાત ન રહે ત્યારે દેવે કહેલો ધર્મ પણ હયાત રહે નહિ. ધર્મશાસન મોટે ભાગે ગુરૂઓથી જ ચાલે છે. ધર્મશાસનના ઉત્પાદક દેવ અને સંચાલક ગુરૂ. શાસનના ઉત્પાદક જાય એથી શાસન જાય નહિ, પણ શાસનના સંચાલક જાય એટલે શાસન પણ જાય.

●

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

## દેવ-ગુરૂતત્ત્વમાં આવતાં પંચપરમેષ્ઠિઓ તીર્થ રૂપ છે :

આથી સ્પષ્ટ થાય છે કે-દેવતત્ત્વમાં ગણાતા આત્માઓ પણ તીર્થ રૂપ છે, ગુરૂતત્ત્વમાં ગણાતા આત્માઓ પણ તીર્થ રૂપ છે અને ધર્મતત્ત્વ રૂપ ગણાતાં સમ્યગ્દર્શનાદિ એ પણ તીર્થ રૂપ છે. દેવતત્ત્વ અને ગુરૂતત્ત્વમાં ગણાતા આત્માઓને શ્રી જૈન શાસનમાં પંચપરમેષ્ઠી રૂપ માનવામાં આવ્યા છે. શ્રી અરિહંત, શ્રી સિદ્ધ, શ્રી આચાર્ય, શ્રી ઉપાધ્યાય અને શ્રી સાધુ-એ પાંચ પરમેષ્ઠિપદો છે તથા તે તે પદે રહેલાં આત્માઓ પરમેષ્ઠિઓ છે. શ્રી અરિહંત અને શ્રી સિદ્ધ, એ બે દેવતત્ત્વમાં ગણાય છે અને શ્રી આચાર્ય, શ્રી ઉપાધ્યાય અને શ્રી સાધુ-એ ત્રણ ગુરૂતત્ત્વમાં ગણાય છે. સમ્યગ્દર્શનાદિનો સમાવેશ ધર્મતત્ત્વમાં થાય છે. દેવ અને ગુરૂ બન્નેની ઉત્પત્તિ ધર્મતત્ત્વના યોગે થાય છે એમ કહીએ તો પણ ચાલી શકે તેમ છે : કારણ કે-રત્નત્રયીની આરાધના વિના નથી તો શ્રી અરિહંત બનાતું, નથી તો શ્રી સિદ્ધ બનાતું, નથી તો શ્રી આચાર્ય બનાતું, નથી તો શ્રી ઉપાધ્યાય બનાતું અને નથી તો શ્રી સાધુ બનાતું ! એ જ રીતિએ એ પણ સમજવાનું છે કે-શ્રી અરિહંતની ઉત્પત્તિ વિના રત્નત્રયીમય શાસનની ઉત્પત્તિ થતી જ નથી : અને આથી જ શ્રી અરિહંતદેવોને જ પ્રથમ પરમેષ્ઠી તરીકે ગણવામાં આવે છે. વાત એ ચાલે છે કે-દેવતત્ત્વ અને ગુરૂતત્ત્વ, એ સમ્યગ્દર્શનાદિ ધર્મતત્ત્વના સાધન રૂપ હોઈને તીર્થ રૂપ છે.

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

## વિહરતા દેવ અને ગુરૂ જંગમ તીર્થ છે :

ધર્મતત્ત્વ અને એને પામેલા તથા પ્રચારનારા ગુરૂઓ તેમજ એના ફળ રૂપે બનેલા શ્રી અરિહંતો અને શ્રી સિદ્ધો એ તીર્થ છે. દેવમાં પણ સ્થાવર અને જંગમ એમ બે ભેદ પડી જાય છે. ગુરૂમાં પણ સ્થાવર અને જંગમ-એમ બે ભેદ પડી જાય છે. ફરીને તારે તે જંગમ. ફર્યા વિના એક સ્થાને સ્થિર રહીને તરવામાં નિમિત્ત રૂપ બને તે સ્થાવર. શ્રી અરિહંતાદિને નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ-એ ચાર વિભાગમાં વહેંચવા પડશે. વિરહતી અવસ્થામાં દેવ અને ગુરૂ- એ બે જંગમ તીર્થ રૂપે છે. નહિ વિહરતી અવસ્થામાં સ્થાવર રૂપે છે. સમ્યગ્દર્શનાદિને પ્રગટ કરવા માટે સ્થાવર અને જંગમ-બન્નેય પ્રકારના દેવ-ગુરૂ નિમિત્ત બની શકે છે, એટલે કે-નિમિત્ત બનવાની લાયકાત ધરાવે છે.

## સાચા સેવ્યનો સાચો સેવક તે ગણાય, કે જે પરિણામે સ્વામી જેવો બને :

યોગ્ય આત્માઓને તારક વસ્તુનું નામ પણ લાભ આપે છે : એનો આકાર પણ લાભ આપે છે : એની ઉત્પતિનાં સાધનો પણ લાભ આપે છેઃ અને એ વસ્તુની હયાતી પણ લાભ આપે છે. શ્રી અરિહંત કે શ્રી સિદ્ધથી પણ જો ગુણોની પ્રાપ્તિ થવી શકય ન હોય,તો તે આપણને નહિ જોઈએઃ એ જ રીતિએ જે આચાર્ય,ઉપાધ્યાય કે સાધુથી આપણને તારનારા ગુણોની પ્રાપ્તિ થવી શકય ન હોય, તે આચાર્ય, ઉપાધ્યાય કે સાધુ આપણને નહિ જોઈએ : પણ એનાથી જ આપણને ગુણની પ્રાપ્તિ થાય

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી પ્રત-૨જી

●

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

છે, માટે આપણે એની સેવના કરવાની છે. શ્રી અરિહંતો દુનિયામાં અમુક પ્રકારની સાહ્યબી આદિવાળા હતા માટે આપણે એ તારકોને માનીએ છીએ એમ નથી, પણ એ તારકોના ગુણોને લઈને જ આપણે એ તારકોને માનીએ છીએ.પાંચે પરમેષ્ઠિઓને તેઓના તે તે ગુણોને લઈને જ આપણે પૂજનિક માનીએ છીએ. એટલા માટે તે પાંચેયના પૂજારી પણ પૂજય છે. ચાર પ્રકારનો શ્રી સંઘ પણ એટલા માટે તીર્થ રૂપ છે. સમ્યગ્દર્શનાદિ ગુણોની પ્રાપ્તિને માટે પાંચેને પૂજે, એ શ્રી સંઘ પણ તીર્થ. સાચો સેવક તે, કે જે સેવા ના પરિણામે સ્વામી જેવો બને. સાચો સ્વામી તે કે જે પોતાના સાચા સેવકને પોતાના જેવો બનાવે. જીંદગીભર સેવા કરાવવાની અભિલાષા રાખનારા સ્વામી એ સ્વામી નથી અને સેવા કરતાં કરતાં પરિણામે પણ જે સ્વામી જેવો ન બની શકે તે સાચો સેવક નથી. સાચા સેવ્યની સેવા કરતાં જો સેવકને આવડે, તો એ પરિણામે નિયમા સ્વામી જેવો બને, એમ શ્રી જૈન શાસન માને છે. એટલા માટે શાસ્ત્ર કહે છે કે-દેવ-ગુરૂ અને ધર્મનું સેવકપણું જયારથી આવ્યું, ત્યારથી તે આત્મા તેટલા અંશે તીર્થ રૂપ બની જાય છે. સમ્યગ્દર્શનાદિને પામેલા આત્માઓ તો તીર્થ રૂપ છે જ, પણ એની સેવાના અભિલાષી બનેલા આત્માઓ પણ તીર્થ રૂપ બન્યા વિના રહેતા નથી. અહીં તો સાચી સેવાનું મૂલ્ય જ એ કે -સ્વામિ પદની પ્રાપ્તિ થાય.

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

## ગુણપ્રાપ્તિના ઈરાદે સેવવાના :

હવે ટૂંકમાં આપણે એ વિચારી લઈએ કે-શ્રી પંચપરમેષ્ઠી રૂપ શ્રી અરિહંત, શ્રી સિદ્ધ, શ્રી આચાર્ય, શ્રી ઉપાધ્યાય અને શ્રી સાધુ કયી કયી રીતિએ બને છે? તે તે પ્રકારની લાયકાતવાળા આત્માઓને જ શ્રી જૈન શાસનમાં શ્રી અરિહંતાદિ માનવામાં આવ્યા છે ગુણના યોગે જ શ્રી અરિહંતાદિકને તે તે રૂપે માનનાર અને સ્વીકારનાર આ શાસન છે. આત્મિકગુણોના આધારે જ શ્રી અરિહંતાદિકને પરમેષ્ઠિઓ તરીકે માનવામાં આવે છે. અને અરિહંતાદિક પરમેષ્ઠિઓના સેવક બનવાની જે ભલામણ કરવામાં આવે છે, તે પણ તે તે ગુણોની પ્રાપ્તિ થાય એ માટે જ. પાંચ પરમેષ્ઠિઓ ગુણસંપન્ન હોઈને ગુણપ્રાપ્તિમાં પરમ કારણ રૂપ છે. એ વસ્તુને સમજવા પૂર્વક જો એ તારકોની એ ગુણોને પ્રાપ્ત કરવાના હેતુથી યથાયોગ્ય સેવા કરવામાં આવે, તો આત્મા એ ગુણોને પામ્યા વિના રહે નહિ.

## યોગ્યતા અનાદિથી જ હોય :

પાંચ પરમેષ્ઠિઓમાં શ્રી અરિહંતદેવના આત્માઓ પ્રથમપદે ગણાય છેઃ કારણકે-આત્માના મોક્ષનો માર્ગ સ્વતંત્રપણે પ્રકાશનારા એ જ આત્માઓ છે. શ્રી સિદ્ધ આત્માઓને જણાવનારા પણ એ તારકો છે. અને શ્રી આચાર્યાદિ પણ એ તારકોએ સ્વતંત્રપણે પ્રકાશેલા તેવા માર્ગના આરાધકપણાના યોગે

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

જ બની શકાય છે.આવા શ્રી અરિહંતદેવના આત્માઓમાં અનાદિકાળથી જ તેવા બનવાની યોગ્યતા રહેલી હોય છે, જે યોગ્યતા જે આત્મામાં મુળથી નથી હોતી, તે આત્મામાં તે યોગ્યતા કોઈપણ કાળે પ્રગટી શકતી નથી. જગતને એ યોગ્યતા સામગ્રીસંપન્ન દશામાં દેખાય એ બને, પણ જ્ઞાનીઓ તો આત્માની યોગ્યતા -જે અનાદિકાળથી જ હોય છે-તેને બરાબર જાણી શકે છે. અને જ્ઞાનીઓએ તેવી પ્રરૂપણા પણ કરી જ છે.

**પરોપકારપ્રધાનતા આદિ વિશિષ્ટતા અનાદિથી :**

શ્રી અરિહંતદેવના આત્માઓમાં તેવા બનવાની યોગ્યતા અનાદિકાળથી જ રહેલી છે. શ્રી અરિહંતદેવના આત્માઓનું જીવન પરોપકાર પ્રધાન હોય છે. સારીસામગ્રીવાળી દશામાં એ તારકો પોતાના સ્વાર્થને ગૌણ બનાવનારા અને પરોપકાર કરવાના વ્યસની હોય છે. પરોપકારીતાની યોગ્યતા અનાદિથી હોય છે. અને તે સામગ્રીની પ્રાપ્તિ થતાંની સાથે જ ખીલી નીકળે છે. અદીનતા આદિ ગુણો પણ એ તારકોમાં વિશિષ્ટ પ્રકારે રહેલા હોય છે. 'શ્રી અરિહંતદેવના આત્માઓમાં પરોપકારશીલતા ક્યારની ? ' એમ જો કોઈ પૂછે, તો કહેવું પડે કે- 'અનાદિની.'અને 'એ પરોપકારશીલતા કાર્ય રૂપ બને ક્યારે ?' -એમ જો કોઈ પૂછે તો કહેવું પડે કે- 'તથાપ્રકારની સામગ્રી એ આત્માઓને મળે ત્યારે'

સ૦ સમ્યક્ત્વપ્રાપ્તિ પૂર્વે તો નહિ જ ને ?

એમ પણ ન ઠરાવી શકાય. સમ્યક્ત્વપ્રાપ્તિ પૂર્વે પણ સામગ્રી આદિના પ્રમાણમાં પરોપકારપ્રધાનતા આદિ હોય જ . પરોપકારપ્રધાનતા આદિ ની લાયકાત સામગ્રી મળતાંની સાથે જ કાર્ય રૂપે પરિણમે છે, એમ એ તારકના આત્માઓને માટે સમજવાનું છે. અને એથી જ એ તારકના આત્માઓ સર્વ જીવોમાં ઉત્તમ ગણાય છે. શરીરધારી જીવોમાં એ તારકોનું ઉત્તમપણું સામગ્રીહીન દશામાં યોગ્યતા રૂપ કારણ રૂપે અને સામગ્રી સંપન્ન દશામાં કાર્ય રૂપે હોઈને જ, એ તારકોને પુરૂષોત્તમપણે સ્તવાય છે એ વ્યાજબી ઠરે છે.

**અનુપમ ભાવનાના યોગે બંધાયેલા પુણ્યથી તીર્થસ્થાપના :**

શ્રી અરિહંતદેવના આત્માઓમાં રહેલી પરોપકાર-પ્રધાનપણે જીવવાની યોગ્યતા , જેમ જેમ સામગ્રીની અનુકૂળતા થતી જાય છે. તેમ તેમ વિકાસ પામતી જાય છે. એમ કરતાં કરતાં એ તારકોના આત્માઓ મુકત બનવાના ત્રીજા ભવે તો એવી પરોપકારભાવનાની પણ ઉત્કૃષ્ટતાને પામે છે કે-'સંસારના સઘળાય જીવો મુકત બને એ માટે હું સારાય સંસારના જીવોને મુકિતમાર્ગના રસિયા બનાવી દઉં!' આ ભાવનાને પરિણામે, એ તારકના આત્માઓ અનુપમ કોટિના પુણ્યકર્મને ઉપાર્જે છે અને એનું જ એ પરિણામ છે કે-એ તારકો પોતાના અન્તિમ ભવમાં આત્માને સંસારસાગરથી

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી પ્રત-૨જી

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

તારનારા તીર્થના સ્થાપક બને છે. એ તીર્થના યોગે,એ તારકો જ્યારે આ દુનિયા ઉપર વિદ્યમાન નથી હોતા ત્યારે પણ, સંખ્યાબંધ આત્માઓ પોતાના આત્માનો ઉદ્ધાર સાધે છે. તીર્થની સ્થાપના કર્યા પછી પણ એ તારકો, તારક તરીકેની પોતાની વાસ્તવિક ખ્યાતિને જ સુસિદ્ધ કરનારૂં પરોપકારમય જીવન અન્ત સુધી જીવે છે અને આયુષ્ય પૂર્ણ થયે સિદ્ધાવસ્થાને પામે છે. અત્યાર સુધીના અનન્તકાલમાં આવા આત્માઓ અનન્તા થઈ ગયા, વર્તમાનમાં વીસ વિચરે છે અને ભાવિ અનન્તકાલમાં અનન્તા થશે. જે વીસ વિચરે છે તે અહીં નથી, પણ મહાવિદેહ નામના ક્ષેત્રમાં છે. અહીં તો વર્તમાનમાં એ તારકોએ ફરમાવેલો મોક્ષમાર્ગ વિદ્યમાન છે.

### શ્રી અરિહંતદેવની આજ્ઞા એ સાધન અને મોક્ષ એ સાધ્ય :

આવા પ્રકારના શ્રી અરિહંતદેવોએ સ્થાપેલા તીર્થની સેવા દ્વારા જે આત્માઓ પોતાના શુદ્ધ આત્મસ્વરૂપને સંપૂર્ણપણે પ્રગટાવે છે, તે આત્માઓ સિદ્ધ કહેવાય છે. સિદ્ધ આત્મા એટલ સર્વથા શુદ્ધ બનેલો આત્મા. શ્રી અરિહંતદેવની આજ્ઞાને જે પામે અને પાળે, તે શ્રી સિદ્ધ બની શકે. શ્રી અરિહંતપદનું શ્રી સિદ્ધિપદ એ ફલ છે : કારણ કે-શ્રી અરિહંતદેવ પણ આયુષ્ય પૂર્ણ થયે શ્રી સિદ્ધિપદને પામે છે અને શ્રી અરિહંતદેવની આજ્ઞાનુસાર વર્તી ને પોતાના આત્માની સાથે લાગેલાં સકલ કર્મોને ક્ષીણ કરનારા આત્માઓ પણ શ્રી સિદ્ધિપદને પામે છે. જે જે આત્માઓએ પોતાના સંપૂર્ણ

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

શુદ્ધ સ્વરૂપને પ્રગટાવ્યું છે, તે સઘળા આત્માઓ શ્રી સિદ્ધપદે વિરાજમાન છે. એ જ પદ સંસારના જીવોને માટે સાધ્ય રૂપ છે. સાધ્ય મોક્ષ અને સાધન શ્રી અરિહંતદેવની આજ્ઞાનું પાલન, સાધન વિના સિદ્ધિ થાય નહિ અને સિદ્ધિ ન હોય તો સાધનની કિંમત રહે નહિ, એટલે શ્રી અરિહંતદેવ સાધનપ્રકાશક હોઈને પહેલા પદે પૂજ્ય છે અને શ્રી સિદ્ધો-આદર્શ રૂપ હોઈને બીજા પદે પૂજ્ય છે. આમ તો શ્રી અરિહંતદેવો ચાર કર્મોથી રહિત હોય છે અને શ્રી સિદ્ધો આઠેય કર્મોથી રહિત હોય છે, પણ શ્રી અરિહંતદેવનો માર્ગનું દર્શન કરાવવા રૂપ ગુણ એવો મોટો છે કે-શ્રી સિદ્ધાત્માઓ બીજા પદે ગણાય છે અને શ્રી અરિહંતદેવો પહેલા પદે ગણાય છે.

## શ્રી સિદ્ધાત્માઓ ઉપકારી કેમ ?

સ૦ શ્રી સિદ્ધનો ઉપકાર શો ?

સિદ્ધિ જેવું સ્થાન જ જો ન હોત, તો રત્નત્રયીનું સેવન કોઈ કરત જ નહિ. રત્નત્રયીની આરાધનાના ફલની એ પ્રતીતિ કરાવનાર છે. શ્રી સિદ્ધ આત્માઓનું સ્વરૂપ એવું છે, કે જે શ્રી અરિહંતદેવોએ ફરમાવેલા રત્નત્રયીના આરાધન તરફ સમજુ આત્માઓને આકર્ષનારૂં બન્યા વિના રહેતું નથી. રત્નત્રયીની આરાધનામાં પ્રેરક બનવાની સિદ્ધ આત્માઓની લાયકાત જેવી-તેવી નથી અને એથી જ આપણે શ્રી સિદ્ધ આત્માઓને પણ તીર્થ રૂપ માનીએ છીએ. દેવ, ગુરૂ અને ધર્મ-એ ત્રણની સાર્થકતાનો

આધાર તો શ્રી સિદ્ધિપદને અંગે છે, કારણ કે-શ્રી સિદ્ધિપદ પ્રાપ્ત કરવા જેવું છે માટે જ દેવ, ગુરૂ અને ધર્મની આરાધના કરવાની જરૂર છે : આથી શ્રી સિદ્ધાત્મા પણ ઉપકારી જ ગણાય તે સ્વાભાવિક છે.

### શ્રી આચાર્ય, શ્રી ઉપાધ્યાય અને શ્રી સાધુ :

હવે ગુરૂતત્ત્વની વાત આવે છે, શ્રી અરિહંતદેવોની આજ્ઞા મુજબ સંસારનો ત્યાગ કરવાપૂર્વક રત્નત્રયીની આરાધનામાં ઉજમાળ બનેલા આત્માઓને સાધુઓ કહેવાય છે. એ સાધુઓમાં જ આચાર્યો અને શ્રી ઉપાધ્યાયો પણ હોય છે. શાસનના સંચાલન આદિની યોગ્યતાને ધરનારા આત્માઓને, ગીતાર્થ ગુરૂઓ જ્યારથી શ્રી આચાર્યપદે સ્થાપિત કરે છે, ત્યારથી તે સાધુઓ શ્રી આચાર્યપદે પૂજ્ય ગણાય છે. શ્રી અરિહંતદેવોની આજ્ઞાઓના સારી રીતિએ જાણ બનેલા અને બીજાઓને એ જ્ઞાનનું દાન કરનારા તથા બીજી પણ ઘણી લાયકાતોને ધરનારા આત્માઓને, ગીતાર્થ ગુરૂઓ શ્રી ઉપાધ્યાયપદે જ્યારથી પ્રતિષ્ઠિત કરે છે, ત્યારથી તે સાધુઓ શ્રી ઉપાધ્યાય તરીકે ઓળખાય છે. એ સિવાયના સાધુઓ પાંચમા પદે પૂજ્ય ગણાય છે. આ ત્રણેય-શ્રી આચાર્ય, શ્રી ઉપાધ્યાય અને શ્રી સાધુ, રત્નત્રયીના સ્વયં પાલક તો હોય જ છે, પણ શક્તિ-સામગ્રી આદિ મુજબ તેનો પ્રચાર કરનારા પણ

**તીર્થ-
યાત્રાનો
વાસ્તવિક
હેતુ**

હોય છે. એ કારણે તથા બીજી યોગ્યતાઓના કારણે પણ તે તારકો રત્નત્રયીને પામવાનાં સ્થાનો હોઈને, એ તારકો પણ તીર્થ રૂપ ગણાય તે સ્વાભાવિક જ છે.

**તીર્થયાત્રાનો હેતુ અને તીર્થયાત્રિકોની ભક્તિ :**

'તીર્થની સેવા શા માટે કરવાની છે ? -એનો વિચાર આપણે વારંવાર કરી રહ્યા છીએ : કારણ કે-તીર્થયાત્રાની સફલતા માટે હેતુશુદ્ધિ પણ અત્યંત આવશ્યક છે. મનઃશુદ્ધિ અથવા તો ખરી રીતિએ તો આત્મશુદ્ધિ, એ જ તીર્થસેવાનું પરમ ફલ છે. સમ્યગ્દર્શનાદિ ગુણોની પ્રાપ્તિ અને ખીલવણીને માટે જ તીર્થયાત્રા છે. તીર્થની યાત્રા કરવાવાળાઓમાં એ ધ્યેય આવ્યું છે ?

સ૦ સંભળાવનારા જ ન હોય તો ધ્યેય ક્યાંથી આવે ?

હવે સાંભળ્યા પછી તો એ ધ્યેય જરૂર આવશે ને ? તમે નવા છો માટે એમ લાગે છે. આ વાત જૂના સાંભળનારાઓને ઉદ્દેશીને છે : કારણ કે-સંઘ નીકળ્યો ત્યારથી આ વાત ઘણી જ સ્પષ્ટતાથી કહેવાઈ રહી છે. 'તીર્થયાત્રા સંસારસાગરને તરવામાં પ્રબળ નિમિત્ત રૂપ રત્નત્રયીને પમાડનાર છે, માટે અમે તીર્થયાત્રા કરીએ છીએ.' -એવા ધ્યેયવાળો વર્ગ પણ તીર્થ રૂપ બની જાય છે. શુદ્ધ ઈરાદાથી તીર્થે આવવાવાળાઓ પણ તીર્થ હોવાથી જ તેમની ભક્તિ કરવાને માટે લોક આટલું બધું તત્પર બની જાય છે. તીર્થે જનારની આટલી સેવા-આટલી ભક્તિ થઈ રહી છે, તે વિના કારણ નથી. આખો હેતુ

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

વિસરાઈ ગયો તો આ ભક્તિ લેશો એ ભારે થઈ પડશે. સ્થાવર તીર્થની ભક્તિ કરવાની પ્રેરણા આપનાર જંગમ તીર્થ છે. એ બે ભક્તિ આવશ્યક છે અને એ બેની ભક્તિ કરનારાઓની ભક્તિ કરવી એ પણ આવશ્યક છે. આ દૃષ્ટિએ વિચાર કરીએ, તો ભક્તિને માટે થતો ખર્ચ સારો લાગે કે ખરાબ ? આવા સંઘો સંખ્યાબંધ નીકળતા હોય તો લાભ કે હાનિ ? મંદિર, સાધર્મિક સાથે હોય, આરાધનાની ઉત્તમ સગવડ સાથે ખાવા પીવા-રહેવા વગેરેની સગવડ હોય, એવા સંઘો રોજ નીકળ તા હોય તો પછી કોઈને કાંઈ નવાઈ લાગે ? રોજના આ મોટરોની લૉરીઓ સામાન ભરી ભરીને દુન્યવી કાર્યોને માટે દોડ દોડ કરે છે, એમાં તમને આશ્ચર્ય લાગે છે ? નહિ જ. વાત એ છે કે-જનાર અને જોનાર ધ્યેય સમજે તો જ આ ગમે અને એમ થાય તો જ જનાર અને જોનાર આના યોગે સમ્યગ્દર્શનાદિ આત્મગુણોને પણ પામી અને ખીલવી શકે.

**લ્હાવો લેવા ખાતર સંઘ કાઢવાનો નથી, પણ સ્વપર-હિતને માટે જ સંઘ કાઢવાનો છે :**

જે વસ્તુનો આપણને ખપ લાગે છે તે વસ્તુ રોજ ને રોજ જોઈએ છે, તેમ જેને તીર્થનો ખપ લાગે એને રોજના રોજ નવા નવા સંઘો નીકળે તોય આનંદ જ થાય. સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિનો અને એની ખીલવણીનો ઈરાદો જેનામાં હોય, તેને તો આવા સંઘો પરમ આશિર્વાદ રૂપ લાગે. જે હેતુસર તીર્થની યાત્રા છે, તે હેતુ લક્ષ્યમાં આવવો જોઈએ. આજે સંઘ કાઢનારા તથા સંઘમાં જનારા કેટલાકોમાં

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

એ હેતુ રહ્યો નથી, એ કારણે પણ સંઘો વગોવાય છે. જો કે-વગોવનારા પણ અજ્ઞાન છે, કારણ કે-એમને સમ્યગ્દર્શનાદિનો ખપ નથી. યાત્રાનો હેતુ, યાત્રા કોની અને તીર્થ કોણ, એ સમજ્યા પછી યાત્રા કેવા વિધિથી કરવી જોઈએ એ પણ કહેવાનું રહે છે અને તે અવસર હશે તો કહેવાશે. જેનો વિધિ ઉમદા, એની ટીકા કરનારા સ્વયં ટીકા કરતા બંધ થઈ જાય છે. તદ્દન અધમ આત્માઓની-દુર્જનોની વાત તો બાજુએ જ રાખી મૂકવાની, પણ વિધિ મુજબ વર્તાય તો અદ્વેષી સજ્જનોના હૃદયમાં આનંદ ઉત્પન્ન થયા વિના રહે નહિ. જેમ જેમ કમાણી દેખાય, તેમ તેમ ઉલ્લાસ વધે. કેવળ લ્હાવો લેવા ખાતર સંઘ નહિ હોવો જોઈએ, પણ સ્વપરના આત્મહિતની દ્રષ્ટિએ સંઘ કાઢવો જોઈએ અને વિધિને સાચવવાનો શકય એટલો પ્રયત્ન કરવાને પણ ચૂકવું.જોઈએ નહિ. ભદ્રિક આત્માઓ માટે આ બધી કરણીઓ અધમતામાંથી કાઢીને ઉત્તમતામાં લાવવાનો રાજમાર્ગ છે. એકલામાં એકલો રીઝે; બેકલામાં બહુ રીઝે. એકલો જમે તે સારો કે પચીસને લઈને જમવા બેસે તે સારો ? એકલો બેસે તે પેટભરો કહેવાય અને પચીસને લઈને બેસે તે સદ્‌ગૃહસ્થ કહેવાય ! તેમ, ધર્મક્રિયામાં એકલા કરનાર કરતાં ઘણાને સાથે કરાવનાર ઘણો પ્રશંસનીય બને છે. એ ઘણા લાભનો ભાગી થાય છે. 'સારી દુનિયાને હું ધર્મમાર્ગે જોડી દઉં. -એ ભાવના શ્રી અરિહંતપણાને પેદા કરનાર છે. પંચેન્દ્રિય મટીને જેને એકેન્દ્રિય (ધાતુ રૂપ) થવું હોય તે કેવળ પૈસાને જોયા કરે, માટે કેવળ લ્હાવો લેવા ખાતર આ ક્રિયાઓ

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી પ્રત-૨જી

●

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

નહિ કરવી જોઈએ. તીર્થનો મહિમા ધ્યાનમાં નહિ આવવાથી જ કેટલીક વાર એમ પણ બને છે. એટલા જ માટે તીર્થનો મહિમા સમજાવવાનો આપણો પ્રયાસ છે. તીર્થ પ્રત્યે સેવકભાવ આવવો જોઈએ અને તો જ જે રીતિએ આ પ્રસંગો ઉજવાવા જોઈએ તે રીતિએ ઉજવવાના કોડ થાય. ભવાભિનંદિઓ દ્વારા વહેપારો દુનિયામાં જેમ ધોધમાર ચાલે છે, તેમ આત્માનંદિ આત્માઓ દ્વારા આ પ્રવૃત્તિઓ પણ જોરદાર ચાલવી જોઈએ. આ આત્મ-વ્યાપારો વધવાથી પાપવ્યાપારો જરૂર ઘટશે અને પરિણામે સ્વ-પરનું હિત નિયમા સધાશે !

(૧૦)

**દુનિયાના જીવોને દુઃખમિશ્રિત, અધુરૂં અને અલ્પકાલીન સુખ ગમતું નથી :**

પ્રાણી માત્રની ઈચ્છા એક જ છે અને તે એ કે- 'દુઃખ જાય અને સુખ મળે.' દુનિયામાં જે કાંઈ પ્રવૃત્તિ ચાલી રહી છે, તેનો હેતુ આ એક જ છે. દરેકને દુઃખથી છૂટવું અને સુખ મેળવવું છે. કોઈનેય દુઃખ ગમતું નથી અને એવો એક પણ જીવ નથી કે જેને સુખ જોઈતું નથી. દુઃખથી દૂર થવાની અને સુખમય દશાને પ્રાપ્ત કરવાની એકસરખી અભિલાષા લગભગ સૌમાં છે. દુનિયાના જીવો દુઃખો વેઠીને પણ જે પ્રવૃત્તિ કરે છે, તે સુખ મળે એવી ધારણાથી જ કરે છે. બહુ ઊંડાણથી વિચાર કરશો, તો એ પણ સમજાશે કે-દુનિયાના જીવોને તેવુંય સુખ જોઈતું નથી, કે જે સુખ દુઃખમિશ્રિત હોય !

●

**તીર્થ-
યાત્રાનો
વાસ્તવિક
હેતુ**

દુઃખરહિત સુખ નહિ મળવાના કારણે દુઃખ મિશ્રિત સુખને પણ દુનિયાના જીવો વધાવી લે છે એની ના નથી, પરન્તુ હૈયામાં ખટકારો રહ્યા જ કરે છે કે-'કયારે આટલું થોડું પણ દુઃખ જાય અને દુઃખથી સર્વથા રહિત સુખ પ્રાપ્ત થાય.' દુઃખથી રહિત જે સુખ જોઈએ છે, તે પણ અધુરૂં હોય તો જીવોને સંતોષ નથી થતો. બાકીનું સુખ પ્રાપ્ત કરવાની તૃષ્ણા રહ્યા જ કરે છે. અર્થાત્ દુનિયાના જીવોને જેમ દુઃખના અંશ માત્રથી પણ રહિત સુખ જોઈએ છે, તેમ તે સુખ અધુરાપણાથી ય રહિત એટલે કે-સંપૂર્ણપણાવાળું પણ જોઈએ છે. સુખની અભિલાષા આટલેથી જ અટકતી નથી. દુઃખના અંશોથી તેમ જ અધુરાપણાથી પણ રહિત એવું પણ સુખ જો અમુક કાળ સુધી ટકીને પાછું ચાલ્યું જનારૂં હોય, તો તે પણ દુનિયાના જીવોને ગમતું નથી. મળેલું સુખ હંમેશને માટે ટકયું રહે, એવી ભાવના પણ સૌની છે. આ રીતિએ જોતા સ્પષ્ટપણે સમજાય છે કે-દુનિયાના જીવોને દુઃખથી સર્વથા મુક્ત પણ બનવું છે અને સંપૂર્ણ સુખને શાશ્વતકાળ સુધી ભોગવનારા પણ બનવું છે.

**તમને સુખની ઈચ્છા છતાં 'કેવું સુખ જોઈએ છે ?' -તેનો તમે વિચાર પણ કર્યો નથી :**

બીજાઓની વાત ક્ષણભર દૂર રાખીને, તમે તમારી પોતાની જ ઈચ્છાનો વિચાર કરી જૂઓ. તમને નામ માત્રનું પણ દુઃખ ગમતું નથી-એ જેમ નિઃસંશય બીના છે, તેમ શકય હોય તો તમારે એવું જ સુખ જોઈએ છે કે જે સુખ દુઃખમિશ્રિત ન હોય, સંપૂર્ણ હોય અને શાશ્વતકાળ ટકી રહેનારૂં હોય,

એ પણ નિઃસંશય બીના છે. દુઃખરહિત, સંપૂર્ણ અને શાશ્વત સુખની ઈચ્છા જેમ તમને છે, તેમ જે જે જીવો ઈચ્છા કરી શકે છે, તે દરેક જીવની પણ એ જ ઈચ્છા છે કે- 'અમને દુઃખરહિત, સંપૂર્ણ અને શાશ્વત સુખ પ્રાપ્ત થાય.' તમને શું જોઈએ છે અગર તો તમારી ઈચ્છા શી છે, એનો પણ તમે લાંબો અને જરૂરી વિચાર નથી કર્યો, માટે જ તમને અત્યાર સુધી એ વસ્તુની ગમ નહોતી કે- 'આપણે દુઃખ નથી જોઈતું અને સુખ જોઈએ છે એ તો ખરૂં, પણ કેવું સુખ જોઈએ છે ?' જ્ઞાનિઓએ જીવોની અભિલાષાઓની ચિકિત્સા કરી અને નિશ્ચિત કર્યુ કે- 'આ જીવો સુખની ઈચ્છાથી ટળવળી રહ્યા છે અને આ જીવોને એવું જ સુખ જોઈએ છે. કે જે સુખ દુઃખરહિત પણ હોય, સંપૂર્ણ પણ હોય અને શાશ્વત પણ હોય.' જ્ઞાનિઓની આ ચિકિત્સા તદ્દન વાસ્તવિક છે, એમ માત્ર જ્ઞાનિઓ પ્રત્યેની શ્રદ્ધાના બળે જ માનવું પડે તેમ નથી : પોતાના અનુભવ ઉપરથી વિચાર કરવામાં આવે તો પણ, જ્ઞાનિઓની આ ચિકિત્સા તદ્દન વાસ્તવિક છે, એમ કોઈ પણ વિવેકી સમજી શકે તેમ છે.

**પોતની જાતને હોશિયાર, ભણેલી-ગણેલી, શાણી અને ચકોર માનનારાઓની પણ વિચારહીનતા :**

અનન્તજ્ઞાનિઓ અને એ તારકોને અનુસરનારાઓની યથાર્થવાદિતા પ્રત્યે સાચો વિશ્વાસ ભાવ પેદા કરવામાં આ પ્રકારનો વિચાર પણ પ્રેરક નીવડે તેમ છે : પરન્તુ આજે તો મોટે ભાગે વિચારહીનતાનું અને ગતાનુગતિકતાનું સામ્રાજ્ય ચોમેર પ્રસરી રહેલું છે. પોતાને સુખ જોઈએ છે, પણ

તે કેવું જોઈએ છે, એનીય માણસોને અને તે પણ દુનિયામાં બહુ ભણેલા, શાણા અને બુદ્ધિશાલી તરીકે પંકાતા હોય એવાઓનેય ગમ ન હોય. એ ઓછી વિચારહીનતા છે ? જ્ઞાનિઓએ કરેલી ચિકિત્સા મુજબ કહીએ કે- 'દુનિયાના જીવોને એવું સુખ જોઈએ છે, કે જે દુઃખના અંશથી પણ રહિત હોય, સંપૂર્ણ પણ હોય અને શાશ્વત પણ હોય !' -ત્યારે વળી કેટલાક માણસો વિચાર કરે અને કબૂલે કે- 'વાત બરાબર છે !' પણ અડધાથીય વધારે જીંદગી વહી ગઈ ત્યાં સુધી, એને પોતાને, પોતાને કેવું સુખ જોઈએ છે એનો વિચારેય ન આવ્યો, એ જેવી-તેવી વાત છે ? પોતે પોતાની જાતને હોશિયાર, ભણેલી-ગણેલી, શાણી અને ચકોર માની લીધી, પોતે એવા અહંકારમાં આવી ગયો કે-કોઈ અણસમજું કહે તો તે ખમાય નહિ અને તેમ છતાં પણ- 'મારે જે સુખ જોઈએ છે, તે કેવું જોઈએ છે ?, એ સુખ સધાય શી રીતિએ ? અને એવી સુખમય દશા સંભવે ક્યારે ?' -વગેરે વગેરે, બાબતોનો વિચાર સરખોય ન કર્યો, તો કહેવું ન પડે કે -'એ ભણ્યો શું ?' અથવા તો 'એની અક્કલ કેટલી ?' પણ આજના કેટલાકો તો એટલી બધી અધમ દશાએ પહોંચી ગયા છે કે-તેઓ સીધી રીતિએ આવી પણ સાચી વાતને સાંભળીય શકતા નથી.

**આ વસ્તુનો વિચાર અને અભ્યાસ કરતા થઈ જાવ, તો જીવનચર્યામાં ફેરફાર થાય :**

'મારે સુખ તો જોઈએ છે, પણ તે કેવું જોઈએ છે ? એવું સુખ કયી દશામાં સંભવે ? અને,

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

જે દશામાં એ સુખ સંભવે એ દશાને પામવાના ઉપાયો કયા છે ?' -આ પ્રકારના વિચારથી શૂન્ય તમે જેટલાં વર્ષો ગાળ્યાં, તે બધાં જ એળે ગયાં, એમ તમને લાગવું જોઈએ. એમ થવું જોઈએ કે-'અમે ગમે તેટલું ભણ્યા અને ગમે તેટલું જાણ્યું, પણ ભણવાજોગું ભણ્યા નહિ અને જાણવાજોગું જાણ્યું નહિ, માટે અમારી આટલી જીંદગી પાણીમાં ગઈ !' તમે જો આ વિષેનો રીતસર વિચાર કે અભ્યાસ કર્યો હોય, તો બોલજો. કોઈ કોઈ પુણ્યાત્માઓએ આ પ્રકારનો વિચાર અને આ પ્રકારનો અભ્યાસ કર્યો હશે, પણ અત્યારે તો મોટા સમૂહની અપેક્ષાએ વાત ચાલે છે. જે પુણ્યાત્માઓએ આ પ્રકારનો વિચાર અને આ પ્રકારનો અભ્યાસ કર્યો છે અને કરે છે, તે પુણ્યાત્માઓની જીવનચર્યામાં ફેરફાર થયા વિના રહ્યો જ નથી. તમે આ વસ્તુને વિચારતા અને આ વસ્તુનો અભ્યાસ કરતા બની જાવ, તો તમારી જીવનચર્યામાં પણ પરિવર્તન આવ્યા વિના રહે નહિ. આ વિચાર અને આનો અભ્યાસ બરાબર થાય, તો વિદ્વત્તાની ખૂમારી રાખીને ફરનારને પણ એમ જ થઈ જાય કે- 'હું કેટલો બધો અજ્ઞાન હતો ? અને, હજી મારે કેટલું બધું જાણવાનું બાકી છે ?' જેને અનન્તજ્ઞાનનો સાચો ખ્યાલ આવી જાય, તેને 'વર્તમાનમાં પોતે કેટલો બધો અલ્પજ્ઞ છે.'-એનો ખ્યાલ આવ્યા વિના રહે જ નહિ; પણ આજે તો મોટા ભાગે આ જાતિનો વિચાર છે નહિ અને એથી મોટો વર્ગ પોતાની અજ્ઞાનતાના કારણે જ પોતે મોટો જાણકાર છે એવી ખોટી ખૂમારી રાખીને ફરે છે !

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

**સુખના સ્વરૂપ અને સુખનાં સાધનોનું ભાન થાય, તો પ્રવૃત્તિઓની વિષમતા ટળે :**

'પ્રાણી માત્રને દુઃખરહિત, સંપૂર્ણ અને શાશ્વત સુખ જોઈએ છે, છતાં પણ સુખના હેતુથી થતી પ્રવૃત્તિઓમાં વિષમતા કેમ છે ?' -એ પ્રશ્નનો ઉકેલ પણ આમાંથી જ મળી રહે તેમ છે. સુખના હેતુથી દુનિયામાં થતી પ્રવૃત્તિઓની વિષમતાનું વાસ્તવિક કારણ એ જ કે- 'દુનિયાના જીવોને પોતાને જે સુખ જોઈએ છે, તેના સ્વરૂપનુંય જોઈતું ભાન નથી, એ સંબંધી વિચાર પણ નથી અને એથી સાચું સુખ કયી દશામાં સંભવે એનો તેમજ એ દશા કેમ પ્રાપ્ત થાય એનો ખ્યાલ નથી !' પોતાને જે સુખ જોઈએ છે, તે દુઃખરહિત, સંપૂર્ણ અને શાશ્વત સુખ જોઈએ છે-એનો ખ્યાલ આવી જાય, એ સુખ જે દશામાં હોઈ શકે છે-તે દશાનો ખ્યાલ આવી જાય અને એ દશા પામવાના ઉપાયોનો ખ્યાલ આવી જાય, તો દુનિયાના જીવોની પ્રવૃત્તિઓમાં જે વિષમતા રહેલી છે તે ટળી જાય અને સૌની પ્રવૃત્તિ એકમાર્ગીય બની જાય, જ્યાં સુધી સુખના સ્વરૂપનું ભાન નથી અને એને પ્રાપ્ત કરવાનાં સાધનોનું જ્ઞાન નથી, ત્યાં સુધી દુનિયાના જીવોની પ્રવૃત્તિઓમાં રહેલી વિષમતા જવાની જ નથી.

**આજે મોટો વર્ગ- 'સર્વ સુખનું મૂળ પૈસો છે.' -એમ માનીને પ્રવૃત્તિ કરી રહ્યો છે :**

સુખના વાસ્તવિક સ્વરૂપનું અને સાચા સુખને સંપાદન કરવાનાં સાધનોનું વાસ્તવિક ભાન નહિ હોવાના કારણે, જીવો પોત પોતાની ધારણા મુજબ પ્રવૃત્તિ કર્યે જાય છે. મોટે ભાગે દુનિયાના જીવો

ગતાનુગતિકપણે જ વર્તે છે. પોતે જે કાંઈ કરે છે, તે ખરેખર પોતાને હિતકર છે કે નહિ, એનો વિચાર વસ્તુતઃ થતો નથી. તમે જેટલી પ્રવૃત્તિઓ કરી અગર તો કરો છો, તેમાંની એક પણ પ્રવૃત્તિ એવી બતાવો કે જે તમને દુઃખરહિત, સંપૂર્ણ અને શાશ્વત સુખને પમાડનારી હોય ! આજે લગભગ બધા એમ માનતા થઈ ગયા છે કે- 'આ સંસારમાં જેની પાસે પૂરતી સંપત્તિ છે, તે જ સાચો સુખી છે.' અને, આવી માન્યતાથી લગભગ સૌ કોઈ સંપત્તિને મેળવવાના પ્રયત્નમાં પોતાની શક્તિ-સામગ્રીનો વ્યય કરી રહેલ છે. 'સર્વ સુખનું મૂળ પૈસો.' -એવી માન્યતાથી બચેલા વિરલા છે : જ્યારે મોટો ભાગ તો -'સર્વ સુખનું મૂળ પૈસો.'-એમ માને છે. તમે શું માનો છો એ તો તમે જાણો, પણ વિચાર કરો કે-'પૈસામાં આપણને ખપતું દુઃખરહિત, સંપૂર્ણ અને શાશ્વત સુખ આપવાની શક્તિ છે કે નહિ ?'

### સંપત્તિ સુખનું સાધન નથી જ :

વસ્તુતઃ સંપત્તિમાં તેવી કોઈ તાકાત જ નથી. જેને ત્યાં સંપત્તિની છોળો ઉછળે છે, એવા પણ શ્રીમંતોને બીજાં અનેક પ્રકારનાં દુઃખો હોય છે. કુટુંબ તરફનું, આબરૂ તરફનું, સત્તા તરફનું અને આરોગ્ય આદિ તરફનું, એમ અનેક પ્રકારોમાંથી એક કે વધુ પ્રકારોનું દુઃખ મોટામાં મોટા શ્રીમંતોને પણ હોય છે. વળી, સંપત્તિ સંબંધી સુખ પણ દુઃખમિશ્રિત જ હોય છે : કારણ કે-એની રક્ષા આદિની ચિંતા રહ્યા જ કરે છે. એ કહેવાતું સુખ જેમ દુઃખ રહિત નથી, તેમ સંપૂર્ણ પણ નથી : કારણ કે એવા

શ્રીમંતોનેય વધુ સુખની ઈચ્છા રહ્યા જ કરે છે આ ઉપરાંત, એ કહેવાતું સુખ અશાશ્વત પણ છે. કેટલાય શ્રીમન્તો ઘડીના છઠ્ઠાભાગમાં રસ્તે રખડતાં ભિખારીથી પણ ભૂંડી હાલતને પામ્યાના સંખ્યાબંધ દાખલાઓ આ જગતમાં મૌજાુદ છે. કદાચ જીન્દગી પૂરી થાય ત્યાં સુધી સંપત્તિ ટકી પણ જાય, તોય અંતે એ અહીં જ રહી જાય છે અને આત્મા બીજે ચાલ્યો જાય છે : એટલે સંપત્તિનું કહેવાતું સુખ શાશ્વતેય નથી. આથી દુઃખરહિત, સંપૂર્ણ અને શાશ્વત સુખનું સાધન સંપત્તિ તો નથી જ, એ ચોક્કસ થઈ જાય છે.

**સાચા સુખને પ્રાપ્ત કરવાના વાસ્તવિક ઉપાયો અનન્તજ્ઞાનિઓએ જ દર્શાવ્યા છે :**

પૈસા સિવાયની બીજી પણ દુન્યવી વસ્તુઓની એ જ હાલત છે. દુનિયામાં કોઈ પણ વસ્તુ એવી નથી, કે જે મળી જાય એટલે આત્માને દુઃખરહિત, સંપૂર્ણ અને શાશ્વત સુખ પ્રાપ્ત થઈ જાય 'ત્યારે શું દુઃખરહિત, સંપૂર્ણ અને શાશ્વત સુખ પ્રાપ્ત થાય, એવી કોઈ દશા જ નથી ?'-આવો પ્રશ્ન ઉત્પન્ન થવાનો સંભવ છે. અનન્ત ઉપકારી, અનન્તજ્ઞાનિઓ ફરમાવે છે કે-એવી દશા કયી અને એ દશાને પામવાના ઉપાયો શા ?' -એ જાણવાની તમારામાં ઈચ્છા પ્રગટે, એ માટેનો જ આ પ્રયત્ન છે. તમારી દ્રષ્ટિને, તમારી આખી વિચારસરણીને ફેરવવાને માટેની આ તો ભૂમિકા છે. તમને જે પ્રકારનું સુખ જોઈએ છે, તેનો ખ્યાલ પહેલો અપાયો અને તમે જેને સુખનાં સાધનો માનો છો તે સાચા સુખનાં

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી પ્રત-૨જી

● **તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

સાધનો નથી એ વાત પણ થઈ, એટલે તમને સહેજે થાય કે-'તો પછી સાચા સુખનાં સાધનો કયાં ?' આ વિચાર જન્મે અને સાચા સુખનાં સાધનોને શોધી કાઢવાને તત્પર બનાય, એટલે ભાગ્યવાન આત્માઓના અન્તરમાં અનન્તજ્ઞાનિઓની આજ્ઞાને શરણે જવાની ભાવના પ્રગટયા વિના પણ રહે નહિ : કારણ કે-અનન્તજ્ઞાનિઓ સિવાય અગર તો એ તારકોની આજ્ઞાને અનુસરનારાઓ સિવાય સાચા સુખના વાસ્તવિક ઉપાયોને બીજા કોઈ દર્શાવી શકે એ શકય જ નથી; આ વાતમાં નિશ્ચિત થવાની પહેલી જરૂર છે.

**મોક્ષસાધક ધર્મ જ સાચા સુખનું વાસ્તવિક સાધન હોઈને તેનો જ ઉપદેશ અપાય છે :**

આ જગતમાં ધર્મ જેવી વસ્તુની આવશ્યકતા શાથી છે, એનો પણ આ ઉપરથી તમને ખ્યાલ આવશે. આપણને જે સુખ જોઈએ છે, તે સુખ જો દુનિયાના પદાર્થોના યોગે જ મળે તેમ હોય, તો તો આપણે તેવા જ પદાર્થો મેળવવાના પ્રયત્નમાં લાગી જવું જોઈએ : પણ દુનિયાનો કોઈ પદાર્થ આપણે જોઈએ છે તેવું સુખ આપવાની તાકાત ધરાવતો નથી. જ્ઞાનિઓ ફરમાવે છે કે-દુઃખરહિત, સંપૂર્ણ અને શાશ્વત સુખ પ્રાપ્ત કરવાનું જો કોઈ પણ સાધન હોય, તો તે એક માત્ર ધર્મ જ છે. સાચા ધર્મ વિના, બીજી કોઈ પણ વસ્તુ દુઃખરહિત, સંપૂર્ણ અને શાશ્વત સુખ પ્રાપ્ત કરાવી શકે તેમ છે નહિ. જગતના જીવોની ઈચ્છા આ એક જ સાધનથી પરિપૂર્ણ થાય તેમ છે, એમ જ્ઞાનિઓએ જોયું અને એથી જ જ્ઞાનિઓએ કેવળ મોક્ષસાધક ધર્મનો જ ઉપદેશ આપ્યો.

**મહાદયાળુ બન્યા પછી રાગ-દ્વેષ અને મોહથી પર બનેલા અનન્તજ્ઞાનિઓ જ ધર્મતીર્થ સ્થાપે છે :**

અનન્ત ઉપકારી મહાપુરૂષો કમ દયાળુ નહિ હતા. ધર્મતીર્થને સ્થાપવા જોગું પુણ્ય ઉપાર્જતી વેળાએ તો એ તારકોના આત્માઓનું હૃદય સર્વોત્તમ કોટિના દયાભાવથી ખૂબ જ તરબોળ બની ગયું હતું. એ પ્રકારનો ઉત્કટ દયાભાવ તો એવા જ તારકોમાં આવે છે. એ તારકોના આત્માઓ એ જ પવિત્ર ભાવનામાં એકતાન બની જાય છે કે-'સારાય વિશ્વના સઘળાય જીવો દુઃખરહિત, સંપૂર્ણ અને શાશ્વત સુખના ભોક્તા બનો !' આથી જ એ તારકોના આત્માઓ એ જ ઈચ્છે છે કે-'સારાય વિશ્વના સઘળાય જીવોને દુઃખ રહિત, સંપૂર્ણ અને શાશ્વત સુખની પ્રાપ્તિના માર્ગના રસિયા બનાવી દેવા !' એ સાથે એ તારકોના આત્માઓને એમ પણ થાય છે કે- 'જો મારામાં એવી શક્તિ આવી જાય તો હું સારાય જગતના સઘળાય જીવોને એ જ એક માર્ગના રસિયા બનાવી દઉં !' આ પ્રકારની ઉત્કટ ભાવનાના યોગે એ પુણ્યાત્માઓ એ ભવથી ત્રીજા ભવે ધર્મતીર્થના સ્થાપક બને છે. ધર્મતીર્થની સ્થાપના કરતી વેળાએ તો એ તારકો રાગ, દ્વેષ અને મોહથી સર્વથા પર બની ગયા હોય છે : એટલું જ નહિ, પણ અનન્તજ્ઞાનને પણ પ્રાપ્ત કરી ચૂકેલા હોય છે. આપણે જે ધર્મને સેવવાની વાત કરીએ છીએ, તે જેવા-તેવાએ કહેલા ધર્મને સેવવાની વાત કરતા નથી : પણ પહેલાં આવા મહાદયાળુ બનેલા અને તે પછી ત્રીજા ભવે રાગ, દ્વેષ અને મોહથી સર્વથા પર બનીને અનન્તજ્ઞાનના સ્વામી બનેલા

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

પુણ્યાત્માઓએ ફરમાવેલા ધર્મને જ સેવવાની વાત કરીએ છીએ. ધર્મતીર્થને સ્થાપવાની લાયકાત જેના-તેનામાં હોતી જ નથી. ધર્મતીર્થને સ્થાપવાની લાયકાત આવા ઉત્તમ આત્માઓમાં જ હોય છે. આવા તારકોએ ફરમાવેલા માર્ગને સેવાય તો જ, એના યોગે પરિણામે દુ:ખરહિત, સંપૂર્ણ અને શાશ્વત સુખની પ્રાપ્તિ થાય છે : પણ આજે આ વિષેનો ઊંડો વિચાર જ કોણ કરે છે ?

**જડ અને ચેતનનો યોગ :**

આપણે ચેતન સાથેના જડ કર્મોના યોગ સંબંધી વિચાર કરી ગયા છીએ. ચેતન જ્યાં સુધી જડ કર્મોના યોગમાં ફસાએલો છે, ત્યાં સુધી એને દુ:ખરહિત, સંપૂર્ણ અને શાશ્વત સુખવાળી દશા પ્રાપ્ત થવાની જ નથી. ચેતન જ્યારે જડ કર્મોના યોગથી સર્વથા મુક્ત બનશે, ત્યારે જ એ દુ:ખરહિત, સંપૂર્ણ અને શાશ્વત સુખવાળી દશાને ભોગવનારો બનશે. એટલે સૌએ ચેતનને જડ કર્મોના યોગથી સર્વથા મુક્ત બનાવવાને માટે જે કાંઈ કરવા યોગ્ય છે તેને કરવાનો પુરૂષાર્થ કરવો જોઈએ. તીર્થની યાત્રા કરવાનો હેતુ પણ આ જ હોવો જોઈએ. પરમાત્માની સેવા, મહાપુરૂષોની સેવા કે ધર્મિજનોની ભક્તિ વગેરે જે કાંઈ કરવાનું છે, તે આ ઈરાદાથી જ કરવાનું છે અને આ ઈરાદો સફળ થાય એવી જ રીતિએ કરવાનું છે. આ માટે અનન્ત ઉપકારી, અનન્તજ્ઞાની શ્રી વીતરાગ પરમાત્માની આજ્ઞાનું શરણ સ્વીકારવું જોઈએ.

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

## પ્રયત્ન કરો અને વિવેકશીલ બનો :

આ બધી વાતો તમને નવી નવી લાગશે, કારણ કે-તમે, તમે પોતે કોણ છો એનો પણ વિચાર ભાગ્યે જ કર્યો હશે. તમે તમારા સ્વરૂપને પિછાનવાનો અભ્યાસ કર્યો હોત, તમારે જે સુખ જોઈએ છે તેના સ્વરૂપનો વિચાર કર્યો હોત અને જેવું સુખ જોઈએ છે તેવું સુખ કેમ પમાય એ વગેરેનો વિચાર કર્યો હોત, તો તમને આ વાતોમાં કોઈ જાુદો જ રસ આવત. હજાુય પ્રયત્ન કરો અને વિવેકશીલ બનો, તોય જાગ્યા ત્યારથી સવાર ગણાય : પણ જાગો તો ને ?

## દુનિયામાં પુરૂષાર્થો ચાર ગણાય છે, પણ એક મોક્ષસાધક ધર્મ જ સેવવા યોગ્ય છે :

સંસારસાગરને તરવાના પરમ સાધનભૂત ધર્મતીર્થની સ્થાપના કરનારા અનન્ત ઉપકારી શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવ્યું છે કે- 'સાચા સુખના અર્થી આત્માઓએ, આર્યદેશ આદિ સામગ્રીઓએ સહિત મનુષ્યભવને પામીને, મોક્ષના કારણભૂત એક ધર્મની સેવામાં જ અપ્રમત્તપણે પ્રયત્નશીલ બનવાને માટે તત્પર બની જવું જોઈએ. 'દુનિયામાં જો કે-ધર્મ, અર્થ કામ અને મોક્ષ-એમ પુરૂષાર્થો ચાર ગણાય છે : પણ એ ચાર પુરૂષાર્થોમાં અર્થપુરૂષાર્થ અને કામપુરૂષાર્થ, એ બે તો નામના જ પુરૂષાર્થો છે; એટલું જ નહિ, પણ એ બેની સાધનામાં લીન બનેલાં આત્માઓ, અનેક પ્રકારના અનર્થોના ભાજન રૂપ બની જાય છે. આથી, જે આત્માઓ પોતાને માટે અને બીજા જીવોને માટે પણ

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

અનર્થકારક બનવાને ઈચ્છતા ન હોય તેમજ પોતાના આત્માના અને બીજા જીવોના પણ કલ્યાણને જ કરનારા બનવાને ઈચ્છતા હોય, તે આત્માઓએ તો ધર્મતીર્થના શરણે રહીને જ પોતાનું જીવન પસાર કરવાને માટે તત્પર બની જવું જોઈએ' વાસ્તવિક કલ્યાણના સાચા અર્થિઓએ અર્થ અને કામની સાધનાથી પરાઙ્મુખ બનીને, કેવળ તે જ ધર્મની સાધનામાં લાગી જવું જોઈએ કે જે ધર્મ મોક્ષનું કારણ હોય. મોક્ષના ધ્યેયથી મોક્ષસાધક ધર્મની આરાધનામાં લીન બની જવું, એ જ માનવજીવનની પ્રાપ્તિને સાર્થક બનાવવાનો ઉંચામાં ઉંચી કોટિનો ઉપાય છે.

### સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર રૂપ ધર્મ :

કોઈ પણ માર્ગે પોતાના આત્માનું અને પોતાના આત્માની સાથે બીજા પણ ઘણા જીવોનું શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ કોટિનું કલ્યાણ સધાતું હોય, તો તે આ એક જ માર્ગે સધાય તેમ છે. માનવજીવનની પ્રાપ્તિને સુંદરમાં સુંદર પ્રકારે સાર્થક કરવાનો અને સ્વપર-ઉપરકારને ઉત્તમમાં ઉત્તમ રીતિએ સાધવાનો આ જ એક માર્ગ છે. આથી સ્પષ્ટ છેકે-મોક્ષસાધક ધર્મની સાધના એ જ વાસ્તવિક કોટિની કલ્યાણ સાધના છે. મોક્ષ સાધક ધર્મ કયો ? સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર રૂપ રત્નત્રયી, એજ મોક્ષમાર્ગ છે. રત્નત્રયીની આરાધના, એ જ મોક્ષમાર્ગની આરાધના છે. રત્નત્રયીની આરાધના રૂપ ધર્મ, એ જ મોક્ષસાધક ધર્મ છે.

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી પ્રત-૨જી

●

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

## સુખને પામવાનો માર્ગ-રત્નત્રયીની આરાધના :

વસ્તુ માત્રને તેના વાસ્તવિક સ્વરૂપે માનવી, એ સમ્યગ્દર્શન છે : વસ્તુઓના વાસ્તવિક સ્વરૂપનો વાસ્તવિક ખ્યાલ, એનું નામ સમ્યગ્જ્ઞાન છે : અને, આત્માના મૂળભૂત નિર્મલ સ્વરૂપને પ્રગટાવવાને માટે હેયનો ત્યાગ કરવો તથા ઉપાદેયનો સ્વીકાર કરવો, એનું નામ સમ્યક્ચારિત્ર છે ! સમ્યગ્દર્શન આદિ રત્નત્રયી એ કોઈ બાહ્ય વસ્તુ નથી, પણ આત્માના ગુણો છે. એ ગુણો જડ કર્મોથી આવરાયેલા છે, એટલે જ્યારે જેટલા પ્રમાણમાં તે તે પ્રકારનાં કર્મો ક્ષયોપશમાદિને પામે છે, ત્યારે તેટલા પ્રમાણમાં આત્માના તે તે ગુણો પ્રગટે છે. આ ગુણોના યોગે પણ આત્મા પોતાના સ્વભાવને આવરનારાં જડ કર્મોના યોગને કમતી કરતો જાય છે અને જ્યારે જડ કર્મોનો યોગ સર્વથા નષ્ટ થઈ જાય છે, ત્યારે આત્મા દુઃખરહિત, સંપૂર્ણ અને શાશ્વત સુખનો ભોક્તા બની જાય છે. દુનિયાના જીવો જેવા સુખને ઈચ્છે છે, તેવા સુખને પામવાનો આ એક જ માર્ગ છે. દુઃખરહિત, સંપૂર્ણ અને શાશ્વત સુખને પામવાનો, રત્નત્રયીની આરાધના સિવાયનો કોઈ માર્ગ છે જ નહિ.

## મોક્ષમાર્ગ વિદ્યમાન છતાં આરાધકો અલ્પ છે :

આ માર્ગ વર્તમાનમાં પ્રચલિત હોવાં છતાં પણ, દુનિયાના જીવો સુખના ઈરાદે બીજી બીજી પ્રવૃત્તિઓ કરે છે, કારણ કે-અજ્ઞાનાદિના યોગે તેઓને આ માર્ગનો ખ્યાલ જ આવ્યો નથી. આ

સંસારમાં એવા તો થોડા જ આત્માઓ છે, કે જેઓને 'દુઃખરહિત, સંપૂર્ણ અને શાશ્વત સુખ પામવાનો આ જ એક માર્ગ છે.' -એવો વિશ્વાસ અને ખ્યાલ છે. એમાંના પણ થોડા આત્માઓ જ આ માર્ગનું સેવન કરવામાં ઉદ્યુક્ત બનેલા દેખાય છે. કારણ કે-આ માર્ગ પ્રત્યે સાચી રૂચિ જન્મ્યા છતાં પણ, જ્યાં સુધી ચારિત્રગુણને આવરનારાં કર્મો ક્ષયોપશમાદિને પામતાં નથી, ત્યાં સુધી આ માર્ગનું તેવા પ્રકારનું સેવન શક્ય બનતું નથી. આમ છતાં પણ, સ્વપર-ઉપકારના સાચા રસિક મહાપુરૂષો તો અનન્ત ઉપકારી જ્ઞાનિઓએ ફરમાવેલો માર્ગ જ દુનિયાના જીવો સમક્ષ રજુ કરતા આવ્યા છે. કોણ પામશે અને કેટલા પામશે, એ જોવાનું જ નહિ : જે જીવોનું ભાવિ શુભ હશે તે પામશે : પણ કહેવાનું તો એ જ કે-મોક્ષસાધક ધર્મને સેવ્યા વિના દુઃખરહિત, સંપૂર્ણ અને શાશ્વત સુખ પ્રાપ્ત થવાનું જ નથી.

## જ્ઞાનિઓનો ઉપદેશ અમલમાં મૂકી શકાય એવો છે :

જ્ઞાનિઓએ દર્શાવેલો સાચા સુખનો માર્ગ એવો પણ નથી, કે જેનો જગતના જીવો અમલ કરી શકે જ નહિ, જે માર્ગનો અમલ જગતના જીવો કરી શકે તેમ હોય જ નહિ, એવા માર્ગને દર્શાવનારા તો ઉપકારી જ નથી. તારક પુણ્યાત્માઓ, અમલ ન જ થઈ શકે એવો માર્ગ દર્શાવે જ નહિ : પણ અમલ થઈ શકે એવાય માર્ગનો અમલ કોણ કરી શકે, એ વિચારવાનું રહે છે. દુનિયામાં એવા પણ અજ્ઞાનિઓ હોય છે કે-તેમના ભલાની વાત પણ તેમને રૂચે નહિ. આવો અનુભવ ઘણાને

થયો હશે. એ જ રીતિએ, અનન્તજ્ઞાનિઓનો એકાન્તે હિતકર અને અમલમાં મૂકી શકાય એવો પણ ઉપદેશ, તે જ આત્માઓને રૂચે છે અને એ ઉપદેશનો અમલ પણ તે જ આત્માઓ કરી શકે છે, કે જે આત્માઓમાં ક્ષયોપશમાદિના યોગે તેટલા પ્રમાણમાં લાયકાત પ્રગટી હોય છે.

### સુખી ઘમંડી બને છે અને દુઃખી દીન યા દ્વેષી બને છે-એનું કારણ શું છે ?

દુઃખનો નાશ કરવાને માટે અને સુખની પ્રાપ્તિને માટે સર્વ લોકો પોતપોતાની મનમાની પ્રવૃત્તિ કરી રહ્યા છે : પરંતુ અપવાદ સિવાય કોઈ પણ એ વિચારતું નથી કે- 'અમે જે પ્રવૃત્તિ કરીએ છીએ, તેનાથી દુઃખ માત્રનો નાશ અને સાચા સુખની પ્રાપ્તિ થશે કે કેમ ?' અગર 'અમે જે પ્રવૃત્તિ કરીએ છીએ તે મહાપુરૂષોને સમ્મત છે કે કેમ ?' 'મહાપુરૂષો અગર પરમાત્મા જેવી કોઈ ચીજ છે કે કેમ ?' તેનું જ આજે તો ઘણાઓને ભાન રહ્યું નથી : અને એથી જ-'પરમાત્માની આજ્ઞા શી ?' -એનો જરૂરી વિચાર રહ્યો નથી. નાસ્તિક લોકો જેમ વર્તમાનકાલની કાર્યવાહીમાં પડેલાં છે, તેમ આજના આસ્તિક ગણાતા લોકો પણ મોટે ભાગે કેવળ વર્તમાનકાલની જ કાર્યવાહીમાં પડયા છે. 'સુખ અગર દુઃખ એ પોતાની જ ભૂતકાળની સારી યા બૂરી કાર્યવાહીનું ફળ છે.' -એટલું પણ મોટે ભાગે કોઈ માનતું નથી કે વિચારતું નથી : અને એથી આજે બહુલતયા એ જ દશા દેખાય છે કે-જેટલા સુખી એટલા ઘમંડી અને દુઃખી એટલા દ્વેષી અને દીન બન્યા છે. સુખીને દુનિયાની પરવા જ નથી અને

દુઃખી કેવળ દીનતામાં જીવન પસાર કરે છે. સુખી ઘમંડી પણ ત્યારે જ મટી જાય અને દુઃખી દ્વેષી યા દીન પણ ત્યારે જ મટી જાય, કે જ્યારે તેઓ સાચા આસ્તિક બને. 'સુખ યા દુઃખ એ પોતાની જ કરેલી ભૂતકાલની કાર્યવાહીનું ફળ છે.' -એમ માનતા થઈ જવાય, તો આસ્તિકતા સહેલાઈથી આવી જાય : પણ આજે તો પોતાને આસ્તિક માનનાર અગર મનાવનાર કેટલાકોના હૃદયમાં પણ નાસ્તિકતા ભરી છે. સુખીને ધર્મ કરવાની જરૂરિયાત લાગતી નથી : કારણ કે-એ એમ માને છે કે-મારી પાસે સર્વ કાંઈ છે : અને દુઃખીને -'ખાવા, પીવા અને પહેરવાનું નથી.' -એની ફરિયાદ કરવા વગેરેની પ્રવૃત્તિમાંથી ધર્મ કરવાની ફુરસદ મળતી નથી. આ હેતુથી ધર્મની હયાતિ હોવા છતાં પણ, આજે ધર્મિઓની મુલાકાત બહુ ઓછી થાય છે. સુખી યા દુઃખી, બન્ને જો એટલું પણ સમજી જાય કે- 'યથેચ્છ પ્રયત્ન, બુદ્ધિ કે હોશિયારીથી જ દુઃખ ટળે છે અને સુખ મળે છે એમ નથી : દુન્યવી સારી સામગ્રી પ્રાપ્ત થવામાં બીજી જ કોઈ વસ્તુની અપેક્ષા રહે છે.' -તો પણ તેઓ વિચારમાં પડી જાય અને એથી જે કોઈ યોગ્ય હોય તે માર્ગનેય પામી જાય. આજે પણ દુનિયામાં ઘણે ઠેકાણે બુદ્ધિમાનો બેવકૂફના નોકર છે, ઉદ્યમશીલો એદીના નોકર છે અને હોશિયારો ઠોઠના નોકર છે. આથી સ્પષ્ટ છે કે-દુનિયાની ઈષ્ટ સમગ્રીના યોગ રૂપ સુખ મળવું એ હોશિયારી, બુદ્ધિ કે કેવળ આ જન્મના પુરૂષાર્થનું જ ફળ નથી ! પણ આ વાત આજે માને કોણ ? બુદ્ધિને ઉપોગમાં લે અને વિચાર કરવા

● **તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

બેસી જાય, તો તો માલૂમ પડી જાય કે -'જેને આજે સુખ મળે છે, તેમાં જરૂર કોઈ અદષ્ટ કારણ છે. દુનિયાની ઈષ્ટ સામગ્રીના સંયોગ રૂપ સુખ, એ નથી તો બુદ્ધિનું ફળ, નથી તો હોંશિયારીનું ફળ કે નથી તો આ જન્મના પુરૂષાર્થનું ફળ ! એ તો કોઈ એવી ચીજનું ફળ છે, કે જેના યોગે બુદ્ધિ, પુરૂષાર્થ કે હોશિયારી નહિ હોવા છતાં પણ એ મળી શકે છે.' દુઃખ માટે પણ એમ જ છે. એ પણ ભૂતકાળની કાર્યવાહીનું જ ફળ માત્ર છે.

**મહાપુરૂષોને પિછાનવાની લાયકાત :**

મહાપુરૂષોની આવી આવી તદન વ્યાજબી પણ વાતો આજ-કાલ તો લોકોના ધ્યાનમાં જ નથી આવતી : કારણ કે-લગભગ સઘળા જ પોતાના મનથી પોતાને મહાપુરૂષ માનતા હોય એવા થઈ ગયા છે. આજે સાધુસંતોની સેવા પણ મોટે ભાગે આર્ય દેશની રૂઢિથી થાય છે, પણ- 'અમારા જીવનમાં ઘણી ઘણી ખામી છે, માટે સાધુઓની સેવાથી અમારે અમારી અધમતાને કાઢીને ઉત્તમતાને પ્રાપ્ત કરવી જોઈએ. 'એ ઈરાદે સાધુઓનું સન્માન કરનારા ઘણા જ અલ્પ છે. 'આત્માસુખી યા દુઃખી શાથી થાય છે, એના વાસ્તવિક હેતુઓ શું છે અને એ માટે આપણે શું કરવું જોઈએ ? -આ બધી બાબતોનો જો હૃદયમાં વાસ્તવિક નિશ્ચય થઈ જાય, તો આદમીમાં આવેલી દીનતા કે ઘમંડવૃત્તિ બંનેનો નાશ આપોઆપ થઈ જાય. સુખીમાંથી ઘમંડ ને દુઃખીમાંથી દ્વેષ યા દીનતા નીકળી જાય, તો જ જીવનમાં ઉત્તમતા આવે; અને એમ થાય તો જ મહાપુરૂષોની જેવી જોઈએ તેવી પિછાન થાય. આજે મહાપુરૂષોની

પિછાન કરવાની લાયકાત પણ ઘણા આત્માઓમાં જણાતી નથી : કારણ કે-મહાપુરૂષોને પણ મહાપુરૂષો તરીકે તેઓ જ પિછાની શકે છે, કે જેઓ પોતાની અલ્પતાને અમુક અંશે પણ જાણે છે અને એ અલ્પતાને કાઢવાને ઈચ્છે છે. ભગવાન શ્રી મહાવીરદેવ અને એ તારકની આજ્ઞામાં વિચરતાં કોઈ પણ મહાપુરૂષને ઓળખવાનો અભ્યાસ આજે કેટલા કરે છે ? જીવનમાં પરિવર્તન પેદા કરનાર કોઈ તાત્ત્વિક અભ્યાસ આજે થોડાક અપવાદ સિવાય દેખાતો નથી. આજે એક મહાપુરૂષ,કે જેમનું નામ શ્રી વિજયકમળસૂરીશ્વરજી હતું, એમનો સ્વર્ગદિન છે. આથી એ મહાપુરૂષના જીવનનું આલંબન લઈને આજનું વ્યાખ્યાન કરવાની ઈચ્છા હતી પણ આજે જે વર્ગ સાંભળવા આવ્યો છે તેમાં મોટા ભાગે તદ્દન નવીન છે, એટલે ધર્મસેવાની જરૂરિયાત સંબંધી વિચાર કરવાનું રાખ્યું છે. આપણે આજે મહાપુરૂષ કેમ બનાય, એ પણ ટૂંકમાં જોઈ લેવાનો પ્રયત્ન કરીશું. એ પણ ઉપકારી મહાત્માના ગુણગાન રૂપ જ છે : કારણ કે- શ્રી જૈન શાસનમાં મહાપુરૂષ તે જ મનાય છે, કે જે સ્વયં પરમ ધર્મના ઉંચા પાલક બને અને બીજા પણ આત્માઓને મહાત્મા બનાવવા માટેના શકય પ્રયત્નો કરે. વળી, જ્યાં સુધી હૃદયમાં સાચા સુખનું સ્વરૂપ અને તેના હેતુઓ આદિનો વાસ્તવિક ખ્યાલ ન પ્રગટે, ત્યાં સુધી આવા મહાપુરૂષોની વાસ્તવિક પિછાન પણ થઈ શકતી નથી : માટે આજે એનું બીજ વવાય તોય ઘણું છે.

**બુદ્ધિનો સદુપયોગ અને દુરૂપયોગ, એ ઉત્તમત્તાનું અને અધમતાનું માપક છે :**

આજે એટલો ખ્યાલ તો સર્વને છે કે-મનુષ્ય અન્ય પ્રાણિઓ કરતાં ઉચ્ચ કોટિનું જીવન જીવવા-

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

વાળો કહેવાય છે. કોઈ તમને પૂછે કે- 'મનુષ્ય ઉચ્ચ કોટિનો શાથી અને બીજા નીચી કોટિના કેમ ?' -તો તમે એનો શો જવાબ દો ? કારણ કે- સૌ એકસરખી રીતિએ જીવવાનો પ્રયત્ન કરે છે અને આયુષ્ય પૂરૂં થવાથી મરી જાય છે : છતાં એકને ઉંચો અને એક ને નીચો કહો, ત્યારે ઉચ્ચ કહેવાતાંને ઉચ્ચ શાથી માનવો, એ તો તમારે કહેવું પડે ને ? જન્મ લેવો, જીવવાની કોશિષ કરવી અને અંતે મરી જવું, એ ત્રણ કાર્યો તો પ્રાણીમાત્ર કરે છે, તો મનુષ્ય કયા કાર્યથી ઉત્તમ ગણાય છે ? એ ત્રણ કાર્યોથી જ મનુષ્યજીવોને જો ઉત્તમ માનવાના હોય, તો જગતના સઘળાય જીવો ઉત્તમ જ છે એમ માનવું પડે : કારણ કે-જન્મ સઘળાએ લીધો છે, જીવે છે બધા અને મરે છે પણ બધા ! માટે કહેવું પડશે કે-'અમે બુદ્ધિપૂર્વક જીવીએ છીએ માટે ઉત્તમ અને બીજા બુદ્ધિપૂર્વક નથી જીવતા માટે નીચા !' હવે કેવળ બુદ્ધિથી જ ઉત્તમતા કે અધમતાની સિદ્ધિ કરશો, તોય જેટલા દુષ્ટ મનુષ્યો દુરાચારાદિ કરે છે તે બધા બુદ્ધિથી જ કરે છે, માટે તે પણ ઉત્તમ ઠરશે : માટે એકલી બુદ્ધિ નહિ, પરંતુ બુદ્ધિનો સદુપયોગ કે દુરૂપયોગ એ ઉત્તમતા કે અધમતનું માપક છે, એમ નક્કી કરવું પડશે. હવે વિચારો કે- 'આજના મનુષ્યો મોટે ભાગે પોતાને મળેલી બુદ્ધિનો ઉપયોગ કયાં કયાં કાર્યોમાં કરી રહ્યા છે ?' યાદ રાખવું કે-મનુષ્ય જો સારો બની જાય તો સારૂં છે : અન્યથા, મોટે ભાગે મનુષ્ય જેટલું બુરૂ કરી શકે છે, એટલું બુરૂં જગતનો બીજો કોઈ પણ જીવ કરી શકતો નથી. જેટલા વધુમાં વધુ સારા થયા એ પણ મનુષ્યોમાંથી અને જેટલા વધુમાં વધુ બૂરા થયા એ પણ મનુષ્યોમાંથી જ ! સારા ઓછા થયા અને બૂરા લગભગ બધા. બહુ બૂરા બને છે, એ તો સારાનાં નામ પણ યાદ કરતાં નથી.

પ્રાતઃકાળમાં મહાપુરૂષોનું સ્મરણ કરવાની ફુરસદ પણ આજે ઘણાઓને રહી નથી. પોતાને જ મહાપુરૂષ માનનારને મન બીજા મહાપુરૂષ હોય તો યાદ કરે ને ?' મહાપુરૂષોને યાદ કર્યા વિના મહાપુરૂષપણું આવે પણ કયાંથી ? આજે ફરીયાદ છે કે - પુત્ર પિતાનું માનતો નથી. 'પણ તેનું એ પણ એક કારણ છે કે - પિતાએ પરમાત્માને માનવાનું છોડી દીધું છે. બંનેની ખરાબી થવાથી આજે કોઈ કોઈને કહેવા લાયક રહ્યા નથી. 'મહાપુરૂષ એટલે આપણાથી ઉત્તમ કોટિના કોઈ પુરૂષ.' -એટલું દિલમાં આવ્યા વિના, મહાપુરૂષની વાતો સાંભળવામાં પણ આનંદ આવે કયાંથી ? 'ઉત્તમતા કયી વસ્તુથી આવે છે ?' -એ વાતનો ખ્યાલ રહ્યો નથી : કારણ કે -એ ખ્યાલ આજે શિક્ષકથી નથી આવતો, મા-બાપથી નથી આવતો અને ધર્મગુરૂ પાસેથી મળે તેમ છે તો એ મેળવવાની તૈયારી રહેતી નથી. એટલે એ વિષયનો કોઈ ઉપદેશ, કોઈ સંસ્કાર કે કોઈ આદર્શ મોટે ભાગે રહ્યો જ નથી, એમ કહીએ તો ચાલે.

## માતા-પિતાની બાળકો પ્રત્યેની ફરજ :

આજે બાળક પ્રત્યે મા-બાપ પોતાની કયી ફરજો સમજે છે ? જન્મ આપવો, પાળી-પોષીને મોટો કરવો અને દુન્યવી જીવનવ્યવહાર સુખપુર્વક ચલાવતો બનાવવો, એ સિવાય અધિક કોઈ ફરજ હોય-એમ તમે માનો છો ? વસ્તુતઃ સાચાં માબાપ તરીકેની ફરજ એટલા માત્રથી જ પૂરી થતી નથી. સાચાં માતા-પિતા તો તે કહેવાય, કે જે સંતાનને સાચાં સુખનાં માર્ગે દોરે. સંતાનને સાચા સુખના

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

સ્વરૂપનો ખ્યાલ આપવો, સાચા સુખના વાસ્તવિક સાધનોનો ખ્યાલ આપવો, અને સાચા સુખના વાસ્તવિક સાધનોની સેવામાં તેને રસ ઉત્પન્ન થાય એવી સામગ્રી મેળવી આપવી, એ સાચાં માતા-પિતાની ઉમદામાં ઉમદા ફરજ છે. તમારાં સંતાનોને તમે આવું શિક્ષણ અને આવા સંસ્કારો આપો તો જ માતા-પિતા તરીકેની સાચી ફરજ અદા કરી એમ ગણાય. આજે તો થોડાક અપવાદ સિવાય માતા-પિતાને પોતાની આ ફરજનો ખ્યાલ સરખો પણ નથી : કારણ કે માતા-પિતાને પોતાને જ પોતાના સ્વરૂપની ગમ નથી. તમને જો દુઃખરહિત, સંપૂર્ણ અને શાશ્વત સુખના ઉપાયો સેવવામાં રસ હોત, તો તમે તમારાં સંતાનોના સાચા હિત પ્રત્યે આટલા બધા બેદરકાર ન હોત ! સંતાનોના ઈહલૌકિક હિતની ચિન્તા સાથે પારલૌકિક હિતની ચિન્તા પણ અવશ્ય હોવી જોઈએ. આ ફરજ તમે ત્યારે જ અદા કરી શકશો, કે જ્યારે તમે તમારા સાચા હિતને સમજનાર અને તેને સાધવાનો યોગ્ય પ્રયત્ન કરનારા બનશો.

**મુક્તિના ધ્યેયથી માત્ર ધર્મને જ જીવનમાં જીવનારા સાચા મહાપુરૂષો છે :**

તમે તમારી જીવનદિશાને જ્યાં સુધી નહિ બદલો, ત્યાં સુધી તમે તમારી જાત ઉપર કે બીજાઓ ઉપર સાચો ઉપકાર કરવાને સમર્થ નીવડી શકશો નહિ. અર્થ અને કામ તરફ વહી રહેલી જીવનદિશા જ્યારે ધર્મ તરફ વળશે અને આત્મમુક્તિનું ધ્યેય પ્રાપ્ત થશે, ત્યારે જ તમે તમારા તેમ જ બીજાઓના પણ સાચા ઉપકારી બની શકશો. જે મહાત્માનો આજે સ્વર્ગદિન છે, તે પ્રૌઢપ્રતાપી, સદ્ધર્મસંરક્ષક,

શાંતમૂર્તિ આચાર્યભગવાન શ્રીમદ્ વિજયકમલસૂરીશ્વરજી મહારાજા, સ્વ અને પર બન્નેને માટે ઉપકારક જીવન જીવી ગયા : કારણ કે-એ મહાત્માએ કેવળ ધર્મની દિશાએ જ પોતાના જીવનને વાળ્યું હતું અને આત્મમુક્તિનું ધ્યેય સ્વીકાર્યું હતું. આત્મા મુક્તિના ધ્યેયમાં જ લીન બનીને માત્ર ધર્મને જ જીવનમાં જીવે છે, એ જ સાચો મહાપુરુષ છે. સ્વ. મહાત્મા શ્રી વિજયકમલસૂરીજી તેઓમાંના જ એક હતા.

**પાપભીરૂતાથી પાપને તજનારા મહાત્મા બની શકે :**

શાસ્ત્રદ્રષ્ટિએ મહાપુરૂષ તે જ બની શકે છે કે જે પાપના ભીરૂ હોય અને પાપભીરૂતાના યોગે પાપના ત્યાગી બન્યા હોય. જ્યાંસુધી પાપનીભીરૂતા નથી આવતી ત્યાંસુધી આત્મામાં માણસાઈ આવતી નથી. અને પાપભીરૂતા પૂર્વકના પાપ ત્યાગ વિના આત્મામાં મહાપુરૂષતા આવતી નથી. પાપનો ભય આદમીને સામાન્ય મટાડી મહાન બનાવે છે. અને પાપનો ભય નહિ રાખવાથી મહાન પણ સામાન્ય બની જાય છે. મહાત્માપણું લાવવાને માટે પાપનો ડર બહુ આવશ્યક છે. કોઈ ન જાણે એ રીતિએ પાપ કરવાનો પ્રયત્ન કરનારાઓએ પણ વિચાર કરવો જોઈએ કે-અનન્તાનંત જ્ઞાનિઓ તો જાણે જ છે. નાસ્તિક બનીને જ્ઞાનિઓને ન માને તો પણ પોતાનો આત્માતો જાણે જ છે. હિંસા-જૂઠ-ચોરી-બદમાશી યા દુનિયાના પદાર્થોનો લોભ-એ વગેરે પાપોથી બચવાની ભાવના જ

માનવીને સાચો માનવી બનાવનારી છે. હિંસા આદિ પાપ છે કે નહિ ? પાપ તો છે, પણ આજની દુનિયામાં ઘણા એમ માનીને વર્તતા હોય તેમ જણાય છે કે-'અમે કરીએ તે નહિ, પણ બીજા કરે તે ! હિંસા-જૂઠ વગેરે પાપ છે એમ કબુલ કરનાર પોતાને માટે તે કરવાની છૂટ હોય એ રીતિએ વર્તતા હોય એવું પણ જોવાય છે. આજે જે મહાત્માની સ્વર્ગતિથિ છે, તે મહાત્મા હિંસા-જૂઠ-ચોરી આદિ પાપોને સર્વથા છોડી ચૂકેલા હતા. એ માટે જ એ મહાત્મા હતા, એમ આપણે માનીએ છીએ, હિંસા આદિ પાપોને જેઓ નથી છોડી શકતા, તેઓ મહાત્મા બની શકતા જ નથી.

**આપણા હાથની વાત :**

સ૦ પાપ એ પૂર્વકર્મને આધીન છે. સુખ-દુઃખ જેમ આપણને આધીન નથી, તેમ પાપ પણ આપણને આધીન નથી પણ કર્મને આધીન છે.

તો પછી આત્માની મુકિત થવાની કયાંથી ? સુખ-દુઃખ પૂર્વના પુણ્યને આધીન છે, પણ સુખમાં ઘમંડી ન બનવું અને દુઃખમાં દીન કે દ્વેષી આદિ ન બનવું એ તો આપણા હાથની વાત છે ને ? કર્મને આધીન તો અમુક અમુક પ્રકારની પૌદ્‌ગલિક સામગ્રી મળવી યા ન મળવી તે છે. પરંતુ મળે એ વખતે રાજી ન થવું અને ન મળે એ વખતે રોવું નહિ, એ તો સૌને આધીન છે. સુખ યા દુઃખ ભલે કર્મને આધીન હોય, પણ અહીં સારૂં યા ખરાબ કરવું તે મોટે ભાગે આપણને આધીન છે. જે દિવસે પાપનો

ડર આવી જાય તે દિવસે આદમી આદમી બને છે અને જે દિવસે પાપનો ત્યાગ કરીદે છે એ દિવસે એ મહાત્મા બની જાય છે. આપણા પાપના યોગથી કોઈને ગુસ્સો આવે અને ગાળો દે, તે વખતે ગુસ્સો કરવો નહિ, ગાળ દેવી નહિ કે હાથ ઉપાડવો નહિ, એ કોના હાથની વાત છે. ?

સ૦ આપણા હાથની વાત.

હવે ઠેકાણે આવ્યા. જન્મ કયાં થવો, શરીર કેવું મળવું, એ વગેરે આપણા હાથની વાત ન હોતી. જેવાં કર્મ કર્યા હતા એ મુજબ સઘળી સામગ્રી મળી ગઈ, પણ હવે કેવા થવું એ આપણા હાથની વાત છે. આવું માનવાવાળાઓ જ સાચા માનવ બનવાને અને સાચા મહાત્મા બનવાનો પુરૂષાર્થ કરી શકે છે.

## પાપભીરૂતા મોટાભાગે નષ્ટ થઈ ગઈ છે :

જ્ઞાનીઓ ફરમાવે છે કે મહાત્મા બનવા માટે દુઃખના ભીરૂ મટીને પાપના ભીરૂ બનવાની તથા પાપમાત્રનો ત્યાગ કરવાની જરૂર છે. જગત સારૂં બને અને સુખી થાય એ માટેય જગતને દુઃખનું ભીરૂ બનાવવા કરતાં પાપનું ભીરૂ બનાવવાની જરૂર છે. દુઃખના ભીરૂતો બધા છે જ, પણ પાપના ભીરૂ અલ્પ છે. એ માટે જેટલા મહાપુરૂષો થઈ ગયા એ પાપના ભીરૂ બન્યા પછી જ ! પાપ એ ભૂંડું છે

અને તેને કરવું કે ન કરવું એ આપણી મુખત્યારીની વાત છે. આપણે દૃઢ નિશ્ચય કરીએ કે-'પાપ નથી કરવું'-તો દુષ્કર્મના તીવ્ર ઉદય સિવાય કોઈની પણ તાકાત નથી કે તે આપણી પાસે પાપ કરાવે.

મળેલી વસ્તુ છોડવામાં આપણે સ્વતંત્ર છીએ કે પરતંત્ર ?

સ૦ સ્વતંત્ર

તે જ રીતે મળેલી શકિતનો સદુપયોગ કે દુરૂપયોગ કરવામાં આપણે અમુક અંશે સ્વતંત્ર છીએ, તમારી શકિતનો ઉપયોગ શામાં થઈ રહ્યો છે ? હિંસા-જૂઠ-ચોરી-વિષયસેવન અને પરિગ્રહ એ પાંચમાં જ થઈ રહ્યો છે ને ? એનું દુઃખ પણ કદી થતું નથી ને ? કર્મને માનવાવાળા, કર્મનું ફળ મળવાનું છે એમ સમજનારા, આ જન્મમાં એવું કર્મ રસપૂર્વક અગર વિચારાન્ધ બનીને કેમ કરે, કે જેનું ફળ ખરાબ મળે ? કરેલા પાપનું ફળ ભોગવવું જ પડે છે. એમ માનવા છતાં પણ, એ વિષયમાં કેટલી બધી નિશ્ચિંતતા આવી ગઈ છે ? આજકાલ જીવનમાં જે કાર્યવાહી કરી રહ્યા છો, તે પાપને છોડવાની કે પાપને વધારવાની ? પાપ ત્યાગની ઈચ્છા છે કે પાપ સેવનની ઈચ્છા છે ? પાપ ત્યાગની ઈચ્છા હોય તો પાપ ત્યાગ માટે શો પ્રયત્ન કર્યો ? પાપનાં સ્થાનોને જાણવાને માટે કેટલીક મહેનત કરી ? ખરેખર પાપભીરૂતા આજે મોટે ભાગે નષ્ટ થઈ ગઈ છે !

## આસ્તિકતા વાંઝણી નહિ હોવી જોઈએ :

પાપ કરવાના સંયોગોને પણ જે છોડી દે, એને જ મહાત્મા કહેવાય છે. એવાઓના નામથી એવાઓના જીવનસ્મરણથી, એવાઓનાં ઉત્તમ કાર્યોને યાદ કરવાથી અનુપમ પ્રેરણા મળે છે. ત્યાગી મહાપુરૂષોને યાદ કરવાથી, હર્ષ અને શોક બંને થવા જોઈએ. એમનું જીવન જાણીને હર્ષ અને પોતાની અધમતા જોઈને શોક થાય, આવો હર્ષ-શોક કદી જીવનમાં થયો છે ? નથી થયો, તો શાથી નથી થતો ? કહેવું જ પડશે કે-મનુષ્યજીવનની જેટલી કિંમત સમજાવી જોઈએ, તેટલી સમજાઈ નથી માટે ! 'હિંસા, જૂઠ, ચોરી, વિષયસંગ અને દુનિયાનો પરિગ્રહ એ બધાં પાપ છે.' -એ વાત દિલમાં સ્થિર થઈ જાય, તો જ આ વાત સમજાય. જેને આ પાંચ પાપોનો ત્યાગ કરવાની ઈચ્છા નહિ એ માનવી નહિ અને એટલા માટે મનુષ્યપણાને ગુમાવી બેઠેલા આત્માઓને ત્યાગીઓની વાત સાંભળવામાં પણ રસ ન આવે એ સહજ છે. માનવી ગણાતા મોટા ભાગને આ પાંચ પોપોનો જેટલો ભય લાગવો જોઈએ, તેટલો ભય હજુ પેદા થયો નથી. સર્પ આદિનો, અગ્નિ આદિનો અને વિષ આદિનો જેટલો ભય જગતનાં માનવીઓને છે, તેટલો ભય પાપનો નથી. પાપનો ત્યાગ કદાચ ન પણ થાય, પણ પાપ કરતાં કરતાં કંપ તો થવો જોઈએ કે નહિ ? પાપ માટે પશ્ચાતાપ થવો જોઈએ

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

કે નહિ ? 'મનુષ્યજન્મ ત્યારે જ સફળ થાય, કે જ્યારે જીવનમાંથી આ પાંચે પ્રકારનાં પાપોનો ત્યાગ થાય.' -આ આદર્શ પ્રત્યેકનો હોવો જોઈએ. આજે એ મહાપુરૂષનો સ્વર્ગદિવસ છે, કે જે મહાપુરૂષના નામસ્મરણથી આપણને આ બધી વાતો યાદ આવે. જેટલાં દુનિયામાં પાપ મનાય છે, તે બધામાં મોટામાં મોટાં પાપ આ પાંચ છે. એનાથી ભય પેદા થઈ જાય, તો તમારા જીવનમાં પણ આજે જ પરિવર્તન આવવા માંડે. આપણી આસ્તિકતા વન્ધ્યા નહિ હોવી જોઈએ, પણ ફલવતી હોવી જોઈએ. હિંસાદિક પાપો કરનારાને વિચાર આવતાં આત્મામાં કંપનો અનુભવ પણ ન થાય તો એ કહેવાતી આસ્તિકતા પણ વાંઝણી છે, એમ જ કહેવું પડે. જેને પરિગ્રહાદિકનો ગાઢ પ્રેમ છે, તેને સાધુના સંગનો પણ વાસ્તવિક પ્રેમ હોતો નથી. પાપનો સર્વથા ત્યાગ એ મોટી વાત છે. એ તો જગતમાં મહાપુરૂષ જ કરી શકે છે. એ મહાપુરૂષે એ પાંચે પાપોનો સંપૂર્ણ કોટિનો ત્યાગ કર્યો હતો. તે તમારાથી ન થાય તોય પાપનો પ્રકંપ પણ હૃદયમાં થઈ જાય તોયે ઘણું છે, એ પાપનો કંપ તો આવે કે-એને છોડનાર મહાપુરૂષો ઉપર ભક્તિ જાગે એવા એક મહાપુરૂષ આ હતા. જેટલા મનુષ્ય એટલા જો આ પાંચ પ્રકારના પાપોથી ત્રાસિત થઈ જાય, તો દુનિયામાં જે શાંતિ પથરાય, તેનું વર્ણન વચનથી ન થઈ શકે. પાપનો ત્રાસ, એ ત્યાગની ભાવનાનો પડઘો છે. ઉત્તમતા અગર અધમતાનું માપ તેના ઉપર છે.

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

## શ્રી વીતરાગના સાધુઓનો ઉપદેશ :

સ૦ આગળના સાધુ ઉપદેશ આપતા હતા, પણ ચારિત્ર લ્યો એમ નહોતા કહેતા.

'લઈ લ્યો.' -એમ તો મેં પણ નથી કહ્યું, પણ 'લેવું એ જરૂરી છે.' -એમ જ કહ્યું છે : અને એ તો આગળના મહાપુરૂષો પણ કહેતા જ હતા. મહાપુરૂષોની દેશના સર્વત્યાગ-પ્રધાન જ હોય. જેમનું જીવન સર્વત્યાગમય હોય અને જેમની દેશના પણ સર્વત્યાગ-પ્રધાન હોય, તે જ સાચો મહાપુરૂષ છે. સર્વત્યાગની પ્રધાનતા રાખી, યોગ્યતા મુજબ ઉપદેશ દેવાની આજ્ઞા છે. એ આજ્ઞા શ્રી વીતરાગના સાધુએ તો ધ્યાનમાં રાખવી જ જોઈએ. જગતનાં જીવને દુઃખરહિત, સંપૂર્ણ અને શાશ્વત સુખ જોઈએ છે-એ જેમ નિશ્ચિત વાત છે, તેમ એવું સુખ સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ થયા વિના કોઈ પણ જીવને મળવાનું નથી, એય નિશ્ચિત વાત છે. સઘળાં પાપસ્થાનોને તજીને સંયમની સેવામાં જ જીવન વ્યતીત કરવું, એ જ આ જીવનનો ઉમદામાં ઉમદા કોટિનો ઉપયોગ છે. જેનાથી શક્ય હોય, તેણે તો ઈતર પ્રવૃત્તિઓમાં એક ક્ષણ પણ ગુમાવ્યા વિના, મોક્ષસાધક સંયમમાર્ગને સેવવાને માટે તત્પર બની જવું જોઈએ. નવા આવેલા ધર્મના અર્થિને શ્રી વીતરાગના સાધુઓએ સૌથી પહેલાં સંયમમાર્ગ બતાવવો જોઈએ અને તે પામવા જોગી સામાની દશા ન હોય, તો ઉત્તરોત્તર ઉતરતા માર્ગો બતાવવા જોઈએ. શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞા મુજબ સંયમની સાધના કરવી એ સામાન્ય વસ્તુ નથી, કે જેથી

દરેકને 'ચારિત્ર લઈ લ્યો.' -એમ કહેવાય. ચારિત્ર લેવાની ભાવનાવાળાની પણ યોગ્યતા તપાસવાની હોય છે. યોગ્યતા જોયા વિના સાચા ગુરૂઓ કોઈનેય ચારિત્ર પ્રદાન કરે નહિ. પરંતુ ઉત્તમમાં ઉત્તમ માર્ગ આ જ છે, એમ કહ્યા વિના તો સાધુઓ રહે જ નહિ. પૂર્વના મહાપુરૂષોએ પણ ઉત્તમમાં ઉત્તમ માર્ગ કોઈ હોય તો તે રત્નત્રયીની આરાધનામય સંયમ જ છે-એમ ફરમાવ્યું છે અને અહીં પણ તે જ વસ્તુ કહેવાય છે.

## બાળકોની ચારિત્રની ઈચ્છા :

સ૦ બાળકોને દીક્ષા અપાય છે તે એમની ઈચ્છાથી કે બળાત્કારથી ?

ઈચ્છા વિના કોઈને દીક્ષા આપી શકાય છે ?

સ૦ બાળકને ઈચ્છા ક્યાંથી થાય ?

તમે પુનર્જન્મને માનો છો કે નહિ ? જો હા, તો પૂર્વજન્મના સંસ્કારો આદિના યોગે આ જન્મમાં નાની ઉંમરે પણ અમુક અમુક પ્રકારની ઈચ્છાઓ પેદા થવાનો સંભવ છે, એમ તમારે માનવું જ પડશે. પૂર્વજન્મના તેવા કોઈ સુંદર સંસ્કારોના યોગે આ જન્મમાં નાની પણ, ઉંમરે ચારિત્ર લેવાની ઈચ્છા થવી, તે સ્વાભાવિક છે. આત્મા લઘુકર્મી બન્યો હોય, આ જન્મમાં કોઈ સાચાં હિતકારી માતા-પિતાના યોગને પામ્યો હોય અને જન્મથી જ સુંદર સંસ્કારોમાં ઉછર્યો હોય, તો તેવા બાળકને ચારિત્રની ઈચ્છા

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

થવી, એ કોઈ અસ્વાભાવિક વસ્તુ નથી. આપણે પહેલાં જ વિચારી આવ્યા છીએ કે-સમ્યગ્દર્શનાદિ એ આત્માના ગુણો છે અને તે ગુણો તેને આવરનારાં કર્મોનો ક્ષયોપશમાદિ થતાં પ્રગટે છે. સમ્યક્ચારિત્ર પણ તેને આવરનારાં કર્મના ક્ષયોપશમભાવથી ઉત્પન્ન થાય છે. જે આત્માઓના તેવા પ્રકારના કર્મનો ક્ષયોપશમ થયો નથી, તે આત્માઓમાં ચારિત્રનાં વાસ્તવિક પરિણામો ઉત્પન્ન થતા જ નથી. આથી જ, સમર્થ જ્ઞાનિઓએ ફરમાવ્યું છે કે -'કર્મના ક્ષયોપશમભાવથી ઉત્પન્ન થતા ચારિત્રની સાથે બાલભાવને કશો પણ વિરોધ નથી.' જો કે જ્ઞાનિઓએ એ વાત પણ સ્પષ્ટપણે જણાવી જ છે કે-'આઠ વર્ષથી ઓછી ઉંમરનાં બાળકો પ્રાયઃ તેવા ક્ષયોપશમભાવને પામતાં નથી.' આઠ વર્ષથી અંદરની વયવાળાઓને ચારિત્રના તેવા પરિણામો પ્રાયઃ ઉત્પન્ન થતા નથી, એથી આઠ વર્ષથી ઓછી ઉંમરે ચારિત્ર દેવાનો વિધિ આ શાસનમાં નથી. જો કે-ક્વચિત્ તદન નાની વયમાં પણ તેવો ક્ષયોપશમભાવ થઈ જતાં ચારિત્રના સુંદર પરિણામો આવી જાય છે, પણ બહુધા શરીરાવસ્થા આઠ વર્ષના સમય જેટલી થાય તે પહેલાં તેવો ક્ષયોપશમભાવ થતો નથી. બાકી કર્મના ક્ષયોપશમભાવને વય સાથે કશો સંબંધ નથી : કારણ કે-વૃદ્ધ ઉંમરે પણ ઘણાઓને ચારિત્રના પરિણામો થતા નથી. આથી 'આઠ વર્ષની ઉંમરના બાળકને દીક્ષા લેવાની ઈચ્છા ન જ થાય.' -એમ માનવું તે અયથાર્થ જ છે.

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

## લગ્ન સાથે દીક્ષાને સરખાવાય નહિ :

સ૦ નાની ઉંમરે દીક્ષા લેનાર વયમાં આવ્યા પછી ઘેર જવાનો સંભવ છે.

મહાપુરૂષોનો અનુભવ એવો છે કે-બાલદીક્ષિત કરતાં યુવાનવયને ભોગમાં પસાર કર્યા પછીથી દીક્ષા લેનારને માટે પતનનો સંભવ વધારે છે.

સ૦ બાલલગ્ન જેમ ઈષ્ટ નથી, તેમ બાલદીક્ષા પણ વ્યાજબી લાગતી નથી.

કારણ કે-જીવનનો આદર્શ જેવો જોઈએ તેવો સમજાયો નથી. જીવનનો આદર્શ યથાર્થપણે જેઓને સમજાયો છે, તેઓ તો બાલદીક્ષાને હાનિકર નહિ પરંતુ પરમ હિતકર જ માને છે. લગ્ન એ જીવનનો આદર્શ નથી, જ્યારે દીક્ષા એ જીવનનો આદર્શ છે. 'લગ્ન કર્યા વિના માણસ ઉત્તમમાં ઉત્તમ પ્રકારનું જીવન જીવી શકે જ નહિ અને આ જીવનમાં પામવા લાયક ઉત્તમ ગુણોને પામી શકે જ નહિ.' -એવું કાંઈ જ નથી : જ્યારે દીક્ષા માટે એમ જરૂર કહી શકાય કે - 'આ જીવનને ઉંચામાં ઉંચી કોટિનું બનાવવું હોય તો દીક્ષા વિના ચાલી શકે જ નહિ.' દીક્ષિત જીવનને પામવાની સાચી કામના પ્રગટયા વિના, માણસમાં સાચા મહાપુરૂષ બનવાની લાયકાત જ આવતી નથી અને દીક્ષાને ગ્રહણ કરીને તેનું યથાર્થ પાલન કરવામાં પ્રયત્નશીલ બનેલો આત્મા જ સાચો મહાપુરૂષ બની શકે છે. દીક્ષા જેમ પરમ કલ્યાણનું પરમ કારણ છે, તેમ લગ્ન તો ઊલટું આત્માને આત્માના ગુણોને પ્રગટાવવાના પ્રયત્નમાં

નડતર રૂપ થવાનું પરમ કારણ છે : એટલે ખરી વાત તો એ છે કે-લગ્નની સાથે દીક્ષાને સરખાવવી, એ જ અવિચારિપણું છે.

## શિક્ષણ, સંસ્કાર અને વાતાવરણની અસરને માનનારો બાલદીક્ષાનો પ્રમાણિકપણે વિરોધ કરી શકે નહિ :

જેઓ શિક્ષણ, સંસ્કાર અને વાતાવરણની અસરને માન્ય રાખે છે, તેઓથી પ્રમાણિકપણે તો બાલદીક્ષાનો વિરોધ થઈ શકે તેમ છે જ નહિ. શિક્ષણ, સંસ્કાર અને વાતાવરણ માણસના જીવન ઉપર ઘણી જ અસર નિપજાવે છે. બાળપણથી ખરાબ શિક્ષણ મળ્યું હોય, ખોટા સંસ્કારો મળ્યા હોય અને ખ઼રાબ વાતાવરણમાં ઉછરવાનો યોગ પ્રાપ્ત થયો હોય, તો સારૂં નીવડે એવું પણ ઘણું જ ભયંકર નીવડે છે, એ તો દુનિયાના અનુભવની વાત છે. જો શિક્ષણ, સંસ્કાર અને વાતાવરણની અસર જ ન થતી હોય, તો આજે પાશ્ચાત્ય શિક્ષણ, પાશ્ચાત્ય સંસ્કારો અને ત્યાંના વિલાસી વાતાવરણ સામે જે ટીકાઓ થઈ રહી છે, તે ન થતી હોત. કુશિક્ષણ, કુસંસ્કાર અને કુવાતાવરણમાં ગમે તેવો જીવ પણ બગડે છે, એવું માનનારાઓ જ્યારે બાલદીક્ષાનો વિરોધ કરવાને તત્પર બને છે, ત્યારે કહેવું પડે છે કે- 'તેઓ કાં તો પોતાની બુદ્ધિનો ઉપયોગ કરતાં નથી અને કાં તો અપ્રમાણિકપણે વિરોધ કરે છે. આઠ-દસ વર્ષની ઉંમરે દીક્ષિત બનેલ બાળક યુવાન વયમાં આવતાં પહેલાં તો એવા સુંદર શિક્ષણને પ્રાપ્ત કરી

શકે છે, કે જેથી યુવાન વયે તે ભોગ તરફ ખીંચાવાને બદલે આત્મવિભૂતિને પ્રગટાવવામાં જ પોતાનું સઘળું સામર્થ્ય ખર્ચનારો બને. વિષયોની વિષમતાનો અને ભોગોની ભયંકરતાનો એ આત્માને એટલો તો સરસ ખ્યાલ આવી ગયો હોય કે- શ્રી જિનવાણીથી ભાવિત બુદ્ધિવાળો બનેલો તે, યુવાન વયના કારણે પણ વિષયો કે ભોગો તરફ ખીંચાઈ જાય નહિ. બાલદીક્ષિત યુવાન વયમાં આવતાં પહેલાં અધ્યાત્મવિદ્યાના શિક્ષણને વર્ષો સુધી મેળવનારો બન્યો હોય. આત્મસાધનાના સુંદર સંસ્કારોને પામ્યો હોય અને આત્મસાધકોના વાતાવરણમાં ઉછર્યો હોય, એટલે એવો આત્મા તો યુવાન વયે પરમ વિવેકશીલ બની ગયો હોય : અને સાચો વિવેકી તો સંસારના ભોગો તરફ દ્રષ્ટિ પણ કરે નહિ એ સ્વાભાવિક જ છે.

### કર્મના યોગે પતનનો સંભવ બન્નેને માટે સરખો જ છે :

હવે કર્મના યોગે એટલે વેદોદયના કારણે પતન થવાનો સંભવ છે એમ કહો, તો તેવો સંભવ તો જેમ અભુક્તભોગી બાલદીક્ષિતોને માટે છે, તેમ ભુક્તભોગી દીક્ષિતને માટે પણ છે : કારણ કે ભોગમાં યુવાન વયને પસાર કરવાના કારણે, વેદોદયના કારણભૂત કર્મનષ્ટ થઈ જાય છે એમ તો છે જ નહિ : એટલે જ્યાં સુધી તેવું કર્મ છે ત્યાં સુધી પતનનો સંભવ તો અભુક્તભોગી અને ભુક્તભોગી બન્નેને માટે સરખો જ છે. આજે કેટલાક ઘણી મોટી ઉંમરના માણસો પણ વિષયભોગોની



**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

પાછળ પાગલ બનેલા જોવાય છે અને આજે એવા પણ યુવાનો વિદ્યમાન છે, કે જેઓ સુંદર પ્રકારનું બ્રહ્મચર્યનું પાલન કરે છે. આથી યુવાન વયને ભોગોના ભોગવટામાં પસાર કર્યા પછીથી દીક્ષા લેવામાં પતનનો સંભવ નથી-એમ કહી શકાય તેમ નથી, કારણ કે-યુવાન વયને ભોગોના ભોગવટામાં પસાર કરવી એ કાંઈ વેદોદયના કારણભૂત કર્મને નષ્ટ કરવાનો ઉપાય નથી.

**કૌતૂક આદિ દોષોનો સંભવ બાલદીક્ષિતો કરતાં ભુક્તભોગી દીક્ષિતોને વધારે છે :**

એ વાત પણ ધ્યાનમાં લેવા જેવી છે કે-ભોગોનો ભોગવટો એ ભોગવૃત્તિને શમાવવાનો ઉપાય નથી. ભોગોના ભોગવટાથી તો પ્રાયઃ ભોગવૃત્તિ ઉત્તેજિત બને છે. સામાન્ય રીતિએ કામો તેના સેવનથી વૃદ્ધિને પામનારા હોય છે. આથી વૃત્તિને સંયમમાં લેવી અને તેવી ઈચ્છા ન જન્મે એવા વાતાવરણમાં રહેવું એ જ હિતકારક છે. ભોગો ભોગવીને દીક્ષા લેનારાઓ માટે તો આ જન્મનો અભ્યાસ તાજો હોવાથી તે તરફ દોરાઈ જવાનો સંભવ રહે છે, જ્યારે બાલદીક્ષિતોને માટે તો કૌતૂક આદિ દોષો જન્મવાનું તે કારણ પણ નથી : કારણ કે-આ જન્મમાં તેવા પુણ્યાત્માઓને તેવો ખરાબ અભ્યાસ થયો નથી અને પૂર્વ જન્મમાં જે થયું હોય તે તો દૂર છે. આ રીતિએ જોતાં પણ, ભુક્તભોગી દીક્ષિતોના કરતાં બાલદીક્ષિતોને માટે પતનની સંભાવના ઓછી છે.



**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

## બાલદીક્ષિતોમાંથી પતિત ઓછા થાય છે અને પ્રભાવક અધિક બને છે :

બાલકાળમાં દીક્ષિત બનીને સુગુરૂની નિશ્રામાં જીવનને ઘડનારાઓ પતિત કમ બને છે અને પ્રભાવક અધિક બને છે. બાળકના જીવનને ઘડનારા જો યોગ્ય મળી જાય અને બાળકની ભવિતવ્યતા સુંદર હોય, તો પ્રાયઃ એ મહાન પ્રભાવક બન્યા વિના રહે નહિ. બાળક જે રીતિએ સંસ્કારોને ઝીલી શકે છે અને અભ્યાસમાં દત્તચિત્ત બની શકે છે, તે રીતિએ જીંદગીનો અડધો ભાગ વિષય-કષાયની સાધનામાં ગાળનારો પ્રાયઃસંસ્કારો ઝીલી શકતો નથી અને અભ્યાસમાં પણ તે તેવો દત્તચિત્ત બની શકતો નથી. દુનિયામાં પણ શિક્ષણની શરૂઆત બાળકાલથી જ કરવામાં આવે છે. મોટી ઉંમરે જો શિક્ષણની શરૂઆત કરવામાં આવે, તો તેમાંથી શિક્ષણના ઉંડાણને પામનારા ઓછા નીકળે છે. દુનિયાદારીમાં જે જે પદોને મોટાં ગણવામાં આવે છે, તે તે પદોને પામનારા બાલકાળથી જ શિક્ષા પામેલાઓ હોય છે અને વર્ષોના શિક્ષણ બાદ તૈયાર થયેલા હોય છે. એ જ રીતિએ, અહીં ધર્મશાસનમાં પણ પ્રભાવક મહાપુરૂષો બાલદીક્ષિતો વધુ પ્રમાણમાં બની શકયા છે : કારણ કે -બાલકાલથી ઉત્તમ શિક્ષણ અને ઉત્તમ સંસ્કાર તેઓને મળે છે. એના યોગે તે પુણ્યાત્માઓ યુવાન ઉંમરે પહોંચતાં સુધીમાં તો એવા વિવેકી અને સુપરિણત બની જાય છે કે-તેઓ પોતાના જીવનને ઉજાળવા સાથે બીજા પણ સંખ્યાબંધ આત્માઓના તારક બની જાય છે.

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી પ્રત-૨જી

●

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

## જોખમ ક્યાં નથી ?

આમાંય અપવાદ જરૂર હોય. કોઈ પડેય ખરા, પણ પતનના સંભવમાત્રને બહાને સન્માર્ગને રોકાય નહિ. 'જેટલા વ્યાપાર કરે એટલા બધા કમાય જ.' -એવો નિયમ નહિ : 'પરીક્ષામાં બેસનારા બધા પાસ જ થાય ? -એવો નિયમ નહિ : અને, મુસાફરી કરનારા બધા સુખ રૂપ મુસાફરી પુરી કરી જ શકે.' -એવો નિયમ નહિ ! બધેય જોખમ તો છે જ. વ્યાપારમાં ખોટ જવાનું, ભણનારને પરીક્ષામાં નાપાસ થવાનું અને મુસાફરીમાં જનારને જીન્દગીનું જોખમ તો છે : છતાં દુનિયાને તે માર્ગ રૂચ્યો છે અથવા તો કહો કે તે દ્વારા નિષ્પન્ન થતી વસ્તુનું અર્થિપણું છે, માટે એની સામે કોઈ બોલતું નથી. પરીક્ષામાં નાપાસ થનારા કેટલાય આપઘાત કરે છે, વ્યાપારમાં ખોટ કરનારા કેટલાય ઝેર ખાય છે અને મુસાફરી કરનારા કેટલાય અકસ્માતના ભોગ બની અકાળે મૃત્યુ પામે છે : છતાં તે માર્ગો બંધ કરવાનું કોઈ કહેતું નથી અને 'બાલદીક્ષિતોને પડવાનો સંભવ છે.' - એમ કહીને બાલદીક્ષાના માર્ગને બંધ કરવાનું કહેવાય છે, એ ઓછી વિવેકહીનતા છે ? પણ ખરી વાત તો એ જ છે કે- અજ્ઞાન દુનિયાને કેવળ અર્થ અને કામ જ ગમે છે. ધર્મની આરાધનાનો આદર્શ વસ્તુતઃ રૂચ્યો નથી અને એથી જ બાલદીક્ષાનો અને બાલદીક્ષાને નામે સમગ્ર દીક્ષાનો પણ વિરોધ કરાય છે.

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી પ્રત-૨જી

●

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

## સમ્યક્ચારિત્રનો સદ્ભાવ :

પાપોદયથી આજનો શ્રીમંત ગરીબ પણ થઈ જાય. હોશિયાર વિદ્યાર્થી પરીક્ષામાં નાપાસ પણ થઈ જાય એ રીતિએ સમજુનો પણ પાપોદયના યોગે પાત થઈ જાય, તો એમાં આશ્ચર્ય નથી. એ રીતિએ બુઢ્ઢા, જુવાન કે બાળક દરેકનો પાત થવો સંભવિત છે : પરંતુ સામાન્ય રીતિએ તો મોટા માટે જેટલો ભય છે તેટલો નાના માટે નથી. માતા-પિતાની સંમતિ હોય અને બાળકની પ્રવૃત્તિ પણ શુભ દેખાતી હોય,તો તેને ગીતાર્થ ગુરૂઓ જરૂર દીક્ષા આપી શકે છે. દુનિયાદારીની સાધનામાં તો બાળકોને બળાત્કારે પણ યોજાય છે : જયારે દીક્ષામાં તો નિયમ જ છે કે-સોળ વર્ષ ની અંદરની વયના કોઈ પણ બાળકને દીક્ષા આપવી હોય તો તે બાળકની ઈચ્છા પણ જોઈએ અને તેના વાલીની સંમતિ પણ જોઈએ. આ શાસનમાં મોટા કરતાં નાનાની લાયકાત અધિક મનાઈ છે. પૂર્વકાળમાં કે આજે પણ નાની ઉંમરમાં નીકળેલાં જ મોટે ભાગે પ્રભાવક બન્યા છે અને બને છે. પૂર્વજન્મની આરાધનાના યોગે હજારોમાં એકાદ બાળકને દીક્ષાની ઈચ્છા થાય છે. એને પણ રોકવાનો એક જાતિનો મેનિયા આજે અજ્ઞાન આત્માઓને વળગ્યો છે. ભુકતભોગિને પડવાનાં નિમિત્તો ઘણાં છે અને અભુકતભોગિને બહુ થોડાં છે, એમ શાસ્ત્ર કહે છે : એટલા માટે બાલવયના ત્યાગનો મહિમા ઘણો મોટો છે. ગૃહસ્થાશ્રમને ધર્મ માનવાની ઘેલછા કરનારાઓએ પણ બાલબ્રહ્મચારિઓનો મહિમા ખૂબ ગાયો છે ! એટલે,

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

બાલદીક્ષા વસ્તુતઃ કોઈપણ રીતિએ વિરોધપાત્ર છે જ નહિ. 'પાપબુદ્ધિ ચાલી જાય અને પાપનો ત્યાગ થઈ જાય, તો જ મનુષ્યજીવનની સાચી સફળતા સધાય.'- એવું જો સમજાઈ જાય, તો પાપના સર્વથા ત્યાગ રૂપ દીક્ષા પ્રત્યે આદરભાવ પ્રગટયા વિના રહે જ નહિ. જયાં સુધી સમ્યક્ચારિત્ર પ્રત્યે સાચો સદ્ભાવ પ્રગટશે નહિ. ત્યાં સુધી સાચા સુખની સાધના થઈ શકશે નહિ : માટે યોગ્ય ગુરૂઓનો સહવાસ સાધીને સાચા હિતકર માર્ગને સમજવાને માટે તથા આરાધવાને માટે પ્રયત્નશીલ બનો, એ જ એક શુભાભિલાષા.

(૧૧)

**તીર્થ એ હવા ખાવાનું સ્થળ નથી અને તીર્થયાત્રા મોજશોખ માટેનું સાધન નથી :**

એ વાત તો સૌને સુવિદિત છે કે- આ સમુદાય તીર્થની યાત્રાએ જઈ રહ્યો છે. આર્યદેશમાં તીર્થ અને યાત્રા શબ્દનું ભારે આકર્ષણ છે અને એથી સર્વ લોક પોતપોતાના વિશિષ્ટ ક્ષેત્રને તીર્થ તરીકે ઓળખાવવાને લલચાય છે તેમજ તે તે તીર્થમાં જવું એને તીર્થયાત્રા તરીકે જાહેર કરે છે. આના યોગે પણ ઘણાઓ વાસ્તવિક તીર્થ કોને કહેવાય અને સાચી તીર્થયાત્રા કયી હોઈ શકે , એ વગેરે બાબતોથી અજ્ઞાત રહી જવા પામે છે. 'તીર્થ' અને 'તીર્થયાત્રા' શબ્દનો પ્રયોગ જયાં -ત્યાં કરવો, એ ઠીક નથી. હવા ખાવાનું સ્થળ એ તીર્થ નથી અને મોજશોખ કરવા કે હરવા-ફરવા જવું, એ તીર્થયાત્રા નથી.

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

તીર્થ એટલે હવા ખાવાનું સ્થલ અને તીર્થયાત્રા એટલે મોજશોખ કે હરવા-ફરવાનું સાધન, એમ માનનારાઓ કદાચ વાસ્તવિક તીર્થ રૂપ ક્ષેત્રમાં જાય, તો પણ તીર્થયાત્રાના વાસ્તવિક ફલથી વંચિત જ રહે છે. આથી અનન્ત ઉપકારી અનન્તજ્ઞાનિઓએ 'તીર્થ' અને 'તીર્થયાત્રા'ના સંબંધમાં જે કહ્યું છે, તેનો શકયતા મુજબ ખ્યાલ આપવાનો પ્રયત્ન આપણે આરંભ્યો છે : કારણ કે-એવો ખ્યાલ આવ્યા વિના તીર્થયાત્રા જેવી રીતિએ થવી જોઈએ તેવી રીતિએ થતી નથી અને એથી તે જેવી રીતિએ ફળવી જોઈએ તેવી રીતિએ ફળતી નથી. તીર્થયાત્રા કરનાર, કરાવનાર અને તેઓની ભક્તિ આદિ કરનાર પોતપોતાની ક્રિયાને સારામાં સારી રીતિએ સફળ બનાવી શકે, એ આપણો ઈરાદો છે; અને એ ઈરાદાની સિદ્ધિને માટે જ આપણે તીર્થયાત્રા સંબંધી વર્ણન કરવાનું ચાલુ રાખ્યું છે.

**વિષય-કષાયની આધીનતાથી મુક્ત બનવામાં અને આત્મગુણોના પ્રકાશનમાં સહાયક થાય તે તીર્થ છે :**

તીર્થ કોને કહેવાય અને તીર્થયાત્રા કેવા પ્રકારની હોવી જોઈએ. એનો જેઓને વાસ્તવિક ખ્યાલ આવી જાય છે, તેઓ જેમ ગમે તે ક્ષેત્રને તીર્થ માનવાને લલચાતા નથી, તેમ તેઓ મોજશોખ આદિ નિમિત્તે થતી હરવા-ફરવાની ક્રિયાને તીર્થયાત્રા પણ માનતા નથી. તીર્થ એટલે સંસારસાગરથી તરવાનું સાધન. જે વસ્તુ અગર જે વ્યક્તિ સંસારસાગરમાં ડૂબી રહેલા આત્માઓને સંસારસાગરથી તારવાની લાયકાત ધરાવતી ન હોય, તેને તીર્થ ન કહેવાય. તીર્થમાં તારકગુણ જોઈએ. તીર્થમાં એના શરણે

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

આવેલાને તારવાની લાયકાત જોઈએ. તીર્થના શરણને પામેલા આત્માનો સંસારસાગરથી નિસ્તાર થાય, એ જ તીર્થની વિશિષ્ટતા છે. વિષય અને કષાયની આધીનતા, એ સંસાર છે. તીર્થના યોગે આત્મા વિષય અને કષાયની આધીનતાથી મુક્ત બનવો જોઈએ. આત્માના ગુણોનું પ્રગટીકરણ, એ જ આત્માનો નિસ્તાર છે. જ્યાં સુધી આત્મા પોતાની ગુણમય સ્વાભાવિક દશાને પામ્યો નથી, ત્યાં સુધી આત્માનો નિસ્તાર થયો નથી એ નિર્વિવાદ વાત છે. જ્યાં સુધી આત્મા વિષય-કષાયને જ આધીન રહે છે ત્યાં સુધી આત્માના ગુણો પ્રગટતા નથી. આત્મગુણોના પ્રકાશન માટે વિષય-કષાયની મન્દતા પરમ આવશ્યક છે. તીર્થના યોગે આત્માના વિષય-કષાય મન્દ પડે છે, આત્માના ગુણો પ્રગટવા માંડે છે અને પરિણામે આત્મા પોતાની સંપૂર્ણ ગુણમય દશાને પ્રગટ કરી શકે છે. આત્માનો વાસ્તવિક નિસ્તાર પણ એ જ છે.

**રત્નત્રયીની પ્રેરણા પમાડવાની લાયકાત જતાંની સાથે જ તીર્થત્વ ચાલ્યું જાય છે :**

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર, -એ આત્માના ગુણો છે. એ ગુણો વાસ્તવિક કોટિનું તીર્થ છે. એનું વર્ણન આપણે કરી ગયા છીએ. એની પ્રાપ્તિમાં નિમિત્ત કે સહાયક થવાની લાયકાત ધરાવનાર પણ તીર્થ મનાય છે. ગુણો તીર્થ રૂપ હોવાથી, ગુણી પણ તીર્થ રૂપ ગણાય અને ગુણોને પામવામાં સહાયક બનનાર સાધનો પણ તીર્થ રૂપ ગણાય તે સ્વાભાવિક છે. એ તીર્થ સ્થાવર અને

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

જંગમ બે પ્રકારે છે. એક સ્થાને સ્થિર રહીને ઉપકારક બનનાર સ્થાનને સ્થાવર તીર્થ કહેવાય છે અને સ્થાને સ્થાને ફરવા સાથે ઉપકારક બનનાર વ્યક્તિઓને જંગમ તીર્થ કહેવાય છે. દેવ અને ગુરૂ વિચરતી અવસ્થામાં જંગમ તીર્થ રૂપ છે. એ તારકોની પ્રતિમાઓ આદિની સ્થાપનાવાળું જે સ્થાન, તે સ્થાવર તીર્થ રૂપ છે. બન્ને સ્થાનોમાં તીર્થપણાની લાયકાત રત્નત્રયીની જ પ્રેરણા આપનારાં છે. રત્નત્રયીની પ્રેરણા પમાડવાની લાયકાત જતાંની સાથે જ તીર્થત્વ ચાલ્યું જાય છે. આટલું સમજાઈ જાય, તો ગમે તે વસ્તુને કે ગમે તે વ્યક્તિને તીર્થ રૂપ માનવાની ઘેલછા ટળી ગયા વિના રહે નહિ.

**સૌનો ઉદ્દેશ સમ્યગ્દર્શનાદિ ગુણોને પામવાનો અને ખીલવવાનો હોવો જોઈએ :**

તીર્થનું તીર્થત્વ જેમ રત્નત્રયીને અંગે છે, તેમ તીર્થયાત્રાની સફળતાનો આધાર પણ રત્નત્રયીને અંગે જ છે. સમ્યગ્દર્શનાદિ ગુણોની પ્રાપ્તિ અને પ્રાપ્ત થયેલા એ આત્મગુણોની નિર્મલતા એ જ તીર્થયાત્રાનું વાસ્તવિક ફલ છે. તીર્થયાત્રાનું પરમ ફલ તો આત્માનો મોક્ષ જ છે. પણ રત્નત્રયીની આરાધના વિના મોક્ષની પ્રાપ્તિ અશકય છે. આથી જ, રત્નત્રયીની પ્રાપ્તિ અને પ્રાપ્ત થયેલા એ આત્મગુણોની નિર્મલતા, એ જ તીર્થયાત્રાનું વાસ્તવિક ફલ છે, એમ કહેવાય છે. તારક તીર્થની યાત્રાએ જનારના હૃદયમાં અને તારક તીર્થની યાત્રાએ લઈ જનારના હૃદયમાં પણ, આ હેતુ બરાબર અંકિત થઈ જવો જોઈએ. તીર્થયાત્રા કરનાર અને કરાવનારની ભક્તિ કરનારાઓએ પણ આ ઉદ્દેશને

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

ધ્યાનમાં રાખવો જોઈએ. સૌનો ઉદ્દેશ સમ્યગ્દર્શનાદિ ગુણોને મેળવવાનો, ખીલવવાનો અને એ રીતિએ પોતાના આત્માનો સંસારસાગરથી નિસ્તાર સાધવાનો હોવો જોઈએ. આથી વીપરીત કોટિનો ઉદ્દેશ, સ્વરૂપે લાભકારી એવી પણ વસ્તુને, નિષ્ફલ અગર તો નુકસાનકારક પણ બનાવી દે છે.

**સંઘસહિત તીર્થયાત્રા કરવાથી થતો લાભ :**

સંઘની યોજના કેમ ? ઈચ્છા હોવા છતાં પણ શક્તિ અને સામગ્રીના અભાવે ઘણાઓ તીર્થયાત્રાનો લાભ લઈ શકતા નથી. તેવાઓ પણ તીર્થયાત્રાથી વંચિત ન રહી જાય, એ પણ સંઘ કાઢવાના અનેક ઉદ્દેશોમાંનો એક ઉદ્દેશ છે. બે-ચાર માણસો કે પાંચ-પચીસ માણસો રેલ્વેમાં બેસીને કે મોટર આદિ દ્વારા તીર્થયાત્રાએ જાય અને મોટો સમુદાય પગે ચાલતો વિધિ મુજબ તીર્થયાત્રાએ જાય, એમાં વાતાવરણનો પણ ઘણો ફેર પડે છે. સામુદાયિક યાત્રા, પરસ્પરના ભાવોલ્લાસનું પણ પરમ કારણ છે. રસ્તામાં આવતાં ગામોનાં શ્રી જિનમન્દિરોનાં દર્શન થાય, ગામેગામ સાધર્મિકજનોનો ભેટો થાય, વ્યાપાર આદિ પ્રવૃત્તિ હોય નહિ અને કેવળ ધર્મક્રિયામાં જ ઘણો વખત જતો હોય, એથી સંઘ સાથે તીર્થયાત્રાએ જનારાઓને ઘણો લાભ થાય છે. સંઘ સાથે તીર્થયાત્રાએ જનારા શક્તિસંપન્નોને માર્ગમાં અને તીર્થમાં પોતાની લક્ષ્મીનો સદ્વ્યય કરવાનું પણ સહજ રીતિએ મન થઈ જાય છે. ઘેર અગર એકલા તીર્થયાત્રાએ જતાં જે ધર્મક્રિયાઓ ન થતી હોય, તે સંઘ સાથે ઉત્સાહપૂર્વક થાય છે. શકય તપ

અને શક્ય સંયમ આદિના વિધિને પાળવાપૂર્વક સમુદાય સાથે યાત્રાએ જનારાઓ, બીજા પણ અનેક આત્માઓને માટે સ્વાભાવિક રીતિએ જ કલ્યાણકારી પ્રેરણાનું કારણ બની રહે છે.

**દુશ્મનને પણ આકર્ષે એવી વ્યવસ્થા જોઈએ :**

સંઘ કાઢનારાઓની વ્યવસ્થા પણ યથાવિધિ હોય તો તે દુશ્મનનેય આકર્ષી શકે છે. આરાધનાની સામગ્રીની પૂરતી સગવડ અને યાત્રિકોની ભક્તિ કરવામાં પૂરી ઉદારતા હોય, તો તેવા સંઘની પ્રશંસા કોણ ન કરે ? સ્થળે સ્થળે ધર્મસ્થાનોમાં તથા સાધર્મિકોની ભક્તિમાં તેમજ અનુકંપા આદિનાં કાર્યોમાં ઉદારતા હોય, તો 'સંઘ એ બીનજરૂરી છે.' -એમ દુશ્મનને પણ બોલવાનું રહે નહિ. એ રીતિએ સંઘ નીકળવો જોઈએ. દુર્જનોને છોડી દો, કારણ કે- દુર્જનનો તો સ્વભાવ જ સારા પણ કાર્યમાં દોષ જ દેખવાનો છે. સ્વભાવે દુર્જન અને વસ્તુના દ્વેષી ગમે તેમ બોલે, તેની દરકાર કરવી નહિ : એ બિચારાઓની તો દયા જ ચિન્તવવી : પણ-'આપણે આપણા કર્તવ્યમાં તો ચૂકતા નથી ને ?'-એનું સતત નિરીક્ષણ અને ચિન્તન કર્યા કરવું.

**ઉદ્દેશ આંખ સામે રહેવો જોઈએ :**

સંઘ, એ શાસનની પ્રભાવનાનું પણ એક અગત્યનું કારણ છે. એ સંઘને સંઘ તરીકે દીપાવવાને માટે તીર્થયાત્રા કરનાર અને કરાવનાર-બન્નેએ યથાવિધિ વર્તવાને પ્રયત્નશીલ બનવું જોઈએ. એ માટે

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

પહેલી આવશ્યકતા ઉદ્દેશશુદ્ધિની છે. સમ્યગ્દર્શન આદિ ગુણોની પ્રાપ્તિ અને પ્રાપ્ત થયેલા એ આત્મગુણોની નિર્મલતા -એ ઉદ્દેશ બરાબર આંખ સામે રહેવો જોઈએ. એ ઉદ્દેશને સાર્થક કરવાને માટે જ દરેક ક્રિયા કરવી જોઈએ. 'મારો તીર્થયાત્રા કરવા અગર તો કરાવવાનો ઉદ્દેશ ફલીભૂત થાય છે કે નહિ ?' તે વારંવાર જોયા કરવું જોઈએ અને એ ઉદ્દેશ હરેક રીતિએ ફલીભૂત થાય, તેવો જ પ્રયત્ન કર્યા કરવો જોઈએ.

**સમ્યગ્દષ્ટિ આત્માને મન અર્થ-કામની પ્રાપ્તિની કિંમત ઘાસથી વિશેષ નથી :**

સમ્યગ્દર્શનાદિ ગુણોની પ્રાપ્તિના ઈરાદે અગર તો પ્રાપ્ત થયેલા એ સમ્યગ્દર્શનાદિ ગુણોને વિશુદ્ધ બનાવવાના ઈરાદે તીર્થયાત્રાએ જનાર આજે બહુ થોડા છે. સમ્યગ્દર્શનની વ્યાખ્યા કરતાં આપણે સમજાવ્યું હતું કે-ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરૂષાર્થો છે એમ જગતમાં મનાય છે : સમ્યગ્દર્શનની પ્રાપ્તિ જેને જેને થઈ છે, તે આત્માને મન મોક્ષ પુરૂષાર્થ સાધ્ય બની જાય છે અને મોક્ષ માટે સાધન એક માત્ર ધર્મ જ છે, એવો એને નિશ્ચય થઈ જાય છે : તેમજ અર્થ-કામ અનર્થકારી છે એવો પણ એને ભાસ થઈ જાય છે. કોઈ પણ કિસાન ઘાસને માટે બી વાવતો નથી, પણ ફળને માટે વાવે છે. કદી કોઈ આવીને સમાચાર આપે કે-'અનાજનું ખેતરમાં નામ નથી અને ઘાસ ઘણું ઉગ્યું છે.' -તો તે સાંભળીને કિસાન ઘણો દુ:ખી થાય છે પણ રાજી થતો નથી : કારણ કે- દરેક કિસાનને

ઈચ્છા અનાજની હોય છે પણ માત્ર ઘાસની જ હોતી નથી. જો કે-અનાજ થયા પહેલાં ઘાસ જરૂર થાય છે ! એ રીતિએ, સમ્યગ્દર્શનવાળા આત્માને અર્થ અને કામની પ્રાપ્તિની કિંમત ઘાસથી અધિક નથી. પૂર્વના પુણ્યયોગે અર્થ-કામની સામગ્રી એને પ્રાપ્ત થઈ જાય, તો એનો સદુપયોગ કરવામાં જ એ સાર માને છે. અર્થ-કામ એને મન કિંમતહીન લાગે છે. તો, સમ્યગ્દર્શનાદિ ગુણોને પામવાના ઈરાદે જ તમે તીર્થયાત્રાએ નીકળ્યા છો કે અન્ય ઈરાદાએ ? જો આ ઈરાદાએ નીકળ્યા હો, તો તીર્થે જઈને પ્રાર્થના એવી જ કરવાની હોય કે-'હે ભગવન્ ! તારી કૃપાથી અમારી અર્થ-કામની ઈચ્છા નષ્ટ થઈ જાઓ અને મોક્ષની પ્રાપ્તિ કરાવનારા તારા ધર્મની આરાધનામાં અમારા મનની એકતાનતા થઈ જાઓ !' આવી અનુપમ ભાવનાને પેદા કરનારૂં સમ્યગ્દર્શન પ્રગટયા વિના, જેટલું જ્ઞાન થશે તે જ્ઞાન રૂપે પરિણામ નહિ પામે પણ અજ્ઞાન રૂપે પરિણામ પામશે. આજ-કાલ વૃદ્ધિ પામતું જ્ઞાન જગતને માટે આશિર્વાદ રૂપ થતું નથી, પણ શ્રાપ રૂપ નીવડે છે : એનું કારણ સમ્યગ્દર્શનના અભાવે મિથ્યાત્વના જોરથી જન્મેલી અર્થકામની અતિ રસિકતા છે.

**સમ્યગ્દર્શન વિનાના જ્ઞાનની અને ચારિત્રની નિષ્ફળતા કે નુકસાનકારકતા :**

ભૂમિશુદ્ધિ કર્યા વિના કદી કોઈ વસ્તુની સિદ્ધિ થતી નથી, પણ ભૂમિશુદ્ધિ કરવાની આજે થોડાક અપવાદ સિવાય કોઈને પડી જ નથી, એમ કહીએ તો ચાલે. આજે એ સંસ્કાર આપનાર સદ્‌ગુરૂ પણ

ઓછા થઈ ગયા છે. પોતાને સદ્‌ગુરૂ તરીકે ઓળખાવનારાઓમાંના પણ કેટલાકોની દ્રષ્ટિ આજે આત્મિક ઉન્નતિને બદલે દુન્યવી ઉન્નતિ તરફ જ જાય છે. એ ખૂબ જ ખેદની વાત છે, પણ થાય શું ? ધર્મના અર્થી આત્માઓએ જ ચકોર બનવું જોઈએ. શાસ્ત્રકાર મહાપુરૂષો ફરમાવે છે કે-ધર્મની પ્રાપ્તિને માટે પ્રથમ હૃદયશુદ્ધિની આવશ્યકતા છે. હૃદયશુદ્ધિ વિના કોઈ પણ સાચો ગુણ પ્રાપ્ત થતો નથી. શ્રેષ્ઠ કોટિની હૃદયની શુદ્ધિ માટે તો સમ્યગ્દર્શન ગુણની પરમ આવશ્યકતા છે. સમ્યગ્દર્શનને પમાડનાર સામગ્રીને પણ કારણમાં કાર્યનો આરોપ કરીને આપણે ગુણ રૂપ કહીશું, પણ સર્વ ગુણો વસ્તુતઃ ગુણ રૂપ તો સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પછી જ ગણાય છે. એ ગુણ વિનાનું અગર તો એ ગુણની પ્રાપ્તિમાં કારણ રૂપ બનવાની લાયકાત વિનાનું ભારેમાં ભારે જ્ઞાન કે કઠોરમાં કઠોર ચારિત્ર પણ નિષ્ફળ પ્રાયઃ નીવડે છે : એટલું જ નહિ પણ કેટલીક વાર તો કારમા નુકસાનને કરનારૂં પણ થાય છે.

## ગુણપ્રાપ્તિનું લક્ષ્ય પણ નથી :

એક વખત હૃદયની સફાઈ થઈ જાય, તો જગતભરમાં એવો કોઈ ગુણ નથી કે જે હૃદય રૂપી ભૂમિમાં પ્રતિબિંબિત ન થઈ જાય. સાચી હૃદયશુદ્ધિ કરનાર ગુણ એ સમ્યગ્દર્શન છે. એ ગુણ આવવાથી પૂર્વકાળનાં જેટલાં દુર્ગુણોનાં કારણો, તે સદ્‌ગુણોનાં કારણો બની જાય છે. એ નહિ

આવવાથી ગુણ પણ દુર્ગુણ રૂપ બની જાય છે. એના વિના જ્ઞાન એ જ્ઞાન નથી. ચારિત્ર એ ચારિત્ર નથી, અહિંસા એ અહિંસા નથી, સંયમ એ સંયમ નથી અને તપ એ તપ નથી. આવા ગુણની પ્રાપ્તિનું લક્ષ્ય પણ ઘણાં આત્માઓમાં પેદા થયું નથી, એ શોચનીય છે. આત્માની હાનિ કરનાર કોણ અને હિત કરનાર કોણ, એનો આજે ઘણાઓને વિચાર જ નથી રહ્યો.

### આત્માની ચિન્તા કોઈકને જ છે :

શરીરની સુંદરતાનો જેટલો પ્રેમ છે, તેટલો આત્માની સુંદરતાનો પ્રેમ છે ખરો ? આત્માની સુંદરતાનો પ્રેમ હોય તોય તે કેટલાકમાં છે ? બહુ જ થોડામાં ! માનો કે -આત્મા કરતાં શરીર ઉપર અધિક પ્રેમ કદાચ મોહવશાત્ થઈ પણ જાય, છતાં તે વખતે દુઃખ તો થવું જોઈએ કે નહિ ? આજે શરીરની ચિંતા કરવાવાળા લગભગ સર્વ છે અને આત્માની ચિંતા કરવાવાળા બહુ જ થોડા છે. મોટા ભાગે તો એ જ દશા છે કે-નહિ એવો કોઈ મિત્ર, નહિ એવો કોઈ સાથી, નહિ એવો કોઈ સંબંધી, કે જે એકાંતમાં લઈ જઈને આત્માની થોડી પણ ચિંતા કરાવે ! માતા-પિતા, મિત્ર, સ્નેહી, સંબંધી-એમ સઘળાય પરસ્પરના શરીરની જ ચિંતા કરી રહ્યા છે. આત્માની ચિંતા કરનારા માત્ર ગણ્યાગાંઠયા સાધુઓ રહ્યા : તેમાં પણ દુન્યવી દૃષ્ટિવાળા કેટલાક હોય : તેથી સુસાધુઓના કહેવાની અસર પણ

જેવી જોઈએ તેવી નીપજતી નથી. પૂર્વકાળમાં સંઘમાં એકલા સાધુની જ નહિ, પણ માતા-પિતાદિ સઘળાની એ વિષેની અમુક પ્રમાણમાં પણ શિક્ષા હતી. આજે માતા-પિતા, શિક્ષક, સાથી કે મિત્રોની શિક્ષા એથી પ્રાયઃ ઊલટી જ છે. એ કારણે જ, આ જમાનામાં સાચા સાધુઓનો સહવાસ લગભગ નષ્ટ થઈ ગયો છે. સારા સારા ગણાતાં લોકો પણ સાચા સાધુઓના પરિચયથી દૂર રહે છે. શરીર બગડશે તો માતા પાસે બેસશે, પિતા ડૉકટર બોલાવશે, સ્નેહી-સંબંધી ખબર લેવા આવશે, પણ આત્મા દોષવાળો બનતો જાય છે-એની દરકાર કોણ કરે છે ? આત્માની ગરજ આજે પ્રાયઃ કોઈને નથી, એમ કહેવામાં અતિશયોક્તિ જેવું ઓછું લાગે છે. શરીરનું રૂદન સાંભળે છે, પણ આત્માનું રૂદન પ્રાયઃ કોઈ સાંભળતું નથી. તમે કોઈ દિ' તમારા આત્માનું રૂદન સાંભળ્યું હોય તો કહો !

## આત્માની ચિન્તા આવે તો રસ્તો સરળ બને :

પુત્ર ઉપર પિતાનો પ્રેમ છે, તે તેના શરીર ઉપર કે તેના આત્મા ઉપર ? પુત્રનું શરીર બગડશે તો આપણું કામ બગડશે માટે તેની ચિંતા છે, પણ પુત્ર મરીને કયાં જશે એની ચિંતા કેટલા પિતાને થાય ? કહોને કે- 'અમારા જ આત્માની અમને ચિંતા નથી, તો બીજાના આત્માની ચિંતા અમે કયાંથી કરીએ ?' પાપ કરવાવાળાની ગતિ કદી સારી થતી નથી, એ તો નિશ્ચિત છે ને ? એ નિશ્ચયની અસર

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

જો કાયમી બની જાય અને આત્માની ગતિ બગડી જાય એ ઠીક નહિ એટલી ચિંતા આવી જાય, તો જ બધો રસ્તો સરળ બને તેમ છે.

**પ્રત્યેક પ્રવૃત્તિમાં આત્માને યાદ કરનાર કદી પણ દુર્ગતિને પામતો નથી :**

આજનું તો જીવન જ વિલક્ષણ છે. આપણે એવાઓને પૂછીએ કે- 'વ્યાપાર એ જીવન માટે છે કે જીવન એ વ્યાપાર માટે છે ?' -તો તેનો ઉત્તર એમની પાસે નથી. જીવનમાં ખાવાની પણ ફુરસદ આજના વ્યાપારીને નથી : પછી પૂજનાદિ માટે તો ક્યાંથી જ હોય ? 'વ્યાપાર જ સ્વર્ગે લઈ જવાવાળો છે.' એમજ આજના ઘણા લોકો માની બેઠા હોય એવી રીતિએ વર્તે છે. એવાઓની ગતિ શી રીતિએ સુધરે ? શાસ્ત્ર કહે છે કે-દુનિયાની કોઈપણ કાર્યવાહી કરતાં જેને આત્મા યાદ આવે છે, એની દુર્ગતિ કદી પણ થતી નથી. થોડાક દિવસો સુધી પણ કાયમને માટે આત્મા યાદ રહે, એ માટે સંઘયાત્રા આદિની યોજનાઓ છે. સંઘયાત્રામાં આવ્યા પછીથી પણ માત્ર ખાવા-પીવા અને હરવા-ફરવા વગેરેમાં જે મસ્ત રહે અને આત્માને યાદ પણ ન કરે, તેની યાત્રા ફોગટ જાય તેમાં નવાઈ પામવા જેવું શું છે ? વ્યાપારાદિ પ્રત્યેક પ્રવૃત્તિમાં આત્માને યાદ કરનારની ગતિ બગડે, એ વાત જ અસંભવિત છે : કારણ કે-એ આત્મા પાપથી ડરનારો હોઈને બને ત્યાં સુધી પાપપ્રવૃત્તિ કરવી પડે તોય એનું હૈયું કંપે છે અને પાપ થઈ ગયા બાદ પણ એને સ્વાભાવિક રીતિએ જ પશ્ચાતાપ થાય છે. આવા આત્માની

ગતિ બગડે, એ બનવાજોગ જ નથી. આત્માને યાદ કરનાર, જે જે પ્રવૃત્તિથી આત્મા મલિન થતો લાગે તે તે પ્રવૃત્તિને છોડતો જાય. 'અનીતિથી પાંચસો કદાચ મળી પણ જાય પરંતુ એથી આત્માની જે મલિનતા થાય, તે પાંચ લાખથી પણ ટળે એમ નથી.' એમ એને મનમાં લાગતું જ રહે, એટલે વધુ વખત એનાથી અનીતિ નહિ થાય. જીવનનાં વ્યવહારમાં થતી અનીતિ આદિને છોડવાને નહિ ઈચ્છનારની દુર્ગતિ, કોરી યાત્રા માત્ર કરવાથી અટકી જશે, એમ રખે માનતા.

## આત્માની ગતિ સુધરે ક્યારે ?

ગુન્હો કરવો અને ગુન્હાની શિક્ષા ન મળે એમ ઈચ્છવું, એનો કાંઈ અર્થ જ નથી. આ લોકમાં ગુન્હાની શિક્ષાથી બચી જવાય એ શક્ય છે, પણ કર્મસત્તા કોઈનેય છોડતી નથી. જેને ગુન્હાની શિક્ષા ન ગમતી હોય, તેણે ગુન્હેગારવૃત્તિનો ત્યાગ કરવો જોઈએ અને ગુન્હાહિત કૃત્યોથી બચવાને માટે પ્રયત્નશીલ બનવું જોઈએ. ગુન્હો કરવામાં રસ પડે છે. ભવિષ્યમાં પણ ગુન્હેગાર તરીકે મટી જવાની ઈચ્છા નથી અને ગુન્હાના પરિણામથી બચવું છે, એ શક્ય નથી. પાપ કરનારે પાપના ફલને જોનારા બનવું જોઈએ, કે જેથી પાપ તરફ તિરસ્કાર પ્રગટે ! પાપનું ફલ ધ્યાનમાં આવી જાય અને પાપના યોગથી બચવાની ભાવના પ્રગટે, તો -'હે દીનાનાથ ! શી ગતિ થાશે હમારી ? એમ હૃદયપુર્વક

બોલાય. પોતાની ગતિ કેવી થશે, એ પોતાના આત્માને પૂછવું જોઈએ અને સમજવું જોઈએ કે પાપના યોગે આત્માની ગતિ બગડે તે સ્વાભાવિક છે. આટલું સમજીને જે જે રીતિએ પાપથી બચાય, તે તે રીતિએ વર્તવાનો પ્રયત્ન થાય તો જ આત્માની ગતિ સુધરે !

### આજ્ઞા મુજબ વર્તનારા નિયમા તરે છે

જ્યાં સુધી આત્મામાં પાપનો ત્રાસ પેદા થતો નથી, ત્યાં સુધી આત્મા-દુર્ગતિથી બચી શકતો નથી. 'હે ભગવન્ ! તારા જેવા નાથની હાજરીમાં પણ મારી ગતિ ખરાબ કેમ થાય ?' -એ કહેવાનો અધિકાર રાજીખૂશીથી પાપ કરનારને નથી, પણ પાપને છોડનારને કે પાપથી ત્રાસ પામેલા આત્માને જ બોલવાનો અધિકાર છે. તમે પાપ કર્યે જ જાવ અને તેય રસપૂર્વક કર્યે જાવ, તો એમાં ભગવાન શું કરે ? ભગવાન તારક છે, પણ ભગવાનની આજ્ઞા મુજબ જે વર્તે છે તે તરે કે ભગવાન ની આજ્ઞાનો ખ્યાલ કર્યા વિના જ ભગવાનની આજ્ઞાથી વિપરીતપણે વર્તે તે તરે ? જ્ઞાનિઓ ફરમાવે છે કે-ભગવાનની આજ્ઞા મુજબ વર્તનારા આત્માઓ નિયમા તરે છે : પણ ભગવાનની આજ્ઞાનો ખ્યાલ કર્યા વિના વિપરીતપણે વર્તનારાઓ તો કોઈ પણ કાળે તર્યા નથી, વર્તમાનમાં તરતા નથી અને ભવિષ્યમાં તરશે પણ નહિ. તરવાનો ઉપાય જ એ છે કે-ભગવાનની આજ્ઞાને અનુસરનારા બનવું.

●

— **તીર્થ-
યાત્રાનો
વાસ્તવિક
હેતુ**

## યાત્રિકો નિયમ કરીને જાય તો -

તીર્થયાત્રા માટે જેટલા આવ્યા છે, તે યાત્રા કરીને ઘેર જાય ત્યારે એટલો પણ નિશ્ચય કરીને જાય કે- 'પ્રથમ તો કોઈ પણ પાપવૃત્તિ અમે કરીશું જ નહિ અને કદી થઈ જશે તો તે વખતે અમારા દિલમાં એનો જો" ત્રાસ નહિ થાય તો એ દિવસે અમે ભોજન કરીશું નહિ.' -તો પણ થોડા કાળમાં જીવન ફરી ગયા વિના રહે નહિ. જોનારને પણ એમ થાય કે- 'આને તીર્થયાત્રા ફળી.' તીર્થયાત્રાના યોગે ગુણો પામવા છે, તે એમને એમ પમાય ? પાપભીરૂતા આવે અને પાપથી બચવાને માટે જ્ઞાનિઓએ ફરમાવ્યા મુજબના પ્રયત્નો થાય, તો જ આત્માના સમ્યગ્દર્શનાદિ ગુણો પ્રગટે અને પ્રગટેલા એ આત્મગુણો નિર્મલ બનતા જાય. બધા યાત્રિકો જો આવો નિયમ લઈને જાય, તો મારી ખાતરી છે કે-તમે બધા થોડા જ દિવસોમાં શ્રી વીતરાગ પરમાત્માએ ફરમાવેલાં મુક્તિમાર્ગના સાચા અને ઝડપી મુસાફર બની જાવ. આટલો ભાવ આવી જાય તો ત્યાગ મુશ્કેલ નથી, સંયમ કઠિન નથી અને તપ પણ દૂર નથી.

## જીવન પાપમય તો જાનવરથી અધિક્તા શી ?

જે જન્મ લે છે તેને મરવાનું જરૂર છે, તો પણ મરણની વાત સાંભળતાં જ અશાંતિ થાય છે. બાહ્ય પદાર્થોમાં આત્મા એટલો રક્ત બન્યો છે કે-સમ્યગ્દર્શન ગુણ પ્રાપ્ત કરવો, એ એને માટે મહા

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી પ્રત-૨જી

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

મુશ્કેલ બનેલ છે. અર્થ-કામની સામગ્રીનો સહવાસ માત્ર જેને અરૂચિકર લાગે, એનામાં જ સમ્યગ્દર્શન ગુણનું પ્રગટીકરણ શકય છે : પણ આજે જ્યાં પાપનો જ ભય ચાલ્યો ગયો હોય, ત્યાં બીજી વાત શી કરવી ? પાપના ભય વિનાનો આદમી આદમી તરીકે રહેતો નથી. ‘મરવાનું અવશ્ય છે.’ -એ જાણવા છતાં પણ, કેવળ પાપવૃત્તિમાં જ રક્ત રહીને જે પોતાના જીવનને પૂરૂં કરે, એને જાનવરથી પણ અધિક શી રીતિએ કહી શકાય ? દેવથી અધિક બની શકનાર મનુષ્ય આજે પશુથી પણ અધિક નથી બની શકતો, એ કેટલી બધી ભયંકર વાત છે ?

### આજના કેટલાકોનું વર્તન :

આજના કેટલાક મનુષ્યોનું વર્તન જોતાં એવાઓને કયી ઉપમા આપવી, એ પણ વિચારણીય થઈ પડે છે. જનાવરમાં ગદ્ધાની જાત પણ માલિક ખાવા ન આપે છતાં તેનો બોજો ઉપાડીને ચાલે છે : જ્યારે આજે ભણેલા-ગણેલા ગણાતા પણ કેટલાકો જેનું ખાય છે, જેનું ખાઈને મોટા થાય છે, તેનો પણ ઉપકાર માનવાને તૈયાર નથી. માલિક ખવડાવે નહિ, ખીલે ન બાંધે, પણ અવસરે ‘મારો ગદ્ધો’ એટલું જ કહે, છતાં એનું કામ એ કરે છે : ‘મારો’ કહે, બે-ચાર દિવસ ન જડે તો શોધવા આવે, એટલો જ ઉપકાર છતાં એની કૃતજ્ઞતા કેટલી ? એટલી પણ માલિકની આજ્ઞા ઉઠાવવા આજના કેટલા માનવી તૈયાર છે ? કૃતજ્ઞને બદલે કૃતધ્ન બનેલા માનવીઓને તો પશુઓમાં પણ કોઈની ઉપમા

આપવી હોય તો વિચારણીય થઈ પડે તેમ છે અને શાસ્ત્રમાં લખ્યું છે કે- 'મનુષ્ય દેવથી પણ અધિક છે.' -એ બેનો મેળ શી રીતિએ બેસાડવો ? શાસ્ત્ર તો સાચું કહે છે, પણ તમારૂં કર્તવ્ય ભૂલો ત્યાં થાય શું ? સમ્યગ્દર્શન આદિ રત્નત્રયી સ્વરૂપ ગુણોની વિશિષ્ટ પ્રકારની આરાધના કરવાની યોગ્યતાના બળે જ મનુષ્ય દેવથી અધિક ગણાય છે, પણ તેની દરકાર કેટલા ને ?

### પરસ્પર આત્મચિન્તાશીલ બનો :

સમ્યગ્દર્શનની પ્રાપ્તિને માટે પાપનો ત્રાસ જરૂરી છે અને પાપનો ત્રાસ તો જ આવે કે-બીજી ચિંતાઓને છોડીને આત્માની ચિંતામાં રમાય. આત્મા બગડયો હોય ત્યારે કે ભવિષ્યમાં ન બગડે એ માટે જીવનમાં કદી ઔષધ લીધું છે ? જેમ દૂર-દૂરથી મીરજમાં રોગી ક્ષય વગેરેની દવા કરાવવા આવે છે : આવીને મહિનો મહિનો, છ છ મહિના અને વર્ષો સુધી પણ રહે છે : તેમ તમે આત્માનો રોગ કાઢવાને માટે કોઈ સ્થળે જવાનું રાખ્યું છે ? ખરેખર, આજની દશા કોઈ વિચિત્ર જ બની ગઈ છે : કારણ કે-આત્મા બગડયો છે. એને સુધારવાનો ઉપાય પૂછવાને માટે પણ નહિવત્ અપવાદ સિવાય કોઈ આવતું નથી. સુસાધુઓની પાસે જનારાઓમાં પણ થોડાક અપવાદ સિવાય કોઈ-આત્માને સુધારવાનો ઉપાય શું ? એમ પૂછતા નથી, એમ કહેવું પડે એવી આજની દશા છે. વ્યવહારમાં તો, આત્માની હાલત શું છે, એની ખબર લેનાર જ કોઈ નથી. અલમસ્ત શરીરવાળો રસ્તામાં મળે તો

પણ સ્નેહી પૂછે છે કે- 'શરીર કેમ છે ? કુટુંબ કેમ છે ? વ્યાપાર કેમ ચાલે છે ?' ઔચિત્યપાલન માટે પૂછવું એ વાત જુદી છે, પણ સાથે આત્માની પણ ખબર પૂછવાને તમે તૈયાર છો ? 'આત્મા કયી વૃત્તિમાં વર્તે છે ? આત્માનું શું સાધ્યું ? આત્માને પાપથી બચાવવાને માટે શું કર્યુ ? આત્માને શુદ્ધ બનાવનારાં સાધનો સેવ્યાં કે નહિ ?' -એ રીતિએ અસરપરસ આત્માની ચિંતા થશે અને એને લગતી ખબરો પૂછાશે, તો પાપનો ત્રાસ ઉત્પન્ન થશે અને એથી અર્થ-કામ તુરત અરૂચિકર લાગવાના. જ્યારે અર્થ-કામ સંપૂર્ણ રીતિએ ખોટા લાગશે, ત્યાર પછી જ સમ્યગ્દર્શન ગુણની પ્રાપ્તિ આત્મામાં થશે. સમ્યગ્દર્શન ગુણ આત્મામાં પ્રગટતાંની સાથે જ પર્વનું સઘળુંય જ્ઞાન સમ્યગ્જ્ઞાન રૂપ બની જાય છે. એ પછી સમ્યક્ચારિત્રની પ્રાપ્તિને માટે પ્રાયઃ બહુ કાળ નહિ જાય. એ સમ્યગ્દર્શનાદિ ગુણોની પ્રાપ્તિ થાય અને પ્રાપ્ત થયેલા એ ગુણોની નિર્મલતા થાય, એ માટે જ તીર્થયાત્રાદિની જ્ઞાનિઓએ યોજનાઓ દર્શાવી છે : અને એ યોજનાઓને સફળ કરવી એમાં જ અમારૂં તમારૂં અને સૌનું શ્રેય છે.

(૧૨)

## જ્ઞાનિઓએ ફરમાવેલી વાતો જાણવા-વિચારવાની ફુરસદ નથી કે દરકાર નથી ?

અનન્ત ઉપકારી મહાપુરૂષોએ ફરમાવેલ તીર્થના સ્વરૂપ અને એની યાત્રાનો હેતુ હૃદયમાં જો વાસ્તવિક રીતિએ નિશ્ચિત થઈ જાય, તો એ તીર્થયાત્રાથી પોતાના આત્માને તથા પરિચય આદિમાં

આવતા બીજા પણ આત્માઓને કેવો અનુપમ કોટિનો લાભ થઈ જાય છે, તે સ્પષ્ટ થઈ જાય એમાં શક નથી : પરંતુ આજે જીવોને જ્ઞાનિઓએ ફરમાવેલી વાતો જાણવાની અને વિચારવાની દરકાર જ નથી અથવા છે તો બહુ જ ઓછી છે. ઘણાઓ આજના જીવોને જ્ઞાનિઓએ ફરમાવેલી વાતોને જાણવા-વિચારવા આદિની ફુરસદ નથી એમ કહે છે : પણ ખરી વાત એ જ છે કે-આજે મોટા ભાગે જીવોને જ્ઞાનિઓએ ફરમાવેલી વાતોને જાણવા-વિચારવાની સાચી દરકાર હોત, તો જીવો ફુરસદ મેળવ્યા વિના રહ્યા ન હોત. દુનિયાદારીમાં જે જે વસ્તુઓની દરકાર છે, તે તે વસ્તુઓને મેળવવાને માટે આજના જીવો જરૂર ફુરસદ મેળવી લે છે. મોસમ વખતે વ્યાપાર ખેડી લેવો જરૂરી લાગે છે. તો તે વખતે દુનિયાના જીવો બીજાં કામોને તજીને કે ગૌણ બનાવીને પણ વ્યાપારમાં રાત-દિવસ મચ્યા રહે છે. એ જ રીતિએ, જો સમજાઈ જાય કે- 'જ્ઞાનિઓનાં વચનોને જાણ્યા વિચાર્યા અને અનુસર્યા વિના આ ભવ નિષ્ફળ જશે અને આપણા આત્માને માટે કારમું ભવભ્રમણ ઉભું રહેશે.' -તો તો ફુરસદ ન હોય ત્યાંથી મેળવાય. તમે તમારા અનુભવ ઉપરથી ખ્યાલ કરો કે-તમને જ્ઞાનિઓની વાતોને જાણવા વગેરેની ફુરસદ નથી માટે તમે જ્ઞાનિઓની વાતોથી અજાણ રહ્યા છો કે જ્ઞાનિઓએ ફરમાવેલી વાતોને જાણવાની સાચી દરકાર નહિ હોવાના કારણે તમે જ્ઞાનિઓએ ફરમાવેલી વાતોથી અજાણ રહ્યા છો ? વિવેકપૂર્વક વિચાર કરનારાઓ તો સમજી શકશે કે- 'અમે જ્ઞાનિઓએ ફરમાવેલી વાતોથી અજાણ રહ્યા, તેનું ખરૂં કારણ અમારી પોતાની બેદરકારી જ છે.'

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી પ્રત-૨જી

●

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

**આત્માના સ્વરૂપનો અને સંસારની ભયંકરતાનો ખ્યાલ આવી જાય તો તીર્થની મહત્તા સમજાય :**

અનન્ત ઉપકારી જ્ઞાનિઓએ તીર્થની સેવા ઉપર બહુ ભાર મૂકયો છે, તે વિના કારણે મૂકયોનથી. તીર્થ એ આત્માનો ઉદ્ધાર સાધવા માટેનું અનુપમ સાધન છે. તીર્થ તેને જ કહેવાય છે, કે જે આત્માને સંસારસાગરથી તારવાનો ગુણ ધરાવનાર હોય ! આત્માને સંસારસાગરથી નિસ્તાર પમાડવાનો ગુણ જ્યાં ન હોય, ત્યાં વસ્તુતઃ તીર્થપણું સંભવે જ નહિ. આ વાત સમજવાને માટે પહેલાં આત્માના સ્વરૂપની અને સંસારની ભયંકરતાની વાતમાં નિશ્ચિત થઈ જવું જોઈએ. આત્માનું સ્વરૂપ સમજાય અને 'આત્મા જ્યાં સુધી સંસારસાગરમાં ડૂબેલો છે ત્યાં સુધી સાચા સુખની ઈચ્છા ફળવી એ શકય જ નથી.' -એવો ખ્યાલ આવી જાય, તો જ તીર્થની જે મહત્તા જ્ઞાનિઓ વર્ણવે છે, તે ખ્યાલમાં આવે. જ્યાં સુધી આત્માના સ્વરૂપનો અને સંસારની ભયંકરતાનો બીલકુલ ખ્યાલ ન આવે, ત્યાં સુધી આત્માને સંસારસાગરથી તારનાર ઉપર રાગ જન્મે જ શાનો ? તારનારને શોધે કોણ ? જેને તરવાની જરૂર લાગે તે ! તમને તરવાની જરૂર લાગે છે ? તમને કદી પણ એમ થયું છે ખરૂં કે-અમે ડૂબી રહ્યા છીએ ? આથી આપણે શરૂમાં જ આત્મા સંબંધી વિચાર કર્યો હતો. આત્મા અનાદિથી છે, પણ તે અશુદ્ધ છે. આત્મા સાથેનો કર્મ રૂપ અજીવનો યોગ પણ અનાદિથી છે અને એ જ તેની અશુદ્ધિ નું

કારણ છે. એ યોગ ટળે અને આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપમાં પ્રકાશિત બને, એ જ આત્માનો વાસ્તવિક ઉદ્ધાર છે અને તીર્થસેવા આદિનાં વિધાનો પણ આત્માના આ પ્રકારના ઉદ્ધાર માટે જ છે.

**સાચા સાધુઓ અંધશ્રદ્ધાને પોષતા જ નથી :**

સુખની ઈચ્છા સૌ રાખે છે, પણ-સાચું સુખ કોને કહેવાય અને એ મળે કેમ ? -એનો વિચાર કેટલાકને છે ? દુનિયાનો મોટો ભાગ ગતાનુગતિકપણે વર્તી રહ્યો છે અને એટલો બધો વિચારમૂઢ બની ગયો છે કે-એને 'પોતે કોણ છે, પોતાને શું જોઈએ છે અને પોતાને જે જોઈએ છે તે મળે કયા માર્ગે ?'-એનો વિચાર જ નથી. સાચા સાધુઓ તો દુનિયાના જીવોને વિચારમૂઢ મટાડી વિચારશીલ બનાવવા ઈચ્છે છે. ગતાનુગતિકપણે વર્તી રહેલા જીવોને તેમની દશાનું ભાન કરાવવાનો સાચા સાધુઓ પ્રયત્ન કરે છે. આજે 'સાધુઓ અંધશ્રદ્ધાને પોષે છે.'- એવો કેટલાકો તરફથી પ્રચાર થઈ રહ્યો છે, પણ તે સર્વથા ખોટો જ છે. સાચા સાધુઓ અંધશ્રદ્ધાને પોષતા નથી, પણ દુનિયા અંધશ્રદ્ધાથી દોરવાઈને સુખની ઈચ્છાએ દુઃખ તરફ ઘસડાઈ રહી છે, તેને સવળે માર્ગે વાળવાનો જ સાચા સાધુઓ પ્રયત્ન કરે છે. આત્મા જયાં સુધી પોતાના શુદ્ધ સ્વરૂપને પામે નહિ, ત્યાં સુધી આત્માને સાચા સુખની પ્રાપ્તિ થવી એ શકય જ નથી : માટે સાચા સાધુઓ તો એ જ પ્રચાર કરે છે કે - તમે તમને પોતાને ઓળખો અને તમારા આત્માને ઓળખીને તેને શુદ્ધ સ્વરૂપ પમાડવાનો પ્રયત્ન કરો !



**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

### આ ભવમાં ચેતી જવા જેવું છે :

અનાદિકાળથી આત્મા સંસારસાગરમાં ડૂબેલો છે. વિષય - કષાય રૂપ સંસાર એ જ આત્માના દુઃખનું કારણ છે. આજે દુનિયાના જીવો વિષય-કષાયમાં સુખ કલ્પી બેઠા છે. એ કલ્પનાને ફેરવવાનો પ્રયત્ન સાચા સાધુઓ કરે છે. આત્મા કયાંકથી આવ્યો છે અને કયાંક જવાનો છે, એ નિશ્ચિત વાત છે. હવે જે આવ્યો છે અને જે જવાનો છે, તેની ચિંતા કરનારા તમને બનાવવાનો અમારો ઈરાદો છે. તમે તમારા આત્માની ચિંતાવાળા બનો. તો તમારામાં ધર્મવૃત્તિ જન્મે. આ ભવ, એ તો આત્માના અનન્તા ભવોમાંનો એક ભવ છે, પણ આ ભવ એવો છે કે- આત્મા ધારે તો પોતાના ભવભ્રમણ ઉપર છીણી મૂકવાનું કાર્ય બીજા ભવો કરતાં આ ભવમાં ઘણા જ ઉત્તમ પ્રકારે કરી શકે. અનન્તા ભવો થયા પણ હવે અનન્તા ભવોમાં રખડવું ન હોય અને થોડા જ ભવોમાં આત્માનો સંપૂર્ણ ઉદ્ધાર સાધવો હોય, તો આ ભવમાં ચેતી જવા જેવું છે, એમ જ્ઞાનિઓ ફરમાવે છે .

### 'હું કોણ અને મારૂં શું ?'- એટલો પણ વિચાર જો ઉત્પન્ન થઈ જાય તોય બસ છે :

જયાં સુધી આત્માને વિષય-કષાય રૂપ સંસાર ભયંકર ભાસતો નથી, ત્યાં સુધી ધર્મ કરવાની સાચી વૃત્તિ આત્મામાં પેદા થતી નથી. આજે અહીં એકત્ર થયેલા બધાની જ ધર્મ કરવાની ઈચ્છા પ્રદીપ્ત થઈ ગઈ છે, માટે જ આ બધા આવ્યા છે, એમ માનવા જેવું નથી. કોઈ પણ નવી વસ્તુ તરફ

આકર્ષાવું, એ મનુષ્ય સ્વભાવ છે. આટલો મોટો સમુદાય તીર્થયાત્રાએ નીકળ્યો છે અને જ્યાં વસે છે ત્યાં એક નગર જેવું થઈ જાય છે, એમ સાંભળીને જોવા વગેરે માટે પણ ઘણાઓ આવે. આ રીતિએ સેંકડો લોકો આવી જાય, એટલા માત્રથી એમ માનવાનું હોય નહિ કે-એ સૌ ધર્મની જિજ્ઞાસાથી જ આવ્યા છે. આમ છતાં પણ, ગમે તે ઈરાદાથી આવેલાઓમાં પણ જે યોગ્ય આત્માઓ હોય તે કાંઈક પામી જાય, એ જ આપણો ઈરાદો છે. અહીં આવેલાઓમાં જો એટલો જ વિચાર ઉત્પન્ન થઈ જાય કે- 'હું કોણ અને મારૂં શું ?'-તોય બસ છે. એ વિચાર ઉત્પન્ન થશે., એટલે યોગ્ય સ્થાને તેનું સમાધાન મેળવવાને તે જશે જ. એમ કરતાં કરતાં યોગ્ય આત્માઓ જરૂર માર્ગને પામીને પોતાના આત્માના શુદ્ધ સ્વરૂપને પ્રગટાવવાને માટે પ્રયત્નશીલ બનશે.

### પૌદ્‌ગલિક અનુકૂળતાની ઈચ્છાને કાઢો :

'મહાપુરૂષોએ કરવા લાયક કામોની જે વાતો કહેલી હોય, તે કામો ગમે તે ભોગે પણ અમારે કરવાં જ જોઈએ.'-આવા ઈરાદાવાળા જો સૌ કોઈ હોય, તો તો માર્ગ બહુ સરળ થઈ જાય : પણ આજ-કાલ ધર્મની સેવામાં પણ ઘણે ભાગે પૌદ્‌ગલિક અનુકૂળતાની ઈચ્છા રહેલી હોય છે. પૌદ્‌ગલિક અનુકૂળતાની ઈચ્છાની વૃત્તિનો નાશ કરવો અને મહાપુરૂષોની આજ્ઞા મુજબ વર્તવાને માટે પ્રતિકૂળતાને સહવાની ઈચ્છાવાળી વૃત્તિ કેળવવી, એવો ઈરાદો આજે મોટા ભાગે રહ્યો નથી. આજે

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

તો જે કાંઈ પ્રતિકૂળતા સહાય છે તે પણ મોટા ભાગે પૌદ્‌ગલિક અનુકૂળતાને પ્રાપ્ત કરવાના ઈરાદાથી સહાય છે, પણ જ્ઞાનિઓની આજ્ઞા મુજબ વર્તવાને માટે અનુકૂળતાની ઈચ્છાને તજીને પ્રતિકૂળતાને સહવાને તૈયાર થનારા વિરલા જ છે. કુદરતી રીતિએ મિથ્યાત્વવાસિત આત્માને સર્વ વસ્તુઓ પોતાને અનુકૂળ જ જોઈએ છે. બધું પાપ પણ એ અનુકૂળતા માટે જ થઈ રહ્યું છે. પૌદ્‌ગલિક અનુકૂળતાના અર્થી શ્રી વીતરાગ પરમાત્માને, ગુરૂને કે ધર્મને પણ અવસરે કહી દેશે કે-તમારામાં કાંઈ નથી ! આથી પૌદ્‌ગલિક અનુકૂળતાની વૃત્તિ નષ્ટ કરવી, એ અતિ આવશ્યક છે. કોઈ પણ સંયોગમાં આત્માને ઉદ્વેગ ન થાય અને શાંતિ કાયમની બની રહે, એવો આત્માને કેળવીને તૈયાર કરવો, એ આત્માનો ઉદ્ધાર સાધવાને માટે બહુ જ જરૂરી છે. પૌદ્‌ગલિક અનુકૂળતા પુણ્યયોગે મળે છે અને પ્રતિકૂળતા પાપના કારણે થાય છે, એમ સમજીને તેથી નિરપેક્ષ બની જવું જોઈએ અને પોતાના આત્માનો નિસ્તાર સાધવાને માટે જ્ઞાનિઓની આજ્ઞા મુજબ વર્તવું, એ જ એક જીવનધ્યેય બની જવું જોઈએ. સહજ પ્રતિકૂળતાથી પણ આજે આત્મા ધર્મમાં ઉધ્વિગ્ન બની જાય છે, તેથી કરવા લાયક પ્રવૃત્તિ રહી જાય છે અને નહિ કરવા લાયક પ્રવૃત્તિ થઈ જાય છે. જગતમાં ગુન્હા થાય છે. તે બધા પૌદ્‌ગલિક અનુકૂળતાની ઈચ્છામાંથી જ જન્મે છે એ અનુકૂળતાની વૃત્તિ નષ્ટ કરવાની ઈચ્છા ભીતરમાં પ્રગટે નહિ, ત્યાં સુધી ધર્મ કરવાની વાત કદી પણ વાસ્તવિક રીતિએ રૂચિકર થાય નહિ તે સ્વાભાવિક છે.

આથી, કલ્યાણના અર્થિઓએ તો પૌદ્ગલિક અનુકૂળતાની ઈચ્છાને તજવાનો જ પ્રયત્ન કરવો જોઈએ.

**પોતાની ઈચ્છા મુજબ વર્તવાનું છોડી દઈને જ્ઞાનિઓની આજ્ઞા મુજબ વર્તો :**

'મને પૌદ્ગલિક અનુકૂળતા પ્રાપ્ત થાય એ જ ઠીક અને એમાં જ મને શાંતિ.' -એ ભાવના આત્મામાં લાંબા કાળથી એવી ઘુસી ગયેલી છે કે-આજ ને આજ તેને નષ્ટ કરવા ઈચ્છીએ તો પણ તેમ થઈ શકે એવું નથી. એ માટે તીર્થની-પ્રવચનની આજ્ઞાને આધીન જીવન બનાવવું પડશે. તીર્થની એટલે કે અનન્તજ્ઞાનિઓની આજ્ઞા મુજબ ચાલવાનું નક્કી કરીને સઘળા સ્વચ્છંદને રોકી દેવો પડશે. આત્મા પોતાની ઈચ્છા મુજબ વર્તવાનું છોડી દે અને જ્ઞાનિઓની આજ્ઞા મુજબ વર્તન કરવાનું સ્વીકારી લે, એનું જ નામ ધર્મ છે. એ જ તીર્થનું સાચું સેવન છે. ઈચ્છા મુજબ વર્તન કરવું, એ ઠીક છે કે કોઈની આજ્ઞા મુજબ વર્તન કરવું, એ ઠીક છે ? વ્યવહારમાં પણ કેવળ ઈચ્છા મુજબ વર્તન કરવાથી નહિ, પણ કોઈની આજ્ઞા મુજબ વર્તન કરવાથી મોટા થયા છો, બુદ્ધિમાન થયા છો અને આગળ વધ્યા છો. બાલ્યાવસ્થામાં માતા-પિતાની આજ્ઞા મુજબ ચાલવાથી મોટા થયા તથા નિશાળમાં શિક્ષકની અને વ્યાપારમાં અનુભવિની સલાહ મુજબ ચાલવાથી વિદ્વાન અને તાલીમબાજ વેપારી થયા. ઘરમાં જેટલા માણસો હોય તેટલા બધા જ જો પોતાની ઈચ્છા મુજબ જ વર્તવા માગે, તો ઘર ચાલે કે બંધ પડી જાય ? જેમ સારી દુનિયામાં આપણી જ ઈચ્છા મુજબ ચાલવાથી વ્યવહાર નભી શકતો નથી, તેમ

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

ધર્મની બાબતમાં પણ જો જ્ઞાનિઓની આજ્ઞા મુજબ વર્તવામાં ન આવે તો ધર્મવ્યવહાર પણ ચાલી શકતો નથી. યોગ્યની આજ્ઞાને નહિ સ્વીકારનારી જીંદગી કજીયા-ટંટામાં જ પૂરી થવાની છે. વાદી-પ્રતિવાદીનો કજીયો પણ ન્યાયાધીશની આજ્ઞાને આધીન થવાથી જ પતે છે, આમ છતાં પણ, ધર્મના વિષયમાં કોઈની પણ આજ્ઞા નહિ માનવી, એ વાત આજે દુનિયામાં બહુ રૂઢ થતી જાય છે.

**શરીર અહીં પેદા થાય છે અને અહીં રહે છે :**

આજે શારીરિક સુખ તરફ દ્રષ્ટિ એટલી બધી ગઈ છે કે-એમાં આત્મસુખ યાદ આવતું જ નથી. શરીરસુખને આજે મોટું સુખ માનવામાં આવે છે અને એથી શરીરસુખને માટે આત્મસુખનો ઘાત કરનારી પ્રવૃત્તિઓ પણ જોરશોરથી ચાલી રહી છે. જ્ઞાનિઓનું કહેવું જાુદું છે. જ્ઞાનિઓ તો ફરમાવે છે કે-શરીર પણ અહીં રહેવાવાળું છે. સુધારો જો કોઈ પણ ચીજમાં કરવા લાયક હોય, તો તે આત્માની બાબતમાં કરવા લાયક છે. આ સ્થૂલ શરીર લઈને આવ્યા હતા કે માતાના પેટમાં નવું પેદા થયું હતું ?

સ૦ શરીર અહીં પેદા થાય છે અને અહીં રહેવાનું છે.

ત્યારે આવ્યું કોણ અને જશે કોણ ?

સ૦ આત્મા.

આટલો જો સર્વ પ્રાણિગણને ખ્યાલ થઈ જાય, તો શરીરની સેવા આજથી બંધ થવા માંડે. રક્ષા

ચાલુ રહેશે, પણ સેવા બંધ થઈ જશે. રક્ષા અને સેવામાં ફેર છે. મુક્તિની સાધનામાં સાધન તરીકે બનાવી રાખવા માટે રક્ષાની છૂટ છે, પણ સેવાની મનાઈ છે. શરીર એ હું નહિ પણ જે આવવાવાળો અને જવાવાળો છે એ હું છું અને એ આત્મા છે. આટલું સમજાઈ જાય, તો શરીરની સેવા ઘણી જ સહેલાઈથી અટકી જાય અને આત્માની સેવા શરૂ થઈ જાય.

**ગુસ્સો કરવાને બદલે દશા સુધારવાનો પ્રયત્ન કરો :**

શરીર આત્માની શુદ્ધિ સાધવાને માટે સાધનભૂત જરૂર છે અને એના માટે એની જ્ઞાનિઓની આજ્ઞા મુજબ નિર્વદ્યપણે રક્ષા કર્યા વિના ચાલે એમ નથી : પણ આજે એ રક્ષાની વાતને બદલે એની કારમી સેવા શરૂ થઈ ગયેલી જ દેખાય છે. આજે જેટલી સેવા શરીરની થાય છે, એટલી સેવા પરમાત્માની પણ થતી નથી. નાસ્તિક તો શરીરને જ આત્મા માને છે. એને મન શરીર અને આત્મા એક જ છે. એવી નાસ્તિકતા આપણામાં નહિ હોવા છતાં પણ, આત્માની સેવા ક્ષણ પણ નહિ અને શરીરની સેવા ચોવીસે કલાક, તો નાસ્તિક અને આસ્તિકમાં ફેર શો ? નાસ્તિક તો એક રીતિએ ક્ષન્તવ્ય પણ ગણાય : કારણ કે-તે બિચારો આત્માને માનતો નથી : પણ આત્મા અને જીવ શબ્દનો વાત-વાતમાં પ્રયોગ કરનાર આસ્તિકની આ દશા ક્ષન્તવ્ય કેમ ગણાય ? 'તમે આત્માને નથી માનતા.' -એવો આક્ષેપ જ્યારે કોઈ સાચા હિતસ્વી તરફથી કરવામાં આવે ત્યારે તમારે ક્રોધ નહિ કરવો જોઈએ, પણ

વિચારવું જોઈએ કે- 'મારે માટે આ હિતસ્વીએ જે કહ્યું તે વસ્તુતઃ સાચું છે કે ખોટું છે ?' વિચારો કે-ખાવા બેસો ત્યારે ખાવાની ચિંતા, હરવા-ફરવા વખતે તેની ચિંતા અને કુટુંબમાં બેસો તે વખતે અરસપરસના શરીર વગેરેની ચિંતા, ત્યારે તમને તમારા આત્માની ચિંતા કયારે અને કેટલી ? એક બાજુ આત્માની વિચારણા બીલકુલ કરવી નહિ અને બીજી બાજુ કહેવું કે- 'આત્મા છે એવો અમને નિશ્ચય છે !' -તો નિશ્ચય કેવો ? ફળવાળો કે ફળ વિનાનો ? 'આત્માની વાતમાં અમે નિશ્ચિત છીએ : આત્મા વિષે અમને કશી જ શંકા નથી.'-એમ રોજ તમે કહો અને આત્માની કદી પણ લેશમાત્રેય ચિન્તા ન કરો, ત્યારે કોઈને ગુસ્સો તો ન આવે, પણ હિતસ્વીને તો હિતકર ગુસ્સો આવે ને ? દેણદાર આપવાની કદી ના ન પાડે, પણ છતે પૈસે કોઈ દહાડો એક પાઈએય આપે નહિ, તો બીજાને નહિ પણ લેણદારને તો ગુસ્સો આવે ને ? કર્મની સ્થિતિને જાણનારને તમારી દયા આવે, પણ તમને એય કહે કે -આત્મા છે એમ મોંઢે બોલો છો એટલું જ કે ખરેખર માનો છો ?' તમે તમારૂં ભલું ઈચ્છતા હો તો તમારી જે દશા છે, તે કોઈ કહે ત્યારે એની સામે ગુસ્સો ન કરો, પણ તમારી ખરાબ દશાને સુધારવાનો પ્રયત્ન શરૂ કરો.

### ધર્મના સંસ્કારો કેમ ગયા ?

'આજે આત્માના વિષયમાં જેટલી બેદરકારી છે અને આત્માના હિતકર કાર્યમાં જેટલી ઉપેક્ષા

●

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

છે, એટલી બેદરકારી કે ઉપેક્ષા પ્રાયઃ બીજા કોઈ કાર્યમાં જણાતી નથી. તમારા પૂર્વજ જેમ ગયા, તેમ તમે પણ જશો, એમાં કોઈ શક નથી : અને જ્યાં જવું પડશે તે અહીંની કાર્યવાહી મુજબ જ જવું પડશે એ પણ નિશ્ચિત છે : તો પછી જીવનમાં કેવા સંસ્કારો લઈને જવું છે ? આજે ફરિયાદ છે કે- 'ધર્મના સંસ્કારો ચાલ્યા ગયા છે.' વાત વાસ્તવિક છે. મોટા ભાગે ધર્મના સંસ્કારો ચાલ્યા ગયા છે અને એ જ કારણે આર્ય દેશમાં ધર્મ કરાવવામાં આટલી મહેનત પડે છે. હવે એ વિચારવું જોઈએ કે-ધર્મના સંસ્કારો ગયા એનું કારણ શું ? દુન્યવી સંસ્કારો રહે અને ધર્મસંસ્કારો જાય, તેમાં કોઈ કારણ તો હોવું જોઈએ ને ? તમારા દીકરા લક્ષ્મીની બાબતમાં તરત સમજે છે અને દાનની વાતમાં કેમ સમજતાં નથી ? વ્યાપારિઓને પણ જેટલું લેણું યાદ રહે છે, તેટલું દેણું કેમ યાદ રહેતું નથી ? કારણ એ જ છે કે-તમે એ સંસ્કારો આપ્યા છે અને દુનિયામાં બીજાં સ્થળોએ પણ એ જ સંસ્કારો પોષાયા છે.

## સાધુઓની હિતકર વાત માનશો ?

ધર્મના સંસ્કારો ચાલ્યા ગયા, એમાં મુખ્યપણે દોષ તમારો છે કે સાધુઓનો ? હું તમારો અગર તમારા પૂર્વજોનો તેમાં મુખ્ય દોષ છે, એમ બતાવવા માંગું છું. તમે શું કહો છો ? સાધુઓનો અભાવ, એ જ એક કારણથી ધર્મસંસ્કારો નષ્ટ થાય છે એમ જો તમે કહેતા હો, તો હું તેને લગતો શકય પ્રબંધ કરી આપું : પણ સુધારો કરવા માટે તમારે એટલી કબૂલાત આપવી પડશે કે- 'સાધુ તમારા હિતની

જે વાત કહે તે તમારે કરવી.' નિશાળના પણ કાયદા હોય છે. અગિયાર વાગે હાજર થવું જ જોઈએ. શિક્ષકની આજ્ઞા વિના કોઈ પણ કામ થાય નહિ. બાર મહિનામાં અમુક હાજરી હોય તો જ પરીક્ષામાં દાખલ થઈ શકાય. એ રીતિએ સાધુ પાસે સુધારો કરાવવો હોય, તો સાધુ જેટલા સુધારા માટેના કાનુનો ઘડે, તે પણ સ્વીકારવા જ જોઈએ. એ સ્વીકારવાને માટે તમે જ્યાં સુધી તૈયાર નહિ થાવ, ત્યાં સુધી 'માત્ર સાધુના અભાવથી જ ધર્મસ્કારો નષ્ટ થયા છે.'-એમ કહેવાનો તમને અધિકાર નહિ રહે.

## તીર્થયાત્રાની સફળતાનો આધાર :

શરીરની ભીતરમાં રહેલો જે આત્મા છે, તેનો ભયંકર સંસારસાગરથી નિસ્તાર સાધવામાં સહાયક થવાની જેનામાં લાયકાત હોય, તેનું નામ તીર્થ છે, આત્માના નિસ્તારની વાત તો જ રૂચિકર થાય કે-પ્રથમ આત્માના સ્વરૂપનો અને સંસારની ભયંકરતાનો નિશ્ચય થાય. સમ્યગ્દર્શનાદિ આત્માના ગુણો છે. સમ્યગ્દર્શન એ એવો ભારે ગુણ છે, કે જેના પ્રભાવે જ્ઞાન પણ સાચું જ્ઞાન થઈ જાય છે અને ચારિત્ર ન હોય તો આવી જાય છે તેમજ અશુદ્ધ હોય તો તે શુદ્ધ બની જાય છે. જેનામાં સમ્યગ્દર્શન આવી જાય છે, તેને મોક્ષ એ જ એક ધ્યેય લાગે છે અને એ ધ્યેયની સિદ્ધિને માટે સાધન એક માત્ર વાસ્તવિક કોટિનો ધર્મ જ છે, એવી ખાતરી થઈ જાય છે. આના યોગે એક ધર્મ જ ઉપાદેય



**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

છે અને અર્થ-કામ હેય કોટિના છે એમ તેને લાગે છે. અર્થ-કામની સામગ્રી કદાચ મળી જાય, તો પણ એનો સદુપયોગ કરવો પણ એના રાગમાં રક્ત ન થાવું, એવી એની વૃત્તિ રહે છે. આ દશા સમ્યગ્દર્શનવાળા આત્માની છે. આ ગુણ આવી જાય તો પછી કોઈ પણ જ્ઞાન અર્થ-કામ માટે નહિ થાય. જેટલું જ્ઞાન થશે એટલું ધર્મની વૃદ્ધિને માટે અને મોક્ષને નિકટ લાવવાને માટે થશે ! તીર્થયાત્રા, એ સમ્યગ્દર્શન આદિ ગુણો ન હોય તો મેળવવા માટે અને હોય તો શુદ્ધ કરવા માટે છે. એ સિવાય બીજો હેતુ તીર્થયાત્રાનો નથી. તીર્થયાત્રા કરવાથી તો, મોક્ષ એ જ સાધવા લાયક ચીજ છે, એનું સાધન એકમાત્ર શુદ્ધ ધર્મ જ છે અને અર્થ-કામ વચમાં વિઘ્ન નાંખનાર છે, એ રીતિનો સાધ્ય-સાધનનો નિશ્ચય થઈ જવો જોઈએ : તેમજ ધર્મ રૂપ સાધનની સાધનામાં પ્રયાણ, અર્થનો સન્માર્ગે ઢગલો અને કામનો હોમ થવો જોઈએ. એ ચાર કાર્યો જેટલા અંશે થાય, તેટલા અંશે યાત્રાની સફળતા થાય. યાત્રાની સફળતાનો આધાર તેના ઉપર છે. જો એમ થાય તો આ પંચમ કાળમાં પણ નવું આશ્ચર્ય થઈ જાય.

## ઉદારતા છે કે કૃપણતા છે ?

પણ એટલી ઉત્તમતા આવવી કઠિન છે. દેવ-ગુરૂ-ધર્મની સેવામાં પોતાની પાસે જે કાંઈ હોય તે ખર્ચવાને તત્પર બનવું, એ રમત વાત નથી. ઉત્તમ આત્માઓ જ દેવ-ગુરૂ-ધર્મની સાચી સેવા કરી

શકે છે. દેવદર્શને ગયેલાને તે વખતે તો લક્ષ્મીની મૂર્ચ્છા છોડવાનો ઈરાદો હોય કે નહિ ? આજે તો ખીસ્સામાં હાથ નાંખતાં જ ભૂલથી ઢબુને બદલે રૂપિયો ન આવી જાય એની સારા શ્રીમંત ગણાતાઓને પણ ચિન્તા રહે છે. ધર્મના કોઈ પણ પ્રસંગમાં તમે શક્તિ જુઓ છો કે પૈસા જુઓ છો ? શકય એટલો ધર્મ કરવો જ છે, એ ઈરાદે શક્તિ જુએ એ ઉદાર બને અને પૈસો જુએ એનામાં કૃપણતા આવે. કૃપણતા એનું નામ છે કે - જરૂરી કામમાં પણ પાસે હોય છતાંય આપવાની વૃત્તિ ન થાય. ઉદારતા એનું નામ છે કે - જેટલું આપે તેટલું ઓછું લાગે, દેવાની ભાવના ન આવે તો દુઃખ થાય અને 'કયારે દઉં ?' -એ જ વિચાર આવ્યા કરે. તમારામાં આજે ઉદારતા છે કે કૃપણતા ?

સ૦ કૃપણતા.

કૃપણતા એક ધર્મકાર્યમાં જ છે કે બધે ? મોટે ભાગે બધે નહિ, પણ એક ધર્મકાર્યમાં જ છે. પાડોશીએ છોકરાના લગ્નમાં દસ હજાર ખર્ચ્યા હોય, તો તમે પંદર હજાર ખર્ચી નાંખવાને પણ તૈયાર થાઓ છો અને ધર્મની બાબતમાં બીલકુલ કૃપણ થાઓ છો ! આ દશામાં કામનો હોમ કરાવવો અને અર્થનો સન્માર્ગે ઢેર કરાવવો, એ કેટલું બધું મુશ્કેલ કાર્ય છે ? પણ 'અર્થ-કામ હેય છે અને મોક્ષસાધક ધર્મ જ ઉપાદેય છે.' -એમ લાગ્યા વિના સાચું કલ્યાણ સધાય એય શકય નથી.

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

**હેતુની ઉચ્ચતા જરૂરી છે :**

સમ્યગ્દર્શનાદિ ગુણો આત્મામાં પ્રગટ થઈ જાય , તો આવી વૃત્તિ રોજ રહે. આ અવસર્પિણી કાળના ત્રેવીસમા તીર્થપતિ ભગવાન શ્રી જગવલ્લભ પાર્શ્વનાથસ્વામીજીની મનોહર મૂર્તિથી અલંકૃત તીર્થ ઉપર તમારાથી અર્થનો ઢેર કે કામનો હોમ ન થાય, તો પણ એટલું તો થવું જોઈએ કે-'એ કરવાની વૃત્તિ મને આટલે સુધી આવ્યા છતાં પણ નથી થતી. એ ઘણું જ ખોટું થાય છે. 'એનું હૃદયમાં દુ:ખ થઈ જાય તોય એ દુ:ખ અવસરે ગુણપ્રાપક નીવડે. તીર્થયાત્રા, એ સમ્યગ્દર્શનાદિ ગુણો પ્રગટ કરવાને માટે યા પ્રગટેલા ગુણોને ખીલવીને મજબૂત બનાવવાને માટે છે. તેથી કલ્યાણકામી આત્માઓને માટે તીર્થયાત્રા પણ આવશ્યક થઈ ગઈ. વ્યકિતગત યાત્રા કરતાં સામુદાયિક યાત્રા બહુ મહત્વની છે. જ્ઞાનિઓએ શકય હોય તો સમુદાય એકત્ર કરીને યાત્રાએ જવાનો વિધિ બાંધ્યો છે અને એનું ઘણું ઘણું ફળ બતાવ્યું છે. એનો કોઈ હેતુ હોવો જ જોઈએ. સમુદાયમાં પણ એકદમ રેલ્વેમાં પહોંચી જવું, એના કરતાં ઠેરી ઠેરીને જવું અને ઠેરી ઠેરીને પણ વાહનમાં જવા કરતાં પગે ચાલતાં, તપશ્ચર્યાદિ કરવા પૂર્વક જવું, એ બધા પાછળ ઘણા હેતુઓ રહેલા છે. એ મહત્ત્વના હેતુઓ પ્રત્યે બેદરકાર રહેવા જેવું નથી. સામગ્રી અધિક હોવી કે કમ હોવી એ જાુદી વાત છે, પણ યાત્રાની સફળતા હેતુની ઉચ્ચતા ઉપર ઘણોજ મોટો આધાર રાખે છે. કેવલ કોલાહલ કરાવવા કે ઘોંઘાટ ઉભો કરવા અગર તો ધૂળ અધિક

ઉડાવવા સમુદાયને એકત્ર કરવાનો જ્ઞાનિઓએ કહ્યો નથી. દુનિયાનું સુખ તુચ્છ છે અને મુક્તિનું સુખ અનુપમ છે. દુનિયાના ઉપકારમાં વિવેક હોય તો લાભ, અન્યથા નુકસાનનો પાર નહિ : આથી લાભ શંકિત અને નુકસાન નિશ્ચિત : જ્યારે ધર્મના કાર્યમાં લાભ નિશ્ચિત અને નુકસાન કાંઈ નહિ ! આથી ધર્મના કાર્યમાં પ્રવૃત્તિશીલ બનવું, એ જ એકાન્તે કલ્યાણકારી છે.

(૧૩)

**ધર્મના નામે ઓળખાતા મતોમાં પરસ્પર જબ્બર તત્ત્વભેદ છે :**

આજનો વિષય અત્યંત મહત્વનો છે. આ વિશ્વમાં 'ધર્મ'ના નામે અનેક મતો પ્રચલિત છે. અનંત ઉપકારી, અનંતજ્ઞાની શ્રી જિનેશ્વરદેવોએ પ્રરૂપેલો શ્રી જૈન ધર્મ જેમ આ વિશ્વમાં પ્રચલિત છે, તેમ બૌદ્ધધર્મ, સાંખ્યધર્મ, શૈવધર્મ, વૈષ્ણવધર્મ, વગેરે નામોથી પણ આ જગતમાં અનેકવિધ મતો પ્રસિદ્ધિને પામ્યા છે. આ બધા મતોની વચ્ચે સામ્ય કરતાં વૈષમ્ય ઘણું જ વધારે છે. ધર્મની અર્થી જનતાએ એ વૈષમ્યને ખાસ જાણી લેવું જોઈએ. 'વૈષમ્ય શું છે અને શાથી છે ?' -એ સમજાઈ જાય, તો ધર્મના આદરનો જે હેતુ છે, તેને સિદ્ધ કરવામાં ઘણી જ સરળતા પ્રાપ્ત થઈ જાય. વૈષમ્યનું વાસ્તવિક જ્ઞાન પ્રાપ્ત થતાં, સુંદર ભવિતવ્યતાવાળો ધર્માર્થી આત્મા, વાસ્તવિક ધર્મત્વથી રહિત એવા નામના ધર્મોને તજવામાં અને વાસ્તવિક ધર્મત્વ જે ધર્મમાં જણાય તે ધર્મને આદરવામાં ઉદ્યમશીલ બનવા દ્વારા,

સ્વપર-કલ્યાણનો પરમ સાધક બની શકે છે. આમ છતાં પણ, આજે આ સંબંધમાં ઘણી જ વિપરીત અને હાનિકર માન્યતા પ્રવર્તી રહી છે. 'ધર્મ'ના નામે ઓળખાતા મતો વચ્ચે જે કાંઈ અલ્પ અલ્પ સામ્ય છે-તેને આગળ કરીને, પરસ્પરના વિપુલ વૈષમ્યને છૂપાવવાનો આજે કારમો પ્રયત્ન ચાલી રહ્યો છે. આના યોગે- 'કોઈ પણ ધર્મને માનવાથી કલ્યાણ જ સધાય છે.' -એવી માન્યતા પ્રસરતી જાય છે અને એથી 'કુધર્મોનો ત્યાગ કરવો જોઈએ તથા સદ્ધર્મનું જ સેવન કરવું જોઈએ.' -એવો એકાન્તે હિતકારી ઉપદેશ આપનારા મહાત્માઓ તરફ એક યા બીજી રીતિએ અરૂચિભાવ વધતો જાય છે. આજના વાતાવરણમાં સ્વાભાવિક રીતિએ ધર્મનું અર્થિપણું એક તો ઘસાતું જ જાય છે અને તેમાં આવી માન્યતા પ્રસાર પામતી જાય, એટલે આવા ઉત્તમ માનવભવને પામીને પણ, ઘણા આત્માઓ સદ્-અસદ્‌ના વાસ્તવિક વિવેકથી વંચિત રહી જાય, તે સ્વાભાવિક છે, ભિન્ન ભિન્ન મતો એટલે -'માત્ર શાબ્દિક મતભેદો અને તાત્ત્વિક સામ્યતા.' -એ સ્થિતિ નથી. તાત્ત્વિક સામ્ય હોય, તો શબ્દફેરને બુદ્ધિમાન માણસો કદી પણ વધારે પડતું વજન આપતા નથી. તત્ત્વભેદ, એ જ વધુમાં વધુ અગત્યની વસ્તુ છે. તાત્ત્વિક મતભેદને જ મહાપુરૂષોએ વિશેષ મહત્ત્વ આપ્યું છે. 'ધર્મ' તરીકે ઓળખાતા મતોમાં, પરસ્પર તાત્ત્વિક મતભિન્નતા મોટા પ્રમાણમાં છે. કવચિત્ શબ્દસમાનતા કેટલાક

મતોમાં નજરે પડે છે, પરંતુ ઊંડે ઉતરાય તો ભાવની અસમાનતા પાર વિનાની છે, એમ જણાઈ આવ્યા વિના રહેતું નથી. આથી જ, ઉપકારી મહાપુરૂષો ધર્માર્થી જનોને થોડાક શાબ્દિક સામ્યથી નહિ દોરવાતાં તે તે શબ્દોના ભાવભેદને તેમ જ તત્ત્વભેદને લક્ષ્યમાં લેવાની ખાસ ભલામણ કરતા આવ્યા છે. એ મુજબ, મારી પણ તમને એ જ ભલામણ છે કે- 'શબ્દસામ્યને જોવા માત્રથી લોભાશો નહિ : તેના ભાવનિરૂપણને બરાબર જો જો : તેમ જ તત્ત્વવ્યવસ્થા સમજવાની પૂરતી કોશિષ કરજો.' આટલું કરશો તો ધર્મત્વસંપન્ન ધર્મ અને ધર્માભાસ વચ્ચે રહેલું મોટું અંતર તમારા ધ્યાનમાં આવ્યા વિના રહેશે નહિ. સદ્-અસદ્‌નો વિવેક પામવા માટે અને એ વિવેકનો અમલ કરવાને માટે, આ ભવ ઉત્તમમાં ઉત્તમ ગણાય છે : આવો ભવ પામ્યા પછી પણ સદ્-અસદ્‌નો વિવેક પામવાથી અને વાસ્તવિક ધર્મની આરાધનાથી વંચિત રહી જવાય તો તે જેવી-તેવી કમનસીબ ઘટના નથી. આજના વિષયને અંગે ભૂમિકા રૂપે આટલું સૂચન કરી લીધું છે : કારણ કે-આજે ધર્મના નામે ઓળખાતા મતોમાં પરસ્પર કેવો કેવો તાત્ત્વિક મતભેદ છે, તેનું વિસ્તૃત વર્ણન કરવાને અવકાશ નથી. આટલું સૂચન પણ યોગ્ય આત્માઓના અંતરમાં તત્ત્વબોધ પામવાની અભિલાષા પ્રગટાવવાના હિતકારક કાર્યમાં કારણભૂત બની જવાના ઈરાદાથી જ કરવામાં આવ્યું છે.

## સર્વોત્તમ જૈન ધર્મ :

આ રીતિએ તાત્ત્વિક મતભેદો હોવા છતાં પણ આ વિશ્વમાં 'ધર્મ'ના નામે જેટલા મતો પ્રવર્તમાન છે, તે તે મતોના ખાસ ખાસ અનુયાયિઓમાં લગભગ બધા જ, પોતપોતાના ધર્મને સર્વોત્તમ ધર્મ તરીકે જાહેર કરે છે. આ સ્થિતમાં, શ્રી જૈન ધર્મના અનુયાયિઓને, પોતે જે ધર્મને માને છે, તેની મહત્તા જાણવાની આતુરતા જન્મે એ સહજ છે. એવી આતુરતા આ પ્રદેશનાં ઘણા જૈનોએ પ્રગટ કરવાથી અને એ આતુરતાને સંતોષવા માટેની કેટલાકોએ ખાસ માંગણી કરવાથી, 'તીર્થયાત્રા' સંબંધી આપણાં વ્યાખ્યાનો ચાલુ હોવા છતાં, આજે અત્યારને માટે વ્યાખ્યાનનો વિષય 'શ્રી જૈન ધર્મનું મહત્વ' એ રાખવામાં આવ્યો છે. 'શ્રી જૈન ધર્મ સર્વ રીતિએ સર્વ ધર્મોથી ઉત્તમ છે.' -એવો આપણો દાવો છે અને આપણો આ દાવો તદ્દન વ્યાજબી છે, એમ અવસરે પૂરવાર કરી આપવાને માટે શ્રી જૈન ધર્મનો સાચો જ્ઞાની અસમર્થ નીવડે, એ બનવાજોગ જ નથી. આમ છતાં પણ, શ્રી જૈન ધર્મની ઉત્તમતાનું સંપૂર્ણ વર્ણન કહી સંભળાવવું, એ તો ગમે તેવા અતિશયજ્ઞાનિને માટે પણ શકય નથી. એક વસ્તુને સંપૂર્ણપણે જાણનાર વક્તા પણ, તે વસ્તુનું વર્ણન તો પરિમિત પ્રમાણમાં જ કરી શકે છે. જીવનભર વર્ણન કર્યા જ કરે, તો પણ તે પરિમિતમાં જ વર્ણન કરી શકે છે. જીવનભર વર્ણન કર્યા કરાય તોય વર્ણન પરિમિત પ્રમાણમાં જ થાય, સંપૂર્ણ પ્રમાણમાં ન જ થાય. એં સ્થિતિમાં અહીં કોઈ

**તીર્થ-
યાત્રાનો
વાસ્તવિક
હેતુ**

શ્રી જૈન ધર્મના મહત્વ સંબંધી સંપૂર્ણ વર્ણનની આશા રાખનાર હોય, તો તેને નિરાશ જ થવું પડે એ સ્વાભાવિક છે. આપણી પાસે તો, આ વર્ણનને માટે એક દિવસના પણ માત્ર અમુક જ કલાકો છે. આટલા ટૂંકા સયમમાં જ આપણે આ વિષય વર્ણવવાનો છે, એટલે આવા અતિ મહત્વના વિષય ઉપર પણ ઘણું જ અલ્પ વર્ણન થવાનું. આમ છતાં પણ, કેટલાક મહત્વના મુદ્દાઓ વર્ણવીને, વ્યાજબીપણે સર્વોત્તમ ગણાવાને લાયક શ્રી જૈન ધર્મની મહત્તા સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવશે.

**વિભાવમય બનેલા આત્માને સ્વભાવમય બનાવનાર :**

સર્વ રીતિએ સર્વોત્તમ એવા શ્રી જૈન ધર્મની મહત્તાનું સંપૂર્ણ વર્ણન કોઈનાથી પણ થઈ શકે તેમ નથી. એ વાત સાચી હોવા છતાં પણ, શ્રી જૈન ધર્મનો જો યોગ્ય રીતિએ અભ્યાસ કરવાનો જરૂરી પરિશ્રમ કરવામાં આવે, તો લઘુકર્મી બનેલા આત્માઓને શ્રી જૈન ધર્મની મહત્તા સહેલાઈથી સમજાય તેમ છે. શ્રી જૈન ધર્મનો સાચો અભ્યાસી તે જ બની શકે છે, કે જેનું આત્માનો ઉદ્ધાર એ જ એક મુખ્ય ધ્યેય હોય છે. ધર્મ, એ કોઈ દુન્યવી વસ્તુ નથી, પણ આત્મિક વસ્તુ છે. અનાદિકાલીન કર્મયોગના કારણે, આત્મા પોતાના સ્વભાવને અનુભવવાને બદલે, વિભાવને જ અનુભવી રહ્યો છે. વિભાવમય બની ગયેલા આત્માને સ્વભાવમય બનાવે, એને પણ ધર્મ કહેવાય છે. વિભાવમય બનેલા આત્માને સ્વભાવમય બનાવવાની પરિપૂર્ણ યોગ્યતા ધરાવનાર કોઈ પણ ધર્મ આ વિશ્વમાં હોય, તો

તે એક શ્રી જૈન ધર્મ જ છે અને એ જ શ્રી જૈન ધર્મને ઈતર સઘળાય ધર્મોથી શ્રેષ્ઠ માનવા માટેનું પ્રબલમાં પ્રબલ કારણ છે. વિભાવમય બનેલા આત્માને સ્વભાવમય બનાવવાની દ્રષ્ટિએ, એક શ્રી જૈન ધર્મ સિવાયના સઘળાય ધર્મો, માત્ર નામના જ ધર્મો છે, એમ જરૂર પડયે હરકોઈ સ્થાને અને હરકોઈ સમયે સાબિત કરી શકાય તેમ છે.

**નવું કાંઈ જ નથી :**

આપણે એમ માનતા જ નથી કે- 'શ્રી જૈન ધર્મ કોઈના કહેવા માત્રથી પ્રચલિત થઈ ગયો છે. વિભાવસ્થ આત્માને સ્વભાવસ્થ બનાવનાર શ્રી જૈન ધર્મ કૃત્રિમ નથી પણ અકૃત્રિમ છે. એની આદિ નથી, પણ એ અનાદિ છે. એ વિશ્વતારક ધર્મ કદી નહોતો, નહિ હોય અગર તો નહિ હશે, એવું કદી બન્યું પણ નથી અને કદી બનશે પણ નહિ. સદાસ્થાયી એવા આ શ્રી જૈન ધર્મને એના સ્વરૂપમાં પ્રકાશિત કરનાર શ્રી અરિહંત પરમાત્માઓ, આજ સુધીમાં અનંતા થઈ ગયા છે : વર્તમાનમાં પણ એવા શ્રી અરિહંત પરમાત્માઓ વીસની સંખ્યામાં વિચરી રહ્યા છે, પરંતુ ક્ષેત્રાન્તરમાં હોવાથી એ પરમ તારકો આપણને પ્રત્યક્ષ નથી થતા : ભવિષ્યમાં પણ એવા પરમ તારક શ્રી અરિહંત પરમાત્માઓ અનંતા થવાના છે. એ ભૂતકાલીન પરમ તારકોએ આ વિશ્વમાં કાંઈ નવું કર્યુ છે, વર્તમાનમાં વિચરતા પરમ તારકો કાંઈક નવું જ કરીને વિચરી રહ્યા છે અને ભવિષ્યમાં થનારા એ પરમ તારકો કાંક નવું

કરીને જ વિચરશે-એવું કાંઈ છે જ નહિ.

**શ્રી જૈન ધર્મ અનાદિ-અનંત :**

જ્યારે વસ્તુસ્થિતિ આવી છે, ત્યારે આપણે જે પરમ તારક શ્રી અરિહંત પરમાત્માઓને પૂજી રહ્યા છીએ, તે પરમ તારકો માટે એવો પ્રશ્ન કરનારા પણ નીકળે કે- 'તમારા શ્રી જિનેશ્વરદેવોએ નવું શું કર્યું ?' આવો પ્રશ્ન કરનારાઓને આપણે એ જ કહેવું રહ્યું કે- 'વસ્તુતઃ નવું કશું જ કર્યું નથી.' કારણ કે- 'જે ન જ હોય તે બનતું નથી અને જે હોય તેનો સર્વથા નાશ થતો નથી.' આથી નવું કરવાનું કશું હોતું નથી. એ પરમ તારકો તો જે સત્યથી જગતના જીવો અજ્ઞાત હોય છે, તે સત્યને જ જગત સમક્ષ આણે છે : અને તે પણ એવી રીતિએ કે-જગતના યોગ્ય જીવો તે સત્યને પામવા દ્વારા સંપૂર્ણ પ્રકારે આત્મનિસ્તારને સાધી શકે. આ જ હેતુથી, અમે એ પરમ તારકોના પરમ ભક્તો વિના સંકોચે કહી શકીએ છીએ કે-શ્રી જિનેશ્વરદેવોએ સ્થાપેલો ધર્મ અનાદિ-અનંત છે. એની આદિએ નથી અને એનો અંત પણ નથી. શાસનસ્થાપનાની અપેક્ષાએ ભલે શાસનની સ્થાપના કરનાર પરમ તારક શ્રી જિનેશ્વરદેવને ધર્મની આદિ કરનારા અને ધર્મને આદિવાળો મનાય, પરંતુ વાસ્તવિક રીતિએ તો શ્રી જૈન ધર્મ નહોતો, નથી કે નહિ હોય એવું કોઈ કાળે હતું પણ નહિ, છે પણ નહિ અને કોઈ કાળે હશે પણ નહિ.

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી પ્રત-૨જી

●

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

## શ્રી જૈન શાસનના સ્થાપકો :

આ બધી વાતોથી સ્પષ્ટ છે કે- અનાદિકાળના કર્મયોગથી વિભાવમય બની ગયેલા આત્માને સ્વભાવસ્થ બનાવનાર શ્રી જૈન ધર્મ અનાદિ અને અનંત છે. આ ધર્મની આરાધનાના યોગે જે જે આત્માઓમાં, પ્રાણી માત્રને અનંત દુઃખમય સંસારથી છોડાવીને અનંત સુખમય મુક્તિપદમાં સ્થાપન કરવાને માટે શ્રી જૈન શાસનથી ઓતપ્રોત હાર્દવાળા બનાવી દેવાની ઉત્કટ ભાવદયા જન્મે છે, તે જ આત્માઓ શ્રી અરિહંત બને છે એવા શ્રી અરિહંત બનનારા પુણ્યાત્માઓ, શ્રી અરિહંત થવાના ભવમાં પણ જ્યાં સુધી સંસારના ત્યાગી બની, પરિષહો અને ઉપસર્ગોના સહન દ્વારા ઉત્કટ વીર્યનો સદુપયોગ કરી, ઘાતી કર્મોના ક્ષય દ્વારા સંપૂર્ણ જ્ઞાની નથી બનતા, ત્યાં સુધી પ્રાયઃ ઉપદેશ આપવાનું કાર્ય કરતા નથી. જ્યાં સુધી વસ્તુ માત્રને વિષય કરનારૂં ત્રણે કાળનું સંપૂર્ણ જ્ઞાન ન હોય, ત્યાં સુધી કોઈ પણ સાચા આધાર વિના બોલનારમાં, બોલનારની ઈચ્છા હોય કે ન હોય, તો પણ, મૃષાવાદ આવી જવાનો પૂરો સંભવ છે. અપૂર્ણ જ્ઞાની, અનંતજ્ઞાનીના વચનના આધાર વિના જેટલું બોલે છે, તેમાં પ્રાયઃસત્ય ઓછું હોય છે અને અસત્ય ઘણું હોય છે. તાત્વિક રીતિએ તો તેનું સર્વ કથન અસત્ય ગણાય છે. શ્રી અરિહંત પરમાત્માઓ કોઈના આધારે બોલનારા હોતા નથી, એ હેતુથી એ પરમ તારકના આત્માઓ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થયા વિના ધર્મનું નિરૂપણ કરતા નથી. વિશ્વતારક

શ્રી અરિહંત પરમાત્માઓ, સંપૂર્ણ જ્ઞાન થયા પછી જ ધર્મતીર્થનું સ્થાપન કરતા હોવાથી, એમાં -'કલ્યાણકામી સૌ કોઈ પોતપોતાની યોગ્યતા પ્રમાણે પોતાની મુક્તિની સાધના કરી શકે.' એવા સઘળાય આરાધનાના પ્રકારો આવી જાય છે. એનું જ નામ શ્રી જૈન ધર્મ છે. શ્રી જૈન ધર્મની પ્રરૂપણામાં, વસ્તુ માત્રનું -કોઈનું જ્ઞેય રૂપે તો કોઈનું ઉપાદેય રૂપે અને કોઈનું હેય રૂપે, પ્રતિપાદન આવી જાય છે.

**ધર્મની કિંમત સમજાય તો ગવેષણા થાય :**

આ રીતિએ શ્રી જૈન ધર્મ સ્વાભાવિક હોઈને, એની કોઈ પણ રીતિએ પરીક્ષા કરવામાં આવે તો પણ વિચક્ષણ આત્માઓને તે પરમ શુદ્ધ જ માલુમ પડે તેમ છે. જો કે-આજે તો ધર્મની પરીક્ષા કરનાર વર્ગ પ્રાયઃ નહિવત્ થઈ ગયો છે : કારણ કે-'જનતાના મોટા ભાગને ધર્મની ધર્મ તરીકે ગરજ જ ન હોય' -એવી કારમી દુર્દશા પેદા થઈ જવા પામી છે. બાકી તો જે વસ્તુની જનતાને ખરેખરી જરૂર લાગી હોય છે, તેની પરીક્ષા કરવાની શક્તિ કેળવવાનો પ્રયત્ન કર્યા વિના પણ જનતા ઝંપતી નથી. દુનિયાની કોઈ પણ કિંમતી અને જરૂરી મનાયેલી વસ્તુનો, દુનિયા મોટે ભાગે વિના પરીક્ષાએ સ્વીકાર નથી કરતી. સુવર્ણ જેવી ચીજની પરીક્ષાને માટે તો સાચા સુવર્ણના અર્થિઓ, ચોકસીઓનો પણ સહારો લઈને, શુદ્ધ સુવર્ણને મેળવવાની કોશિષ કરે છે. એવી જ રીતિએ, જનતાને મન જો

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

ધર્મની કિંમત સમજાઈ હોત, તો જરૂર જનતા શુદ્ધ ધર્મની ગવેષક બની હોત. જો એમ બને, તો એ વાત નિઃશંક છે કે- 'કોઈ પણ સાચો વિવેકી, સ્વાભાવિક હોવાથી પરમ શુદ્ધ અને સર્વોચ્ચ એવા શ્રી જૈન ધર્મનો જ ઉપાસક બને.

**કષ, છેદ અને તાપ દ્વારા શાસ્ત્રપરીક્ષા :**

સુવર્ણની પરીક્ષાને માટે જેમ કષ, છેદ અને તાપની પ્રસિદ્ધિ છે, તેમ અનંત ઉપકરી પરમર્ષિઓએ કયું શાસ્ત્ર શુદ્ધ ધર્મનું પ્રરૂપક છે, તે જાણી શકાય એટલા માટે શાસ્ત્રની પણ કષપરીક્ષા, છેદપરીક્ષા અને તાપપરીક્ષા વિહિત કરેલી છે. સાચા શાસ્ત્રના પ્રતાપે જ સાચા ધર્મની પ્રાપ્તિ થઈ શકે છે. શાસ્ત્રની પરીક્ષાને માટે પણ શુદ્ધ ધર્મના અર્થિઓએ ચકોર બનવું જોઈએ. જે શાસ્ત્ર સુવર્ણની માફક કષપરીક્ષા, છેદપરીક્ષા અને તાપપરીક્ષામાંથી અણીશુદ્ધ પસાર ન થાય, તે શાસ્ત્ર એ નામનું જ શાસ્ત્ર હોઈને, શુદ્ધ ધર્મનું સમર્પક બની શકતું જ નથી : અને એથી જ કહેવું પડે છે કે-માત્ર નામનાં જ શાસ્ત્રોની જાળમાં ગુંચવાઈ જનારા આત્માઓ, પોતાના આત્માનો નિસ્તાર સાધવાને માટે સમર્થ નીવડતા નથી, પણ પ્રાયઃ સંસારમાં જ રઝળાવા સર્જાયેલા હોય તેવી દશાને પામે છે.

**સર્વોત્તમતાનું પ્રબલ પ્રમાણ :**

સાચા સુવર્ણની અર્થી જનતા, સુવર્ણને પ્રથમ કસોટીના પથ્થર ઉપર કસે છે. તે પછી છેદ દ્વારા

પણ તેની શુદ્ધિને જાણવાનો પ્રયત્ન કરે છે અને એની શુદ્ધતાનો સંપૂર્ણ નિશ્ચય કરી લેવાને માટે તાપ દ્વારા પણ તેની પરીક્ષા કરે છે. શ્રી જૈન ધર્મના સાચા આસ્વાદથી પરમ સંતુષ્ટ બનેલા પરમર્ષિઓ, આ ધર્મમાં નિરૂપક શાસ્ત્રોના સંબંધમાં પણ કલ્યાણકામી જનતા સમક્ષ એ ત્રણ પ્રકારની પરીક્ષા કરવાનું સ્પષ્ટ વિધાન રજૂ કરે છે. આ વિધાનનું નિરૂપણ, એ પણ શ્રી જૈન ધર્મની સર્વોત્તમતાને પૂરવાર કરનારૂં પ્રબળ પ્રમાણ છે, એમ કોઈ પણ પ્રામાણિક આદમીને કબૂલ્યા વિના ચાલે તેમ નથી જ.

### કષશુદ્ધ, છેદશુદ્ધ અને તાપશુદ્ધ શાસ્ત્રો કોને કહેવાય ?

શુદ્ધ ધર્મના પ્રરૂપક શાસ્ત્રની કષપરીક્ષા, છેદ પરીક્ષા અને તાપપરીક્ષા કેવી રીતે કરવી, એનું વર્ણન પણ ઉપકારિઓએ ઘણી જ સુંદર રીતિએ કર્યુ છે. જે શાસ્ત્રો શુદ્ધ અહિંસાદિનું વિધાન અને અનર્થકારક હિંસા આદિનો નિષેધ કરતાં હોય, તે શાસ્ત્રો કષશુદ્ધ ગણાય છે : એ વિધાન અને એ નિષેધના સંભવ અને પાલનમાં ઉપયુક્ત બને એવી ક્રિયાઓનું જેમાં કથન હોય, તે શાસ્ત્ર, છેદશુદ્ધ ગણાય છે : અને, એ કષ તથા એ છેદ-એ ઉભયને અબાધિત રાખવામાં કારણ રૂપ બની શકે એવું જીવાદિ તત્ત્વોનું જેમાં સુંદરમાં સુંદર અને સુઘટિત નિરૂપણ હોય, તે શાસ્ત્રો તાપશુદ્ધ ગણાય છે.

**કષશુદ્ધિ, છેદશુદ્ધિ ને તાપશુદ્ધિ-એ ત્રણ પ્રકારની શુદ્ધિઓમાં તાપશુદ્ધિની મહત્તા :**

એક શ્રી જૈન ધર્મને છોડીને, અન્ય કોઈ પણ ધર્મ આ વિષયમાં એવી રીતિએ દષ્ટિગોચર નથી થતો, કે જે ધર્મનાં શાસ્ત્રો આપણે વર્ણવી ગયા એવી પરીક્ષાઓમાંથી અણીશુદ્ધ પસાર થઈ શકે એમ હોય. એ ત્રણ પરીક્ષાઓમાં ત્રીજા નંબરની પરીક્ષા જ મહત્ત્વની છે : કારણ કે - જે શાસ્ત્રો એ ત્રીજી પરીક્ષામાંથી પસાર નથી થઈ શકતા, તે શાસ્ત્રો કદાચ કષપરીક્ષા અને છેદપરીક્ષામાંથી પસાર પણ થતાં હોય , તો પણ તે શુદ્ધ ધર્મના પ્રતિપાદનમાં પ્રામાણિક ઠરી શકતાં નથી. તાપશુદ્ધિની હયાતિમાં જ કષશુદ્ધિની અને છેદશુદ્ધિની સફળતા છે. કષશુદ્ધિ અને છેદશુદ્ધિની સફળતાનો આધાર તાપશુદ્ધિ ઉપર છે : અને એ ફળ વિનાની કષશુદ્ધિ તથા છેદશુદ્ધિની કશી જ કિંમત નથી. તાપશુદ્ધિ વાસ્તવિક કોટિના તત્ત્વવાદ વિના સંભવિત નથી. અને એ વિષયમાં તો સર્વોચ્ચ શ્રી જૈન ધર્મનું નિરૂપણ કરનારા શાસ્ત્રો સિવાયનાં સઘળાં જ શાસ્ત્રો વંધ્યા જેવી દશાને ભોગવે છે.

**આત્મતત્ત્વ સંબંધી જ ટુંક વિવરણ :**

તત્ત્વવાદના વિષયમાં આપણે એમ અભિમાનપૂર્વક કહી શકીએ છીએ કે- 'શ્રી જૈન ધર્મનું પ્રતિપાદન કરનારાં શાસ્ત્રો એ વિષયમાં અજોડ જ છે. એ વિષયમાં સરસાઈ કરવાની તાકાત કોઈ પણ ધર્મનું શાસ્ત્ર નથી ધરાવી શકતું.' આ જ હેતુથી, જો કે-અન્ય ધર્મનાં શાસ્ત્રો કષશુદ્ધિ અને

છેદશુદ્ધિમાં પણ અણીશુદ્ધ ટકી શકે તેવાં નથી તે છતાં પણ, તાપશુદ્ધિ વિનાની કષશુદ્ધિ અને છેદશુદ્ધિ કિંમત વિનાની હોવાથી, ઉભય શુદ્ધિને લગતું હવે વધુ વિવરણ અહીં નહિ કરતાં, કેવલ તાપશુદ્ધિ માટે આવશ્યક તત્ત્વવાદને લગતું જ અને એમાં પણ પ્રધાન પદ ભોગવતા આત્મતત્ત્વ સંબંધી જ સામાન્ય વિવરણ કરી, શ્રી જૈન ધર્મની મહત્તાનો કાંઈક ખ્યાલ આપવાનો પ્રયત્ન કરવામાં આવશેઃ કારણ કે-સમય ઘણો જ થોડો છે અને વિષય જેમ અતિ મહત્ત્વનો છે તેમ અતિ ગહન પણ છે.

**બંધ-મોક્ષની વ્યવસ્થા :**

અતત્ત્વવેદિઓનો વાદ કદી પણ સમ્યગ્વાદ બની શકતો નથી. તત્ત્વવાદ સમ્યગ્વાદ ત્યારે જ બની શકે છે, કે જ્યારે તે વાદ આત્માના બંધ-મોક્ષની સુંદર વ્યવસ્થા કરી શકે. શ્રી જૈન ધર્મ સિવાયના સઘળાય ધર્મોનો તત્ત્વવાદ બંધ-મોક્ષની સુઘટિત વ્યવસ્થા કરવાને માટે અસમર્થ છે. એજ કારણે, કેટલાક ધર્મોનાં શાસ્ત્રોની, કોઈ કોઈ વિષયમાં પોતાની હયાતિ હોવાનો દેખાવ કરતી કષશુદ્ધિ અને છેદશુદ્ધિ પણ, માગી આણેલાં આભૂષણ જેવી જ પૂરવાર થાય છે.

**તત્ત્વવાદ અશુદ્ધ તો જ્ઞાનવાદ ને ક્રિયાવાદ અશુદ્ધ :**

કોઈ કોઈ વિષયની કષશુદ્ધિ અને છેદશુદ્ધિના સંબંધમાં પણ આવી દરિદ્રતાને ભોગવતા ધર્મો, તાપશુદ્ધિના વિષયમાં તો ઉંચા મુખે ઉભી જ શાના શકે ? જે ધર્મનું નિરૂપણ કરનારાં શાસ્ત્રો

તાપશુદ્ધિની પરીક્ષામાં અણીશુદ્ધ પસાર થઈ શકે છે, તે શાસ્ત્રો માટે કષશુદ્ધિ અને છેદશુદ્ધિની પરીક્ષામાંથી પસાર થવું, એ તો સામાન્ય વાત છે. તાપશુદ્ધિથી સંપૂર્ણ શુદ્ધ હોવાના કારણે જ શ્રી જૈન ધર્મ, બીજા સર્વ ધર્મોની સન્મુખ સદાને માટે ઉન્નતપણે ઉભો રહી શકે તેમ છે. જે ધર્મનો તત્ત્વવાદ અશુદ્ધ છે, તેનો જ્ઞાનવાદ કે ક્રિયાવાદ પણ અશુદ્ધ જ છે. તત્ત્વો નવ છે. 'જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ.' આ નવ તત્ત્વોમાં પણ જીવતત્ત્વ પ્રધાન છે અને આપણે હવે આ એક તત્ત્વ સંબંધી જ કાંઈક જરૂરી વિચારો કરવાના છે.

**વાદનો નહિ પણ વાદમાં રહેલી એકાન્તતાનો વિરોધ :**

જીવતત્ત્વના અસ્તિત્વના વિષયમાં એક નાસ્તિકને છોડીને સર્વ દર્શનો એકમત છે. નાસ્તિકની સામે આત્માનું અસ્તિત્વ સાબીત કરવાને માટે, સર્વ દર્શનોએ પોતાનું એકમતપણું રાખ્યું છે : પણ આત્માનું અસ્તિત્વ સાબિત કર્યા પછી, એના સ્વરૂપ આદિના વિષયમાં સઘળાંય દર્શનો એકમત રહી શકયાં નથી. શ્રી જૈન દર્શન તો આત્માના સ્વરૂપ આદિના વિષયમાં સર્વ દર્શનોની સામે ઉભું છે : કારણ કે-આત્માના સ્વરૂપ આદિના વિષયમાં વાસ્તવિકતાભર્યો સ્વીકાર નહિ કરવાથી, બંધ અને મોક્ષની વ્યવસ્થા કોઈ પણ રીતિએ સુઘટિત થઈ શકતી નથી. સર્વ દર્શનો આત્માના સ્વરૂપ આદિના વિષયમાં ઝઘડે છે, પણ તે સૌને શ્રી જૈન દર્શન ફરમાવે છે કે- 'તમે સૌ એકાંગી બન્યાં છો માટે જ

તમારી આ દુર્દશા છે : તમે સૌ જો એકાંગિપણાને છોડી દઈને સર્વાંગિપણાને સ્વીકારો, તો તમે બધાં સુસ્થિત બની શકો છો.' આથી તમો સમજી શકશો કે- 'શ્રી જૈન દર્શન, પોતાના સુંદર અપેક્ષાવાદથી સઘળાંય દર્શનોને પોતાની ગોદમાં સમાવી શકે છે.' કોઈ પણ દર્શનના વાદનું વિરોધી શ્રી જૈન દર્શન નથી, પરંતુ શ્રી જૈન દર્શન તો તે દર્શનોના વાદમાં રહેલી એકાંતતાનું જ વિરોધી છે.

**સત્યનાં સમર્થન માટે સદા સજ્જ :**

આ જ કારણે, શ્રી જૈન દર્શન એકાંતવાદમાં ફસેલાં દર્શનોને પરસ્પરની ચર્ચામાં પરસ્પરને જ ગોઠવે છે અને પોતે મધ્યસ્થપણે રહી, સૌને એકાંગિ પણાને છોડી દેવાનું જ ફરમાવે છે. જ્યારે તે દર્શનો એકાંગિપણાને નહિ છોડતાં એકાંગિપણાનાં આગ્રહમાં જ રાચે છે. ત્યારે શ્રી જૈન દર્શન સૌને શિક્ષા કરવાના પોતાના સામર્થ્યનો સુંદરમાં સુંદર અનુભવ કરાવે છે. શ્રી જૈન દર્શનની આ મહત્તાને સમજનારને, એ સમજાવવાની હવે જરૂર નથી જ રહેતી કે-'શ્રી જૈન દર્શનનો ઉપાસક વિરોધ કરવાની વૃત્તિથી પર હોવા છતાં પણ, સત્યના સમર્થન માટે તો તે સદાય સજ્જ જ હોય છે. કજીયો તેને પસંદ નહિ હોવાં છતાં પણ, ઉન્માદિઓના કજીયા સામે સદાય તે સુસ્થિત જ રહી શકે છે.'

**સદાય જીવંત દશા :**

શ્રી જૈન ધર્મમાં આત્માના સ્વરૂપ આદિ સંબંધી માન્યતા જેવી સુવ્યવસ્થિત છે, એવી તે વિષયમાં

સુવ્યવસ્થિત માન્યતા એક પણ આસ્તિક ગણાતા ધર્મમાં નથી. અને એ જ શ્રી જૈન ધર્મની સ્વાભાવિકતા, અકૃત્રિમતા અને સર્વજ્ઞપ્રરૂપિતતા પુરવાર કરે છે. શ્રી જૈન ધર્મ વ્યક્તિશઃ આત્માની એકતામાં નથી માનતો, પણ અનેકતામાં માને છે. શ્રી જૈન ધર્મ આત્માને એકાંત નિત્ય કે એકાંત અનિત્ય પણ નથી માનતો. શ્રી જૈન ધર્મ આત્માને સર્વ અવસ્થામાં વિભુ કે અણુવત્ પણ નથી માનતો. આથી એમ માનવાનું નથી કે-શ્રી જૈન ધર્મ આત્માને નિત્ય, અનિત્ય, બધ્ધ કે મુકત આદિ અવસ્થાવાળો માનતો નથી. શ્રી જૈન ધર્મ દરેક અવસ્થાને માને છે, પણ સાપેક્ષપણે અને એથી નિરાબાધપણે ! આ રીતિએ શ્રી જૈન ધર્મ તત્ત્વોને તત્ત્વો રૂપે જ માનનારો હોઈને, એને અન્ય ધર્મોની માફક કલ્પનાના સામ્રાજ્ય ઉપર મૃતદશામાં જીવવું પડે એવું છે જ નહિ. એ તો સદાય જીવંત અવસ્થા ભોગવે છે.

**સ્વાભાવિકતા અને યથાસ્થિતતાને જ સ્વીકારનાર :**

મિથ્યાત્વ અને અજ્ઞાનના પ્રતાપે અન્ય દર્શનના નિરૂપકોએ આત્મતત્વનું નિરૂપણ કરવામાં પણ ઘણું જ મિથ્યાત્વ અને અજ્ઞાન દર્શાવ્યું અને ફેલાવ્યું છે. અન્ય દર્શનો આત્મતત્વના સંબંધમાં એવી એવી વાતો કરે છે કે-એનો મેળ જ મળે નહિ, જ્યારે શ્રી જૈન દર્શનનું આત્મતત્વ વિષયક નિરૂપણ સ્વાભાવિક હોઈને એટલું સુસંગત છે કે-એના યોગે શ્રી જૈન ધર્મની સર્વશ્રેષ્ઠતા કોઈપણ વિવેકી વિચક્ષણને સ્વીકાર્યા વિના ચાલે તેમ નથી : કારણ કે આત્મતત્વની સ્વાભાવિકતા અને યથાસ્થિતતા

સ્વીકારવામાં જ સઘળાય વિધિ-નિષેધો અને વિધિ નિષેધોની સંભવિતતા કરનારી તથા એ વિધિ નિષેધોના પાલનને સુકર બનાવનારી સઘળીય ક્રિયાઓનું પ્રતિપાદન યથાર્થ બની શકે તેમ છે.

**વેદાંત દર્શનની માન્યતા મુજબ તો તેની બંધ-મુક્તિ આદિની વાતો હાસ્યાસ્પદ જ ઠરે તેમ છે :**

એકાંતતાના દુરાગ્રહમાં પડી ગયેલાં દર્શનો આત્મતત્વના વિષયમાં ઘણી જ વિષમદશા અનુભવે છે. વેદાન્ત દર્શન આત્માને એક જ અને વિજ્ઞાનમય જ માને છે તેમ જ એ સિવાયની અન્ય વસ્તુની હયાતીનો જ તે સ્વીકાર કરતું નથી. આ દર્શન આત્માને દ્રવ્ય રૂપ નહિ પણ ગુણ રૂપ માને છે. આ મત શુધ્ધાદ્વૈત તરીકે ઓળખાય છે. વિચારશો તો સમજાશે કે-આ મતમાં કશું વકતવ્ય જ ઘટી શકતું નથી. એની અપેક્ષાએ પોતાના મતની વાત પણ અસંભવિત છે. એ મતના અનુયાયિઓ પુણ્ય-પાપની કે બંધ-મોક્ષની વાતો કરે, ત્યારે એ વાતો પણ સુવિવેકિઓના અંતરમાં દયાભાવને જ પેદા કરનાર નીવડે, પણ બહુમાન તો કદી જ ઉત્પન્ન કરી શકે નહિ. 'આત્મા બધ્ધ છે, એને છોડાવવો જોઈએ, બંધનાં કારણો અમુક અમુક છે, મુકત થવાનાં કારણો પણ અમુક અમુક છે અને મુકત થવાના કારણોના સેવનથી આત્માની મુકિત થશે.'-આવું આવું નિરૂપણ એ દર્શનનાં ઉપાસકો કરે, એ ખરે જ હાસ્યાસ્પદ ઠરે તે સ્વાભાવિક છે : કારણ કે-તેવું નિરૂપણ તેમની માન્યતાની તરફેણમાં નહિ પણ એકાન્તે વિરૂધ્ધમાં જ જાય છે. પોતાના મંતવ્ય મુજબ જેની સિધ્ધિ કરવાનું શકય નથી, એવું નિરૂપણ

અજ્ઞાન અને મિથ્યાત્વના પ્રભાવ સિવાય શી રીતિએ શકય બને ?

**બૌદ્ધ દર્શનની પણ એ જ દશા :**

આ એક અને નિત્ય વિજ્ઞાન રૂપ આત્મા સિવાય અન્ય કોઈ પણ વસ્તુને નહિ સ્વીકારનાર વેદાંત દર્શનની સામે, બૌદ્ધ દર્શન કહે છે કે-'વિજ્ઞાન રૂપ આત્મા સિવાય કાંઈ જ નથી એ વાત કબૂલ છે, પણ તે વિજ્ઞાન નિત્ય નથી પણ ક્ષણિક છે.' આ વસ્તુને વિચારતાં પણ જણાશે કે-'જેવી દશા નિત્ય વિજ્ઞાન સિવાય અન્ય વસ્તુને નહિ સ્વીકારનાર વેદાંત દર્શનની થાય છે, તેવી જ દશા આ ક્ષણિક વિજ્ઞાન સિવાય અન્ય વસ્તુને નહિ માનનાર બૌદ્ધ દર્શનની પણ થાય છે : કારણ કે એના મતમાં પણ પુણ્ય-પાપ અને બંધ-મોક્ષની વાત ઘટી શકતી નથી.' મિથ્યાત્ત્વ અને અજ્ઞાનનો એ પ્રતાપ છે, કે જેથી અનેક સૂક્ષ્મ વિચારણાઓ કરી શકનારાઓ પણ વસ્તુને વસ્તુ રૂપે સમજવામાં નિષ્ફળ જાય છે. બૌદ્ધ શાસ્ત્રકારોની કલ્પનાશક્તિ ઘણી જ જટિલ હોવા છતાં પણ, તેઓ મિથ્યાત્વ અને અજ્ઞાનના પ્રતાપે, વસ્તુની વાસ્તવિકતા સુધી નથી જ પહોંચી શકયા : અને એથી જ એવા સમર્થ તાર્કિકો પણ કુત્સિત તર્કોમાં અથડાયા સિવાય, સ્વ કે પરનું વાસ્તવિક હિત સાધવાજોગું કાંઈ પણ કરી શકયા નથી.

**જ્ઞાનાદિના યોગે સંસાર અને જ્ઞાનાદિના અભાવમાં મુક્તિ માનનારાં દર્શનો :**

પુણ્ય-પાપ અને બંધ-મોક્ષની વ્યવસ્થા માટે વેદાન્ત દર્શન અને બૌદ્ધ દર્શન જેમ અસમર્થ

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

નીવડે છે, તેમ નૈયાયિક અને વૈશેષિક દર્શન પણ અસમર્થ જ નીવડે છે. એ દર્શનો આત્માને દ્રવ્ય રૂપ માને છે અને અનેક માને છે. એ દર્શનો કહે છે કે- 'આત્મા એક નથી પણ અનેક છે અને તે સઘળાય સર્વવ્યાપક છે. એ આત્માઓ જ્ઞાનાદિ હોવાથી બદ્ધ છે અને જ્ઞાનાદિનો અભાવ થવાથી મુક્ત થાય છે.' આ પ્રમાણે જ્ઞાનાદિના યોગે સંસારને માનનારાં અને જ્ઞાનાદિના અભાવમાં મુક્તિને માનનારાં આ દર્શનો કયી રીતિએ વસ્તુસ્વરૂપની વાસ્તવિકતા સુધી પહોંચી શકે ? અર્થાત્- ન જ પહોંચી શકે, એ સુનિશ્ચિત છે.

## સાંખ્ય દર્શનની માન્યતા :

સાંખ્ય દર્શન વળી 'આત્માઓ અનન્ત છે' એ વગેરે કેટલીક વાતોને કબૂલ રાખવા છતાં પણકહે છે કે-'સર્વ આત્માઓ સદાય કમલપત્રવત્ નિર્લેપ છે. જ્ઞાન આદિ ગુણો આત્માના નથી, પણ જડ પ્રકૃતિના છે. બંધ-મોક્ષ વગેરે આત્માને નથી, પણ પ્રકૃતિને છે. આત્મા તો કદી પણ વાસ્તવિક રીતિએ બદ્ધ હોતો જ નથી, કે જેથી મુક્ત થાય.'

## મીમાંસકની માન્યતા :

સાંખ્ય દર્શનની આ દશા છે, ત્યારે વેદાન્તના જ એક વિભાગ તરીકે ગણાતા મીમાંસકો આત્માને કેવળ બદ્ધ જ માને છે. તેઓ મુક્ત થવાની સંભાવનાનો ઈન્કાર કરે છે અને યજ્ઞાદિ હિંસક કર્મકાંડોને સ્વર્ગાદિના સાધનભૂત કહી, તેમાં જ મસ્ત બની, અનેક વિચિત્ર વાતોને વહેતી મૂકે છે.

### માગી આણેલું આભૂષણ :

આમ અનેક એવા ધર્મો છે, કે જે ધર્મોનું નિરૂપણ કરનારાં શાસ્ત્રો તત્ત્વવાદની બાબતમાં ઘણી જ વિષમ અવસ્થા ભોગવે છે. આથી જો કે તેઓમાં શુદ્ધ વિધિ-નિષેધવાદનું અને એ વિધિ-નિષેધવાદની સંભાવના અને પાલનામાં ઉપયોગી થાય તેવા ક્રિયાવાદનું શુદ્ધ નિરૂપણ હોય જ નહિ અને કદાચ કોઈ ધર્મમાં કોઈ વિષયમાં કાંઈક ઠીક ગણાય તેવો વિધિ-નિષેધ કરી, તે વિધિ-નિષેધને ઉપયોગી થાય એવો ક્રિયાવાદ પ્રરૂપાયો હોય, તો પણ તે વસ્તુતઃ તેઓનો પોતાનો હોતો જ નથી, એટલે એ માગી આણેલા આભૂષણ જેવો જ છે, એ વાત તદ્દન સ્પષ્ટ થઈ જાય છે.

### શ્રી જૈન ધર્મનો સર્વાંગી સિદ્ધાન્ત :

આ રીતિએ શ્રી જૈન ધર્મ સિવાયના તે સઘળાય ધર્મો સર્વ વિષયમાં અવ્યવસ્થિત હોઈને, કર્મયોગે વિભાવસ્થ બનેલા આત્માને સ્વભાવસ્થ બનાવવાને માટે સર્વથા અસમર્થ નીવડે છે : પરંતુ શ્રી જૈન ધર્મ સર્વ વિષયોમાં સુવ્યવસ્થિત હોઈને અનાદિકાળથી કર્મના યોગે વિભાવસ્થ બનેલા આત્માને સ્વભાવસ્થ બનાવવાને માટે સર્વથા સમર્થ છે. એનું કારણ એ છે કે- શ્રી જૈન ધર્મમાં તત્ત્વવાદ તદ્દન વ્યવસ્થિત તથા સ્વાભાવિક છે તેમજ એના યોગે જ્ઞાનવાદ અને ક્રિયાવાદ પણ તદ્દન અણીશુદ્ધ

છે. શ્રી જૈન ધર્મમાં જ્ઞાનવાદ અને ક્રિયાવાદ-એ ઉભયવાદોમાંથી એક પણ વાદને સ્વતંત્ર, કલ્પિત કે અવ્યવસ્થિત રાખવામાં આવ્યો નથી. આથી જ, શ્રી જૈન ધર્મના સાચા ઉપાસકો નિર્ભિકપણે કહી શકે છે કે- 'જીવ,અજીવ આદિ સર્વ તત્વોના સંબંધમાં શ્રી જૈન ધર્મમાં જેટલો સૂક્ષ્મ, વિસ્તૃત અને યથાસ્થિત વિચાર છે, તેટલો સૂક્ષ્મ, વિસ્તૃત અને યથાસ્થિત વિચાર બીજા કોઈ પણ ધર્મમાં નથી. તત્વોના વાસ્તવિક વિચાર વિનાનું સઘળું નિરૂપણ વાહિયાત થઈ જાય છે. તત્ત્વોના વાસ્તવિક વિચાર વિનાનું જ્ઞાન કે ચારિત્ર આત્માની શુદ્ધિ કરી શકતું નથી, જે સિદ્ધાન્ત વિશાળ છે, સર્વ-વ્યાપી છે અને સઘળી યુકિતઓનો સમાવેશ કરી શકે છે, તે જ સાચો સિદ્ધાંત છે. જે સિદ્ધાંત એકાંગી હોય, તે ત્રિકાલાબાધિત થઈ શકતો જ નથી. સર્વાંગી એટલે સર્વ બાજુનું સત્ય બતાવનાર અને સર્વ બાજુનું નિરૂપણ કરનાર. સત્ય સિદ્ધાંત તે, કે જે આવો સર્વાંગી હોય. એવા સર્વાંગી સિદ્ધાંતને કોઈ કાળે બાધ લાગી શકતો જ નથી.

**આત્માનું વાસ્તવિક લક્ષણ :**

હવે આત્માનું લક્ષણ શ્રી જૈન ધર્મે જે માન્યું છે, તે જોઈએ. એ પણ સર્વાંગી છે. શ્રી જૈન ધર્મ કહે છે કે- 'જે મિથ્યાત્વાદિથી કલુષિતપણાના યોગે કર્મના ભેદોનો કર્ત્તા છે, કર્મના ફલોનો ભોકતા

છે, કર્મના ઉદય મુજબ નરક આદિ ભવોમાં સંસરણ કરનાર છે અને પોતામાં તેવી ભવ્યતા હોય તો સમ્યગ્દર્શનાદિ સ્વરૂપ મોક્ષમાર્ગને પામીને તેનો ઉત્કર્ષ સાધવા દ્વારા પોતાના અનાદિકાલીન કર્મયોગનો વિનાશ કરીને કેવલજ્ઞાનાદિ પામી મુકિતપદને પામનાર હોય છે, તેજ આત્મા છે.'

**આત્માને એકાન્ત નિત્ય કે એકાન્ત અનિત્ય માનવાથી લક્ષણ ઘટતું નથી :**

આ વાત આત્માને કેવળ વિજ્ઞાન રૂપ, કેવળ નિત્ય, કેવળ ક્ષણિક કે એકાન્ત મુકત અગર તો એકાન્ત બદ્ધ માનનારના મતમાં ઘટી શકતી નથી. આત્માને પર્યાયથી પણ અનિત્ય નહિ માનનારાઓના મતે- આત્મા કર્મોનો કર્તા છે, કર્મોના ફલનો ભોકતા છે, કર્મના ઉદય મુજબ સંસારમાં પરિભ્રમણ કરનારો છે અને તેવા પ્રકારની યોગ્યતા હોય તો સામગ્રી પામીને શ્રી સિદ્ધિપદનો ભોકતા બનનાર છે.'-આત્માનું આ સ્વરૂપ સંભવિત જ થઈ શકે તેમ નથી. આત્માને એકાંતે ક્ષણિક માનનારાઓના મતે પણ, ક્ષણ ક્ષણના આત્મા જુદા જ હોવાથી, આપણે કહી આવ્યા તેવું આત્માનું લક્ષણ ઘટી શકતું નથી; આ રીતિએ જયારે આત્માને એકાંત નિત્ય અગર એકાંત અનિત્ય માનનારાના મતમાં આત્માનું લક્ષણ જ ન ઘટે, તો પછી તેઓએ કરેલું સંસાર અને મુકિતનું વર્ણન અસંભવિત બની ગયા વિના રહે જ નહિ, એ વાત સર્વથા સન્દેહરહિત બની જાય છે.

**શ્રી જૈન ધર્મ કોઈ ધર્મની શાખા તો નથી જ, પણ કોઈ ધર્મ શ્રી જૈન ધર્મની શાખા કહેવડાવવાનેય લાયક નથી :**

આત્માનું લક્ષણ ફેરવી નાંખવામાં આવે, તો સંસાર શું અને મુકિત શું ? કરે કોઈ અને ભોગવે કોઈ, એ કાંઈ ન્યાયી માન્યતા છે ? કરવા છતાં કર્મનો બંધ થાય નહિ કે બંધાએલા કર્મથી મુકત થવાય નહિ, તો ધર્મની વાતજ નિરર્થક થઈ જાય છે. જો મુકિત જ ન હોય, તો પછી ધર્મ કરવાની શી જરૂર છે ? ત્યાગ કરવાની પણ શી જરૂર છે ? સાચી વાત તો એ જ છે કે -સઘળાનો સંસાર ભિન્ન ભિન્ન છે. બધા જીવોની શરીર આદિ સામગ્રી એકસરખી નથી, પણ ભિન્ન ભિન્ન પ્રકારની છે. એ ફળ કોનું છે ? કર્મનું. એ કર્મ આવ્યાં કયાંથી ? બાંધ્યા ત્યારે ! તેવી જ રીતિએ મુકિત છે. એટલા જ માટે આત્માને આશ્વાસન મળે છે. 'જ્ઞાનિની આજ્ઞાના પાલનથી મુકિત થશે.' એ વાતથી દુનિયાના જીવો શાંતિ અનુભવી શકે છે. આત્માને એકાન્ત નિત્ય કે ક્ષણિક, એકાન્ત બદ્ધ કે મુકત, સર્વવ્યાપી કે અણુ માત્ર આદિ સ્વરૂપે માનવાવાળાઓ, કર્મનો બંધ કે કર્મનો મોક્ષ આદિની વ્યવસ્થા કરી શકે તેમ છે જ નહિ.આથી શ્રી જૈન ધર્મ કોઈ પણ ધર્મની શાખા છે, એ તો બોલવું જ ફઝુલ છે : પરંતુ બીજો કોઈ પણ ધર્મ તેની શાખા બનવાને પણ વસ્તુતઃ લાયક નથી, એ જ વાસ્તવિક સત્ય છે. શ્રી જૈન ધર્મ કોઈ ધર્મની શાખા છે-એમ તો નહિ જ, પણ બીજો કોઈ પણ ધર્મ શ્રી જૈન ધર્મની શાખા

તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ

બનવાને માટે પણ લાયક નથી, એ શ્રી જૈન ધર્મનું કાયમને માટેનું આહવાન છે.

**મરણથી નહિ પણ જન્મથી ડરો :**

આજે શ્રી જૈન ધર્મના ઉપાસક ગણાતાઓનો મોટો ભાગ, પોતાના ધર્મની મહત્તાને ભૂલી જઈને કેવળ લૌકિક કાર્યોમાં રકત બન્યો છે : એના જ પ્રતાપે, શ્રી જૈન ધર્મનો અભ્યાસ છૂટી ગયો છે અને પરિણામે એમનામાંથી સંસારનો ત્રાસ કે મુકિતની અભિલાષા પણ નીકળી ગઈ છે. શ્રી જૈન ધર્મ એમ પણ સમજાવે છે કે-'જેમ કોઈના પણ મરણમાં નિમિત્ત બનવું એ પાપ છે, તેમ કોઈના પણ જન્મમાં નિમિત્ત બનવું એ પણ પાપ છે.'મરણથી ડરવું એ બેવકુફી છે અને જન્મથી ડરવું એ બુદ્ધિમત્તા છે. જન્મ્યા પછી મર્યા વિના તો ચાલવાનું જ નથી, માટે એવું મરવું કે જેથી ફરી જન્મ પામવો પડે નહિ અથવા જન્મ-મરણની પરંપરા ઘટે. જેને જન્મનો ડર છે, તે કોઈના જન્મમાં નિમિત્ત કેવી રીતિએ બને ? જયાં સુધી બીજાના જન્મમાં નિમિત્ત બનવાની ઈચ્છા બની રહે, ત્યાં સુધી જન્મનો ભય મટતો નથી. સંસાર ચલાવવાની ઈચ્છા જેનામાં હોય છે, તેનો સંસાર પણ તેવી ઈચ્છા હોય ત્યાં સુધી અશાશ્વત બની શકતો નથી.

**ભગવાને સંસાર ચલાવ્યો કે બચાવ્યા ?**

સ૦ આદિનાથ ભગવાને સંસાર શા માટે ચલાવ્યો ?

આવું માનનાર અને બોલનાર વર્ગ આજે વધતો જાય છે, પણ તેનું કારણ અજ્ઞાનતા છે. આવું

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

બોલનારા કેટલાક સુધારકો આવી આવી તદ્દન ગેરસમજભરી વાતો કર્યે જાય છે, પણ શ્રી જૈન ધર્મના સિદ્ધાંતોથી પરિચિત થવાનો બિલકુલ પરિશ્રમ કરતા નથી, એમ કહીએ તો ચાલે. કેવળ લૌકિક પ્રવૃત્તિમાં પડવાથી અને આત્મિક પ્રવૃત્તિને બીલકુલ મૂકી દેવાથી, શ્રી જૈન ધર્મથી દૂર થવાય છે. શ્રી આદિનાથ ભગવાને સંસાર ચલાવ્યો નથી પણ આવશ્યક પળે યોગ્ય માર્ગ દર્શાવીને અનેક જીવોને બચાવ્યા છે અને એ પણ શ્રી જૈન ધર્મની એક વિશિષ્ટતા જ છે. આ વિષે વધુ સ્પષ્ટતા આગળ કરીશું. તે પહેલાં કરવા જોગી વાતો કરી લઈએ, તો આ વસ્તુ સમજવી સહેલી થઈ પડશે તેમ જ ઝટ ખ્યાલમાં આવી જશે.

### જૈનને કમલની ઉપમા :

જૈન એનું નામ, કે જે લોકમાં રહેવું પડે તો રહે, પણ લોકથી પર રહે. જેમ શ્રી જિનેશ્વરદેવને કમલની ઉપમા અપાય છે, તેમ જૈને પણ પોતાની જાતને માટે કમલની ઉપમાને ઘટિત કરવાનો પ્રયત્ન કરવાને ચૂકવું જોઈએ નહિ. કમલ કાદવમાં ઉત્પન્ન થાય અને પાણીમાં વધે, પણ રહે બંનેથી અલગ ! પાણીનું બુંદ પણ એના ઉપર પડે તો એ ગીરાવી દે અને સૂર્યના કિરણોથી વિકસિત થાય. એ જ કમલ મસ્તકાદિ ઉપર ચડે અને જો તે ત્યાંનું ત્યાં રહે તો કાદવમાં પડીને સડી જાય. જૈનને માટે પણ અમુક અપેક્ષાએ એમ કહી શકાય કે-કર્મ રૂપ કાદવમાં ઉત્પત્તિ અને ભોગ રૂપ પાણીથી વૃદ્ધિ છતાં, એ બન્નેથી ન્યારો રહેવા મથે તે જૈન.

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી પ્રત-૨જી

● તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ

**જૈન કમલને વિકસાવનાર શ્રી જિનવાણી રૂપ કિરણો :**

એ જૈન રૂપ કમલ વિકસિત ક્યારે થાય ? શ્રી જિનેશ્વરદેવની વાણી રૂપી સૂર્યનાં કિરણો પડે ત્યારે ! કાદવમાં લાગેલું કમલનું મૂળ અને વધેલું નાળ-એના ઉપર કમલ રહે છે. એ બીડાયેલું હોય ત્યાં સુધી સારા માણસ એના ઉપર દૃષ્ટિ નાંખતા નથી. સૂર્યના કિરણોથી વિકસિત થયા પછી જ તે મસ્તકાદિ ઉપર મુકાવાને લાયક બને છે. એ રીતિએ શ્રી જિનેશ્વરદેવ રૂપી સૂર્યની વાણી રૂપી કિરણો જૈન ઉપર પડે, એટલે એ વિકસિત થાય. એ ખીલી જાય, એટલે એને ઉપાડી લેવાનું કામ ઉત્તમ પુરૂષોનું છે. લોકહેરીમાં પડેલા આત્માઓ શ્રી જિનવાણી રૂપી કિરણો દ્વારા વિકાસને પામી શકતા નથી : કારણ કે-તેઓ તે કિરણોના પ્રકાશને ઝીલતા જ નથી. શ્રી જિનેશ્વરદેવને માનવાનો દાવો કરનારો પણ જો શ્રી જિનવાણીને જાણવાને માટે શક્ય પણ પ્રયત્ન ઈરાદાપૂર્વક ન કરે, તો એ કદી વિકસિત થાય નહિ એટલા માટે જ શ્રી જિનવાણીથી પરાઙ્મુખ રહેનારા આત્માઓ, જૈન કુળમાં જન્મ્યા છતાં પણ, બીજા અજ્ઞાન આત્માઓની માફક કેવલ લૌકિક કાર્યોમાં જ પડી જાય છે.

**દયાનું વાસ્તવિક સ્વરૂપ ખ્યાલમાં આવે તો વિરાગ અને ત્યાગનો ઉપદેશ રૂચે જ :**

આત્મદૃષ્ટિમાં રમણ કરવાવાળો જૈન દયાવાન નથી એમ નહિ, પણ સાચો દયાવાન છે. એ સાચું કે એની દયા ઘેલી નથી હોતી, પણ પરિણામદર્શી હોય છે. દુનિયામાં પણ પરિણામને જ વિશેષ વજન

આપવામાં આવે છે પરિણામદર્શી હોય છે એટલા માટે જ પેટ ચીરનાર ડૉક્ટર ખૂની નથી કહેવાતો, જ્યારે ચપ્પુ મારનાર કદાચ પિતા પણ હોય તો પણ તે ખૂની કહેવાય છે. નિઃસ્વાર્થપણે પરોપકારબુદ્ધિથી જો ડૉક્ટર પેટ પણ ચીરે તો પણ એનું એ કૃત્ય દયાનું કાર્ય ગણાય છે, પણ હિંસાનું કાર્ય ગણાતું નથી. એ નિર્દય નહિ પણ દયાળુ ગણાય છે. જો આ વસ્તુ આત્મહિતની અપેક્ષાએ ધ્યાનમાં આવી જાય, તો વિરાગ અને ત્યાગનો જ ઉપદેશ દેનારા તેમજ એ જ માર્ગે યોજનારા મહાપુરૂષો સાચા ઉપચારિઓ છે, એમ લાગ્યા વિના રહે નહિ. આજે કેટલાકોને વિરાગનો અને ત્યાગનો એકાન્તે ઉપકારક એવો પણ ઉપદેશ ગમતો નથી : કારણ કે-તેવાઓને દયાના પણ વાસ્તવિક સ્વરૂપની ગમ નથી. જ્યાં સુધી દયાના વાસ્તવિક સ્વરૂપનો આંશિક પણ ખ્યાલ નહિ આવે, ત્યાં સુધી શ્રી જિનેશ્વરદેવોની પણ સાચી ઉપકારકતા સમજાવાની નથી. અને જ્યાં સુધી શ્રી જિનેશ્વરદેવોની સાચી ઉપકારકતા એક અંશે પણ ન સમજાય અથવા તો અજ્ઞાનના યોગે એ તારકના નામે વિપરીત ભાવવાળી માન્યતા થઈ જાય, ત્યાં એ તારકની આજ્ઞા મુજબ વિરાગ અને ત્યાગનો ઉપદેશ દેનારા નિર્ગ્રન્થ મહાત્માઓ પ્રત્યે સદ્ભાવને બદલે અભાવ કે દુર્ભાવ ઉત્પન્ન થાય, તે સ્વાભાવિક જ છે.

**નિશ્ચય વિના ધર્મની વાતો ફોતરાં ખાંડવા જેવી છે :**

તમારે જૈન તરીકે બીજાઓને શિક્ષા શી આપવી છે ? સ્વતંત્ર બનવાની કે પરતંત્ર બન્યા

રહેવાની ? જ્યાં સુધી આત્મા તેને વળગેલાં કર્મોથી મુક્ત બને નહિ ત્યાં સુધી તે સાચો સ્વતંત્ર બની શકે જ નહિ અને તેવા કર્મના યોગથી મુક્ત બનવાને માટે વિરાગપૂર્વકનો ત્યાગ પરમ આવશ્યક છે, કે જેનું શ્રી જૈન ધર્મે જોરશોરથી પ્રતિપાદન કરેલું છે. જૈન ધર્મી થવા માત્રથી જ સંસાર મટી જતો નથી, પણ શ્રી જૈનધર્મનું પાલન કરતાં કરતાં સંપૂર્ણ કોટિનું પાલન થાય ત્યારે જ આત્માની મુક્તિ થાય છે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ એ પણ અમુક અંશમાં મુક્તિ છે : સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ એ પણ અમુક અંશમાં મુક્તિ છે : અને સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ, એ પણ તેટલા અંશે મુક્તિ છે. જે આત્માની આ રીતિએ અંશે અંશે મુક્તિ થાય છે. એની જ સંપૂર્ણ મુક્તિ થાય છે. આત્મા આત્મસ્વરૂપે નિત્ય છે. આત્મા સર્વવ્યાથી કે અણુ આદિ નથી, પણ કાયપરિણામી છે અને પરિવર્તનસ્વરૂપે અનિત્ય છે. આત્મા એકાન્ત નિત્ય પણ નથી અને એકાન્ત ક્ષણિક પણ નથી. દ્રવ્ય રૂપથી નિત્ય પણ છે અને પર્યાય રૂપથી અનિત્ય પણ છે. આત્મા બદ્ધ છે અને બદ્ધઆત્મા યોગ્યતા મુજબ અંશે અંશે મુક્ત પણ થાય છે. એ સર્વ વાતોના નિશ્ચય વિના અગર તો એ સર્વ વાતોને યથાસ્થિતપણે પ્રગટ કરનાર શ્રી જિનેશ્વરદેવો પ્રતિ સાચો શ્રદ્ધાભાવ પ્રગટયા વિના, ધર્મની વાત, અહિંસાની વાત કે તપની વાત, એ બધી ફોતરાં ખાંડવા જેવી વાતો છે.